આરોગ્યની ચાવી

શેઠ દ્વારકાદાસ ત્રીભોવનદાસ, જે. પી. તરફથી

________ ને ભેટ

પુસ્તક મળવાનું ઠેકાણું—

શાંતિ નિવાસ, ગવર્નમેન્ટ હાઉસ પાસે

વાલકેશ્વર, મુંબાઇ.

સ્વાર્પણનું શાસ્ત્ર.

(વચનામૃતો)

મૂળ સંપાદક


ભવાનીદાસ નારણદાસ મોતીવાળા,

બી. એ., એલએલ. બી.

અનુવાદક:

અંબાલાલ મોતીભાઇ પટેલ, બી. એ.

Published by Keshavlal Bhikhabhai Maniar,
20, 22, Walkeshwar, Malabar Hill, Bombay.
Printed by S. T. Ajgaonkar, at Manoranjan Press, 3, Sandhurst Road, Girgaon, Bombay.



શેઠ દ્વારકાદાસ ત્રિભોવનદાસ, જે. પી., મુંબાઈ.

અર્પણપત્રિકા

માન્યવર મહાશય,

શેઠ દ્વારકાદાસ ત્રીભોવનદાસ, જે. પી.

મુંબાઇ.

આપ જેવા દાનવીર, વિદ્યાવિલાસી અને પરોપકારી સજ્જનને આ "સ્વાર્પણનું શાસ્ત્ર"-ગ્રંથ અર્પણ કરતાં મને ઘણો આનંદ થાય છે. કારણ કે સ્વાર્પણના ખરા તત્વને આપ પીછાણી શક્યા છો. ઉત્તમ લાયકાતથી મુંબાઇના રૂના અને બીજા વેપારી મંડળોમાં આપ આગેવાન દરજ્જો ધરાવો છો. સમસ્ત વણિક કોમમાં તેમજ કપોળ કોમમાં જાણીતા થયેલા શેઠ જાદવજી કમળશીના ખાનદાની કુટુંબમાં જન્મી તમે તથા તમારા વડીલોએ તન મન ધન દ્વારાએ સાર્વજનિક હિતાર્થે દેશદેશાવરોમાં, ધર્મશાળાઓ, અન્નક્ષેત્રો, બોર્ડીંગો, કન્યાશાળા, વાવ, કૂવા વગેરે અનેક પ્રકારના સખાવતી કાર્યો કરેલાં છે, અને ભવિષ્યમાં પણ તેજ રીતીએ સ્વાર્પણ કરવાનો તમે ભારે ઉત્સાહ ધરાવો છો' કેળવણીને ઉત્તેજન આપવા માટે ભારે પ્રેમ ધરાવો છો. અને તેથી તમોએ મુંબાઇની મ્યુનિસિપાલીટીની સ્કૂલ્સ કમિટીને અને દેશાવરોની કેટલીક બોર્ડીંગો વગેરેને નાણાની સારી મદદ આપેલી છે. જાપાનમાં ધરતીકંપ વખતે દશ હજારની અને હિંદુસ્થાનમાં દુકાળ જેવા આફતકારક પ્રસંગોએ પણ ઉદાર દિલથી સારી મદદ કરી છે. એટલુંજ નહી પણ લોકોપયોગી સાહિત્ય લખી તથા લખાવી તે પ્રસિદ્ધ કરાવવામાં ઘણો ઉત્સાહ ધરાવો છો. તમે ગદ્ય અને પદ્યમાં "અનુભવ પ્રકાશ" નામનું પુસ્તક લખી તે પ્રસિદ્ધ

કરવામાં તેમજ કપોળ કોમના હિતાર્થે જુદા જુદા વિષયો ઉપર લેખો લખી તે છપાવવામાં સારી સેવા બજાવી છે. સ્વાર્પણનું શાસ્ત્ર" તમારા ખરચે છપાવી તેની બધી નકલો પ્રજામાં મફત વહેંચવા તમોએ કીધેલી ઉદારતા ઘણી પ્રશંસાપાત્ર છે. ગુજરાતી કોમમાં તમારા જેવા વધુને વધુ ઉદાર વૃત્તિવાળા બંધુઓ આવી સેવા બજાવવાને બહાર પડશે ત્યારે જ ગુજરાતી કોમની ઉન્નતિને જોશ પકડશે. એમાં કાંઇ સંદેહ નથી. ઇશ્વર તમને સુખી દીર્ઘાયુ બક્ષે અને તમારી ઉત્તમ ભાવનાઓ સફળ કરે એજ તમારા મિત્રની પ્રાર્થના છે.

ભવાનીદાસ નારણદાસ મોતીવાળા.

ઉપોદ્ઘાત.

જ્યારે રા. મોતીવાળાએ મ્હને આ પુસ્તકનો ઉપોદ્ઘાત લખવાની વિજ્ઞપ્તિ કરી ત્યારે મારા મનમાં પ્રથમ એજ વિચાર આવ્યો કે મ્હે પોતેજ જોઇએ તેટલી સમાજસેવા કરી નથી અને તેથી એ કાર્ય કરવાનો મને હક્ક નથી, છતાં સત્કાર્યોમાં બહુ ભાગ મ્હેં નથી લીધો તો જેઓ એમાં પ્રવૃત્ત છે તેમને હું વધારે સારી રીતે વખાણી તો શકું; કારણ કે રા. મોતીવાળા અને ત્હેના સહચરો એવું કાર્ય કરી રહ્યા છે કે જે કરવાની આપણી દરેકની ફરજ છે. તત્ત્વજ્ઞાનીઓ આપણને કહે છે કે altruism એ આ જમાનાનું ખાસ લક્ષણ છે. સામાન્ય માણસો પણ હવે પહેલાંની પેઠે પોતાના બન્ધુઓનાં દુઃખ તરફ બેદરકાર રહી શકે તેમ નથી. શ્રેષ્ઠ પુરૂષોએ તો; દરેક જમાનામાં જનસમૂહની જરૂરીઆતોની ચિન્તા કરી છેજ, પરન્તુ અર્વાચીન સમયમાં આ આખા સમાજનો અંતર્દીપ (conscience) સતેજ થયો છે, અને કોઇ પણ માણસ અજ્ઞાન હોવાનું બહાનું કાઢી શકે તેમ નથી. માણસની નૈતિક જવાબદારીઓની ઓછામાં ઓછી ગણત્રી કરતાં એમ સ્હમજાય છે કે આપણા જમાનાના ધોરણ પ્રમાણેજ આપણું મૂલ્ય અંકાશે અને આપણા બાપદાદાના સંબંધમાં જે બચાવ ખરો હશે તે આપણા બચાવ તરીકે કામમાં આવશે નહિ.

આપણે સર્વેએ આપણા બંધુઓની સ્થિતિ સુધારવાના કાર્યમાં પ્રવૃત્ત થવું જોઇએ. આપણે તેથી શું કરવું જોઇએ ? જવાબ એજ છે કે આપણાથી બની શકે તે સર્વ આપણે કરવું જોઇએ. દ્રવ્યનું દાન એ કાંઇ મુખ્ય વસ્તુ નથી. દ્રવ્ય તો યંત્રના પૈડાંમાં અંજાતા

તેલ સમાન છે, પરન્તુ સમાજસેવાને તે એટલી બધી ગતિ આપી શકતું નથી. કોઈ એક ભિક્ષુકે સેન્ટ પિટર પાસે ભિક્ષા માગી, ત્યારે ત્હેણે જવાબ આપ્યો કે "સોનું રૂપું તો મ્હારી પાસે બિલકુલ નથી, પરંતુ મ્હારી પાસે જે છે તે ત્હને આપું છું." રા. મોતીવાળાએ આ (મૂળ અંગ્રેજી) પુસ્તકને "સ્વાર્પણ" એ નામ આપવામાં પણ ઘણું ડહાપણ વાપર્યું છે. આપણ સર્વે કંઇક સ્વાર્પણ તો કરી શકીએજ. આપણ બધાને ઝુંપડાંની મુલાકાત લેવાની શકયતા નથી, તો આપણાં રાજકીય, કારોબારી વગેરે કાર્યોમાં પણ આપણે આપણી લાગવગનો ઉપયોગ કરી શકીએ, અને સમભાવ દર્શાવી શકીએજ. આપણાથી પ્રત્યક્ષ સેવા થઇ શકે તેમ ન હોય તો આપણે સદાચરણ અને પ્રાર્થનાદ્વારા તો સેવા કરી શકીએ જ. હૅરિક કહે છે તેમ "ત્હારાથી બની શકે તો દાન આપ અને તેમ ન બને તો એક સહાનુભૂતિ દર્શાવતો મધુર શબ્દ કહે."

સમાજસેવામાં પ્રવૃત્ત થયેલા વા ત્હેમાં જીવન ગાળવાની ઇચ્છાવાળાને ઉત્સાહ તથા પ્રેરણા આપવાને માટેજ રા. મોતીવાળાએ જગતનાં સર્વોત્તમ સ્ત્રીપુરૂષોના વાકય ભંડારમાંથી સમાજસેવાની આવશ્યકતા અને મૂલ્ય દર્શાવનારો વચનામૃતોનો સંગ્રહ એકઠો કરી પ્રસિદ્ધ કર્યો છે.

અંતે મ્હારા ધર્મના સ્થાપકના શબ્દો યાદ કર્યા સિવાય આ વિષય હું પૂરો કરી શકતો નથી, અને તે શબ્દોને સર્વ ધર્મના મનુષ્યો જરૂર સત્કારશે કે "ત્હમે આ કાર્ય મ્હારા ગરીબમાં ગરીબ બન્ધુની ખાતર કર્યું છે, તેથી તે ત્હમે મ્હારી પોતાની ખાતર જ કર્યું છે."

કે. એન. કોલવિલ.

ભાષાન્તર કર્તાની અર્પણપત્રિકા

ગુજરાતના સાચા સમાજસેવક પરમપૂજ્ય

અમૃતલાલ વિઠ્ઠલદાસ ઠક્કરને

આ પુસ્તક અર્પણ કરી

કૃતાર્થ થાઉં છું.

અંબાલાલ મોતીભાઇ પટેલ.

મૂળ સંપાદકની અર્પણપત્રિકા

હિન્દના સર્વ સમાજ સેવકોને

આ વચનામૃતોનું પુસ્તક

અર્પણ કરૂં છું

અને

આશા રાખું છું કે માતૃભૂમિના ચિરકાળના કલ્યાણને
માટે પહેલાંના કરતાં પણ વધારે પ્રેમ અને બળથી
પોતાનું સમાજસેવાનું કાર્ય કરવાને પ્રેરે એવાં
પ્રોત્સાહનનાં વચનો તેમને તેમાંથી મળશે.

ભવાનીદાસ નારણદાસ મોતીવાળા.

અનુવાદકની પ્રસ્તાવના.

ભાષાન્તરને લાંબી પ્રસ્તાવનાની જરૂર નથી. પુસ્તકનાં અંદર રહેલાં વચનામૃતો એટલાં બધાં સુન્દર છે કે એને માટે વધુ લખવું એ નકામું છે. રા. મોતીવાળાએ શ્રમ લઇ આ (મૂળ અંગ્રેજી) પુસ્તક તૈયાર કર્યું છે તેમનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે.

ગુજરાતીમાં 'સામાજીક સેવાના સન્માર્ગ' એ એકલુંજ પુસ્તક સમાજસેવકોને માટે અત્યાર સુધી હતું. આ પુસ્તકથી તેમને પ્રેરણા મેળવવાના સાધનમાં વૃદ્ધિ થશે એવી આશા રાખવામાં આવે છે. ભાષાન્તર કરનારનો આખા પુસ્તકનું ભાષાન્તર કરવાનો આ પ્રથમ જ પ્રયાસ છે એટલે ત્હેમાં ઘણા દોષો થયા હશે. વાચકો પત્રદ્વારા તે લખી જણાવશે તો ઘણો ઉપકાર થશે.

આ ભાષાન્તર તૈયાર કરવામાં ભાઈ ગોવર્ધનભાઇ કાલિદાસ પટેલ, બી. એ., ભાઇ છોટાભાઇ શિવાભાઇ પટેલ, બી. એ. એમણે તથા બીજા મિત્રોએ જે મદદ આપી છે તે બદલ આ સ્થળે ત્હેમનો ઉપકાર માનું છું.

અં. મો. પટેલ.

સ્વાર્પણનું શાસ્ત્ર.

દુઃખના ડોળને વશ થઇને આપણી દયા અપાત્રે જવાની કલ્પના અથવા અભાવને લીધે સેવાની પ્રેરણાઓની અવગણના કરવી જોઇએ નહિ; પરંતુ તે વૃત્તિને બને તેટલી ખીલવો અને સાચા ગરીબ પ્રત્યે દયા બતાવો.

જગતનું બંધારણ અને માણસોની સ્થિતિ એવી છે કે જો સર્વ સંબંધો યોગ્ય રીતે જાળવવામાં આવે તો ગરીબને પૈસાદારની ઉદારતાથી જેટલો લાભ થાય તેના કરતાં પૈસાદારને ગરીબના સાનિધ્યથી વધારે લાભ થાય છે. દયાનું વહેણ વહેવા દેવાથી તનમનનું આરોગ્ય ખીલતું ચાલે છે અને તેને રોકવાથી નૈતિક બન્ધારણમાં નુકશાનકારક સડો પેસે છે.

માતાને પોતાની છાતીપર ઝુલતા અને પોતાની પાસેથીજ પોષણ મેળવતા ન્હાના નિરાધાર બાળકના સહવાસથી જે આરોગ્ય અને સુખ મળે છે તે ત્હેના અભાવથી મળનાર નથી; તેમ આપણને પણ ગરીબો સાથે સહવાસ અને ઉદારતા રાખવાથી જે આનંદ, હિત અને આશિષો મળે છે તેનો દયાના ઝરને અટકાવીને નાશ કરવો જોઇએ નહિ. આપણને એ આખા ઝરણની પૂરેપૂરી જરૂર છે, માટે તેને યોગ્ય રસ્તે વાળીને વહેતોજ રાખો.

પરોપકારી વ્યવસ્થિત મંડળોને ટેકો આપીને ત્હમે જે કંઇ સેવા કરો તે ઉપરાંત દુઃખીના નિકટ સંબંધમાં આવીને સ્વતંત્ર રીતની સેવા પણ ત્હમારે કરવી જોઇએ. મંડળો અને આર્થિક ફાળો જો

કેમ ત્હેને રસ્તે ઉપયોગી છે, અને તેથી મદદ સ્વીકારનારની જરૂરીઆત સંતોષાય છે. છતાં દાતાને આ પ્રણાલિકાઓથી ઉચ્ચ-તર પ્રકારનો લાભ મળતો નથી. આંખે આંખના, હાથે હાથના અને હૃદયે હૃદયના અંગત સંબંધપૂર્વક જે સેવા અથવા સહાય થાય છે તેજ પરોપકાર કરવાનો અને આશિષો મેળવાનો સૌથી ઉત્તમ પ્રકાર છે. અને તેથી કરીને યુવાન્ અને વૃદ્ધે, રંક અને રાજા એ દરેકે એવી રીતે પણ બને તેટલી લોકસેવા કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. ઇચ્છાવાળાને માટે તો આવા અસંખ્ય પ્રસંગો મળી શકે છેજ. જગતમાં એવી રીતે જીવો કે જેથી આ લોકમાંથી જ્યારે જાઓ ત્યારે જગતને ત્હમારી ખોટ પડે.

રેવરંડ ડબ્લ્યુ. આર્નોલ્ટ.

ત્હમારી જાતને નુકસાન કર્યા સિવાય ત્હમે બીજાને દુઃખી કરી શકશો નહિ.

ડૉક્ટર આર્નોલ્ટ.

કેટલાક માણસો જ્યારે અન્યની સેવા કરે છે ત્યારે તેઓ ત્હેનાપર ઉપકાર કર્યો એમ નોંધી રાખે છે અને ત્હેને ઋણી ગણે છે. બીજા કેટલાક માણસો એવી નોંધ રાખતા નથી, તોપણ પોતાના મનમાં અન્યને ઋણી ગણે છે, અને પોતે જે કાર્ય કર્યું છે તે જાણે છે. ત્રીજા પ્રકારના મનુષ્યો પોતે શું કર્યું છે તે જાણતા પણ નથી. તેઓ દ્રાક્ષના વેલા જેવા છે. જેમ તે વેલાને દ્રાક્ષ બેઠા પછી બીજા કશાની અપેક્ષા રહેતી નથી, તેમ ત્હેમને સેવા થઇ ગયા પછી બીજા કશાની અપેક્ષા રહેતી નથી,

હે માણુસ ! ત્હારા બંધુ પ્રત્યે સેવા કર્યા પછી તું બીજા શાની અપેક્ષા રાખે છે ? ત્હારા મનને આનંદ થાય ત્હેતું કંઇક તેં કર્યું છે એટલાથીજ શું ત્હને સંતોષ થતો નથી ? અને આંખ જોવા બદલ તેમજ પગ ચાલવા બદલ ઇનામની આશા રાખતા હોય તેવી રીતે ત્હને પણ શું બદલાની આશા રહે છે ?

સદ્‌વસ્તુમાં સારાપણું રહેલું જ છે. સચ્ચારિત્ર એજ ત્હેનું પારિતોષિક છે, અને વખાણુની ત્હેને બીલકુલ આવશ્યકતા નથી.

ત્હમે ત્હમારા પડોશીનું કંઇક કલ્યાણ કર્યું હોય અને તેથી ત્હેની સ્થિતિ સુધરી હોય, તો પછી કીર્તિ તથા આભાર મેળવવાની આશારૂપી મૂર્ખતા કેમ કરો છો ?

માર્કસ ઑરેલિયસ.

સત્કાર્ય કરવાની એક પણ તક જવા દેશો નહિ.

ઍટરબરી.

ઉંડા (ઉચ્ચ કક્ષાના) હૃદયને એક પળને માટે પણ પ્રફુલ્લિત કરવું, એ શું સર્વોત્તમ કાર્ય નથી ? જે માણુસો અન્યનાં દુઃખે દુઃખી અને અન્યના રોગથી ચિન્તાતુર બની રહ્યાં છે, તેમનામાં સ્તુતિદ્વારા આનંદ અને ઉત્સાહ પ્રેરવો એ મ્હને તો આશિર્વાદ ભરી અમૂલ્ય તક રૂપ લાગે છે. પારમાર્થિક જીવન ગાળનાર આત્મા-ઓની શક્તિ અને ધૈર્યમાં એવી રીતે નવજીવન સિંચવામાં સહાય આપવી એ પણ એક પ્રકારનો ધાર્મિક આનન્દ છે. અમે નાલાયક છતાં પણ તેમ કરવાની જે શક્તિ ધરાવીએ છીએ તે

જોઇ અમે ઘણા અજાયબ થઇએ છીએ, અને અમે ત્હેનો સદુપયોગ કરવા ઇચ્છીએ છીએ.

જે આપણાપર અપકાર કરે છે ત્હેમને ધિક્કારવાના પાપમાંથી બચવાનો એકજ માર્ગ છે, અને તે ત્હેમનું ભલું કરવાનો છે; ભલમનસાઇથીજ ક્રોધને સારામાં સારી રીતે જીતી શકાય છે.

સુખ આપવું અને સત્કાર્ય કરવું, તે જ આપણું વ્રત છે, મુક્તિનું લંગર છે, આપણો સ્વર્ગ દીપ છે, અને આ સૃષ્ટિમાં જીવનનો હેતુ છે. આપણા બાહ્ય ધર્મોના ભલે ચૂરા થાઓ, પરંતુ જ્યાં સુધી આ અભિલાષા સજીવ રહેશે ત્યાં સુધી આપણને જીવનમાં રસ પડશે.

નિઃસ્વાર્થી બનવાને આપણે ચ્હાવું જોઇએ. સ્નેહને માટે જેને આપણે ચાહીએ છીએ ત્હેની સત્યતામાં આપણને વિશ્વાસ હોવો જોઇએ. કેવી રીતે સહેવું, કેવી રીતે આપણી જાતને વિસરી જવી, કેવી રીતે આપણે સ્વાર્પણ કરી શકીએ, ટૂંકામાં કેવી રીતે આપણે ગંભીર બનીએ એ સર્વ આપણે શીખવું જોઇએ.

આ દુનિયા માણસોની દુનિયા છે, અને આ મનુષ્યો આપણા ભાઇઓ છે, આપણે સાત્વિકવૃત્તિનો કદી ત્યાગ કરવો જોઇએ નહિ; આપણે ચ્હાવું જોઇએ. અનિષ્ટને ભલાઇથીજ વશ કરવું જોઇએ, અને સર્વોત્તમ વસ્તુ તો એજ છે કે હૃદયની પવિત્રતાનું રક્ષણ થવું જોઇએ.

જીવનનો ખરો ઝરો હૃદયમાં છે. જીવનનો આત્મા આનંદ છે. કોઇને પણ સુખી કરવો એટલે ખરેખરી રીતે ત્હેના જીવનધનને

વધારવું, ત્હેને બમણો ઉપયોગી બનાવવો, ત્હેને આત્મજ્ઞાન આપવું, ત્હેને ઉન્નત બનાવવો, ત્હેને તદ્દન બદલીજ નાખવો છે.

આપણી ફરજ એ છે કે આપણે આપણી શક્તિ પ્રમાણે, નહિ કે આપણી ઇચ્છા પ્રમાણે, અન્યને સહાયભૂત થવું.

'સ્વાર્થ' એ આપણામાં રહેલી પાશવવૃત્તિનું ચિહ્ન છે. સ્વાર્પણની સાથેજ ખરૂં મનુષ્યત્વ પ્રાપ્ત થાય છે.

એમિએલ.

બીજાની મુશ્કેલીઓ આપણે વેઠી લેવી એ સર્વોત્તમ સેવા નથી; પરન્તુ પોતાનાં દુઃખની ચિન્તા પોતાની મેળે સહન કરે અને મુશીબતોની સામે બહાદુરાઇથી થઇ શકે એવું ત્હેમને સામર્થ્ય આપવું, ત્હેમના જીવનમાં ઉત્સાહ રેડવો એજ શ્રેષ્ઠ સેવા છે.

લૉર્ડ એવબરી.

જે ગરીબોને આપણે આપીએ છીએ તેઓ પૃથ્વીપરથી સ્વર્ગમાં આપણા માલને લઇ જનાર હેલકરી સિવાય બીજું શું છે ? તેથી કરીને ત્હમે ત્હેમને આપો; જે ત્હેમને આપો છો તે ત્હમે ત્હમારા હેલકરીનેજ આપો છો.

'આત્મસંતોષ' એજ સત્કાર્યનો બદલો છે. 'સેવા' એ કાર્ય છે અને આત્મસંતોષ એ કાર્યનું ફળ છે.

દરેક જણે અન્યની કાંઇક સેવા કરવી જોઇએ, યાને પોતાના ભંડારમાંથી અન્યને કંઇક આપવું જોઇએ. જો ત્હેની પાસે દ્રવ્ય હોય તો તે ભૂખ્યાને અન્ન અને નગ્નને વસ્ત્ર આપે, એકાદ ધર્માલય બંધાવે, અથવા તો પોતાના પૈસાવડે થાય તેટલાં સત્કાર્ય કરે.

બીજા પાસે જો ડહાપણ હોય તો તે પોતાના પડોશીઓનો માર્ગ-દર્શક બનીને તેમને સંસારયાત્રામાં ચાલવાનો શ્રેષ્ઠ માર્ગ બતાવે. ત્રીજા પાસે જો ધર્મનું જ્ઞાન હોય તો તે માણસોને ધાર્મિક ઉત્સાહ આપે, અવળે રસ્તે જનારને યોગ્ય રસ્તે લાવે, અને છેક ભૂલાં પડેલાંને શોધી કાઢે. જગતમાં એવા અનેક કાર્ય છે કે જે તદ્દન ગરીબ મનુષ્યો પણ કરી શકે. કોઇ પાંગળાનો પગ બને, અંધને દોરે, હાથથી થઇ શકે તેટલી અન્યને સહાય આપે, રોગીનાં ઘરોની મુલાકાત લે, અને કોઈ વિદેહ થયેલાંને દાટવા જાય.

હરણો વિષે એમ કહેવાય છે કે જ્યારે તેઓ ટોળાબંધ ફરે છે ત્યારે તેઓ એક બીજાની પાછળ ચાલે છે, અને સૌથી આગળનું જ્યારે થાકે છે ત્યારે તે સૌથી પાછળનાપર પોતાનું માથું ટેકવે છે. આ રીતે પરસ્પરનો ભાર વહેતાં તેઓ ધારેલે સ્થળે પહોંચી જાય છે, આજ પ્રમાણે જેઓ ઈશ્વર પ્રાપ્તિ ઇચ્છતા હોય ત્હેમણે સંસારયાત્રામાં એક બીજાનાં દુઃખોમાં ભાગીદાર બનવું જોઇએ.

સેન્ટ ઑગસ્ટાઇન.

'સ્નેહ' એ શું છે? મ્હને તો લાગે છે કે ત્હેનું સત્ય સ્વરૂપ 'ડહાપણ' છે; તે નિઃસ્વાર્થતાજન્ય આનંદ છે; પોતા સિવાયનાં અન્યનાં જીવનમાં રસ છેઃ તે અન્યના સુખમાં સુખી થવાનું છે. જો મ્હારૂં પોતાનું સુખ ઘણુંજ અલ્પ હોય તો તે હસનારાઓ સાથે હસવાથી વધારી શકાય તેમ છે.

ન્હાનાં ન્હાનાં દયાનાં કાર્યોમાં અને સામાન્ય પ્રસંગોમાં પણ નૈસર્ગિક સદ્દવૃત્તિઓને સ્વતંત્ર રીતે ખીલવા દેવામાં કેટલુંક માધુર્ય અને સૌન્દર્ય સમાયેલું છે.

સી. એમિલ.

સત્કાર્ય કરો અને કાળના ઘસારાથી નાશ ન પામે ત્હેવું સદાચારનું સ્મારક ત્હમારી પાછળ મૂકી જાઓ. દર વર્ષે ત્હમારા સહવાસમાં આવતાં સૈંકડોનાં હૃદયપર દયા, સ્નેહ અને માયાળુ-પણાથી ત્હમારૂં નામ લખો. તેથી તેઓ ત્હમને વિસરી જશે નહિ, અરે, એટલુંજ નહિ પરન્તુ ત્હમારૂં નામ અને ત્હમારાં કાર્યો ત્હમારી પાછળ રહેનારાઓના હૃદયપર સ્પષ્ટ દેખાશે. સત્કાર્યો આકાશના તારાઓ જેટલાંજ પૃથ્વીપર તેજથી ઝળકે છે.

એલેક્ઝાન્ડર.

શારીરિક જીવનને શ્વાસોચ્છવાસ જેટલો અગત્યનો છે તેટલુંજ 'દાન' એ આધ્યાત્મિક જીવનને અગત્યનું છે. જે મનુષ્યો છૂટે હાથે અન્યને આપતા નથી ત્હેમને માટે ઇશ્વરને ત્યાં બીલકુલ સ્થાન નથી. દાનમાંજ સાચી મહત્તા અને શુદ્ધ ધર્મ સમાયેલાં છે. જે મનુષ્યો જગત પાસેથી લે છે ત્હેમને નહિ, પરન્તુ જેઓ જગતને પોતાનાથી અને તેટલું આપી જાય છે ત્હેમનેજ આપણે પૂજીએ છીએ.

રેવરંડ ચાર્લ્સ ઈ. ઍન્ડરસન.

જે હાથ આખો દિવસ ઉદાર અને પ્રામાણિક કાર્ય કરી રહ્યા છે તેજ સુન્દર છે. જે પગ દૈવી પ્રેરણા પ્રમાણે નીચમાં નીચને ઘેર પણ દયાનાં કાર્યો કરવા ચાલીને જાય છે તેજ સુન્દર છે. જે ખભાઓ અન્યની ચિન્તાનો ભાર, ધૈર્ય અને માનનીય રીતે નિરંતર વહી રહ્યા છે તેજ સુન્દર છે. જેઓ બીજાઓનાં સુખની નદીઓને પોષી રહ્યા છે ત્હેમનાંજ જીવન ધન્ય છે.

ઈ. પિ. ઍલર્ટન.

દુઃખી ભાઈને સુખી ભાઇની દયાપર હક્ક છે.

એડિસન.

માનવજીવનનાં અર્ધાં દુઃખ પરસ્પર દયા, પરોપકાર અને સહાનુભૂતિથી નિવારી શકાય.

એડિસન.

જો સત્કાર્ય કરવાની ત્હમને ઇચ્છા થતી હોય તો તે જલદીથી કરો, કે જેથી અન્યના હૃદયમાં ઉપકારની વૃત્તિ ઉત્પન્ન થાય. જો કોઇનું ભલું બહુ ધીમે ધીમે કરવામાં આવે તો, ત્હેને અપકાર સમાન લાગે છે.

ઍસોનિયસ.

ત્હેં કેટલાં દુઃખી અને દુષ્ટ મનુષ્યો તરફ દયાની લાગણી બતાવી છે એ પ્રશ્ન અહર્નિશ તું ત્હારી પોતાની જાતને પૂછ.

માર્કસ ઍન્ટોનિયસ.

ગરીબને આશ્વાસન આપો, નિર્બળને સહાય અને આશ્રય આપો, અને ત્હમારા સર્વ બળથી દુષ્ટતાને ઉથાડી પાડો; તેથીજ ઇશ્વર ત્હમને ચ્હાશે, અને ઇશ્વર પોતેજ ત્હમને બદલામાં મળશે.

ઍાલફ્રેડ ધ ગ્રેટ.

જગતને ચ્હાનાર માટે જગત બહુ વિશાળ છે. પરન્તુ જે ત્હેને ધિક્કારે છે ત્હેને માટે તો નહિજ.

ટી. બી. આહિક.

બીજાનાં દુઃખ મ્હને સમજાય એવા કોમળ અને દયાળુ હૃદયની મ્હને આવશ્યકતા છે, અને પ્રારબ્ધના કોપની સજા ખમવાની મ્હારામાં શક્તિ આવે, તથા ઇશ્વરી આજ્ઞાઓ પ્રત્યે અધીનતા રાખી શકું તેટલા માટે મજબૂત મન અને લોખંડી છાતીની મ્હને જરૂર છે.

જે. ક્યુ. ઍડમ્સ.

આપણે ધારીએ તો દિવસને અન્તે આપણી નોંધપોથીમાં પવિત્ર વિચારો, નિઃસ્વાર્થ કાર્યો, આનંદપ્રદ આશાઓ, અને આપણી હલકી વૃત્તિઓપર પ્રાપ્ત કરેલા વિજયો આપણે જરૂર લખી શકીએ.

એલ. એલ. એલન.

ત્હમે બેમાંથી કયું કાર્ય કરશો—હસીને બીજાને સુખી કરશો કે ચીઢીઆ બની આસપાસનાં મનુષ્યોને દુઃખી કરશો? ત્હમે હસતો ચ્હેરો બતાવવાથી કે આનંદદાયક શબ્દો બોલવાથી બેસુમાર સુખ બીજાને આપી શકશો. દયાના કાર્યમાંથી મળતા આનન્દ જેવો ઉચ્ચ પ્રકારનો આનન્દ બીજો કોઇ પણ નથી. ત્હમે રાત્રે સૂતી વેળાએ, સ્હવારે ઉઠતી વખતે અને કાર્યમાં પ્રવૃત્ત હશો ત્યારે આખો દિવસ તેને અનુભવશો.

મેરીએડ એગોલ્ડ.

સર્વ મનુષ્યોને સગાં બનાવો. માત્ર લોહીમાંજ જ્ઞાતિ કે સગપણ નથી, કારણ કે તે તો સર્વની નસોમાં એકજ રંગનું વહે છે.

વળી અશ્રુમાં પણ શાંતિ નથી, કારણ કે તે બધાં ખારાં જ સરે છે. દરેક સત્કાર્ય કરનાર ઉચ્ચ છે અને અનિષ્ટ કાર્ય કરનાર નીચ છે.

ઈ. આર્નોલ્ડ.

ત્હમે કહો છો કે માલ ભરી રાખવાને ત્હમારી પાસે જગા નથી; કંઇ હરકત નહિ, ત્હમારી પાસે જગા કરવાનાં સાધન તો છેજ. ત્હમારા શબ્દો પ્રમાણેજ હું કહું છું કે ત્હમારે ત્હમારા કોઠાર તોડી પાડવાની બીલકુલ જરૂર નથી, હું ત્હમને તેનાથી વધારે સારી જગા બતાવીશ કે જ્યાં ત્હમારા દાણા ભરી રાખી શકાય, અને ચોરનો બીલકુલ ભય રહે નહિ. ત્હેને ગરીબના હૃદયમાં રાખો કે જ્યાં જીવડાં તે અનાજને બગાડી શકે નહિ, અને કાળથી ત્હેને નુકસાન થાય નહિ. ત્હમારી પાસે ગરીબના ખોળારૂપી કોઠી છે. વિધવાઓનાં ઘર ત્હમારા કોઠાર છે; બાળકોના સુખરૂપ અનાજ ભરવાનાં સ્થાન પણ ત્હમારી પાસે છે. આ કોઠારો શાશ્વત છે; આ કોઠાર કોઇવાર છલકાઇ જવાના નથી, કે જેથી ત્હમને તે તોડી પાડવાની જરૂર પડે. જ્યારે ધરતી માતા પોતાને જે કંઇ મળે છે તે કરતાં વધારે ફળ આપી રહી છે તો પછી ત્હમે જે દયાનાં કાર્યો કરો છો તેનું કેટલા ગણું ફળ ઇશ્વર તમને આપશે?

સેઇન્ટ એમ્બ્રોસ.

હું જેની હિમાયત કરૂં છું એવા સર્વ સ્વામિત્વવાદનો એક પ્રકાર—જો ખરેખર ત્હેને સર્વ સ્વામિત્વવાદ કહેવામાં આવે તો— એ છે કે જેથી માણસો એમ સ્હમજે કે તેઓ સ્વાર્થ અને

આલસ્યપૂર્ણ એકાન્તમાં બીજાથી અલગ રહી શકે જ નહિ, પરન્તુ તેમને ઇશ્વર અને પોતાનાં પાડોશીઓ પ્રત્યે કર્તવ્ય બજાવવાનું છે, અને તેમના તરફ દુર્લક્ષ કરવાથી અથવા તે નહિ બજાવવાથી મનુષ્યકૃત ધારા ફરમાવે તેના કરતાં વધુ સખ્ત સજાઓ તેમને ભોગવવી પડશે.

એ. સિ. બેન્સન.

સહાનુભૂતિ બે પ્રકારની છે, કલ્પિત અને વ્યવહારૂ. જેમની પાસે આપણે કદી જઈ શકવાના નથી તેવાને માટે રણક્ષેત્રમાં ઘવાયેલા—દુષ્કાળપીડિતો, વિધવાઓ અને નિરાશ્રિતો, જીવનને માટે ફાંફાં મારતા કલાધર, ગાયક અથવા લેખકને માટે આપણને લાગણી થાય છે વા થતી હોય એમ લાગે છે તે સહાનુભૂતિ પ્રથમ પ્રકારની છે; અને જેઓ આપણી પાસે જ રહે છે, જેઓનો હક્ક આપણા ઉપર સૌથી વધારે સબળ છે, અને જેમની જરૂરીઆતો અતિશય છે તેમના પ્રત્યે આપણું જે દેવું છે તે બીજા પ્રકારની સહાનુભૂતિ છે. પહેલા પ્રકારની ને આપણે હિસાબમાં લેખતા નથી, કારણ કે તે ફક્ત લાગણી છે, તે કંઇ સદ્ગુણ નથી. ગર્વથી ફૂલાઈ જઇએ તે સિવાય તેનાં કંઇ ફળ નથી. બીજી તરફ વ્યવહારૂ સહાનુભૂતિ સર્વોત્તમ ગુણ છે. તે જ ખરૂં ઔદાર્ય છે. તે ઔદાર્યવડેજ આપણે આપણાં સગાં વહાલાંના અથવા અન્ય આપણા સંબંધમાં આવનારનાં હૃદયોમાં આપણે પ્રવેશી શકીએ છીએ; તેથી ત્હેમનાં દુઃખ, ત્હેમની આશાઓ, જરૂરીઆતો અને ત્હેમને થયેલાં નુકસાનો આપણી નજર આગળ ખડાં થાય છે, અને યોગ્ય સમયે અને યોગ્ય સ્થળે

ત્હેમને આશા પૂર્ણ વચનો કહેવાને, ઉત્સાહ આપવાને, ત્હેમના શત્રુ આગળ ત્હેમનો બચાવ કરવાને અને જ્યારે અન્ય મનુષ્યો ત્હેમનાં કાર્ય જોતા પણ નહોય તે વખતે ત્હેમના પ્રયત્નોને વખાણવાને તે આપણને પ્રેરે છે; કે જે વખાણથી તેમને આપેલા અન્ય પ્રકારના દાન કરતાં વધુ સહાય અને દિલાસો મળે છે. આવી સહાનુભૂતિનું પાત્ર શોધવાને ત્હમારે બહુ દૂર જવાની બીલકુલ જરૂર નથી.

આપણે જ્યારે આ જીવન વટાવી જઇએ ત્યારે આપણે માટે એટલું તો કહેવાવું જોઇએ કે, જો કે આપણી પાસે સોનું, રૂપું નહોતું, પણ આપણા પોતાના તનમનવડે પુષ્કળ પ્રકાશ, આનંદ અને ઉત્સાહરૂપી વધારે કિંમતી દ્રવ્ય આપણે આખે રસ્તે વેરીને આપણી પાસે જે કંઇ હતું તે સર્વ ઉદારતાથી અન્યને આપ્યું છે.

ખરી ભલમનસાઇ નિર્ગુણ અને નિરાકાર હોતી નથી. ઉલટી તે જીવન, રંગ, લાગણી અને કવિતાના જેવી સચેત હોય છે. તે એક ખરેખરા સૈનિકની પેઠે પોતાના વાવટાઓ ફરકાવી રહે છે અને શત્રુ સ્હામે મકકમ ઉભી રહે છે. તે સબળ અને સુંદર હોય છે. તે પોતાને કપાળે એવું ઝળહળતું તેજ લઇને ફરે છે કે જેના આગળ પાપ અને દોષનો અસત્ય ચળકાટ બપોરના સૂર્ય આગળ મીણબતીના દીપકની પેઠે ઝાંખો પડી જાય છે. નીચ, મૂર્ખ અને નિર્બળ લાગણી સાથે ત્હેને કંઇ લાગતું વળગતું નથી, તે **હૃદયમાં વસે છે, ઓઠમાં** નહિ, અને સ્પષ્ટ જણાઇ આવે તેવા દોષ કરતાં દંભનો તે વધારે તિરસ્કાર કરે છે.

લિલિ. ઇ. એફ. બેરી.

ભલાં કામો કરવાથી જેમની સાથે એક વા બીજે કારણે સહવાસમાં આવી શકાય છે ત્હેમના તરફથી પોતાનાં વખાણ થવાનો અથવા શાબાશી મળવાનો અથવા ત્હેમની ઓળખાણના પરિણામે ખુલ્લી રીતે લાભ મળવાનો કે લાગવગ વધવાનો સંભવ હોય તો તો ભાગ્યે જ એવો કોઇ હોય છે જે કે પરોપકારનું કાર્ય ન કરે. સાચા, સહૃદય અને ઉદાર આત્માઓ જ એટલી બધી નૈતિક ઉચ્ચતા ધરાવતા હોય છે કે જે ઉચ્ચતાને લીધે તેઓ એવી કશીજ કામના કે પરવાહ કર્યા સિવાય કર્તવ્યની ખાતરજ ભલાં કાર્ય કરે છે.

લિલિ. ઇ. એફ. બેરી.

ત્હમારા જીવનનો સૂર્ય મૃત્યુના અન્ધકારમાં ડૂબે ત્યારે ત્હમારાં દયાનાં સુકૃત્યોની યાદ ભાવીના તેજસ્વી પટપર ચળકી રહે અને ભલાં કાર્યના રૂપમાં તમે વાવેલાં બીજ ભવિષ્યમાં શતધા ખીલી રહે એવા પ્રકારનું જીવન જીવો,

સર, જૉન બાઉરિંગ.

જે અન્યની સેવા કરે તે સજ્જન છે, જો તે અન્યની ખાતર કષ્ટ સહન કરે તો તે વધારે સારો છે; અને જેમની સેવા તે કરે છે ત્હેમના તરફથીજ જો ત્હેને સહન કરવું પડે તો તે શ્રેષ્ઠતાની એટલી બધી ઉચ્ચ કોટીએ પહોંચે છે કે જ્યાંથી વધારે ઉંચે જવાનું અતિ કઠિન દુઃખો ખમવાથીજ બની શકે. જો તે સેવા કરતાં કરતાં મૃત્યુ પામે તો તે સદ્ગુણને છેલ્લે શિખરે પહોંચે છે—તે સંપૂર્ણ રીતે વીર બને છે.

ખરી ઉદારતા "મૂઠીએ મુઠીએ આપવા કરતાં પાત્રાપાત્રનો વિચાર કરીને આપવામાં રહેલી છે."

ગ્રુચર.

ઉદાર હૃદયવાળો મનુષ્ય કોને સૌથી વધારે જરૂર છે, કોણ સાથી વધારે લાયક છે, ત્હેમનાં શાં શાં સાધનો છે, એ સર્વનો વિચાર કરે છે; અને તે પોતાના દાનનો ત્હેમના ગુણ અને ત્હેમની સ્થિતિ પ્રમાણેજ વ્યય કરે છે. તે નગ્નને કપડાં આપે છે, ભૂખ્યાને અન્ન આપે છે, નિરાશ થયેલાને આશા આપે છે, નિરાશ્રિત યુવકને કેળવણી આપે છે, અને અજ્ઞાત, મુંઝવણીમાં આવી પડેલાને અને બીન અનુભવીને સલાહ આપે છે. સર્વની માગણીઓને પહોંચી વળવાની ઇચ્છા હોવાથી જો ત્હેનાં પોતાનાં સાધનો ખૂટી પડે છે તો તે ભીખ માગવામાં અને નિરાશ્રિતની હિમાયત કરવામાં શરમાતો નથી, અથવા થાકતો નથી. પોતાનો પાડોશી કોણ છે ત્હેનો તે વિચાર કરવા થોભતો નથી, સ્વાભાવિક રીતેજ તે સમગ્ર મનુષ્યજાતિ સાથે સંકળાયેલો હોય એમ માને છે. જ્યારે તે સર્વના પિતા ઇશ્વર પ્રત્યે ભક્તિ અને આભારની લાગણીથી દૃષ્ટિ કરે છે ત્યારે તે પોતાની આસપાસ ભલાં અને કોમળ હૃદયોને જુએ છે અને કહે છે કે "શું આપણે સર્વ ત્હેનાં બાલકો નથી?"

બાલ્ફર.

અપકારીપર ઉપકાર કરવો એ સર્વોત્કૃષ્ટ ઉદારતા છે.

બર્ક મિન્સ્ટર.

'અનુકમ્પા' એ એવી લાગણી છે કે તેનાથી આપણે કદી પણ શરમાવું જોઇએ નહિ. યુવાવસ્થામાં અનુકમ્પાનાં આંસુ અને દુઃખની કહાણીથી પીગળતું હૃદય હોવું એ ખાસ કરીને બહુ સુન્દર છે. આપણે આપણા સ્નેહને મોજમઝા અને સુખની ખાતર સંકુચિત બનાવી દેવો જોઇએ નહિ. આપણી જાતે તદન સ્વાર્થી સુખમાં રચ્યાપચ્યા રહેવું જોઇએ નહિ, પરંતુ આપણે મનુષ્ય જીવનનાં દુઃખનો, એકાંત ઝુંપડાનો, મૃત્યુશય્યામાં પડેલા વૃદ્ધોનો અને રોતાં અનાથ બાળકોનો વિચાર કરવાની ટેવ પાડવી જોઇએ. ગમ્મતમાં પણ દુઃખ અને પીડાની મશ્કરી કરવી જોઇએ નહિ. ન્હાનામાં ન્હાના જન્તુ પ્રત્યે પણ સ્વચ્છંદી કે ઘાતકી બનવું જોઇએ નહિ.

સદ્‍ગુણોને છૂટાં છવાયાં કાર્યોથી નહિ, પરંતુ દરરોજ પુનઃ પુનઃ પ્રયાસ કરીને કેળવવા જોઇએ. તેઓ વધારે સતેજ અથવા ઉપયોગી થાય એટલા માટે ત્હેમને નિયમિતરીતે પ્રવૃત્ત રાખવા જોઇએ. ત્હેમને ધૂમકેતુની માફક ક્ષણિક તેજથી ચળનારા નહિ, પરન્તુ દિવસના અજવાળાની માફક નિયમિત પ્રકાશ આપનારા કરવા જોઇએ. વળી તે ઇન્દ્રિઓને ક્ષણભર આનંદ આપતી સુવાસિક પવનની લહરી જેવા નહિ, પરંતુ સતત શુદ્ધ અને તંદુરસ્ત હવા પૂરી પાડનાર સામાન્ય લહરીના જેવા હોવા જોઇએ.

કદાચ આપણને વર્ષોનાં વર્ષો સુધી પરોપકારનાં મહાન અને પ્રસિદ્ધ કાર્યો કરવાનો એક પણ પ્રસંગ મળે નહિ; પરંતુ આપણા દૈનિક જીવનમાં અને ખાસ કરીને સામાજિક વ્યવહારમાં એકે દિવસ એવો જતો નથી કે જ્યારે બીજાને સુખ પહોંચાડવાના અને આપણા સદ્‍ગુણને પોષવાના પ્રસંગો આપણને ન મળે. અરે

એટલુંજ નહિ, પરન્તુ જો આપણે દયાળુ સ્વભાવનો યોગ્ય ઉપયોગ કરીએ તો બાહ્ય દૃષ્ટિએ દેખાતાં બીજાં મ્હોટાં કામો કરતાં પણ આપણે સમાજના સુખમાં ઘણો ઉમેરો કરીએ છીએ.

આપણા માનવજીવનમાં એવા પ્રસંગો પણ અનેક આવે છેજ કે જ્યારે દ્રવ્યની મ્હોટી બક્ષીસ આપવા કરતાં પણ આપણા પ્રોત્સાહક સ્વાગતથી, માયાળુ વર્તનથી, અથવા દિલસોજી ભરેલી દૃષ્ટિથી બીજાના હૃદયનું દુઃખ ઘણુંજ ઓછું કરી શકાય તેમ હોય છે. બીજી તરફ દેશ, કાળ, પાત્રનો વિવેક અને સમભાવની લાગણી સિવાયની લાખોની ઉદારતા પણ પરોપકારનો ખરો હેતુ ભાગ્યેજ સફળ કરી શકે છે, એટલુંજ નહિ પણ એમ કરવાથી કેટલીક વાર તો આપણે જેમને સુખી કરવા માગીએ છીએ ત્હેમને ઉલટા દુઃખીજ કરીએ છીએ.' વળી દાન જ્યારે કર્કશતાપૂર્વક આપવામાં આવે છે ત્યારે તો તે ઘા કર્યા જેવું લાગે છે.

ડૉ. બ્લેર.

'દ્રવ્ય એ ખર્ચવાને માટે અને તે માનપ્રદ રીતે સત્કાર્ય કરવા માટે જ છે.

બેકન.

સત્કાર્ય, ન્યાય, પ્રામાણિકતા, આભાર, ચિન્તાતુરને સહાય આપવી, દુઃખમાં સાન્ત્વન આપવું, આમાં જે આનંદ મળે છે તે જ ભાવી સ્વર્ગની સાબિતી આપે છે. આ આનંદનો આપણને કદી પસ્તાવો થતો નથી, અને આવાં સુખ આપણી પાસેથી જતાં રહે એવી આપણને ઇચ્છા પણ થતી નથી.

બીવિક.

દરેક મનુષ્ય ઉપકાર કરનાર તેમજ ઉપકાર લેનાર છેજ, માટે જે કંઇ સત્કાર્ય કરો ત્યારે તે કરવાનો પ્રસંગ આપવા બદલ સામાનો તમારે ઉપકાર માનવો જોઇએ, અને તેણે તે કાર્ય કરવા બદલ તમારો આભાર માનવો જોઇએ.

માનવી! તું જેને ચ્હાતો હોય તેના જેવું ત્હારે થવું જોઇએ; જો તું ઇશ્વરને ચ્હાતો હોય તો ઇશ્વર જેવો થા અને ધૂળને ચ્હાતો હો તો ધૂળ બન.

ભલોજ થા કે જેથી તું સુખી થઇ શકે; નિરોગીજ રહે કે જેથી બીજાની કાંઇ સેવા કરી શકે.

પોતાનું જીવન બીજાઓ માટે છે, અને ઇશ્વરે ત્હેને જે આપ્યું છે તે તેણે માનવજાતિને માટે વાપરવાનું છે, એવું જેને જરા પણ લાગતું નથી ત્હેવો મનુષ્ય સાચી મહત્તા કદી પ્રાપ્ત કરતો નથી.

પરોપકારનાં ખરાં કાર્ય કરી શકાય તેટલા માટે માણસે પ્રથમ જાતે મહેનત કરતાં શીખવું જોઇએ; જાતે પ્રયાસ કરવો જોઇએ અને ગરીબ તથા અજ્ઞાનીઓના અંગત સહવાસમાં આવવું જોઇએ. ત્હમે મંડળોદ્વારા ગરીબો પ્રત્યેની ત્હમારી ફરજ ઉત્તમ પ્રકારે બજાવી શકશો નહિ; ત્હમારે જાતેજ ત્હેમના જીવનનો સહવાસ અને સેવા કરવી જોઇએ. જે મનુષ્ય સ્વાર્પણની અવગણના કરે છ, અને ત્હેને હસી કહાડે છે, તે ત્હેમાંથી પ્રાપ્ત થતાં સામર્થ્ય અને આનંદને કદી અનુભવી શકતો નથી. જે મનુષ્ય પોતાની જાતને પૂર્ણ ઉત્સાહ અને શ્રદ્ધાથી અન્યના હિતને ખાતર અર્પી દે છે તેજ આવા સંપૂર્ણ સ્વાર્પણથી પ્રાપ્ત થતી ઉચ્ચ શાન્તિને પામે છે.

બીજાઓને ખરેખર દુઃખથી મુક્ત કરવા માગતા હોય ત્હેમણે એક વાત પૂરેપૂરી સમજવી જોઇએ કે જ્યાં સુધી ધનવાન માણસો નિર્ધનને પૈસા આપે નહિ, એટલુંજ નહિ પરન્તુ ચારિત્ર્યાવન્ પુરૂષો ચારિત્ર્યરહિત મનુષ્યોને સદ્‌ગુણી બનાવે નહિ ત્યાં સુધી તેમ બનવું મુશ્કેલ છે. જ્યાં સુધી માણસોને ત્હમે સ્વાશ્રયી, બુદ્ધિશાળી, મુશીબતોને નિવેડનારા, અને મદદ મેળવવાને બદલે વિટંબનાઓને સહેવાનું વધારે પસંદ કરનારા નહિ બનાવો ત્યાં સુધી ત્હમે ગરીબાઇને દૂર કરી શકો નહિ.

જ્યારે કંઇ પણ કાર્ય આપણે આપણી જાતને માટે નહિ. પરન્તુ આપણા માનવ બન્ધુઓને માટે કરીએ છીએ, જ્યારેજ આપણે સર્વોત્કૃષ્ટ થઇએ છીએ; જ્યારે આપણે ઇશ્વરે આપેલી સર્વ શક્તિઓ અન્ય દુઃખી મનુષ્યોને માટે વાપરીએ છીએ ત્યારે જ આપણે ત્હેમને પૂરેપૂરી પ્રાપ્ત કરીએ છીએ.

એકાદ હલકામાં હલકી પંક્તિનો પુરુષ વા સ્ત્રી સબળ, નમ્ર, પવિત્ર અને સદાચારી બને છે, તેની સાથે જ જગત પણ વધારે સારૂં બને છે, અને એટલી સદાચારની વૃદ્ધિ થવાથી કોઇકને પણ સહાય અને સાન્ત્વન પ્રાપ્ત થાય છેજ.

ફિલિપ્સ બ્રૂક્સ.

આ જગતમાં આપણે કંઇ લઇએ ત્હેના કરતાં કંઈ આપી શકીએ ત્હેના પ્રમાણમાંજ આપણે વધારે સંપત્તિવાન થઇએ છીએ. કેટલાક માણસોનું જીવન મહોલ્લામાં થઇને પસાર થતા વાજાવાળાના જેવુંજ સદા રહે છે. સુંદર વાજીંત્રની પેઠે ત્હેમને સાંભળનાર સર્વને સર્વ દિશામાં તેઓ આનન્દ આપે છે.

બીજી સર્વ કળાઓમાં ન્યાય અને ઉદારતાથી જનસમૂહ સાથે રહેવાની કળા શ્રેષ્ઠ છે. આપણા બન્ધુઓ સાથે સંપીને રહેવામાં જેટલી મહેનત, જેટલી કેળવણી, જેટલું ડહાપણ, અને જેટલો અનુભવ જોઇએ છીએ તેટલું બીજા કશામાં જોઇતું નથી. આપણા બાળકોને શીખવવામાં આવતા સર્વ કમાવાના ધંધાઓ કરતાં આ કળા શીખવવી વધારે અગત્યની છે. તે કળા ન આવડતી હોય તો બીજાં સર્વ જ્ઞાન અને કળાઓ કંઇજ નથી. આપણા માનવ બન્ધુઓ સાથે સંપીને રહેતાં શીખવું અને શીખવવું એજ જીવનનું મુખ્યમાં મુખ્ય કાર્ય છે.

ત્હમારા મિત્રો મૃત્યુ પામે ત્યાં સુધી ત્હમારા સ્નેહ અને કોમળતાની વૃત્તિઓને દાબી રાખશો નહિ. ત્હેમના જીવનમાં માધુર્ય રેડો. તેઓ સાંભળતાં હોય ત્યારે ત્હેમને પ્રિય અને પ્રોત્સાહક શબ્દો કહો, કે જેથી ત્હેમનાં હૃદય વધારે વેગથી ઉછળે.

એચ. ડબ્લ્યુ. બીચર.

સત્કાર્યોથી દિવસને વિભૂષિત કરવો અને સદ્વિચારથી રાત્રિને અજવાળવી એજ જીવન છે. આપણી જાતને ખરેખરી રીતે ચ્હાવાને માટે આપણે ઇશ્વરને ચ્હાવો જોઇએ, અને ઇશ્વરને ચ્હાવા માટે તેણે પેદા કરેલા જીવોને ચ્હાવા જોઇએ. ફક્ત શ્વાસોચ્છ્વાસ અને લોહીના ફરવામાંજ જીવન સ્હમજવાનું નથી. આપણા જીવનની ગણત્રી વર્ષોથી નહિ પણ કાર્યોથી; શ્વાસોચ્છ્વાસથી નહિ પણ વિચારોથી; દેખાવોથી નહિ પણ લાગણીઓથી કરવી જોઇએ. જે ઉંડાણથી વિચાર કરે છે, સર્વોત્કૃષ્ટ લાગણીઓ ધરાવે છે, અને શ્રેષ્ઠ કાર્યો કરે છે, તેજ સૌથી વધુ દીર્ઘાયુષી છે.

પી. જે. બેઇલિ.

ત્હમારૂં પોતાનું જીવન અને સર્વ પાર્થિવ વસ્તુઓના મમત્વનો ત્યાગ કરો કે જેથી ત્હમારી પાસે જે હોય, અને ત્હમે પોતે જેવા હો તે સર્વવડે ઇશ્વરની અને મનુષ્યની સેવા કરી શકો. જ્યાં સુધી એ સર્વ પૂરેપુરાં વપરાઈ રહે ત્યાં સુધી આખી જીન્દગી પર્યંત એજ ધોરણે કાર્ય કર્યા કરો.

નિઃસ્વાર્થ દિલસોજીનું થોડુંક વધારે હાસ્ય, થોડાક વધારે કોમળ શબ્દો, સ્વભાવપર થોડોક વધારે અંકુશ, આ સર્વથી આપણા પડોશીઓના સુખ દુઃખમાં મહત્વનો ફેર પડે છે.

ત્હમારા સર્વ મિત્રોમાં, ત્હમારા ગૃહમાં, ત્હમારા દરરોજના મંડળમાં, દુઃખી અને ગરીબ, તેમજ આનંદી અને પૈસાદાર સર્વમાં ત્હમારા જીવનનો સુવાસ, રંગ, આનંદ અને ઉત્સાહ રેડો. અંધકારમાં રહી ગયેલા આત્માઓને તેજસ્વી બનાવો, કઠોરને મૃદુ બનાવો, કલેશપૂર્ણ ગૃહોમાં શાન્તિ વહેવડાવો, અને મનુષ્યોના દોષો તથા મૂર્ખતાઓને સ્નેહનાં પુષ્પોથી ઢાંકી દો. બીજાને ચાહો એટલે ત્હમે સર્વમાં યુવાનીનો આનંદ રેડશો; અને ત્હમે પોતે પણ પુષ્કળ આનંદ ભોગવી શકશો; કારણ કે ત્હમારા સ્નેહથી સુખી થયેલા સર્વ આત્માઓના સુખનો સરવાળો ત્હમારામાં આવી વસશે. સુખપ્રાપ્તિ માટે આજ શ્રેષ્ઠ ધર્મ છે.

સ્ટૉપફર્ડ બ્રૂકસ.

જે મૃત્યુ પછી ધર્માદા કરવાનું લખી જાય છે તે ખરી રીતે જોતાં પોતાના કરતાં પારકાના દ્રવ્યવડેજ પોતાની ઉદારતા બતાવે છે.

ભલમનસાઈને હું ટેવ કહું છું, અને સ્વાભાવિક દયાને વૃત્તિ કહું છું. આ ગુણો ઈશ્વરી હોવાથી બીજા સર્વ ગુણો અને મોટાઈ કરતાં શ્રેષ્ઠ છે, અને તેના સિવાય માણસ એક ઉદ્યોગી, તોફાની, કંગાળ પૂતળું છે.

બેકન.

જે કોઈ યથાશકિત થાય તેટલી સેવા કરવા પ્રયાસ કરે છે તે પોતે કલ્પી શકે તે કરતાં વધારે અને સર્વજ્ઞ પ્રભુ સિવાય બીજાથી જાણી ન શકાય તેટલું બધું સત્કાર્ય કરી શકાશે.

કંઈક કંઈક ભલું તો આપણે સર્વ કરી શકીએ તેમ છેજ; અને આપણાથી બની શકે તેમ હોય તેટલું બધુંજ જો આપણે કરી શકીએ તો (પછી એ શકિત ગમે તેટલી થોડી હશે તોપણ) આપણે આપણો ભોગ આપ્યો એમજ કહેવાય.

જે મહાપુરૂષો સમગ્ર દેશની સેવા કરી રહ્યા છે, અને જેમનાં સત્કાર્યને હજારો મનુષ્યો અભિનન્દે છે, ત્હેમની પદવીએ આપણે પણ પહોંચી શકીએ; પરન્તુ તે અગાઉ આપણી ખાત્રી થવી જોઈએ કે આપણાથી થઈ શકે તેટલું બધુંજ આપણે કર્યું છે, અને ઈશ્વરે આપેલી સર્વ શક્તિઓ આપણે પૂરેપૂરી બીજાંના સુખને માટે વાપરી છે; અને આમાંજ આપણે આપણી જાતને છેતરવાનો સંભવ છે; કેમકે અશકિતનું બ્હાનું કાઢી આપણે આપણા આળસને ઢાંકીએ છીએ.

આપણે જેને આપણું કર્ત્તવ્ય માનીએ છીએ ત્હેને અંગે ગમે તેટલી મુશ્કેલીઓ ઉભી થતી હોય તોપણ આપણે નિરાશ થવું જોઈએ નહિ; કારણકે જો આપણે આપણું સર્વ બળ અજમાવીએ છીએ તે સર્વશકિતમાન્ ઈશ્વર આપણને જરૂર સહાય કરે છેજ.

આપણી શકિતઓ અજમાવવાના કોઇ પણ પ્રસંગને આપણે ક્ષુદ્ર ગણવો જોઇએ નહિ. દરેક બાબતમાં સંપૂર્ણતા તરફ લક્ષ્ય રાખવાથીજ આપણી હાલની સ્થિતિમાં જેટલી શકય હોય તેટલી વિશેષતા આપણને મળી શકે તેમ છે.

બાઉડર.

દુઃખી માણસો કે જેઓ આપત્તિમાં આવી પડેલા ભાઇઓ છે, તેમને દુઃખમુકત કરવાથી આપણને કેટલો બધો આનંદ મળશે! ઇશ્વરકૃત સૃષ્ટિ ઉપરની સર્વ વસ્તુઓમાં "ઉદાર અને દયાળુ હૃદય" એ ઇશ્વર સાથે સૌથી વધારે બંધબેસતી વસ્તુ છે.

આર. બર્ન્સ.

આ જગતમાં પેદા થનાર દરેક મનુષ્ય પોતાના જમાનાનાંજ નહિ, પરંતુ તે પછીના દરેક જમાનાના સુખસામગ્રીમાં પણ વધારો ઘટાડો કરે છેજ.

એલિહુ બરિક.

જે મનુષ્ય બીજાના ભલા માટે પોતાનાં સુખ, વૈભવ અને શકિતનો થોડોક ભાગ પણ આપતો નથી તે ઠંડોગાર કૃપણ મનુષ્ય છે

જોના બેઇલિ.

જેમ જેમ મનુષ્ય ઇશ્વરની વધારે નજીક જાય છે તેમ તેમ તે બીજાં મનુષ્યોનું વધારે કલ્યાણ કરી શકે છે અને કરે છે.

બરજુર.

આપણાં કાર્યો કાંઇ આપણા શરીરની સાથે નાશ પામતાં નથી; કારણકે દરેક સત્કાર્ય શાશ્વત્ જીવનના બીજનો કણ છે.

સેઈન્ટ બર્નાર્ડ.

જે પરજીવનમાં આનન્દ રેડે છે તેઓ પોતાનામાં તો તે જરૂર જ રેડે છે.

જે. એમ. બૅરિ.

સાચા સ્વદેશાભિમાની થવા માટે માણસે પોતાના દેશબાન્ધવોને ઇશ્વરના પેદા કરેલા જીવો ગણવા જોઇએ, અને પોતાની જાતને ત્હેમના પ્રત્યેનાં પોતાનાં કાર્ય બદલ જવાબદાર ગણવી જોઇએ.

બિશપ બર્કલી.

સાચી સેવાનો અર્થ દાન, સમય અથવા શોખનો ત્યાગ, અન્યની ખાતર સ્વનું અર્પણ, અને પાછી ન મેળવી શકાય તેવી બક્ષીસ થાય છે.

કૅનન બાર્નેટ.

સત્કાર્યનો કદી નાશ થતો નથી; વિનય દર્શાવનાર વિનય પ્રાપ્ત કરે છે; દયા બતાવનાર સ્નેહ મેળવે છે; બીજાને આપેલો આનન્દ કદી વ્યર્થ જતો નથી.

બેઝિલ.

"અનુકમ્પાથી" આપણે બીજાંનાં કાર્યોમાં ભાગ લઇ શકીએ છીએ અને હેમના જેવીજ આપણને લાગણી થઇને હેમને ભોગવવાં પડતાં દુઃખમાં ભાગીદાર બનીએ છીએ.

બર્ક.

જ્યારે જ્યારે બની શકે ત્યારે હસો; તે એક સસ્તું ઔષધ છે. હાસ્ય એવા પ્રકારનું તત્વજ્ઞાન છે કે જે હજુ આપણને બરોબર સ્હમજાયું નથી; તે જીવનની ઉજ્વળ બાજુ છે.

બાયરન.

તું જે કોઇ સત્કાર્ય કરવાનો આરંભ કરે હેની શરૂમાં ખરા અન્તઃકરણપૂર્વક ઇશ્વરની પ્રાર્થના કર કે તે સંપૂર્ણ રીતે પાર પડે.

સેઇન્ટ બેનેડિક.

જીવનને અંતે આપણને એમ નહિ પૂછવામાં આવે કે ત્હમે કેટલાં સુખ ભોગવ્યાં, પરન્તુ ત્હમે કેટલી સેવા કરી તે પૂછાશે નહિ કે હેમાં કેટલી સફળતા મળી, પરન્તુ હેમા કેટલું સ્વાર્પણ હતું તે પૂછાશે. આપણે કેવા સુખી હતા તે નહિ પૂછાય, પરન્તુ આપણે કેવા સહાય કરનાર હતા તે પૂછાશે. ત્હમારી તૃષ્ણાઓ પુરી થઇ કે નહી તે માટે કોઇ પ્રશ્ન નહી ઉઠાવે, પરન્તુ ત્હમારી સ્નેહવૃત્તિ કેવી રીતે પોષી તે પૂછાશે. જીવનનું મૂલ્ય સ્નેહથી અંકાશે; અને સ્નેહ હેનાં કાર્યોથી જણાશે.

એચ. બ્લૅક.

દોષ કરનાર પ્રત્યે નમ્રતાથી બોલો; પવિત્ર શબ્દો અને સ્નેહયુક્ત અવાજથી ત્હમે ત્હેને સત્ય માર્ગપર પાછા લાવી શકશો. ભૂલતા નહિ કે ત્હમે પોતે પણ પાપ કર્યાં છે, અને કદાચ હજુ પણ કરતા હશો; તેથી જેમ પરમેશ્વર ત્હમારી સાથે વર્તે છે તેવી રીતે ત્હમે પણ ત્હમારા પાપમાં પડેલા બન્ધુ પ્રત્યે વર્તો.

બેટ્સ.

સમય ટૂંકો છે અને બદલાતો રહે છે, તેથી કોઇ પણ કાર્યમાં ત્હારી સહાય ઇચ્છનાર સુપાત્ર પ્રત્યે થવાય તેટલો ઉદાર થજે; કેમકે કદાચ થોડાજ સમયમાં ત્હને બીજાની સહાયતાની જરૂર પડશે.

એમ. બટરવર્થ.

પૈસાદાર ગરીબને પોષે છે કે ગરીબ પૈસાદારને સહાય કરે છે એ પ્રશ્ન એવા માણસો ચર્ચે છે કે જેમને ખબર નથી કે જે કોઈ પોતપોતાની સ્થિતિને અનુસરીને પોતાનું કર્તવ્ય બજાવે છે તે દરેક એક બીજા માટે સહાયક અને ઉપકારક છે.

સર્વ મનુષ્યો એક સુવ્યવસ્થિત વિશ્વના ભાગરૂપ હોવાથી જો માણુસ ફક્ત ઇશ્વર પ્રત્યેનુંજ પોતાનું ઋણ પાછું આપવા પ્રયત્ન કરે અને સેવાવૃત્તિથી પોતાના તેમજ પોતાના જાતિભાઇઓના સુખમાં વધારો કરે તો તે જગતની સુખસામગ્રીમાં પોતાનો ઉત્તમ હિસ્સો આપે છે એમજ ગણાય.

સર ટોમસ બર્નાર્ડ.

કોઇ પણ દયાનું કાર્ય સાચામાં સાચા અને ઉચ્ચમાં ઉચ્ચ અર્થમાં જોતાં કદી નાશ પામતું નથી, અને નાશ પામી શકતું પણ નથી; કારણકે દેવદૂતો ત્હેને થોડાજ સમયમા આપણા શાશ્વત પિતા પાસે પહોંચાડે છે.

આ જગતમાં ઘણાં દયાનાં અને વીરત્વનાં કર્મો એવાં થાય છે કે જે કોઇની પણ જાણમાં આવતાં નથી, અથવા જેનો કરનારને કંઈજ બદલો મળતો નથી. આનું કારણ શું? કારણ કે સર્વોત્કૃષ્ટ દયાનાં અને બહાદુરીનાં કાર્યો ગુપ્ત રીતે, આનન્દથી અને બહારના આડંબર સિવાયજ કરાય છે.

કેટલાક લોકો પોતાની ઉદારતા બહાર જણાવવાને ભાંટ જેવાં માણસોને ચારે બાજુ મોકલે છે, અને એ રીતે ઇચ્છિત વસ્તુ–ખુબ વખાણ–ને પ્રાપ્ત કરે છે; ત્યારે બીજા કેટલાકો પરોપકારને માર્ગે ચુપકીથી ચાલ્યા જાય છે, અને ઘણી વાર કોઇ ત્હેમને જોતું પણ નથી.

ઘણા વીર પુરુષોએ વિક્ટોરિયા ક્રોસ મેળવવા જેવાં પરાક્રમો કર્યાં હશે, છતાં ત્હેમને તે નહિ મળ્યો હોય. ઘણા સેવકોએ જનસમૂહની એવી સેવા કરી હશે હશે કે જેને માટે બજારમાં ત્હેમનાં પૂતળાં ઉભાં કરવાં જોઇએ, છતાં ત્હેમને માટે તેમ કરવામાં આવ્યું નથી. હમેશાં આમજ બને છે એમ કહેવાનો હેતુ નથી, કેટલીક વાર આ દુનિયામાં પણ સ્ત્રી પુરૂષો કરેલી સેવાનો અણધાર્યો બદલો પ્રાપ્ત કરે છે; પરન્તુ કેટલીક વાર આ પારિતોષિક એટલું મોડું આવે છે કે સ્તુતિના શબ્દો તેઓ કદી સાંભળતાં નથી, અને કીર્તિની માળા તેમના શબને કે ઘોરને કે સમાધિનેજ પહેરાવવામાં આવે છે. અમારૂં માનવું

છે કે આ ઢીલ નિર્દય અને અન્યાયયુક્ત છે; પરંતુ આપણા જીવનમાંજ ઘણી સખ્તાઇ અને દેખીતો અન્યાય છે. તોપણ તેથી શું? કોઇ દિવસ એ સખ્તાઇને સ્થાને મૃદુતા આવશે, અને કોઇ દિવસ થયેલા અન્યાયને દૂર કરાશેજ. જો આ રહસ્ય આપણને ન સ્હમજાયું હોય તો ઇશ્વર આપણને એ સત્ય સ્હમજાવામાં સહાય આપો.

મ્હને આજે શું થયું છે એવા નહિ, પરન્તુ મ્હારે લીધે બીજાને શું ખમવું પડયું છે, એવાજ વિચાર નિરંતર મ્હને આવો.

એફ્ ડી બ્લેક.

હે સન્નારી! સત્કાર્ય કરવાના, દુઃખ સહન કરવાના, રોગીને સાંત્વન આપવાના, સદ્વર્તન શીખવવાના અને અખંડિત આશાયુક્ત ધૈર્યથી ઇષ્ટ અનિષ્ટને મિશ્ર બનાવવાના ત્હારા પોતાના સર્વોત્કૃષ્ટ પદ તરફ ઉડ. ત્હારો સ્નેહ ત્હેના પોતાના સ્વભાવાનુસાર મુક્તિનાં ગીત ગાશે. જ્યારે તું સંગીત લલકારતી હશે ત્યારે ન્હાના બાળકે ત્હને કરેલા ચુમ્બનથી ત્હને બહુ આનંદ થશે, ગરીબ માણસને અર્પેલી ત્હારી સેવા ત્હને અધિક દિવ્ય બનાવશે; રોગી માણસને તું જે સહાય આપીશ તેથી ત્હને આંતર સામર્થ્ય પ્રાપ્ત થશે; અને તુ જે જે સેવા કરીશ ત્હેના ભાનથી તું ત્હારી પોતાનીજ સેવા કરીશ.

ઇ. બિ. બ્રાઉનિંગ.

ત્હમે કોઇ મહાન્ કાર્ય કરવાની તક માટે રાહ જોઇ રહ્યા હશો; કોઇ મહાન્ અનિષ્ટનો નાશ કરવાની તક ઇચ્છી રહ્યા હશો, પણ

એમ મોટી ન થતાં ન્હાનાં ન્હાનાં અને ગુપ્ત સેવાનાં કાર્યો કરવાં શરૂ કરી દ્યો. આમ કરવાથીજ તમારે માટે મ્હોટાં કાર્યો એની મેળે મેળે આવીને ખડાં થશે, અને તે ત્હમે બહુ વધારે સારી રીતે બજાવી શકશો, એ નક્કી સ્હમજજો.

દેશને માટે જીવન આપનાર માણસોની માગણી કરૂં તો ત્હમારામાંથી દેશને માટે પોતાનું લોહી રેડી મરવાને તૈયાર થનારાઓનું એક મોટું લશ્કર તૈયાર થશે; પરન્તુ નાગરિક તરીકેના ધર્મ બજાવવામાં આવા મ્હોટા ભોગની જરૂર નથી. ન્હાના ન્હાના કાર્યો કરો. જે જે પ્રથમ હાથમાં આવે તે તે પ્રથમ કરો, અને તેમ થતાં બીજું કાર્ય તુરતજ ખડું થશે.

જૉન બ્રાઇટ.

બની શકે તેટલાં બધાં માણસોને અને પ્રાણીઓને ચ્હાઓ. "સ્નેહ" એ એક એવી વસ્તુ છે કે જેના એકલા બળથી જ ત્હમે નીતિવાન દુનિયામાં સંપત્તિવાન બની શકો. ખાસ કરીને સર્વ નિર્દોષ, ભલી અને સુન્દર વસ્તુઓને ચાહો, પુષ્પોને ચાહો, ન્હાનાં બાળકોને ચાહો, અને સર્વ કરતાં વધારે પવિત્ર સન્નારીઓને ચાહો; ત્હેમને ચાહવામાં ત્હમારો પ્રેમ કદી મર્યાદા ઓળંગી શકશેજ નહિ, ત્હેમનો પ્રેમ હંમેશાં ત્હમને લાભ જ કરશે, અને કદી પણ નુકસાન તો નહિ જ કરે.

જે. એસ. બ્લેકી.

માણસોને ફક્ત ત્હેમના દ્રવ્યની ખાતર કદી પણ માન આપશો નહિ, પરન્તુ ત્હેમના સદ્‌ગુણને ખાતરજ માન આપજો; આપણે

સૂર્યને ત્હેની ઉંચાઇની ખાતર નહિ પરન્તુ ત્હેના તરફથી મળતા લાભની ખાતરજ પૂજીએ છીએ.

આપણામાંના ઘણાકો તો કીર્તિને ખાતરજ નિઃસ્વાર્થી કાર્યો કરે છે; અન્યની ખાતર મહાન આત્મભોગ આપવા છતાં ત્હેને હરેક રીતે છુપાવવાની કાળજી તો સરળ અને પ્રભુમય જીવન ગાળનાર સન્તપુરૂષોજ રાખે છે.

જે. સિ. બેઇલિ.

માત્ર વિચારોનાં સ્વપ્નમાંજ પડી રહેનારો માણસ કહે છે કેઃ "જો હું ગરીબની દુઃખદ ચિન્તાઓ દૂર કરી શકું; ત્હેમને જે સુખ નથી મળતું તે મેળવી આપું; ત્હેમને સહન કરવાં પડતાં દુઃખો ઓછાં કરી શકું; અનાથ અને નિરાશ થયેલા જનોના અજ્ઞાનના પડદાને ચીરી શકું અને ત્હેમના જીવને ક્રૂરતા અને અન્યાયમાંથી મુકત કરી શકું તો મને બહુજ સારૂં લાગે; પરંતુ અફસોસ છે કે તે ઇચ્છા પાર પાડવાને જોઇએ તેટલી મ્હારામાં શક્તિ નથી." આ પ્રમાણે સ્વપ્નમાં ને સ્વપ્નમાં ત્હેનું જીવન વહી જાય છે; પરન્તુ થઈ શકે ત્હેવાં કાર્યો કરવાનાં રહી ગયાં તેનું તો ત્હેને ભાન જ થતું નથી. તે ચિન્તાના ભારથી દબાઇ ગયેલાને સહજ પણ સહાય આપીને ચિન્તામુક્ત કરી શકયો હોત. જે અનાથ બાળકની ક્ષુધા તે શાન્ત કરી શકયો હોત અથવા દુઃખી વૃદ્ધ માણસને માયાળુ શબ્દો કહી શાન્ત્વન આપી શકયો હોત તે વાતનો તો ત્હેને ખ્યાલજ આવતો નથી. ખરેખર આવો મનુષ્ય પણ બીજા અજ્ઞ અથવા દુઃખીજનો જેટલોજ દયાને પાત્ર છે. કેમકે અનેક પ્રકારનાં સ્વપ્નો જોયા અથવા બકયા

કરવાને બદલે સહજે થાય એવાં સાદાં સીધાં કાર્યોથી તેને કેટલો બધો આનન્દ અને સંતોષ મળત ? (એટલું જ નહિ પણ તેનાં મોટાં સ્વપ્ન પાર પાડવાની શક્યતા અને સાધન પણ તેને એમાંથી મળત.)

મેરિ બ્રેડ્લી.

અન્યના ભલાને માટે કરેલા કોઈ એક ખાસ કામવડે આપણે માણસોનું ઉત્તમ કલ્યાણ કરી શકતા નથી, પરન્તુ આપણી દરરોજની પ્રવૃત્તિઓની દિશા અને પદ્ધતિથી જ તેમ કરી શકાય છે. મન, વચન અને કર્મની એકતાથી જ આપણે બીજાને ઉંડી અસર કરી શકીએ છીએ.

ઈ. કેઈર્ડ.

જે સ્ત્રી વા પુરૂષ સંપૂર્ણ સત્યશીલ અને કર્તવ્યની શોધમા રહે છે; જે વિચારને સંપર્ણ રીતે સ્હમજાતાં પોતાના જીવનનાં તારોમાં વણી લે છે; જે સાચા હૃદયના શબ્દોથી તેમજ કાર્યથી પોતાની આસપાસનાં મનુષ્યોને વધારે ચૈતન્ય, આનન્દ અને પ્રકાશ આપે છે; તેના કરતાં સમાજની ઉન્નતિ કરનાર બીજી કોઈ વધારે સબળ સત્તા પૃથ્વીપર નથી. આવાં સ્ત્રીપુરૂષો જીવે ત્યાં સુધી મહાન્, સુંદર અને બીજા આત્માઓને આનન્દદાયક છે, અને સમાજમાં ત્હેમનું જાહેરપદ ગમે ત્હેવું હલકું હોય છતાં પોતાના મૃત્યુ પછી પણ તેઓ એવી સુગન્ધ મૂકી જશે કે જેથી ભવિષ્યના જમાનાને આનન્દ અને સુખ મળશે.

રેવરંડ જેમ્સ ક્રૅન્બ્રૂક.

જો ત્હમે સ્હેન, સરળતા અને વિનયથી લોકોનાં હ્રદય વશ કરી શકયા હો; તો એમાં ઉંડું રહસ્ય એજ હશે કે ત્હમે બીજાઓને ખાતર પોતાની જાત અને સ્વાર્થને ભૂલી ગયા હશો. હે નરદેવ! આ ગુપ્ત શકિતને નિરંતર વળગી રહેજો. કારણકે તે સ્વર્ગમાંથી ઉતરી આવેલી ચીણગારી છે.

પ્રિન્સ કૉન્સર્ટ.

જેઓ જીવનનાં વિકટમાં વિકટ માર્ગે ભારે દુઃખથી દબાએલા નિર્બળ બન્ધુને આનંદ આપવાનો પ્રયાસ કરે છે; અને જેઓ પોતાનું કુટુમ્બ બહુ વિશાળ હોવાને લીધે પોતાની સ્થિતિ જોઇએ તેટલી સારી હોતી નથી તે છતાં પણ એક નિરાધાર મનુષ્યને પોતાનું હ્રદય અને ભોજન આપે છે; જેઓ પોતાને અર્ધો ભૂખમરો હોવા છતાં દુઃખમાં પીડાતા ભૂખ્યાને અન્ન આપે છે; જેઓ પોતાના થોડામાંથી થોડું બચાવીને જેમની પાસે થોડું પણ ન હોય તેવાઓને આપે છે; જેઓ પોતાને જરૂર હોવા છતાં બીજાની જરૂરીઆત વધારે જોઇને દયાથી દ્રવી ઉઠે છે તેઓજ ઉદારતાના સાચા અનુયાયી છે, દયાના સાચા પુત્રો છે, સાચા પરોપકારી છે અને ખરા ધાર્મિક તથા આસ્તિક છે.

દયાળુ માણસપર નસીબદેવી પ્રસન્ન થઇને જો સોનાનો વરસાદ વરસાવે છે તો તે છૂટે હાથે ગરીબોને દાન આપે છે, અને નિરાધારોને પોષે છે. સ્વભાવથીજ જે સદાચારી, ન્યાયી અને પરોપકારી હોય છે તે એવી રીતે જીવનહેતુને સિદ્ધ કરે છે. ત્હેને સુપ્રત થયેલું દ્રવ્ય સારામાં સારી રીતે વપરાય છે. તે દુઃખી માણસનું ઘર દેખીને નાસી જતો નથી પરન્તુ ત્હેને ત્હેના ઝુંપડામાં જ

જઇને મળે છે. તે કેદીને કેદખાનામાં મળે છે, તે વિધવાના પ્રેમાળ હૃદયના ઉભરા અને ત્હેની ઉંડી વેદનાઓ સાંભળવા થોભે છે, તે તેણીના દુઃખમાં સહાય આપવા પ્રયાસ કરે છે, પરલોકના સુખનું તેને ભાન કરાવે છે, તે નિરાધાર બાળકને, મિત્રહીનને, કમનસીબને, અથવા ગરીબને તિરસ્કારની દૃષ્ટિથી કદી જોતો નથી, તે ત્હેમનો પોતાના ઘરમાં અંતઃકરણપૂર્વક સત્કાર કરે છે. સર્વ મનુષ્યોને તે પોતાનાં સગાં માને છે, આખી પૃથ્વીને પોતાનો દેશ માને છે, ઉચ્ચ ચારિત્રને તે અમૂલ્ય ઝવાહિર માને છે, અને સત્યને પોતાનો સુન્દર ઝભ્ભો માને છે.

ત્હમારાથી જેટલું બચાવી શકાય તેટલું આપો અને ત્હમે ખાતરી રાખજો કે જે ગરીબને સહાય આપે છે તેજ આપણા કર્ત્તાની ખરી સેવા ઉઠાવે છે.

અલીઝા કૂક.

જેઓ સાચા મનથી પોતાની શકિતનો ઉપયોગ અન્યના કલ્યાણાર્થે કરે છે તેઓ જ ત્હેને પાત્ર છે. અને તેમ છતાં ત્હેની તેઓ ઇચ્છા કરતા નથી; અને જેઓ ત્હેના સ્વાર્થ પુરતો ઉપયોગ કરે છે તેઓ ત્હેની ઇચ્છા કરવા છતાં પણ ત્હેને પાત્ર નથી.

જે માણસો પોતાના જીવન દરમિયાન કશું આપતા નથી અને વારસો સોંપતી વખતે મરણ પછી દાન કરવાનું લખે છે તેઓ પણ એક રીતે સ્વાર્થીજ છે.

જે માણસ જીવતાં જ બીજાઓનું ભલું કરવામાં પોતાનો પૈસો વાપરતો નથી તેને મુવા પછી પણ તે કંઇ પણ કામમાં આવતો નથી. આત્મઘાતક અને બે ધારવાળી મમતારૂપી તલવાર તેને

આ દુનિયાના સર્વોત્કૃષ્ટ સુખથી અને પરલોકના સર્વોત્કૃષ્ટ આનંદથી વિમુખ કરે છે.

સ્વર્ગના ફિરસ્તાઓને પણ જેને માટે અદેખાઇ થાય તેવો કોઇ આનંદ આ પૃથ્વી ઉપર હોય તો તે પરદુઃખભંજનપણાનો છે. જેમનામાં તેમ કરવાની શકિત હોવા છતાં તેનો ઉપયોગ કરતા નથી ત્હેને મરણપથારી વખતે તે બદ્દલ જે વિચારો આવે છે ને દુઃખ થાય છે તે જોઇને પિશાચોને પણ દયા આવે છે.

સુખી બનવાને ત્રણ અગત્યની વસ્તુઓ આ છે—કરવા યોગ્ય કાર્ય, સ્નેહ રાખવા યોગ્ય વસ્તુ અને આશા રાખવાનું સ્થાન.

કૉલ્ટન.

શ્રેષ્ઠ મનુષ્યો દયા, દિલસોજી અને સ્નેહથી પોતાની શ્રેષ્ઠતા દર્શાવે છે. આજ લાગણીઓ ખરેખર સુંદર છે, અને ત્હેમનાથીજ મનુષ્યો બધા દૈવી બને છે.

કાઉપર—એક ભલીબાઇ વિષે કેવું સુંદર લખે છે ! તે લખે છે કે—તેણીનો હાથ પવિત્ર છે, સ્વભાવમાં મૃદુતા છે, ત્હેનું ડહાપણ બાળકની નિર્બલતા જેવું લાગે છે, જ્યાં તે ઠપકો આપી શકે તેમ હોય ત્યાં પણ બચાવ કરે છે, ત્હેનો તિરસ્કાર કરનારાઓ ત્હેને ઠપકો આપે છે છતાં ત્હેમને માટે પણ તે તો પ્રાર્થનાજ કરે છે. ત્હેના નિષ્કપટી હૃદયમાં શંકાને તો સ્થાનજ મળતું નથી; ખરાબમાં ખરાબ સૂચવવામાં આવ્યું હોય છતાં પણ તેમાંથી સારામાં સારો અર્થ તે લે છે. ત્હેનું ગમે તેટલું અપમાન કરવામાં અથવા તેને ચીડવવામાં આવે તોપણ તેણી એકાએક ગુસ્સે થતી નથી અને જો કદાચ થાય તોપણ તુર્તજ શાંત પડી જાય

છે. પોતાના હક્કને માટે તે તકરાર કરવા કરતાં તેને છોડી દે છે અને નુકસાન પામવા છતાં ક્ષમા આપવામાં જ આનંદ માને છે.

કાઉપર.

જે મનુષ્યો પોતાની તર તીજોરીમાં વધારો કરવા પ્રયાસ કરે છે તેઓ યુવાવસ્થામાં દઢ થયેલી સંગ્રહ કરી રાખવાની ટેવના ગુલામ થાય છે. પ્રથમ તેમણે બચાવેલા પૈસાના તેઓ માલીક હોય છે, પરંતુ પાછળથી એ પૈસા ત્હેમના શેઠ થઇ બેસે છે. આમ બન્યા સિવાય રહેતું જ નથી, કારણ કે સારી અથવા નરસી ટેવનું બળ ઘણું મ્હોટું હોય છે. સુધારામાં ગણાતા સંગ્રહ કરી રાખવાની સ્વાભાવિક ઇચ્છાના દુરૂપયોગથી (અને નહિ કે સદુપયોગથી) આવી જાતનાં માણસો જગત્માં જોવામાં આવે છે.

ટેવના આવા દુરુપયોગના ભોગ થઇ પડાશે એવી બીકથી કોઇ પણ માણસને બીવાની જરૂર નથી. જો માણસ હમેશાં યાદ રાખે કે જે કંઇ વધારાનું દ્રવ્ય તેને મળે છે તે પવિત્ર થાપણ છે, અને ત્હેનો ઉપયોગ મનુષ્ય જાતિના કલ્યાણાર્થેજ કરવાને તે બંધાયેલો છે, તો તે આવી ખરાબ ટેવનો કદી ભોગ થઇ પડશે નહિ. મનુષ્યે હંમેશાં પૈસાના શેઠ બનવું જોઇએ. તેણે પૈસાને હંમેશાં ઉપયોગી નોકર જ બનાવવો જોઇએ. પૈસાને શેઠ બનવા દઈ પોતે કંજુસ થવું જોઇએ નહિ.

ઍન્ડ્રૂ કાર્નેગી.

જ્યારે આપણે સત્યના બળે અન્યના દોષ બતાવીએ ત્યારે અંદરખાનેથી તેમના શિરપર પ્રેમની મધુર પુષ્પો વર્ષાવવી જોઇએ.

સત્ય અને સ્નેહ એ જગતમાં સર્વથી જોરાવર તત્ત્વો છે, અને જ્યારે તેઓ સાથે હોય છે ત્યારે કોઈ પણ તેમની સ્હામે ટકી શકતું નથી. સત્યનાં સોનેરી કિરણો અને પ્રેમના રૂપેરી તારો ભેગા વણાય છે ત્યારે તેઓ માણસોને ઇચ્છા વા અનિચ્છાએ પોતા તરફ મધુર બળાત્કારથી આકર્ષે છેજ.

કડવર્થ

જે દયા સત્કાર્ય કરવામાં પડતી અડચણોને તથા ગરીબોને વિષય માર્ગે દોરી જતી લાલચોને દૂર કરી ત્હેમને સ્વાશ્રયી બનવામાં ઉત્સાહ આપે, તે દયા જ સૌથી વધુ ફળપ્રદ છે.

માણસોને કુદરત તરફથી જે હકક મળ્યા છે તે સર્વનો એકમાં સમાવેશ થાય છે કે માણસે પોતાની શક્તિઓને ત્હેના પોતાના તેમજ બીજાંના સુખ અને સદ્ગુણની વૃદ્ધિ કરવા અર્થે વાપરવી. આ જ ત્હેના જીવનનો મુખ્ય હેતુ છે; આ માટેજ ઇશ્વરે ત્હેને શક્તિઓ આપી છે અને એ કાર્યમાં જ તેને વાપરવાને તે બંધાયલો છે. ત્હેને તેના દુરુપયોગ વા નાશને માટે જવાબ આપવો પડશે.

ડબ્લ્યુ. ઇ. ચૅનીંગ.

જે સાધનોવડે જીંદગી ટકાવી શકાય છે તે સાધનોનો ત્યાગ કે નાશ થયા પછી પણ સ્વાર્પણનાં નિઃસ્વાર્થ કાર્યો કરવાથી માનવ આત્મા મોક્ષ મેળવી શકે છે.

ઇશ્વરની સૃષ્ટિના કોઇ ભાગને જરા વધારે ફળદ્રુપ જરા વધારે સારો, વધારે ઇશ્વર પરાયણ બનાવવો; કોઇ માણસને વધારે

ડાહ્યો, વધારે મનુષ્યત્વવાળો, વધારે સુખી, વધારે ઇશ્વરપ્રિય અને વધારે પવિત્ર બનાવવો; એ દિવ્ય આત્માનુંજ કાર્ય છે.

ટી. કાર્લાઇલ.

મ્હને એવું સાંભળવાનું મન થાય છે કે મ્હારી આજીજીથી કોઇ માણસે પોતાના શત્રુને ભેટી પડીને અશ્રૂ આણ્યાં હોય અને શત્રુ ગમે તો પત્થર જેવો વા હેવાન પશુ જેવો હશે તો તે પણ આવી સ્નેહભરી દયાથી જરૂર નમ્ર બનશે.

ત્હમે ઇશ્વરને ત્હમારો ઋણી બનાવો અને પછી ત્હેની પાસે ત્હમારા લેણાની ઉઘરાણી કરો, અને અઢળક વ્યાજ સાથે તે પાછું મેળવો. આપણા હાથને ફક્ત ઉંચા કરવાથી આપણુને કોઇ સાંભળનાર નથી. ત્હમારા હાથને ફકત સ્વર્ગજ તરફ નહિ પરન્તુ ગરીબ તરફ પણ લંબાવો. જો ત્હમે ગરીબને સહાય આપશો તો ત્હમે છેલ્લા સ્વર્ગને સ્પર્શ કરી શકશો; કારણ કે ત્યાં જે વિરાજી રહ્યો છે તે ત્હમારી આપેલી ભિક્ષાનો સ્વીકાર કરે છે; પરન્તુ જો ત્હમે ખાલી હાથ જોડશો તો તેથી કંઇ લાભ થવાનો નથી.

આ સેવા ભલમનસાઇ અને નિરભિમાનપણે થવી જોઇએ; તેની સાથે આશાભર્યાં વચનો ઉચ્ચારવાં જોઇએ; કારણકે ભિક્ષા શબ્દોથી પણ આપી શકાય છે. કહેવત છે કે "બક્ષિસ કરતાં સુવાક્ય વધારે સારૂં છે."

કાર્યથી કરેલી સેવાએ પૈસા કરતાં પણ વધારે સારાં પરિણામ નિપજાવ્યાં છે.

"હલકી સ્થિતિના માણસ પ્રત્યે દયા રાખો." હ્મેમની સ્થિતિપર હ્મે જાતે મૂકાઇ જાઓ, હ્મેમની સાથે ચાલો અને બાપ છોકરાની કાળજી લેતો હોય તે પ્રમાણે હ્મારો હાથ હ્મેમના હાથમાં મિલાવો. આનું નામ ઉચ્ચ પ્રકારનું વર્તન છે.

જેને પૈસાદાર થવાની ઇચ્છા હોય તેણે ગરીબ થવું જોઇએ કે જેથી તે પૈસાદાર બને; તેણે ખર્ચવું જોઇએ કે જેથી તે ભેગુ કરી શકે; તેણે સારા ક્ષેત્રમાં વાવવું (સુપાત્રે દાન કરવું) જોઇએ કે જેથી તે લણી શકે. આ બધું લોકવ્યવહારથી વિરૂદ્ધ જેવું ભાસશે; પરન્તુ વાવનાર તરફ દૃષ્ટિ કરો અને વિચાર કરો કે તે પોતાની પાસે હોય તેને વાવ્યા સિવાય અને જે હાથમાં હોય તે પડવા દીધા સિવાય બીજી કોઇ રીતે લણી શકે છે? માટે ચાલો, આપણે પણ સ્વર્ગને ખેડીને વાવીએ કે જેથી આપણે ભવિષ્યમાં જમાનાના જમાના સુધી પુષ્કળ પાક પ્રાપ્ત કરી શકીએ.

સ્નેહ મહાન્ ગુરૂ છે અને માણસોને દોષમાંથી બચાવવાને, તેમનું ચારિત્ર સુધારવાને, તેમને સ્વાર્પણ તરફ દોરવાને અને પત્થરમાંથી માણસ બનાવવાને શક્તિમાન્ છે.

સત્કાર્ય ન કરવું એજ એક પ્રકારનું પાપ છે. જો તમે એક નોકરને જુઓ કે જે ચોરી અથવા તો હ્મારૂં અપમાન ન કરતો હોય; જે વળી દારૂ તેમજ બીજા કોઈ પણ પ્રકારના વ્યસનથી મુક્ત હોય અને તેમ છતાં નિરન્તર આળસમાં રહી તેના શેઠ પ્રત્યેની તેની ફરજો અદા ન કરતો હોય તો તેને હ્મે સજા નહિ કરો? ખરેખર હ્મે કહેશો કે આપણે હ્મેને સજા કરવી જોઇએ. જો કે ઉપર જણાવ્યા પ્રમાણે તેણે કંઇ પણ

દોષ કર્યો નથી, પરન્તુ " કર્તવ્ય તરફ દુર્લક્ષ " એ પણ એક પ્રકારનું પાપજ છે.

એસ. ફાઇસો સ્ટૉમ.

ખરી ઉદારતા સારાસારનો વિચાર કરી આપવામાંજ રહેલી છે. અપાત્રે બતાવેલી દયા શાપ અને પાપ સમાન છે.

માણુસ જ્યારે પોતાના જાતભાઇઓની સેવા કરે છે ત્યારેજ તે દેવતા જેવો થાય છે.

સિસેરો.

માણુસ અને પશુપક્ષીને જે સારી રીતે ચ્હાય છે તેજ સારી રીતે પ્રાર્થના કરી શકે છે.

ચ્હેરા ઉપર કંઇ પણ લાગણી દર્શાવ્યા સિવાયજ જે મનુષ્ય મ્હારૂં ભલું કરે છે તે મ્હારૂં અર્ધુંજ કાર્ય કરે છે. તે મ્હને સહાય આપવા છતાં પણ મ્હને નિરાશ કરે છે; તે મ્હારો ઉપકાર કર્ત્તા છે પરન્તુ તે મ્હારો માનવબન્ધુ નથી.

સી. જે. કૉલેરીજ.

દરેક માણુસ પોતે ઇચ્છતો હોય વા ન ઇચ્છતો હોય અને યોજનાપૂર્વક ચાલતો હોય વા નહિ પણ તે સદ્ અને અસદ્ વસ્તુનો હાલ અને હમેશાં ઉપદેશક છે. તે પોતાના વર્તનને લીધે સમાજ ઉપર કાં તો અનિષ્ટ અસર પ્રસારતો હશે, અથવા તો સારી અસર ફેલાવતો હશે; પરન્તુ નિર્લેપ તો તે રહી શકેજ

નહિ. માટે ત્હમે પણ ત્હમારા જીવનને કોઇ પણ હેતુપૂર્વકજ યોજો. સત્કાર્ય કરો, અને ત્હમારી પાછળ સદાચારની એવી યાદગીરી મૂકી જાઓ કે કાળના ઘસારાથી તે કદી નાશ પામે નહિ. વર્ષોવર્ષ ત્હમારા સંસર્ગમાં આવતા હજારો કે લાખો માણસના હૃદયપર ભલમનસાઇ, દયા અને સ્નેહવડે ત્હમારાં નામ એવી રીતે લખતા જાઓ કે જેથી જગત ત્હમને કદી વિસ્મરી શકે નહિ. એટલુંજ નહિ પરન્તુ ત્હમારૂં નામ, ત્હમારાં કાર્યો ત્હમારી પાછળ રહેનારાં માણસોનાં હૃદયો ઉપર સંધ્યા સમયના તારાની માફક સ્પષ્ટ રીતે દેખાય.

ચામર્સ.

આપણા જીવન પ્રવાસમાં જ્યારે અનેક પ્રવાસીઓની સાથે આપણે થોડીવારના સંસર્ગમાં આવીએ ત્યારે પણ ક્ષેત્ર અને બીજના સહકાર્યની માફક એક બીજાની જરૂરીઆતો પુરી પાડવી જોઇએ, અને એક બીજાને સુખ આપી સુખ મેળવવું જોઇએ.

સેઇન્ટ ફૂલિજ.

સાધન હોય ત્યારે પુર્ણ છુટથી સહાય કરો અને દાન આપો તે માટે ફૂલાશો નહિ; અને જ્યારે ત્હમારી પાસે બીજું કંઇ ન હોવાને લીધે માત્ર શીતળ જળનો પ્યાલોજ આપી શકો ત્યારે ત્હમારી જાતને માટે ઓછું લાવશો નહિ.

કલૉડીઅસ.

દરરોજ કંઇક શુભ કાર્ય કરવું જોઇએ. દાખલા તરીકે હાસ્ય—એમાં કાંઇ આપણને બહુ મહેનત પડવાની નથી. જીવનની એવી નજીવી બક્ષિસોથી પણ આપણું આયુષ્ય મધુર બનશે. આપણે સુખી અને આનંદી કહી શકીએ તેવાં અન્ય પણ કંટાળેળાં દુઃખી માણસો આ દુનિયામાં ઘણાં છે કે જેઓ દરરોજના એવા આનન્દથી આખા વર્ષને આનન્દી બનાવી શકે છે.

દરરોજ કંઇક કરવુંજ જોઇએ—દાખલા તરીકે એક આશાજનક શબ્દ—આપણે તેનું સામર્થ્ય જાણી શકતા નથી, પરંતુ તે મૃદુ પુષ્પના વિકાસની પેઠે ફલપ્રદ નિવડે છે. જ્યાં સર્વત્ર અંધકાર અને ઉદાસીનતા વ્યાપી રહ્યા હોય ત્યાં એકાદ શબ્દ માત્રથી પણ કેટલું બધું સુખ મળી શકશે! એક મનુષ્ય પ્રત્યેના એક માયાળુ શબ્દથી તેનું આખું વરસ કદાચ આનંદી બનશે.

દરરોજનું કંઇક કાર્ય—દાખલા તરીકે માત્ર એકાદ નિઃસ્વાર્થી, ભલો અને સાચો વિચાર—એ પણ કોઇ એકના જીવન પ્રવાસમાં બીજાની જરૂરીઆત પૂરી પાડશે, તેના હૃદયપરનો ભાર હલકો કરશે, તેને સરલ રસ્તે દોરશે; આમ દરરોજની સેવાના વિચારથી આખું વર્ષ સુખી નિવડશે.

દરરોજનું કંઇક કાર્ય—દાખલા તરીકે દયાના રોજના એકાદ સત્કાર્યથી માનવ બન્ધુઓ આપણા વધારે નિકટ સંબંધમાં આવશે, અને આ પ્રમાણે પણ આપણે આપણા રોજના એક સત્કાર્યથી આખું વર્ષ સુખદાયક બનાવી શકીશું.

જી. કૂપર.

જેવી રીતે ઝાડ ફળથી ઓળખાય છે, સોનું કસોટીથી પરખાય છે અને ઘંટની કિંમત ત્હેના રણકારાથી અંકાય છે તેવી રીતે માણસનું કુળ ત્હેના સત્કાર્યથી, ત્હેની આબરૂ ત્હેની નમ્રતાથી અને ત્હેનો ધંધો તેના વિવેકથી નક્કી થાય છે.

કૉડ્રે.

માયાળુ શબ્દ શીતળ જળ સમાન છે કે જે પાર્થિવ વસ્તુઓના ભયંકર દુકાળમાંથી કોઈ સુંદર આત્માના વિકાસને મરણ શરણ થતાં અટકાવે છે, ત્હેને ત્હેના દેહરૂપી વિષમય ઘરમાથી મુક્ત કરે છે, ત્હેની સુગન્ધીને શુદ્ધ બનાવવાને ત્હેને સ્વર્ગમાં મોકલે છે.

ઈ. ડી. કૅસ્ટરલાઈન.

સાચો સ્નેહ નમ્ર છે, તે સેવાને માટે તૈયાર હોય તેવો જણાય છે, તે ત્હેનો પોતાનો સ્વાર્થ સાધતો નથી, તે પોતાનાં વખાણ કરતો નથી, પરંતુ પોતાને હલકો પાડે તેવી રીતે બોલે છે.

એબ્રેહામ કોલ્સપર.

દયા એકલીજ આપણને દેવોના સમોવડીઆ બનાવે છે. સ્વીકારેલી સેવા ઉચ્ચ છે, પરન્તુ અર્પેલી સેવા વધારે સુંદર છે.

કલૉફ.

દુઃખીને દુઃખમાં સહાય ન આપવી તેના કરતાં આપણા તરફ કૃતઘ્નતા બતાવવામાં આવે તે વધારે સારૂં છે.

ડ. કોકર.

જે સદ્જીવન ગાળે છે તેજ શ્રેષ્ઠ ધર્મોપદેશક છે.

સરવેન્ટીસ.

આપણા માનવબન્ધુઓની સેવા કરવાનો ઉત્તમ અને સાચામાં સાચો માર્ગ તેમને માટે કંઇક કરવા કરતાં, આપણાથી થવાય તેટલા સાચામાં સાચા અને શુદ્ધ તથા સર્વોત્કૃષ્ટ જીવન ગાળનારા બનવામાં રહેલો છે.

મીસ કૉબે.

એક પ્રાચીન કહેવત એવી છે કે માણસે પ્રથમ ઘર આગળથીજ ઉદારતા શરૂ કરવી જોઇએ; પરન્તુ આ કહેવાનો એવો હેતુ નથી કે આપણે ઉદારતામાં આગળ વધવુંજ નહિ. દરેક માણસે જગતના નાગરિક તરીકે દુનિયામાં રહેવું જોઇએ. તેને ભલે પોતે રહેતો હોય તે ખાસ ભાગ, ગામ વા પ્રદેશને માટે ખાસ પ્રેમ હોય, પરન્તુ સમગ્ર દુનિયાના સુખને માટે પણ તેણે ઉદારતાથી કાળજી રાખવી જોઇએ.

કુમ્બરલૅન્ડ.

એક માયાળુ શબ્દ, એક દિલસોજી ભરેલી દષ્ટિ, એક ઉલ્લાસથી આપેલી પાઈ, એક વિનયયુકત, સાદું કાર્ય, એનાવડે ચોતરફ ફેલાવેલું દયાનું વાતાવરણ ઘણા આત્માઓના દુઃખના ભાર હલકા કરી નાખે છે. આવાં મહાન્ અને સુંદર દૈવી કાર્યો ક્ષુભિત સમુદ્રપરની છોળોની પેઠે જીવનનાં દુઃખોને દૂર કરે છે અને જગતમાં શાશ્વત સ્થળ પ્રાપ્ત કરે છે.

પી. કુલેટન.

આટલું તો માનજો જ કે જો તમે બીજાઓ પ્રત્યે ભલા ન હો તો તમારી ભલમનસાઇનો કંઇ પણ ઉપયોગ નથી. ભલમનસાઇનો ઉપયોગ એ છે કે તમે તેનાથી બીજાઓનું રક્ષણ કરી શકો. તે મોટા ઝભ્ભા જેવી હોવી જોઇએ કે જેથી ત્હમારા પાડોસી પાસે કંઇ પણ ન હોવાથી શિયાળાની રાત્રે તે ધ્રૂજતો હોય તે વખતે તમે તે ઝભ્ભાવડે ત્હેને ઢાંકી શકો. જો ત્હમે આવી રીતે ત્હમારી ભલમનસાઇનો ઉપયોગ ન કરી શકો તો તેથી તમને લાભ શો?

મીસીસ કલીફર્ડ.

•

સસ્નેહે આપેલા દાનની ખુબી મહાન અને વિરલ છે. તેમ કરવામાં મધુર અવાજની ખાસ જરૂર છે; નહિ તો તેમાંથી લાભ પ્રાપ્ત કરવાને બદલે આપણે કંઇક ગુમાવીએ છીએ. મધુર શબ્દો સાથે આપનારો એવી સરસ રીતે આપે છે કે જેથી લેનારને પોતાનાપર ઉપકાર થયેલો જણાય નહિ. **દાન કરતાં દાન આપવાની રીત વધારે મહત્વની છે.** કોઇ ઉદારતા તો આપવાની ચીજ હોડમાં મૂકી હેતુપૂર્વક જ હારી જાય છે અને એ રીતે પોતાની જાતને દાતાપણાના દેખાવમાંથી છુપાવે છે. કોઇ તો દાન તરીકે ન સ્વીકારાય એવું એકાદ ઉમદા રત્ન જ બીજાને ઘેર વીસરી જાય છે.

કૉરનીલી.

સત્કાર્ય કરવાના પ્રસંગોને માટે આપણે કેટલી બધી વાર વલખાં મારીએ છીએ! અને તેમ છતાં નજીવી બાબતોમાં ઈશ્વરે

આપણને આપેલા પ્રસંગો તો આપણે વિસારી જ દઈએ છીએ કે જેનો લાભ લેવાથી આપણે ઘણીવાર સર્વોત્કૃષ્ટ સેવાનું જીવન ગાળી શકીએ તેમ હોય છે.

કૅબ.

ખરી મહત્તા અંદરથી ભલા થવામાં છે, બહારથી ભલા દેખાવામાં નહિ; દરરોજ કંઈક—નાનું પણ સત્કાર્ય કરવામાં ખરી મહત્તા છે; મહાન કાર્યો ધીરે ધીરે કરવાનાં સ્વપ્નો લાવવામાં નહિ. માણસો મૂર્ખતાથી અથવા યુવાવસ્થાના જોમને લીધે કલ્પનામાં આવે તેમ બોલે છતાં દયાના જેટલું ઉચ્ચ કશું નથી અને સત્યના જેટલું મહાન કશું નથી.

એલાઇસ કૅરી.

આપણે અતિશય કંજુસાઇ અથવા ભપકો છોડી દઇને ઉદારતાથી આપણું દ્રવ્ય આપવું જોઇએ. આપણે સુંદરતા પ્રતિના આપણા સ્નેહને સ્વાર્થ અથવા ઉડાઉપણામાં રૂપાન્તર થવા દેવો જોઇએ નહિ; નહિ તો આપણા સંબંધમાં લોકો એમ કહેશે કે—"ત્હેનો ઘોડો, ત્હેનું ક્ષેત્ર, ત્હેનો નોકર અથવા ત્હેની થાળી પંદર સુવર્ણ મહોરો જેટલી કિંમતની છે, પરંતુ ત્હેની પોતાની કિંમત તો ફક્ત ત્રણ પાઇ જેટલી જ છે."

સેન્ડ કલેમન્ટ.

આપણે ભક્તિ અને સ્વાર્થત્યાગના મહાન કાર્યો કરીએ ત્હેના કરતાં છિદ્રશોધક ને નિન્દા કરવાની વૃત્તિ ન રાખીએ અને બીજાં

માણસો પાસે આપણા વિચાર સ્વીકારવવાને બદલે ત્હેમના વિચાર તથા લાગણીઓ પ્રત્યે દિલસોજી ધરાવીએ તો તેથી ત્હેમને વધારે સુખ આપી શકીએ.

જે. એફ. કલાર્ક.

અમારે કયે માર્ગે ચાલવું તે અમે જાણીએ છીએ; અમારા હૃદયપર ત્હારી આજ્ઞાઓ કોતરેલી છે; પરંતુ હે ઇશ્વર! કૃપા કરી આ કરતાં વધુ આશિષો આપ. અમારી સમજણ પ્રમાણે વર્તવાની ઇચ્છા આપ. અમારી ઇચ્છા પ્રમાણે કાર્ય કરવાની શક્તિ આપ. કાર્ય કરવાને માટે પોલાદના જેવો સંગીન ઉદ્દેશ આપ. અમને જ્ઞાન તો ત્હેં આપેલું જ છે; પરંતુ હે પ્રભુ! ઉપલી બીજી અપૂર્ણતા અમને બહુ સાલે છે. અને તેજ અમે ત્હારી પાસે માગીએ છીએ.

જૉન ડ્રિન્ક વૉટર.

માનવસમાજની જરૂરીઆતો અને દુઃખો વિષેનું બરાબર જ્ઞાન જો આપણને થાય તો તે આપણે માટેના ઇશ્વરી શિક્ષણ અને વિકાસનું એક ઉમદા સાધન છે. હૃદયની સંપત્તિ આપત રહેવાય તેમ વધે છે. માણસને માટે જેટલું વધારે આપણે આપીએ તેથી અનેકગણું વધારે આપણે પાછું મેળવીએ છીએ. દરેક ભાવપૂર્ણ કાર્યથી હૃદય પ્રફુલ્લિત થાય છે, અને આપણામાં સેવા તથા પ્રેમનો પ્રકાશ વૃદ્ધિ પામે છે, કે જે પ્રકાશનાં કિરણો આપોઆપજ બહાર પ્રસરીને અનેકોને શુભમાર્ગ દર્શાવનારાં થઇ પડે છે.

જેટલા પ્રમાણમાં અન્યની સેવા થાય છે તેટલા પ્રમાણમાં ચારિત્ર ઉત્કૃષ્ટ બને છે; અને બીજા પાસેથી શું શું ખુંચવી લેવાય, તે વિચારથી માણુસ અધમ બનતો જાય છે.

મૂગાં પ્રાણીઓ પ્રત્યે સ્નેહ, બાળકો પ્રત્યે પ્રેમ, નિરાધાર અને અશક્ત પ્રત્યે દયા, વૃદ્ધ અને પીડિતો પ્રત્યે લાગણી અને જુલમથી ત્રાસેલાં અનુકમ્પા, આ સર્વ ગુણો સ્ત્રીઓમાં સ્વાભાવિકપણે રહેલા હોય છે.

"અનુકમ્પા" એ એવી સુંદર વૃત્તિ છે કે જેને લીધે આપણે બીજાઓનાં કાર્યોમાં સહભાગી બનીએ છીએ અને ત્હેમના સુખ-દુઃખમાં રસ લેતા થઇએ છીએ.

આર. પી. ડાઉન્સ.

આનંદરૂપી તેજ ઘણું સસ્તું છે, અને જો ત્હમે દરેક ગરીબ માણુસને ઉત્સાહનાં કપડાં ધારણ કરાવશો તો તેથી ત્હમને ગરમ ઓઢવાનાં કપડાં કરતાં પણ વધારે સારૂં લાગશે.

શ્રેષ્ઠ સિદ્ધાન્ત અને ઉત્તમ હેતુપૂર્વક સેવાનાં કાર્યોમાં પ્રવૃત્ત થયેલાં માણુસોનો સમાજ એ ઇશ્વરતું રાજ્ય છે.

ત્હમારા મ્હોંને શીવી લ્યો અને જે કર્યું હોય તે ભુલી જાઓ. દયા દર્શાવ્યા પછી અને સ્નેહથી ગુપ્ત રીતે જગતમાં સુંદર કાર્યો કર્યા પછી પડદા પાછળ સંતાઇ જાઓ અને કરેલા કાર્ય વિષે કંઇ બોલતા નહિ. સ્નેહ પોતે પોતાની જાતથી પણ ગુપ્ત રહે છે.

જ્યાં જ્યાં સ્નેહ છે ત્યાં ઇશ્વર છે. જે સ્નેહમાં વસે છે તે ઇશ્વરમાંજ વસે છે. સ્નેહ એ ઇશ્વર પોતેજ છે તેથી કરીને ચ્હાઓ.

કંઇ પણ ભેદભાવ વિના, કંઇ પણ ગુણત્રી કર્યા વિના. જરા પણ ચોભ્યા વિના ન્હાઓ, ન્હાઓ.

સ્નેહનું પૃથકકરણ કરતા તેમાં નવ તત્ત્વો જણાય છે. ધૈર્ય, માયાળુપણું, ઉદારતા, નમ્રતા, વિનય, નિઃસ્વાર્થ, સદ્દવૃત્તિ, પ્રામાણિકતા અને નિષ્કપટપણું; આ નવ તત્ત્વોમાં ઇશ્વરની સર્વોત્કૃષ્ટ બક્ષિસ–સંપૂર્ણ મનુષ્યત્વ ઉદ્દભવે છે.

અર્ધું જગત સુખની શોધમાં ખોટે રસ્તે પ્રયાણ કરે છે. તેઓ માને છે કે પદાર્થો પ્રાપ્ત કરી પોતા પાસે રાખી મૂકવાથી અને બીજાઓ? પાસે સેવા કરાવવાથીજ સુખ પ્રાપ્ત થાય છે; પરંતુ સત્ય રીતે તો તે દાનથી (ત્યાગથી) અને બીજાઓની સેવા કરવાથીજ મળે છે.

એક વિદ્વાન કહે છે કે કોઇ પણ માણસ પરમપિતા—પરમેશ્વરની ખાતર કોઇ પણ સારામાં સારૂં કાર્ય કરી શકે તો તે તેનાં બીજાં બાળકો પ્રત્યે માયાળુ થવાનું છે. મને નવાઇ લાગે છે કે આપણે છીએ તેના કરતાં વધારે માયાળુ આપણે કેમ થઇ શકતા નથી! દુનિયાને એની કેટલી બધી જરૂર છે? દયાનું કાર્ય કેટલું બધું સહેલાઇથી થઈ શકે તેમ છે? તે કેટલું બધું જલદીથી પોતાની અસર ફેલાવી શકે છે? કેવું તે કદી વિસારે પડતું નથી? તેમાંથી કેવાં મહાન પરિણામો નિપજે છે? કારણ કે સ્નેહના જેટલો દુનિયામાં બીજો કોઇ પ્રામાણિક અને ઉચ્ચ કોટીનો દેણદાર નથી.

હેન્રી ડ્રૂમાન્ડ.

કેટલાક માણુસો ધારે છે કે સત્કાર્ય કરવામાં ઘણા પૈસાની જરૂર છે; પરંતુ ખરૂં જોતાં તેમાં પુષ્કળ દ્રવ્યની નહિ પરંતુ સાનુકંપ હૃદયની જરૂર છે.

ખરી "પ્રાર્થના" એ કાંઇ માત્ર શબ્દોવડેજ ઇશ્વરનું સ્મરણ કરાવતી નથી, પરંતુ આપણા જીવનનાં દરેક કાર્યોમાં તેની ઇચ્છાનું—તેના માર્ગનું અને તેના વિચારોનું આપણને સ્મરણ—અનુસરણ કરાવે છે. સત્કાર્ય કરવાની શક્તિ અને ઇચ્છા એ બંને વસ્તુઓ સત્કાર્ય કરતાં કરતાંજ વધે છે.

જ્યૉર્જ ડૉસન.

જીવનનો બની શકે તેટલો સારાંમાં સારો ઉપયોગ કરવાનું શીખજો; એક પણ સુખી દિવસ માત્ર સ્વાર્થીપણામાં ડુબી રહીને વૃથા ગુમાવશો નહિ; એક વખત ગયેલા પ્રસંગો તમને કદી પાછા મળવાના નથી; વહી ગયેલા પાણીથી જળચક્કી કંઇ પણ કામ કરી શકતી નથી.

સેર્ઝન્ટ હાઉડની.

જ્યારે જીવનની મુશીબતો ઘણી વિકટ હોય છે ત્યારે એક પણ નમ્ર આશ્વાસન કે હાસ્યથી આપણને ઉત્સાહ મળે છે. જ્યારે ગુસ્સાનો દેખાવ રોવડાવે છે ત્યારે એક પણ માયાળુ શબ્દથી આપણને ઘણી સહાય મળે છે.

ઇ. ડીલી.

આપણી સ્થિતિનું અને આપણા જાતભાઇઓ તથા આપણા સ્રષ્ટા પ્રત્યેની આપણી ફરજોનું બરાબર ભાન રાખીને આપણું સમગ્ર જીવન અને આપણાં દરેક કાર્ય યોજવાં એનુંજ નામ "ધર્મ" છે.

મ્હારી માન્યતા દિનપ્રતિદિન દૃઢ થતી જાય છે કે ગરીબોને શારીરિક સહાય આપવી એ દોષ છે અને ખરી વાત તો એ છે કે ત્હેમને ત્હેમની મેળેજ કામ કરવા દેવા. ત્હેમને ભીખ આપવાથી આપણે ત્હેમને કાયમના નીચ રાખીએ છીએ. શાળાનાં મકાનો બાંધો, શિક્ષકોને પગાર આપો; ઇનામ આપો. મજુરોમાં મંડળો સ્થાપો; ત્હેમને સ્વાશ્રયી બનવામાં સહાય આપો; ત્હમારા વિચારો આપો; પરન્તુ એવાં કાર્યોમાં જોઇએ તે સિવાય ત્હેમને સીધી બક્ષીસ તરીકે કંઇ પણ દ્રવ્ય આપશો નહિ.

એડવર્ડ ડેનીસન.

ધનિકોનાં ઘરેણાંઓમાં શોભી રહેતાં પાણીદાર મોતી, સુંદર સ્ત્રીઓને કાને લટકતાં ઝળહળી રહેલાં રત્નો, રાત્રે સ્વચ્છ આકાશને શોભાવનાર તેજસ્વી તારાઓ, વસંતમાં નિર્મળ પ્રાતઃકાળને સુવર્ણમય બનાવનાર ઉગતો સૂર્ય; એ સર્વ કરતાં અન્યને દુઃખને માટે સદાચારી સમર્થ મનુષ્યોના ગાલપર વહેતાં અશ્રુઓ અત્યંત વધારે ચળકાટ અને મહત્વ ધરાવે છે.

ઇરેઝમસ ડાર્વિન.

જેના ઉપર ઉપકાર કરવામાં આવે છે તેણે આખા જીવન સુધી તે યાદ રાખવો જોઇએ; પરન્તુ ઉપકાર કરનાર જો નીચ

અને અનુદાર બનવા માગતો ન હોય તો તેણે તો કરેલો ઉપકાર તરતજ ભૂલી જવો જોઇએ. કોઇપર કરેલા ઉપકારનું ત્હેને સ્મરણ કરાવવું અથવા તે વિષે આડકતરી રીતે બોલ બોલ કરવું એના જેવી નીચતા બીજી એકે નથી.

ડિમૉસ્થનીસ.

બીજાઓ પ્રત્યે દયાની ખાતર પોતાના સર્વસ્વનો ઉપયોગ કરવો એજ જેને આપણે "શાશ્વત જીવન" કહીએ છીએ તેનું ખરું તત્ત્વ છે, કારણકે ઇશ્વરના જીવનમાં પણ આજ ગુણ છે.

ચાર્લ્સ એફ્. ડૉલ.

અપકાર કરનારના ઉપર ઉપકાર કરવો એના જેવો માણસને વશ કરવાનો બીજો માનપ્રદ રસ્તો નથી.

ડૉડ.

જીવન મ્હોટાં સ્વાર્થત્યાગી કર્મો કરતાં ન્હાનાં ન્હાનાં સત્કાર્યોનું વધારે બનેલું છે. હાસ્ય, દયા અને નિયમિતપૂર્વક કરેલા ન્હાના ન્હાના ઉપકારો હૃદયને જીતે છે અને ત્હેની સદ્દવૃત્તિઓને સતેજ રાખે છે.

સર હુમ્ફ્રે ડેવી.

એક માણસને આપવું ને ત્હેનું કલ્યાણ કરવું તે સારૂં છે, પરન્તુ ઘણાના ઉપર ઉપકાર કરવો, ઘણાને સહાય કરવી એ

વધારે સારૂં છે. કારણકે આખા વિશ્વનું કલ્યાણ કરનાર ઈશ્વરના ઉપકારોને તે વધારે મળતું આવે છે.

ડાન્ટે.

નિર્બળને સહાય આપવી, મિત્ર વગરનાના મિત્ર બનવું અને માયાળુ શબ્દો—કે જે ઉચ્ચારતાં બિલકુલ શ્રમ પડતો નથી, છતાં જેનો પ્રતિધ્વનિ અનંત હોય છે—બોલવા; આ વાત ન્હાની-નહિ જેવી હશે તો પણ તે સર્વસ્વ છે.

ડબ્લ્યુ. સિ. ગૅનેટ.

અરે! બીજાઓના સુખમાં ભાગ લેવો અને ત્હેમના દુઃખમાં રડવું એમાંથી મળતો ઉચ્ચ આનંદ આપણાં દિલસોજ હૃદયો મેળવે તો કેવું સારૂં!

પી. ડૉડરીજ.

જો હું એક માણસને નિરાશામાંથી બચાવી શકું તો મ્હારૂં જીવન વ્યર્થ નહિ ગણાય; જો હું એકજ માણસના દુઃખને નિવૃત્ત કરૂં અથવા પીડાને શાન્ત કરૂં અથવા એકાદ તરફડતા પક્ષીને ત્હેના માળામાં મૂકી શકું તો મ્હારૂં જીવન એળે ગયું નથી.

એમીલી ડીકીન્સન.

જ્યારે આપણે પૃથ્વીને નર્ક બનાવી હોય, જ્યારે આપણે આપણા અસ્તિત્વનોજ સ્વીકાર નહિ કરીને શાશ્વત જીવનના

અસત્યને નકામું કરવા પ્રયત્ન કર્યો હોય ત્યારે સ્વર્ગ આપણી પાસે આવતું નથી. જ્યારે આપણને સ્હમજાય છે કે પૃથ્વી એ માયા માત્ર નથી, પરંતુ એક એવું સ્થળ છે કે જ્યા આપણે સ્વર્ગને ઓળખતાં શીખીએ છીએ અને ઇશ્વરે સર્જેલાં પ્રાણીઓને ચહાવાના રૂપમાં ઇશ્વરને પોતાનેજ ચ્હાતાં શીખીએ છીએ, ત્યારેજ સ્વર્ગ આપણી પાસે આવે છે.

ડેવિડ ડાનાસી.

જે ઇશ્વરી કાયદાને આપણે માન આપવાનું છે—જે કાયદાથી આપણો ન્યાય થવાનો છે તે કાયદો કાંઇ બીજા મનુષ્યકૃત કાયદાની પેઠે ચોક્કસ શબ્દોમાં એમ નથી કહેતો કે કયાં વાકયો ન ઉચ્ચારવાં અને કયાં કાર્ય ન કરવાં. એ કાયદો કાંઇ એવી રીતે આપણી વાણી અને બાહ્ય વર્તન ઉપરજ આધાર રાખતો નથી, પરંતુ એ કાયદો તો હૃદયની સ્વતંત્ર ઇચ્છાની અપેક્ષા રાખે છે અને ત્હેને પ્રોત્સાહન આપે છે. જેને આપણે ઇશ્વરી નિયમ કહીએ છીએ તે તો પાપની મના કરવા કરતાં પાપને તદ્દન અટકાવવાને માટે જોઇતા સદ્ગુણો મેળવવાનો આપણને ઉપદેશ આપે છે. આપણે મનુષ્યો સામે અસત્ય સાક્ષી આપવી નહિ, એટલું કહીને તે સંતોષ માનતો નથી; પણ તે તો આપણને ત્હેમને ચ્હાવાનું કહે છે અને તેમ કરવાથીજ આપણે બીજાના સંબંધે ખોટો અભિપ્રાય બાંધતાં અટકીશું અને ત્હેમના વિષે અનિષ્ટ બોલવાનો તો અવકાશજ રહેશે નહિ. આપણે ચોરી કરવી જોઇએ નહિ એટલું કહી તે ઇશ્વરી કાયદો બંધ રહેતો નથી, પરંતુ આપણે મનુષ્યોને ચહાવા જોઇએ એમ કહે છે; કે જેમ થતાંની સાથે

આપણે ત્હેમના હકક ખુંચવી લેવાને બદલે ત્હેમના હકક–હિસ્સા કરતાં પણ વધારે ત્હેમને આપીશું. મનુષ્યોને આપણે ઇજા કરવી જોઇએ નહિ, એમ કહીનેજ તે નિયમ વિરામતો નથી; પરંતુ તે આપણને ત્હેમને ચ્હાવાનું કહે છે; કે જેમ થતાં આપણે આપો-આપજ ત્હેમને ઇજા કરતાં કમ્પીશું અને ત્હેમનું ભલું કરવાને આતુર બનીશું.

ડાકટર ડેલ.

જેમને સમાજની સેવા કરવાની ખરેખર ઇચ્છા થઇ હોય, તેમણે લોકોના આચારવિચારને વિનીતભાવે સહન કરી ત્હેમનામાં પ્રચલિત રીતિરિવાજોમાં જે કંઇ અડીક અથવા તિરસ્કારને પાત્ર હોય તે દઢતાથી બતાવવું જોઇએ. આ કર્યા પછી ત્હેમણે ત્હેમને સ્હમજાવવામાં જ પોતાનું કર્તવ્ય માનવું જોઇએ. જે સત્ય વસ્તુ હશે તેજ છેવટે ટકશે.

મેરીઆ અને આર. એલ. એજવર્થ

આપણી પાસે હમેશાં તૈયાર હોઇ શકે, એવું દયાનું એકાદ ટીપું પણ ગાડેગાડાં કોરા ડહાપણ કરતાં વધારે છે.

ગરીબને સહાય કરવાનો ઉત્તમમાં ઉત્તમ માર્ગ એજ છે કે ત્હેમને પોતાને પોતાની સ્થિતિ સુધારવાનો પ્રયત્ન કરતા કરવા.

જો આપણા જીવવાથી બીજાઓનાં જીવન વધારે સરળ ન બનાવી શકાય તો પછી એવા જીવવાથી શો લાભ?

એકકે ખોટું કાર્ય એવા પ્રકારનું નથી કે જેની શિક્ષા તે કરનાર એકલાનેજ સહન કરવી પડે; ત્હમે ત્હમારી જાતને અલગ

દર્શાવીને એમ કહી શકે એમ નથી કે ત્હમારામાં જે દુર્ગુણ છે તે પ્રસરશે નહિ. મનુષ્યોનાં જીવન શ્વાસોચ્છ્વાસની હવા પેઠે એક બીજા સાથે સંપૂર્ણ રીતે મિશ્ર થયેલાં છે; અને તેથી કરીને અનિષ્ટ વાણી, વિચાર અને કૃતિ પણ ચેપીરોગની માફક જરૂર બીજા અનેકોમાં પ્રસરે છે.

અરે! મ્હને એવા સ્વર્ગસ્થ થયેલા અમર મહાત્માઓના અદૃશ્ય મંડળમાં જોડાઇ જવાની ઇચ્છા થાય છે, કે જેઓ વિદેહ થવા છતાં પણ પોતાની હયાતિ દરમ્યાન ત્હેમણે ઉન્નત બનાવેલાં મનુષ્યોના રૂપમાં અત્યારે પણ જીવે છે, એટલે કે જેઓ અનેક મનુષ્યોના હૃદયમાં ઉદારતારૂપે, સાહસરૂપે, નિઃસ્વાર્થતારૂપે, નીચ ઇચ્છાઓ તરફના ધિક્કારરૂપે, અને ઉન્નત વિચારોરૂપે રાત્રિના તારાની પેઠે પ્રકાશી રહ્યા છે!

જગતમાં એવું જીવનજ સ્વર્ગ સમાન છે, કે જીવનથી પૃથ્વીપર અમર સંગીત ઉદ્ભવે અને જે જીવન મનુષ્યોના જીવનપર દિન પ્રતિદિન વધતી જતી સત્તાથી અધિકાર ચલાવી શકે એવી સુન્દર આશાઓ બહાર લાવે.

ઇશ્વર મ્હને એવા શુદ્ધતમ સ્વર્ગમાં લઇ જાય કે જ્યાં કેટલાક બન્ધુઓ મહા વ્યથાને પ્રસંગે મ્હારાદ્વારા બળ મેળવે અને ત્હેમનામાં રહેલી ઉદાર ભાવનાઓને, શુદ્ધ સ્નેહને મ્હારાદ્વારા પોષે, મ્હારા ચ્હેરાપર મૃદુ સ્નેહાળ હાસ્યની લાલી દેખાય, મ્હારી હાજરી માત્રથી પણ સત્કાર્ય ચારે બાજુ પ્રસરી રહે અને એવાં કાર્યોમાં હું પોતે પણ લીન થઈ જાઉં.

જ્યોર્જ એલિયટ.

ઉદાર હૃદય સિવાયનો પૈસો એ કદરૂપો ભિક્ષુક છે. માણસ સંપત્તિને માટે જન્મ્યો નથી, પરંતુ જેમ શેરડી મનુષ્યોના ભલાને માટે પીલાઇ જઇને પોતાનો સર્વ રસ આપે છે તેવી રીતે ત્હેણે પણ બીજાને માટે કષ્ટો વેઠી ત્હેમને સુખ આપવું જોઇએ.

દુઃખને સ્થાને આનન્દ અને સુખ વેરવાથી ચ્હેરો જેવો સુંદર બને છે તેવો બીજા કશાથી બનતો નથી.

નાશ કરવાનું કાર્ય સ્હેલું અને સોંઘું છે, પરંતુ યુવાન આત્માને સહાય આપવી, શક્તિમાં વૃદ્ધિ કરવી, આશા આપવી, સેવાર્થે વપરાતી શકિતમાં બળ આપવું, નવવિચાર અને દઢ કાર્યથી પરાજયને દૂર કરવો, આ સર્વ સહેલું નથી; એ તો દૈવી આત્મા-ઓનું કાર્ય છે.

આર. ડબ્લ્યુ. એમર્સન.

શાન્ત્વન આપતાં વચનો અને દયાયુકત વર્તનથી યુવકોને ઘણીવાર કલ્પિત દુઃખમાં આશ્વાસન મળે છે. મધુર દયા જ ન્હાનામાં ન્હાના બાળકની પાસે જઈ શકે છે, અને ત્હેને ન જાણે તેવી રીતે પોતા તરફ આકર્ષે છે.

દિલસોજીથી ઘણીવાર વિપથગામીને ખરે રસ્તે પાછા લવાય છે. એક એવું માનવ હૃદય છે કે જે અન્યની માનુષિક નિર્બળતા પ્રતિ દિલસોજી ધરાવે છે, જે પોતાને ત્હેમની ભૂલોને માટે જવાબદાર ગણે છે, અને જીવનકલહ કેટલો વિકટ છે તે સ્હમજે છે. એનું જ્ઞાન થવાથીજ મનુષ્યો શાન્ત અને સદ્ગુણી જીવનના માર્ગે પાછા કરશે, અને જીવનયાત્રા ફરીથી યોગ્ય રીતે શરૂ કરશે.

ભાઇ બ્હેનનો સ્નેહ આ પૃથ્વીપર સર્વથી વધુ નિઃસ્વાર્થી હોય છે. તેઓ પરસ્પર સ્નેહમાંથી પ્રાપ્ત થતા આનંદ સિવાય બીજા કશાની પણ અપેક્ષા કર્યા સિવાય એક બીજાને ચ્હાએ છે; અને સ્વાર્પણનો જુસ્સો તેમનામાં એટલો બધો વેગવાળો હોય છે કે બીજાના સુખમાં વૃદ્ધિ થતી હોય તો પોતાની જાતને ત્હેને ખાતર હોમી દે છે.

રોગીનો ઓરડો અંધારો હતો, અને રોગી અવર્ણ્ય દુઃખથી પીડાતો હતો. તે સમયે બારણું ધીમેથી ઉઘડયું, અને એક મિત્રે પ્રવેશ કર્યો. એક પણ શબ્દ ઉચ્ચારવામાં આવ્યો નહોતો, પરંતુ શબ્દો કરતાં વધારે સામર્થ્યવાન સ્નેહથી રોગીના હાથને પકડવામાં આવ્યો અને તેજ સમયે રોગીની આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી. આજ ખરી દિલસોજી છે.

આર. એલિસ.

સેવાવ્રતવાળો પુરૂષ જમીનને ભીંજવનાર અને ફ્ળદ્રૂપ બનાવનાર ઝરાના જેવો છે.

સહાય લેવા કરતાં સહાય આપવામાંજ વધારે માન અને વધારે આનંદ સમાયેલો છે.

એપિકયુરસ.

માનવ બન્ધુની અવનતિ સમયે દયાભરી દૃષ્ટિ નાખજે, પરન્તુ તું ત્હેના દોષપર કદી પણ બહુ ગુસ્સાથી વિવેચન કરતો ના. ઇશ્વરની કૃપા ત્હને તેમજ સર્વને નિભાવી રહી છે. જો તે લઇ

સેવામાં આવે તો તું પણ ડોલી જાય અને ત્હારી પણ અવનતિ થાય.

એડમેસ્ટન.

આ માનવ દેહમાંથી મ્હારે એકજવાર પસાર થવાનું છે, તો પછી એવા દુર્લભ પ્રવાસ દરમિયાન જે કંઇ ભલું મ્હારાથી થાય તેમ હોય તથા મનુષ્ય પ્રત્યે હું જે કંઇ માયાળુપણું બતાવી શકું તેમ હોઉં તે મ્હને હમણાંજ કરવા દો; મ્હને ત્હેમાં વિલંબ કરવા દેતા નહિ, અથવા વિસ્મૃતિ કરાવશો નહિ; કારણ કે મ્હને આજ દેહ ફરી ફરીથી મળવાનો નથી.

ઍડિસન.

બધાં માણુસો દાન આપી શકે નહિ, બધાં માણુસો કાર્ય કરી શકે નહિ, પરન્તુ સર્વ કોઇ સદાચરણી તો થઇ જ શકે; અને જે મનુષ્ય સદાચરણી થઈ શકે છે તે મનુષ્ય વગર બોલ્યે પણ જગતની સર્વોત્તમ સેવા બજાવે છે. મતલબ કે જેટલા પ્રમાણુમાં સદ્‌ગુણી થવાય તેટલા પ્રમાણુમાંજ સેવા કરી શકાય છે. જેઓ શ્રેષ્ઠ છે તેઓ જ સર્વોત્તમ પ્રકારની સેવા કરી શકે તેમ છે. સદાચરણી મનુષ્યોને લીધે જ જગતના માણુસો સદાચરણમાં શ્રેષ્ઠતા માને છે. શું ત્હમે સદાચરણી બનીને સેવા કરી છે ? દુરાચારીઓને જોઇને નિરાશ થયેલા મનુષ્યો સદાચરણી મનુષ્યોને જોઇને આશા રાખતાં શીખે છે. ત્હમે આશાવન્ત છો ? જેઓ પ્રેમાળ છે ત્હેમને જોઇનેજ અન્ય મનુષ્યો બીજાઓને ચાહતાં શીખે છે. ત્હમે પ્રેમાળ છો ? જગતમાં વિદ્યાર્થી સ્ત્રી કે પુરૂષ પૈકીનાં જે

જે મનુષ્યો પવિત્ર હોય છે ત્હેમને લીધેજ લોકો પવિત્રતામાં મહત્વ સમજે છે. ત્હમે પવિત્ર છો?

પોતાના બન્ધુઓ પ્રત્યેની પોતાની ફરજ બજાવવી એ જ ધર્મનું ખરૂં રહસ્ય છે. માણસો પોતાના બાન્ધવોની સેવામાં પોતાનું જીવન અર્પવા સિવાય બીજી કોઈ પણ વસ્તુના હોમથી ઇશ્વરને સંતુષ્ટ કરી શકે નહિ. આ સત્ય છે તેથીજ દરેકના કાનમાં સેવાનો સૂર સંભળાય છે. એ સેવા વ્યક્તિગત જીવનના વિકાસ અને પવિત્રતા માટે અનિવાર્ય જરૂરની છે કે જે વિકાસ અને પવિત્રતાદ્વારાજ ઇશ્વરના રાજ્યમાં પ્રવેશ થઈ શકે છે.

મ્હારી તો દૃઢ માન્યતા છે કે જ્યાં સુધી માણસને એવી ખાત્રી થાય નહિ કે " સર્વ શક્તિમાન્ ઇશ્વર પોતે જ સમાજમાં આરોગ્ય, પવિત્રતા, પ્રામાણિકતા, સુખ, શાન્તિ અને પ્રેમ પ્રસારવાને પ્રયત્ન કરી રહ્યો છે, અને આપણે તો ફક્ત તેની સાથે રહી કાર્ય કરનારા જ છીએ " ત્યાં સુધી તે માણસ સમાજનું સર્વોત્તમ કલ્યાણ કરી શકે નહિ.

રેવરંડ હિ. જે. ફ્લેમિંગ.

માણસ ભલે લાગવગ, ઉચ્ચ સ્થિતિ, દ્રવ્ય અને તંદુરસ્તી ગુમાવે, પરંતુ તે છતાં પણ જો તે નિઃસ્વાર્થી જીવન ગાળે તો તે સુખમાં રહે છે; પરન્તુ એક એવી વસ્તુ છે કે જેના સિવાય માનવજીવન ભારરૂપ બને છે અને તે મનુષ્યના હૃદયની અનુકમ્પા છે.

સત્કાર્યોમાં જેટલા પ્રમાણમાં સ્નેહ હોય તેટલા પ્રમાણમાં તે સારાં છે.

પૈસો એ સારી વસ્તુ છે, પરંતુ ઘણે ઠેકાણે બને છે તેમ મનુષ્યો હ્હેના માલીક બનવાને બદલે હ્હેના નોકર ન થાય, અને લોભી બન્યા વિના હ્હેને પ્રાપ્ત કરે, અને કચવાયા સિવાય હ્હેને વાપરી શકે તોજ તે ધન આશીર્વાદ સમાન છે.

જ્યાં સુધી દરેક સજ્જન અથવા સન્નારી જનસમૂહના કલ્યાણ સંબંધમાં પોતપોતાની જુમ્મેદારી સ્હમજે નહિ, અને અટકાવી શકાય તેવાં અનિષ્ટોને લીધે જેઓ દુઃખ પામતા હોય હ્હેમને બચાવવાને માટે ચોકકસ, પ્રત્યક્ષ અને નિઃસ્વાર્થ રીતે પ્રયત્ન કરે નહિ; ત્યાં સુધી માનવજાતિપર ઝઝુમી રહેલાં ભયોમાંથી આપણે સર્વાંશે મુકત થઈ શકીશું નહિ.

થઇ શકે તેટલો બધો પ્રયત્ન કર્યા છતાં પણ સમય પ્રતિકૂળ હોય, સર્વ અવળે રસ્તે જતું જણાય અને ત્હારાથી કંઇ કલ્યાણ ન સધાય તો તું કદી પણ મુંઝાઇશ નહિ. વિશ્વ ઇશ્વરે બનાવ્યું છે, ત્હેં નહિ. ત્હેને ધીરજ છે, તો ત્હને ધીરજ હોવી જોઇએ નહિ ? ત્હારાં અલ્પ સત્કાર્યો પણ કદીએ નાશ પામશેજ નહિ. હાલ તેઓ કંઇ પણ ફળ આપતા ન જણાય તોપણ તે કબરની નીચે દટાયલાં બીજના જેવાં છે, અને જ્યારે પણ સમય તેને બહાર કાઢશે ત્યારે તે સોનેરી દાણાની પેઠે સપાટાબંધ ઉગી નીકળશે. ભલે તે અલ્પ હોય કે મહાન હોય, પણ ઇશ્વર ત્હારી થોડી છતાં પ્રામાણિક સામગ્રીનો પૂરેપુરો સ્વીકાર કરશેજ.

કોઇ પણ સત્કાર્ય વ્યર્થ જતું નથી; પછી ભલે તે ઉભરાતી નદી જેટલું વિશાળ હોય કે માનવ ઉદારતાની ન્હાની સેર જેટલું હોય. જો તે પવિત્ર અને સ્વચ્છ હશે તો તે કદી પણ ઝેરી ખાબોચિયામાં ભળી જશે નહિ અથવા તો કાદવવાળી જગ્યામાં

ગુંગળાશે નહિ. તે જગતના જીવન પ્રવાહના મહાનદમાં અવશ્ય ભળે છે અને ઇશ્વરના શાશ્વત્ સ્નેહના નિઃસીમ સાગરમાંજ ભળી જાય છે.

એફ. ડબ્લ્યુ. ફેરાર.

કોઈ પણ સત્કાર્ય કરનારે એમ વિચારી દુઃખી બનવું જોઇએ નહિ કે બીજાઓ ત્હેનું અનિષ્ટ કરે છે. જો કોઈ માણસે ભલું કર્યું હોય તો તે એકલો હશે તોપણ ત્હેણે ખરૂંજ કર્યું છે એમ કહેવાશે; અને જો દુષ્કૃત્ય કર્યું હશે તો સમગ્ર માનવજાતિની સંમતિ પણ ત્હેને સુકૃત્ય બનાવી શકશે નહિ.

દાન વિનાનો પૈસો કંઇ પણ કામનો નથી. જે ત્હેને અન્યને સુખી કરવા પાછળ વાપરે છે તેજ ત્હેનાથી સુખી થાય છે.

જે નમ્ર અને દિલસોજ વૃત્તિથી માણસો દયા તરફ વળે છે, અને બીજાનાં દુઃખમાં સહભાગી બને છે, અને જેને લઇને માણસ પોતાની ખાતર બીજાં દુઃખ વા નુકસાનમાં ઉતારતો નથી તે વૃત્તિજ બીજી સર્વ વૃત્તિઓમાં વધુ સરસ છે, અને જો કે ત્હેને સૌથી ઓછામાં ઓછું માન મળે છે, છતાં પણ તે સર્વથી ઉંચામાં ઉંચા માનને પાત્ર છે.

પ્રભુનાં બાળકોની સર્વોત્તમ સેવાદ્વારા ઇશ્વરને પ્રિય કેવી રીતે બને તે વિચારમાં માનવી લીન રહે અને પરોપકારમાં મચ્યો રહે એજ સૃષ્ટિ સૃજવાનો સર્વોત્કૃષ્ટ હેતુ છે.

પીડા સમયે સુખ આપવા માટે કેવી રીતે સાંત્વન આપવું, કેવી રીતે દલીલ કરવી, કેવી રીતે હસી કાઢવું એની આવડત અને

અનુભવ સાથે માનવ મનના ઉંડાણુ ભાગમાં પ્રવેશ કરવાની શકિતની ખાસ જરૂર છે; અને આ કળાઓનો અયોગ્ય ઉપયોગ ન થાય ત્હેને માટે બની શકે તેટલી બધી કાળજી લેવી જોઇએ.

આપણે જેમને ચ્હાઇએ છીએ ત્હેમના પ્રત્યે કર્કશ શબ્દો વા નિર્દય કાર્યો અટકાવવાની સાવચેતી રાખીએ તો આપણે ઘણાં હૃદયનાં દુઃખ દૂર કરી શકીએ. એવો સમય પણ એક વાર આવવાનોજ કે જ્યારે જે હૃદયને હું દુઃખ આપું છું તે મ્હારી પાસેથી હંમેશને માટે દૂર થશે અને પશ્ચાત્તાપની મ્હારી બૂમો તે કદી સાંભળી શકશે નહિ.

કિપ્લિંગ.

ઉત્સાહ, ભાષણ વા જ્ઞાન કરતાં માયાળુપણાથી ઘણા પાપીઓ સુધરી ગયા છે.

માયાળુ શબ્દો જગતનું સંગીત છે. કુદરતી કારણોથી થતાં દુઃખોને નિવારવાનું તેમનામાં સામર્થ્ય છે.

માયાળુપણું દરેક વસ્તુમાં માધુર્ય રેડે છે, જીવનની શકિતઓને ખિલવે છે, આનન્દપ્રદ રંગોથી ત્હેમને રંગે છે, અને ત્હેમનામાં નવજીવન પ્રેરક શક્તિ આણે છે.

આપણુ જીવન શા માટે છે ? જઇ શકાય તે દરેક ખૂણામાં જઇને દુઃખી પ્રાણીઓને ઇશ્વિર સુખને માટે ઇશ્વરની સમક્ષ ફરીથી લઇ જવાના ધર્મકાર્ય માટે છે; માયાળુપણાનો સુન્દર ધર્મોપદેશ આપવા. દ્વારા દૈવી સુખમાં આપણી પોતાની જાતને મિશ્ર કરી દેવાને માટે છે.

એફ. ડબલ્યુ. ફેબર.

જ્યારે સ્નેહ શ્રમનો વિચાર કરે છે ત્યારે તે મરણ પામે છે. જ્યારે સ્નેહ પોતાની જાતને અર્પણ કરવા છતાં વિસરી જાય છે ત્યારે તે ઉંચે ચઢતો જઇને સ્વર્ગમાં વિરાજતા ઇશ્વરને પહોંચે છે.

આ ઇશ્વરી સત્ય છે કે માણસનું સત્ય સુખ સ્વાર્પણનો આનંદ છે. કારણકે આનંદનો નિયમ એજ સ્નેહનો નિયમ છે. સ્વસ્નેહ એ સાચો સ્નેહ નથી, પરન્તુ ભિન્નતા છે. સ્વસ્નેહ પોતાની જાતને સાચવી રાખવા મથે છે, પણ તેમ કરવા જતાં તે સર્વ ગુમાવે છે. સ્વસ્નેહ દ્વેષ છે, અને દ્વેષ એ પીડા છે. સ્નેહ એ હંમેશાં વૃદ્ધિ પામતો અને નિરંતર વિસ્તારતો આનન્દ છે. જેમ જેમ વધારે સ્નેહ તેમ તેમ વધારે આનન્દ અને જેમ જેમ વધારેં આનન્દ તેમ તેમ વધારે સ્નેહ; પરન્તુ સાચો સ્નેહ એવો હોવો જોઇએ કે જે બીજાને દુઃખી કર્યા સિવાય પોતાની જાતને વિસરી જાય.

ફ્રેડરિક પી. ફેરફીલ્ડ.

મિત્રતા કાયમ રાખવાને મિત્રનું ભલું કર અને શત્રુને મિત્ર બનાવવાને માટે શત્રુનું પણ ભલું કર.

હું ધારૂં છું કે ગરીબને ગરીબાઇમાં સુખી બનાવવા કરતાં ત્હેમને તે સ્થિતિમાંથી બ્હાર આણવામાં સહાય કરવી એજ ત્હેમનું કલ્યાણ કરવાનો વધારે સારો રસ્તો છે.

બેન્જામિન ફ્રાન્કલિન.

અપાત્રે દર્શાવેલી ઉદારતા દુર્ગુણ બને છે.

ફુલર.

ત્હમારૂં જીવનજ ઉપદેશમય બનો.

જ્યૉર્જ ફૉકસ.

આપણે બની શકે તેટલા માણસોપર ઉપકાર કરવો જોઇએ; આપણને પણ આપણા કરતાં હલકા માણસોની સહાયની ઘણી વાર જરૂર પડે છે.

લા ફૉન્ટેન

કુદરત કહે છે કે "ત્હારી પોતાની જાતનેજ ચ્હા." ગૃહકેળવણી કહે છે કે "ત્હારા કુટુમ્બપર સ્નેહ રાખ." દેશજન કહે છે કે "ત્હારા દેશપર પ્રેમ રાખ." પરન્તુ ધર્મ કહે છે કે "સર્વ મનુષ્યોને ભેદભાવ વિના ચ્હા."

ફેલ્ટહામ.

શ્રદ્ધા રાખવાથી નવું ઉત્પન્ન કરી શકાય છે; આશા રાખવાથી આશિર્વાદ પ્રાપ્ત કરાય છે; સ્નેહ રાખવાથી અદ્દભુત કાર્યો કરી શકાય છે.

માઇકેલ ફેરલેસ.

આપણે જાતે અપમાન સહન કરીને પણ જ્યારે આપણે આપણા બન્ધુઓને દુખમાંથી મુક્ત કરીએ છીએ, ત્યારે આપણને બમણી શકિત પ્રાપ્ત થાય છે.

સેઇન્ટ જૉન ફ્રાન્સિસ.

ઉદાર હૃદયથી શરૂ કરો. ત્હમે અન્યની કેવી રીતે સેવા કરી શકો ત્હેનો વિચાર કરશો ત્યારે ત્હમને જણાશે કે ત્હમારાં સાધનો વધ્યાં છે અને ત્હમારો પોતાનો ભાગ ઉજ્જડ નહિ રહે; પરંતુ ત્હમારાદ્વારા બળ સર્વત્ર વેરાશે. ત્હમારી પાસે જે હોય તેનાથી થાય તેટલું કરો, અને ત્હેની અસર બહુ જબરી થશે.

જે. બી. ફ્રાથિંગહામ.

ખુશનુમા પ્રભાત થતાંની સાથેજ ખેતરમાં ખેડુત બી વેરે છે અને તે ક્યાં ક્યાં વેરાય છે તે જોવાની પરવા નહિ કરતાં બાકીનું કામ ઇશ્વરને સોંપે છે કે જે ઇશ્વર વરસાદ અને સૂર્યના ચળકતાં કિરણો મોકલે છે અને પાક વખતે સોગણું આપે છે. એજ પ્રમાણે માયાળુ શબ્દો અને માયાળુ કાર્યો પણ ભૂલા પડેલા, એકલા અને દુઃખી પ્રાણીઓ પ્રત્યે જરૂરિયાતને પ્રસંગે ખરેખરા પવિત્ર હૃદયથી બોલવામાં તથા કરવામાં આવે છે તો વખત જતાં પુષ્કળ માયાળુ કાર્યો અને માયાળુ શબ્દો જગતમાં ફેલાતાં જણાશે.

જૉન ફુલર્ટન.

શરીરને સૂર્યની જેટલી જરૂર છે તેટલીજ આત્માને દિલસોજીની છે. જ્યાં જ્યાં ત્હમે મનુષ્યને દિલસોજીની અનુકૂળ અસરમાંથી દૂર ગએલો જોશો ત્યાં ત્યાં ત્હમને નિર્બળતા અને ગમગીનીનાં ચિહ્નો જણાશે; દિલસોજીના અભાવથી માનવ જીવન ઉપર એવી છાયા પથરાય છે કે જેને લીધે તે આનંદની ગુલાબી સુરખી ગુમાવે છે અને કેટલીકવાર માનસિક નિર્બળતાથી ત્હેની સર્વ

વૃત્તિઓ અવળે માર્ગે જાય છે. જો આ લીંટીઓ વાંચીને વાચક પોતાના દૈનિક જીવનમાં દિલસોજીનો જુસ્સો ઉમેરશે તો ત્હેના રહેઠાણના એક માઇલના ઘેરાવાનો પ્રદેશ કેટલો બધો રૂડો થઇ રહેશે! આ દુનીઆના સુખમાં કેટલી વૃદ્ધિ થશે! અને પરસ્પર સહભાગી બનવાના સાદા ઉપાયથી આપણા જીવનનો ભાર કેટલો બધો હલકો થશે!

આર્થર ફીન્લેસન.

માણસ સ્વતંત્ર અને સ્વાશ્રયી બને, એ પણ એક ખરી અને સંગીન સેવા છે.

ડબ્લ્યુ. ઇ. ગ્લૅડસ્ટન.

આ દુનિયાના સર્વ ફેરફારોમાં અને કસોટીના પ્રસંગોમાં આપણી સાચી સુખશાન્તિ શુદ્ધ સ્નેહ તથા વિદ્યા પ્રત્યે ભક્તિ રાખવામાં અને સત્કાર્ય કરવામાંજ રહેલી છે.

સદાચારી થવાની ઇચ્છા ઉચ્ચ અને અભિમાન ધરવા લાયક ઇચ્છા છે, અને જેમનામાં એ થોડા પણ પ્રમાણમાં હોય છે તેઓ ઘણા ભાગ્યશાળી છે. કોઇ પણ વિચાર વિચારમાંજ રહે ત્યાં સુધી તે મહત્વનો નથી, જ્યારે તે સત્કાર્યમાં પરિણમે ત્યારેજ મહત્વનો કહેવાય છે.

ભલમનસાઇરૂપી સોનેરી સાંકળવડેજ સમાજ એકત્રિત ગુંથાયલો છે. દરેક દિવસ એક એવી જાતનું વાસણ છે કે જો આપણે ત્હેને ખરેખર સારી વસ્તુવડે ભરી નાખવા માગતા હોઇએ તો તેમાં તેનું ઘણું રેડી શકાય. જેમ કે આપણાથી જેટલી પણ

ઉન્નત અને સ્નેહાળ સ્થિતિએ પહોંચી શકાય તેટલા ઉન્નત વિચારો-લાગણીઓ અને તેમને અનુરૂપ કાર્યો કરી શકીએ.

ગટે.

માત્ર ઉપદેશ આપવાને ખાતરજ જ્ઞાન મેળવવું એ તો આત્મશ્લાઘાનું ખરાબમાં ખરાબ રૂપ છે. અન્યની સેવા અર્થે પોતાની જાતને તૈયાર કરવા માટે જે જ્ઞાન મેળવવામાં આવે છે તે જ્ઞાનજ જમીનના પાકની પેઠે અનેક આત્માઓને ખરી શાંતિ આપી શકે છે.

ગાર્ડીનર.

જે માણસો સ્હવારમાં સત્કાર્યો કરે છે એમને દિવસનો દરેક કલાક મજા આપે છે, અને ત્હેમની આસપાસની દરેક વસ્તુમાંથી ત્હેમને માટે શાંતિ અને ઉલ્લાસ જન્મે છે.

ગૅસનર.

ખરેખરી ઉદારતા કાયદાથી આપણા ઉપર આવી પડેલી ફરજોના જેવી અનિવાર્ય ફરજ છે. તે આપણને બુદ્ધિએ કરી આપેલો નિયમ છે અને તેજ મનુષ્યનો મુખ્ય નિયમ હોવો જોઇએ.

ગોલ્ડસ્મિથ.

દિલસોજ હૃદય એક નાજુક વાદિત્ર જેવું છે કે જે તેના ઉપર થઇ વાતા પવનના દરેક સપાટાથી સૂર કાઢી ઉઠે છે.

ગારબેટ.

ન્હાવાથી હૃદય ખાલી થતું નથી અને દાન આપવાથી પૈસાની કોથળી ખાલી થતી નથી.

ડબ્લ્યુ ગ્રીનવેલ.

જો હું બીજાના હૃદયમાં સહેજ આનંદ રેડી શકું; જો હું મ્હારા જીવનથીજ કોઇ બીજા માણુસમાં ભ્રાતૃભાવની લાગની ઉત્પન્ન કરી શકું; જો હું સાંભળવા લાયક અને દુઃખ નિવારક એકજ વાર્તા કરી શકું તો મ્હારૂં જીવન મહાન નહિ હોવા છતાં અને ઘણુા માણુસની જાણુમા તે નહિ આવ્યું હોય તે છતાં પણુ તે વ્યર્થ ગયું છે એમ નહિ ગણું.

રેવરન્ડ પી. ગેસ્ટર.

જગતને આનન્દી હૃદયથી જુઓ. સર્વ સ્થળે દુઃખી હૃદયો છે; ત્હમારા હસવાથી કોઇને પણુ જીવનમાં સહાય મળશેજ. કોઇના પણુ જીવનનો ભાર ઓછો થશે.

ફ્રાન્સીસ એલ. ગ્રીન.

મિત્રોની ખરી જરૂરિયાતોનો અભ્યાસ કરો, દુઃખી પ્રત્યે દિલસો જી રાખતાં શીખો, કામ નથી મળતું એવા ગરીબને માટે શ્રમ લ્યો, બીજાઓની સેવા માટે ખરેખર દુઃખ વેઠો, અને ત્હમને તુરતજ લાગશે કે ત્હમે સેવાની શરૂઆત કરી દીધી છે અને તેથી ત્હમારા ચરિત્રમાં વિચારવંત બનવાની ટેવ ઘડાશે અથવા તેથી ત્હમારામાં આધ્યાત્મિક વિચારણુા તરફ વલણુ ઉત્પન્ન થશે કે જેથી

કરીને ત્હમારા સંબંધમાં આવતા વિધવિધ જાતના ઘણા માણસો પ્રત્યે દિલસોજી ધરાવતા થશો.

કેનનગોર.

સામાના દોષને માટે ઠપકો આપવા કરતાં તેનામાં જે સદ્‌ગુણનો અંશ હોય ત્હેને ઉત્તેજવાથી આપણે ત્હેને વધારે સારી સહાય આપી શકીશું.

બીજાના પ્રત્યે આપણે જે પ્રેમ રાખીએ છીએ તે દ્વારાજ આપણે આપણી જાતને ઓળખતાં શીખીએ છીએ. બીજાને માટે આપણે જે આશીર્વચનોની પ્રાર્થના કરીએ છીએ તે આશીર્વાદો અંતે આપણા ઉપર પણ ઉતરે છેજ.

ઇ. ગીપ્સન.

લોકો સત્કાર્ય કરે છે અને બદલામાં મળતા વખાણથી ફુલાઇ જઇને કાર્ય કરવામાં મળતી તાલીમનો લાભ ગુમાવે છે.

જ્યારે ઓલિવ ઉપર ફૂલ બેસે છે ત્યારે તેના ઉપર જો અતિશય ધૂમ્મસ પડે તો તેને વધારે ફૂલ આવતાં નથી. એવીજ રીતે જ્યારે સત્કાર્ય કરવાની શરૂઆતમાંજ લોકો તેમને જોનાર માણસોના વખાણ સાંભળે છે અને પોતાની સ્તુતિમાં તેઓ રસ લેતા થાય છે ત્યારે ત્હેમના વિચારોમાં અહંકારરૂપી ધૂમ્મસ એવો ઉત્પન્ન થાય છે કે તે ત્હેમના મૂળ હેતુને ભુલાવી દઇને સત્કાર્યની ખીલવણી અને ફળદ્રૂપતાનો નાશ કરે છે.

સેઇન્ટ ગ્રેગરી ધી ગ્રેટ.

હમેશાં જીવનના ત્રણ માર્ગ છે. ઉંચે, આન્તર અને બાહ્ય. ઉંચે ઇશ્વર તરફ, આન્તર આત્મા પ્રતિ, અને બાહ્ય દુનિયા પ્રતિ. જેમ જેમ માણસ ઇશ્વરને ઓળખે છે તેમ તેમ ત્હેના પોતાનાજ આત્મા પ્રતિ વળવાની ઇચ્છા વધારે ને વધારે તીવ્ર બને છે, શુદ્ધ થવાની આતુરતા વધારે ઉંડી થાય છે અને ગમે તે ભોગે બીજાને સહાય આપવાની વૃત્તિ વધારે બળવાન્ થાય છે.

આ દુનિયામા માણસને ત્રણ પ્રકારનું જીવન ગાળવાનું છે. એકાન્તમાં ભક્તિમય જીવન, જાહેરમાં પવિત્ર જીવન, અને સેવામાં પ્રવૃત્તિમય જીવન. અમાંનું એક નહિ, બીજું નહિ, કોઇ પણ બે સાથે નહિ, પરન્તુ ત્રણે જાતનાં જીવન એક સાથે ગાળવા યોગ્ય છે. અને એનું નામજ ખરેખરૂં સંપૂર્ણ જીવન છે. અને ખસુસ યાદ રાખજો કે સેવાનો ખરો ચિતાર આવું સંપૂર્ણ જીવનજ આપી શકે છે. સેવાનું વ્રત બીજાં બેમાંથી પ્રગટે છે. તેનાં મૂળ ભક્તિ અને પવિત્રતામાં રહેલાં છે. આથીજ આપણને સ્હમજાય છે કે અનેકોની આટલી બધી સેવા કેમ વ્યર્થ જાય છે? કારણ એજ કે પ્રથમનાં બે પ્રકારનાં જીવનરૂપી પાયોજ તેમાં હોતો નથી અથવા લુલો હોય છે.

એસ. ડી. ગોર્ડન.

ત્હમને કંઇ અવકાશ મળે છે? અને જો તેમ હોય તો ત્હમે ત્હેનો સદુપયોગ કરો છો? પરમાર્થી કાર્યોમાં વપરાયેલો સહજ પણ સમય ઘણા પૈસા કરતાં વધુ ઉપકારક થઇ પડે છે. શું આપણે કદી અવકાશનો સમય એવી રીતે ગાળીએ છીએ? ત્હમારી સાંસારિક સ્થિતિથી અને ત્હમારા સમાજના સ્થાનથી

બીજાઓની સેવા કરવાની ત્હમને તક મળે છે? જો તેમ હોય તો ત્હમે પોતે એ પ્રસંગનો લાભ લ્યો છો? જો ત્હમે ત્હમારા માનવ બંધુઓને માટે બીજું કંઇ કરી શકતા ન હો તો ત્હેમની પાસે જઈ ત્હમારી હાજરીથી અને ત્હમારી દિલસોજીની સામાન્ય માહિતીથી ત્હેમને આશ્વાસન નહિ આપો? ત્હમે માયાળુ અથવા પ્રોત્સાહક શબ્દો ન કહી શકો? વિખુટા પડેલા મિત્રોમાં ઐક્ય ન લાવી શકો? અથવા ઇશ્વરે સશક્ત માણસને માટે જે કામ નિર્માણ કરેલું છે તે કામ કરવાને ત્હેમને સમજાવી ન શકો?

ગુલ્બર્ન.

માણસો ઘણીવાર ધારે છે ધાર્મિક જીવન ગાળવાને દુનિયાંની બીજી પ્રવૃત્તિઓમાંથી ખસી જવાની આવશ્યકતા છે, પરન્તુ ખરેખર તેમ નથી. ધાર્મિક જીવન જંગલ કરતાં સમાજમાં વધારે સારી રીતે પળાય છે. પવિત્રતાનો સિદ્ધાન્ત તો કહે છે કે દુનિયાનો સદુપયોગ કરો.

માણસને કાર્ય કરવાનુંજ કહેવામાં આવ્યું છે, કાર્યના ફળનો અધિકાર ત્હેમને નથી; તે તો ઇશ્વર આપણી દૃષ્ટિ બહાર રાખે છે. આપણે મધમાખીઓની માફક બની શકે તેટલું બધું મધ એકઠું કરવાને કાર્યશીલ રહેવું જોઇએ, પરંતુ તેનો શો ઉપયોગ થશે તે તો ઇશ્વરનેજ સોંપવું જોઇએ. આપણા પ્રયત્નોથી જે કંઇ કલ્યાણ સાધી શકાય છે તે કવચિત્ જ આપણી નજરે પડે છે.

જીવનનો દુરૂપયોગ સિવાય બીજી રીતે પણ અયોગ્ય વ્યય થઇ જાય છે. જો તેનો જે ઉપયોગ થવો જોઇએ એટલે કે તેમાં

મળતા સર્વે પ્રસંગોનો વધુમાં વધુ લાભ લેવો જોઇએ, તે ન બને તો તેનો અયોગ્ય વ્યય થયો એમજ ગણાય.

જેમ જેમ વધારે ઉત્સાહથી આપણે શુભ કાર્યો કરીએ તેમ તેમ આપણને દિવ્ય જીવન અર્પવા માટે પ્રભુની ખરેખરી ખાત્રી થશે અને જીવનનું મધ બનાવવાની આપણી ઇચ્છા વધારેને વધારે વેગવાળી થશે.

એલ. ડબ્લ્યુ. બ્રાન્ડન

માણસોમાં જે ધૈર્ય, સહનશક્તિ અને ક્ષમાના ગુણો રહેલા છે ત્હેને લીધેજ સ્ત્રી અને પુરૂષ જાતિમાં આટલી બધી સુન્દરતા દેખાય છે.

કઠ્ઠાપણુનાં વચનો ઘણીવાર ઉજ્જડ વેરાનમાં પડી કશુંય ફળ ઉત્પન્ન કરતાં નથી, પરન્તુ દયાનો એક પણ શબ્દ કદી વ્યર્થ જતો નથી.

હમેશા માયાળુ શબ્દો કહેજો. જો તે ખરે અણીને પ્રસંગે બોલાયા હશે તો દુઃખી મનુષ્યના દુઃખપૂર્ણ હૃદયમાં તેજસ્વી આગીઆની માફક તે પ્રવેશ કરશે અને તેથી મળતા સુખથી સર્વ પીડાઓ તે ભૂલી જશે.

આર્થર હેલ્પસ.

એવું કહેવામાં આવ્યું છે કે "ઉદાર થવા પહેલાં ન્યાયી બનો." અને તે ખરૂં છે; કારણકે જે માણસ પોતાનાં કર્તવ્યને વિસારે છે તે પોતાનાં સાધનોને પરોપકારાર્થે ગમે તેટલાં વાપરતો હોય

તો પણ ઉદાર નથી. આપણું પહેલું કર્તવ્ય ન્યાય છે—આપણું બીજું કર્તવ્ય આપણા પડોશીને તેમ કરવામાં જરૂરને પ્રસંગે સહાય આપવાની છે. જે ઉદાર પુરુષ આ કરવાનું ભૂલી જાય છે તે ફક્ત ઢોંગી ઉડાઉ છે; અને તેનાથી કોઇનું ખરૂં કલ્યાણ થતું નથી. પરંતુ ઘણીવાર જે ન્યાય અને ઉદારતા યુક્ત કામ આપણે કરવું જોઇએ તેવું સત્કાર્ય કરવાનું તજી દેવાનું આ સૂત્ર એક બહાનું માત્રજ છે—તે આપણી જરૂરીઆતોને નામે આપણા પોતાના પાષાણ હૃદયને ઢાંકવાનો ઝભ્ભો છે, કે જે ઝભ્ભાને લીધે આપણને સત્કાર્ય કરવાનો શ્રમ લીધા સિવાયજ સદ્દવૃત્તિવાળા હોવાનું અને ફક્ત મ્હોડાના સપાટા હાંકવાથીજ પરોપકારી ગણાવાનું માન મળે છે. ત્હમે આવા કંગાલ ઢોંગી બનો એવી મ્હારી ઇચ્છા નથી, પરંતુ સાચે સાચા ન્યાયી બનો. ત્હમને ત્હમારી પોતાની જાતને ન્યાય આપવામાં પણ બીજાઓ પ્રત્યે ઉદાર બનવાના પ્રસંગ મળશે. આ ન્હાનું સરખું સૂત્ર દર્શાવે છે એટલી બધી ભિન્ન એ બે વસ્તુઓ નથી. વળી આટલી તો ખાત્રી રાખજો કે સદ્દવૃત્તિ પોતાની ભલમનસાઇ દર્શાવવાનાં અને ધારેલાં સત્કાર્ય કરવાના સાધનો જરૂર શોધી કાઢે છે. સત્કાર્ય કરવાનાં સાધનોના અભાવથી અથવા ન્યાયીપણાથી આપણને નિષ્ફળતા મળતી નથી તેમજ આપણી ઉદારતાને અંતરાય આવતો નથી, પરન્તુ આપણી અનિચ્છાજ હમેશાં મ્હોટી મુશીબત છે. જ્યારે આપણે તેને જીતીશું ત્યારે બાકીનું સર્વ સરળ અને સ્પષ્ટ થશે.

દયાળુ હૃદય જેની જેની પાસે જઇ શકે છે તે સર્વને માટે તે આનંદના ઝરારૂપ અને જીવનની મુશ્કેલીઓમાં વિશ્રાંતિના ફુવારારૂપ થઇ પડે છે.

માયાળુ શબ્દો પવનની લહેરમાં ઉડતાં સૂક્ષ્મ બીજકોની માફક ઘણે દૂર ઉડે છે, અને જે સ્થળે બીલકુલ આશા રાખી ન હોય તેવા સ્થળને તેઓ ફલદ્રૂપ બનાવે છે.

ત્હારા અવકાશના સમયને સત્કાર્ય રહિત વહી જવા દઇશ નહિ; કારણ કે ચંચળ મન અપ્રવૃત્ત રહેતું નથી, જો તે સત્કાર્યમાં પ્રવૃત્ત નહિ થાય તો તે અનિષ્ટ કામ કરશે, તેથી કરીને વચ્ચે વચ્ચે જે અવકાશ મળે તે દરમિયાન ત્હેને એવા કોઇ ખાસ સત્કાર્યમાં રોકવું જોઇએ કે જેથી સુવ્યવસ્થિત બાગની પેઠે પ્રસંગને અનુસરતાં શોભાપ્રદ, આનન્દપ્રદ અને ઉન્નતિને માર્ગે જવાય એવાં સારાં પરિણામ તે નિપજાવી શકે.

ચાર્લ્સ હેન્રિ હૅન્ગર.

માણુસને સ્વાશ્રયી બનવામાં મદદ કરવી એજ શ્રેષ્ઠ ઉદારતા છે. માણુસને સ્વાશ્રયને રસ્તે વાળવાથી નવું જીવન પ્રાપ્ત થાય છે, યુવાવસ્થા ફરી આવતી હોય એમ ત્હેને લાગે છે; કારણકે ઘણીવાર રોગી માણુસો પોતાને સંપૂર્ણ આરોગ્ય પાછું મળે એમ ઇચ્છે છે.

ડાક્ટર ડબ્લ્યુ. ડબ્લ્યુ. હોલ.

જો મ્હારી પાસે મ્હારા પોતાના અને મ્હારા કુટુંબના નિર્વાહ પૂરતુંજ હોય તો હું મ્હારી જાતનોજ નોકર છું; જો મ્હારી પાસે તેથી વિશેષ હોય તો તે બદલ હું બીજાઓનો સેવક છું.

તું જ્યાં રહેતો હોય ત્યાં સેવા કર કે જેથી લોકોને ત્હારી સુખદાયક સોબતની વધુમાં વધુ જરૂર જણાય અને ઇચ્છા થાય. ભલમનસાઇ, સદાચાર, સદ્‌ભાવના એ આ હેતુ સાધવાના રસ્તા છે. માણસોની જરૂરિઆત અને ઇચ્છા જાણી લ્યો અને ત્હેમને પહોંચી વળો. પરમાર્થનાં કાર્ય કરવાથી મળતા આનંદ આગળ બધાં ઐહિક સુખ કશા હિસાબમાં નથી.

જ્યૉર્જ હર્બર્ટ.

મોટાં મોટાં બળવાન યંત્રો વાપરવામાં માણસ બહુ કુશળ હોય છે; પવન અને નદીપર માણસ અદ્દભુત સત્તા ધરાવે છે તથા ઍન્જીનો અને વિચારો ઉપર તેની સત્તા મહાન છે; કેમ કે માણસ પોતે તેનાં શોધી કાઢેલાં યંત્રો કરતાં વધારે મહાન છે. માણસને તેના બાન્ધવો ઉપર નિયમન ચલાવવાને તથા અસર કરવાને એવું સામર્થ્ય આપવામાં આવ્યું છે કે જેવડે તે ત્હેમનાં દુઃખમાં સુખ આપી શકે, ત્હેમના કલહ ઓછા કરી શકે, ત્હેમની ચિંતાઓનો ભાર ઓછો કરી શકે અને ત્હેમની આસપાસ આશા તથા દિલસોજીનું વાતાવરણ ઉત્પન્ન કરી શકે. જેટલા પ્રમાણમાં માણસને શકિત, બુદ્ધિ અને ડહાપણ આપવામાં આવ્યાં છે તેટલા પ્રમાણમાં તેઓ ગરીબ અજ્ઞાન અને દુર્બળ પ્રત્યે મૃદુતા અને દિલસોજીથી વર્તીને તેમના શિક્ષક, વાલી અને રોગ પરિચારક થવાને બંધાયેલા છે.

સુખ સેવાદ્વારા મળે છે. દર રહવારે આપણે જીવનના વિકટ દુઃખમાંથી કોઇ એક માણસનું રક્ષણ કરવાને છાપરૂં તૈયાર કરવું જોઇએ. દર મધ્યાહ્નને તૃષાતુર માણસોને માટે જીવન ઝરો તૈયાર

કરવો જોઇએ. દર રાત્રે આપણે પોતે ભૂખ્યાઓનું અને નાગા તથા ટાઢે ધ્રૂજતા માણસોનું આશ્રયસ્થાન બનવું જોઇએ.

માણસ પોતાની વૃદ્ધિ અને સુખને માટે જેટલો જવાબદાર છે તેટલોજ જવાબદાર તેની આસપાસનાં બીજાં માણસોનાં સુખ અને આબાદીને માટે છે. જેટલા પ્રમાણમાં તેણે પોતાની જાતની આબાદી પ્રાપ્ત કરી હોય તેટલાજ પ્રમાણમાં તે ત્હેના બન્ધુઓને આબાદી અને સામાજિક લાભ મેળવી આપવાને બંધાએલો છે. પોતાના જાત ભાઇઓના ભોગે પોતાની જાતને ન્હાવી તે તો જાતનો સંહાર કરવા જેવું છે.

જીવનનું કાર્ય આપણા બન્ધુઓ સાથે સલાહશાન્તિ અને ન્યાયથી રહેવાની કળામાં પ્રવીણતા મેળવવાનું અને આપણી આસપાસના માણસોના શ્રેષ્ઠ ગુણોને ખીલવવાની કુશળતા પ્રાપ્ત કરવાનું છે.

બીજા માણસોને સ્નેહ અને આશાની પ્રેરણાઓ આપી શકાય અને નીચમાં નીચ અને લુચ્ચામાં લુચ્ચા માણસો પાસે પણ જે કંઈ સારૂં હોય તે તારવી શકાય એવી જાતનું વર્તન ચલાવવામાં પ્રાપ્ત થએલી નિપુણતાથી મનુષ્યનું ખરૂં મૂલ્ય અંકાય છે.

જીવન પર્યંત મનુષ્યનું કર્ત્તવ્ય સુખ ઉત્પન્ન કરવાનું અને આનંદ ફેલાવવાનું છે. અજાણમાં પણ મોગરાનાં પુષ્પો ચોતરફ સુગંધી પ્રસારે છે; ઇચ્છા વિના પણ લોહચુંબક લોઢાના તારને પોતા તરફ આકર્ષે છે; કંઇ પણ હેતુ સિવાય મીણબતી અંધકારમાં પ્રકાશનાં કિરણો પાથરે છે. દરેક માણસમાં રહેલી ભલમન-સાઇનું એટલું બધું વજન પડે છે અને માત્ર તેની હાજરીથી

પણ સારી અસર થાય છે, કારણ કે આત્મા સુખ તેમ જ દુઃખ ઉત્પન્ન કરવાની શક્તિ ધરાવે છે.

સામાજીક સેવાનો નિયમ દરેક મનુષ્ય પાસે એવા વર્તનની અપેક્ષા રાખે છે કે જેથી બીજાં મનુષ્યો સુખી થાય, નહિ કે દુઃખી બને; તેઓ સુધરે, નહિ કે કુમાર્ગે જાય.

એન. ડી. હીલિસ.

અનિષ્ટ વસ્તુઓથી તું વેગળો રહેજે અને દુષ્કૃત્ય કરતો નહિ, પરંતુ સત્કાર્યથી તું વિમુખ થઇશ નહિ; કારણ કે જો તું સત્કાર્યથી અલગ રહીશ તો તું પાપ કરીશ.

ત્હારે કરવાનાં સારાં કાર્યોમાં શો મહિમા રહેલો છે તે સાંભળ. સૌથી પ્રથમ વિશ્વાસ, ઈશ્વરની ભીતિ, ઉદારતા; સમાનતા, સત્ય, ધૈર્ય અને પવિત્રતા છે. મનુષ્યના જીવનની આ કરતાં બીજી કોઇ સારી વસ્તુ નથી. આની પછી શું આવે છે તે સાંભળ. વિધવાઓની સેવા કરવી, અનાથ અને ગરીબને ધિક્કારવાં નહિ; ઇશ્વરના સેવકોની જરૂરીઆત પૂરી પાડવી; મહેમાનોનો સત્કાર કરવો; કંકાસીઆ નહિ પણ શાન્ત બનવું; નમ્ર બનવું, વૃદ્ધોને માન આપવું; ભ્રાતૃભાવ રાખવો; દુઃખ સહન કરવું, સદ્ધર્મથી વિમુખ થયેલાઓનો ત્યાગ કરવો નહિ પરંતુ ત્હેમને ફરીથી સદ્ધર્મમાં લાવવા અને પાપીઓને નરમાશથી ઠપકો આપવો અને સુધારવા. દેણદારોપર જુલમ કરવો નહિ; અને આ જાતનાંજ બીજાં કાર્યો કરવાં. જે આ આજ્ઞાઓ પ્રમાણે ચાલશે તે ઇશ્વરમાં જીવન ગાળશે.

સેન્ટ હરમાસ.

ઇશ્વરે ત્હમને કામ કરવાની જે શક્તિ આપી છે ત્હેનોજ હિસાબ તે ત્હમારી પાસેથી માગશે.

આપણે ગરીબો પ્રત્યે જાણે કે તેઓ ઉચ્ચતર વર્ગના માણસો હોય તેવી રીતે સન્માન અને કોમળતાથી વર્તન રાખવું જોઇએ.

વોલ્શામ હાઉ.

સેવાની ખરી ખુબી ઉત્તેજન આપવામાં છે. મ્હને ખાત્રી થઇ છે કે ગરીબોને માટે જે ઘણું કરવામાં આવે છે તેનાં અનિષ્ટોમાંનું એક ત્હેમના પ્રત્યે કોમળતા અને વિવેકના અભાવમાથી ઉદ્ભવે છે, અને આપણા કરતાં વધારે સારી સ્થિતિવાળાને જેવા ભાવથી મદદ આપી શકીએ તે કરતાં કોઈ પણ જુદા કે ઓછા ભાવથી અપાયેલી મદદથી આપણે ત્હેમનું કલ્યાણ કરી શકવાના નથી.

ઑકટેવીઆ હીલ.

આપણે દુઃખ અને અજ્ઞાનપૂર્વક દુનિયામાં રહીએ છીએ અને આપણા દરેકની ફરજ છે કે સંસારમાં પ્રવેશ થવા પહેલાં સંસારમાં જે જે દુઃખ અને અજ્ઞાન હોય તેમાં કંઇ પણ ઘટાડો કરવાનો તેણે પ્રયાસ કરવો જોઇએ.

બીજાઓની લાગણી માટે વિચાર, ઉદારતા, વિનય અને સ્વમાન, એ ખરેખરા સદ્ગૃહસ્થ અથવા સન્નારી બનાવનાર સદ્ગુણો છે.

ઉચ્ચ આશા અને ઇશ્વરનો ડર રાખો અને ત્હમારે જે કરવું જોઇએ તેમાંથી જેટલું પણ બની શકે તેટલું કરો.

સમાજનો આદર્શ શાન્તિ અને પરસ્પર રક્ષણ છે કે જેથી કરીને દરેક વ્યકિત મનુષ્યજાતિથી બની શકે તેટલું સંપૂર્ણ અને ઉચ્ચ જીવન ગાળે.

નૈતિક કર્ત્તવ્ય વર્તનના એવા નિયમો સાચવવામાં સમાએલું છે કે જે નિયમો સમાજનું એટલે કે (ગર્ભિત રીતે) તેમાં વસતી વ્યકિતઓનું સુખ વધારે છે.

કરકસર પૈસો બચાવવામાં રહેલી નથી, પરંતુ તેને ડહાપણથી ખર્ચવામાં રહેલી છે.

ચોક્કસ રીતે કામ કરવાનો અને નિષ્ફળતા મળે તો તેને પણ વેઠી લેવાનો નિશ્ચય કરો. શંકાશીલ માણસોએ આ દુનિયામાં કશું ભલું કર્યું નથી. ઇશ્વરનો ચોપડો હર પળે ચોક્કસ રાખવામાં આવે છે અને આપણામાંના દરેકને પોતાના જીવનની દરેક પળને અંતે તેના કાર્યનો હિસાબ ચૂકવી દેવામાં આવે છે.

આપણે જેને ભલમનસાઇ અથવા સદ્ગુણ કહીએ છીએ એટલે કે નીતિની દ્રષ્ટિએ સારામાં સારૂં આચરણ કહીએ છીએ તેમાં એવા પ્રકારનું વર્તન સમાએલું છે કે સાંસારિક જીવન ફતેહ અપાવનાર વસ્તુઓથી તદ્દન ભિન્ન છે. નિર્દય આપ વડાઇને બદલે તે વર્તન આત્મ સંયમની અપેક્ષા રાખે છે; સર્વ સ્પર્ધા કરનારાઓને બાજુપર ધકેલી મૂકવા અથવા તેમને દાબી દેવાને બદલે તે એવી અપેક્ષા રાખે છે કે દરેક વ્યકિતએ પોતાના બન્ધુઓને માન આપવું જોઇએ; એટલુંજ નહિ પરંતુ ત્હેમને સહાય આપવી જોઇએ, "બળિયાના બે ભાગ" એ કહેવતને અનુસરવા તે પોતાની લાગવગ વાપરતું નથી, પરંતુ ઘણાં મનુષ્યોને જીવવા યોગ્ય કરવાનો તે પ્રયત્ન કરે છે. તે જીવનકલહના સિદ્ધાન્તને

તુચ્છકારે છે. તે અપેક્ષા રાખે છે કે જે દરેક માણસ સમાજમાં રહી લાભ મેળવે છે ત્હેણે તે પ્રાપ્ત કરાવવામાં શ્રમ લેનાર મનુષ્યો પ્રત્યેનું પોતાનું ઋણ હંમેશ માટે યાદ રાખવું જોઇએ અને તેમણે સાવચેત રહેવું જોઇએ કે પોતાના કોઇ પણ કાર્યથી પોતાના સમાજના સુગ્રંથિત તારને હાનિ પહોંચે નહિ.

કાયદા કાનુનો અને નીતિના ઉપદેશો અંધાધુનીને દાબી દેવાને માટે છે. વળી તે જે સમાજના રક્ષણ નીચે મનુષ્ય જીવે છે અને પાશવ કરતાં વધારે સારૂં જીવન ગાળે છે તે સમાજ પ્રત્યેની દરેક વ્યક્તિની ફરજ યાદ દેવરાવવાને માટે છે.

ટી. એચ. હક્સ્લ.

માયાળુ શબ્દ ઘણીવાર સોનાના દાન કરતાં પણ વધારે કિંમતી નિવડે છે; એક હાસ્યથી જ ઘણા સમય સુધી દુઃખ સહી રહેલા હૃદયને મુક્ત કરી શકાય.

એલ. એમ. હોજીઝ.

પ્રવૃત્તિશીલ જગતમાં પ્રવેશ કર, ત્હેનાપર સ્નેહ રાખ, અને ત્હેમાં રસ લે; માયાળુપણે ત્હેના સુખ દુઃખમાં ભાગ લે, અને માણસો પાસે ત્હારી ઇચ્છાનુસાર કાર્ય કરાવવાને બદલે ત્હેમને માટેજ કાર્ય કર. એમ કરવાથી માણસો ઉપર તેમના રાજા કરતાં પણ ત્હારી સત્તા વધારે ચાલતી તું અનુભવીશ.

બ્રૂક હર્ફોર્ડ.

સત્કાર્ય કરવાની ઘણી ખરી શક્તિ તેમ કરવાની વૃત્તિમાંજ રહેલી છે. પરોપકારી હૃદયમાંથી નીકળતો શ્વાસ પણ એક પ્રકારનું સત્કાર્ય છે.

હાર્વે.

"પ્રફુલ્લતા" એ પરોપકારાર્થે વાપરવાના એક મહત્વના પદાર્થ સમાન છે; અને જેમ જેમ આપણે ત્હેને વાપરીએ છીએ તેમ તેમ આપણે વધારે દ્રવ્યવાન થઇએ છીએ.

વી. હ્યુગો.

સંગીન કાર્યદક્ષતાના ભોગે દિલસોજી રાખવી જોઇએ નહિ. જો તેમ થશે તો લાભ કરતાં આપણે હાનિ વધારે કરીશું.

સ્નેહપૂર્વક સત્ય કહેવું, ડહાપણ અને કોમળતાપૂર્વક ઠપકો આપવો, એ એક એવો ગુણ છે કે જે ગુણ સારી રીતે મેળવવા પાછળ આખું જીવન વ્યતીત થાય તોપણ થવા દેવું જોઇએ. જો આપણે ડહાપણ અને લાગણીનાં ત્રાજવાં સમતોલ રાખવાં હોય તો એ ગુણ ખિલવવા સતત પ્રયાસ કરવોજ જોઇએ.

એલિસ હૉપ્કીન્સ.

ત્હમારા સાધન પ્રમાણે ઉદાર થાઓ, નહિ તો ઇશ્વર ઉદારતા પ્રમાણેજ સાધનો આપશે.

જૉન હૉલ.

જેવી રીતે ઝાડને પાન આવશ્યક છે, તેવી રીતે લાગણી દર્શાવવાને માટે એક વા અન્ય પ્રકારના બાહ્ય ચિહ્નની પણ જરૂર છે. જો ત્હેનો સદંતર અટકાવ કરવામાં આવે તો સ્નેહ મૂળમાંથીજ નષ્ટ થાય.

હૉથોર્ન.

એક પણ પરહિતના નિષ્કામ શુભકાર્યથી ત્હારા જીવનનો ઝરો સ્નેહની મધુરતા અનુભવશે. વળી તે એક એવા પ્રકારનું કર્મ છે કે તેનું શુભ પરિણામ ત્હારામાં જીવનભર ટકી રહેશે.

હૉલ્મ્સ.

આપણો સ્વાર્થ સાચવીને બીજાઓના પ્રિય બનવું એ તો ઘણું સહેલું છે. પણ બીજાની ખાતર આપણો સ્વાર્થ ત્યજવો એજ મુશ્કેલ છે. અને તેજ આપણા ઉદ્દેશ અને આદર્શની ખરી કસોટી છે.

એ. પ્રેસ્કૉટ હિલર.

જે સ્ત્રી પુરુષો નિન્દા કરવાને બદલે પ્રોત્સાહન આપે છે તેજ જગતને ઉન્નત પંથે દોરે છે.

એલિઝાબેથ હૅરિસન.

જે બીજાઓ પ્રત્યે ખરેખરો ઉદાર છે તેજ ખરેખરો ડાહ્યો અને સુખી છે; જે બીજાઓ પ્રત્યે ઉદાર અને લાગણીવાળો નથી તે મૂર્ખ અને દુઃખી જીવન ગાળે છે.

હોમ.

ત્હારાથી અપાય તો ભિક્ષા આપ; અને જો તેવું સાધન ન હોય તો ત્હેની સાથે મિષ્ટ શબ્દોમાં વાતચીત તો જરૂર કર.

હેરિક.

ખરો વિશ્વપ્રેમી તો એજ છે કે જે ધનદાન કરવા માટે ધન એકઠું કરવાનું પસંદ કરવા કરતાં, દુઃખ માત્રના ઉપાયરૂપ જે "સદ્ગુણ" તેનોજ ભંડાર પોતાના હૃદયમાં ભેગો કરવા મથે છે; અને તેના અનુસરણ દ્વારા અનેક હૃદયોમાં ગુપ્તપણે તે દિવ્ય ભંડાર ઠલવ્યો જાય છે.

હાર્લે.

સુખ અને આનન્દ આપવો, દુઃખમાં આશ્વાસન આપવું; મિત્રહીનને અને અનાથને આશ્રય આપવો, એ સર્વ કાર્ય આ પૃથ્વીપર પરોપકારી મનુષ્યો રાત્રિ દિવસ કરી રહ્યા છે.

ડબ્લ્યુ. ડબ્લ્યુ. હાઉ.

સત્કાર્ય ગમે તેવું ન્હાનું હોય તોપણ તે કરો, ગમે તેવી નજીવી આશાને માટે પણ કાર્ય કરો, કાર્ય કરો, કારણકે સર્વ સત્કાર્ય ઉન્નત અને પવિત્ર છે.

ન્યુમેન હૉલ.

ત્હમે ભલા થવા ઇચ્છો છો. તે ભલમનસાઇ એ શું છે ? તે એક એવી દિવ્યતા છે કે જે ખુદ પ્રભુનું ટુંકું રૂપ છે—અંગ છે—અંશ

છે. તેટલા માટે ભલા થવું તે ઇશ્વરના જેવા થવું છે, જેટલા પ્રમાણમાં આપણે ઇશ્વર જેવા હોઇએ છીએ તેટલાજ પ્રમાણમાં આપણે ભલા હોઇએ છીએ, અને જેટલા પ્રમાણમાં આપણે વધુ ભલા થઇશું તેટલા પ્રમાણમાં આપણે વધુ ઇશ્વર બનીશું. આહા! કેવી સરસ તક!

હ્યુ પ્રાઇસ હ્યુજીઝ.

ખરો વિનયી મનુષ્ય સ્વાર્પણનાં ન્હાનાં ન્હાનાં અનેક સત્કાર્યો કરવામાં આનંદ માને છે. મ્હોટાં કાર્યો કરી બીજાં માણસોપર ઉપકારનું ઋણ ચઢાવવાનો અને જાહેરમાં આવી "મ્હોટા ભા" બનવાનો તેને અભખરો હોતો નથી.

પિ. જી. હૅમર્ટન.

જે ડાહ્યો મનુષ્ય પોતાનું જીવન પોતાની જાતને તથા અન્યને માટે ઉપયોગી અને આનંદદાયક બનાવવા માગતો હોય તેણે દરેક સ્થળેથી ઉપયોગી માહિતી મેળવવી; પોતાના બન્ધુઓને પ્રિય વચનો કહેવાં; અને મદદની જરૂરવાળા પ્રત્યે માયાં ભરેલા કાર્યો કરવાં. જો તે તેમ કરશે તો જેમ નદી સમુદ્ર તરફ વહેતાં પહોળી અને પહોળી થતી જાય છે અને અંતે ત્હેમાં ભળી જાય છે, તેમ તે મનુષ્યનું જીવન પણ આગળ વધતું જશે તેમ તેમ વધારે ને વધારેજ ઉન્નત અને વધારે સુન્દર બનતું જશે, અને શાશ્વત સૃષ્ટિમાં પ્રવેશ કરવા પહેલાં સર્વ સારા માણસોના સ્નેહને અને ત્હેમની શુભ લાગણીને પોતા તરફ આકર્ષશે.

નૅથેન્યુલ હુજીસેન.

આપણાં દયાનાં કાર્યો કાંઇ પણ ડોળ સિવાય થવાં જોઇએ. " ત્હારા જમણા હાથે કરેલું કાર્ય ડાબા હાથને જાણવા દેતો નહિ. " આ ખ્રીસ્તી વચનનો અર્થ એ થાય છે કે આપણે કરેલા પરોપકારનાં કાર્યો અન્યથી ગુપ્ત રાખવાં જોઈએ, એટલું જ નહિ પરન્તુ આપણને પોતાને પણ ત્હેમનું સ્મરણ રહેવું જોઇએ નહિ.

આર. એફ. હૉર્ટન.

બહુજ દયા લાવવા જેવાં માણસો તો એ છે કે જેઓ પોતાની જાતને અંકુશમાં રાખી શકતાં નથી, જેઓ ઇચ્છા પ્રમાણે કાર્ય કરી શકતાં નથી; અને જેઓ સત્કાર્ય કરે છે તે પણ સ્વાર્થના હેતુપૂર્વક અથવા ભવિષ્યની સજા કે પાપનાં ફળ ન ભોગવવાં પડે એટલા માટે અથવા તો હૃદયમાંથી મળતા ઠપકામાંથી બચવાને માટેજ કરે છે.

સદ્ગુણ જ્યારે શુદ્ધ કર્તવ્ય ભાવનાથી એટલે કે માત્ર સદ્ગુણને ખાતરજ આચરણમાં મૂકાય છે ત્યારેજ ખરી ઉચ્ચતા અસ્તિત્વમાં આવે છે. આ પ્રકારજ મહાન્ અને ઉદાત્ત બનવાની વૃત્તિને દર્શાવનારો છે અને આ પ્રકારજ અન્યના વર્તનપર અસર નિપજાવી શકે છે.

વિલ્હેલ્મ વૉન હુમ્બૉલ્ટ.

" સ્નેહ " એ ખરૂં કહેતાં " ત્યાગ " જ છે. ત્હેનો અર્થ "અન્યને માટે વિચાર કરવો " એ થાય છે. તે સ્વાર્થને બદલે પરાર્થનેજ આગળ રાખે છે. બેશક "સ્નેહ" એ પ્રેરણા છે; પરન્તુ " શુદ્ધ સ્નેહ " એ યોગ્ય રસ્તે કાર્ય કરી રહેલી પ્રેરણા છે.

એચ. આર. હૉઅર્સ.

આ વાત આપણે ખાસ કરીને સ્હમજી રાખવાની જરૂર છે કે દરેક વ્યકિતનું સુખ, દુઃખ વા જીવનના દરેક પ્રસંગો, અન્ય મનુષ્યોના અને તેમાં પણ ખાસ કરીને એકજ ઘરમાં રહેનારાં મનુષ્યોના સુખપર થોડી વા ઘણી અસર કરે છેજ.

આપણું જીવન મ્હોટા પ્રસંગોનું નહિ પરન્તુ ન્હાની ન્હાની ક્ષણોનું બનેલું છે, તેથી કરીને આ દરેક ક્ષણોમાં આપણે દર્શાવેલી શાન્તિ, આનન્દ અને સ્વાસ્થ્યવડે માનવ જાતિની સુખસામગ્રીમાં વધારો થાય છે: માટે શાંત થાઓ, આનન્દી થાઓ પ્રામાણિક બનો.

લી. હન્ટ.

હેતુજ ખાસ કરીને કાર્યને સારૂં વા નરસું બનાવે છે. કાર્ય બ્હારથી ગમે તેવું સુન્દર દેખાતું હોય, પરન્તુ જો ત્હેમાં શુદ્ધ હેતુની ખામી હશે તો તે પોલંપોલજ નિવડશે. જો હેતુ દુષ્ટ હશે તો કાર્ય પણ સર્વાંગે દુષ્ટજ છે. જો હૃદયમાં પ્રેમભાવ ઉછળી રહ્યો ન હોય તો પછી બહારના દેખાવની કોણ દરકાર કરે છે ?

ઑગસ્ટસ હેર.

દરેક મનુષ્ય પોતાની શક્તિ અનુસારજ સત્કાર્ય કરવાને માટે જવાબદાર છે; તેથી વધારે કરવાને માટે નહિ.

જી. હેમિલ્ટન.

સ્નેહ કદી વ્યર્થ જતો નથી. જો બીજાનો સ્નેહ બદલામાં ન મળે તો તે પાછો વહી મૂળ સ્હાનાર હૃદયને વધારે મૃદુ અને પવિત્ર બનાવશે.

ઇર્વિંગ.

જ્યારે આબાદી દૂર થઇ જઇ દુઃખ સહાયને માટે પોકાર કરી રહ્યું હોય ત્યારેજ દયાભરી લાગણીઓ દર્શાવવાની ખરી તક છે; સારી સ્થિતિવાળા પ્રત્યે માયાળુ થવામાં કશુંજ મહત્વ નથી.

ઇટલિકસ.

સત્કાર્યમાં કદીપણ સંપૂર્ણ નિષ્ફળતા મળતી નથી. જો કે આશાઓ અને મહત્વાકાંક્ષાઓ, આપણાં હેતુઓ આપણાં અન્તિમ ધ્યેય છે.

આપણા મનમાં આવતો દરેક સદ્દવિચાર, આપણા સહવાસમાં આવતો અથવા ઇતિહાસમાં જેના વિષે વાંચીએ છીએ તેવો દરેક મહાપુરૂષ, દરેક મહાવાક્ય અથવા મહાકાર્ય, એ સર્વ ઇશ્વરના ઇશ્વરી અસ્તિત્વનીજ સાક્ષી પૂરી રહ્યાં છે.

બેન્જામિન જૉવેટ.

જ્યારે ત્હમે આપો ત્યારે આનન્દ અને ઉત્સાહથી આપો, જ્યારે જ્યારે આપણાથી બને ત્યારે ત્યારે આપણે સત્કાર્ય કરવાં જોઇએ, અને આપણે હંમેશાં સત્કાર્ય કરવાં જોઇએ. કારણકે આપણે હંમેશાં તેમ કરી શકીએ તેમ છીએ.

માણસને માણસ સાથે વધારે ગાઢા સંબંધમાં લાવનાર કાર્યો જે કોઇ કરે છે તે સર્વ ત્હેમને વધારે સુખી અને વધારે ચારિત્રવાન્ બનાવે છે.

જ્યુબર્ટ.

દ્રવ્યની પ્રાપ્તિમાંજ મનુષ્યનાં સર્વે કર્તવ્યો સમાઇ જતાં નથી. "સદ્‌વૃત્તિને ખિલવવી"એ માનવજીવનનું સર્વેથી અગત્યનું કર્તવ્ય છે.

દયા ઘણા દુઃખીને નિરાશા અને પીડાના પ્રસંગોએ સુખદાયક છે, કારણ કે તેથી ત્હેમને સ્હમજાય છે કે ત્હેમના પોતાના કમનસીબ વખતે પણ બીજા માણસોની ત્હેમના પ્રત્યેની લાગણી નાશ પામી નથી. સ્વર્ગ આપણને એવી શુદ્ધ દયા રાખવા સૂચવે છે કે જેથી આપણાથી બીજું કંઇ પણ ન થઇ શકતું હોય તો રડનારની સાથે આપણે રડીને પણ તેમના દુઃખમાં સમભાગી બની શકીએ.

" સદ્‌વૃત્તિને કેળવવી " એ જીવન કર્તવ્યનો સર્વેથી વધારે અગત્યનો ભાગ છે.

જૉન્સન.

જો કોઇ માણસે બીજાને નુકસાન કર્યું હોય અને ત્હેનો પ્રત્યક્ષ બદલો ત્હેને આપતા પહેલાં જો તે મરણ પામ્યો હોય તો નુકસાન કર્તાએ સમગ્ર વિશ્વને તે મરનારના વારસ તરીકે ગણીને કરેલા અન્યાયનું હરકોઇ રીતે પ્રાયશ્ચિત્ત કરવું જોઇએ. પોતાના સંસર્ગમાં આવતા હરેક પ્રત્યે તેણે માયાળુ અને લાગણીભર્યા વચનો ઉચ્ચારવા જોઇએ. તેણે સ્નેહ અને સેવાનાં કાર્યો કરવાં જોઇએ, અને એ રીતે પોતા ઉપરનું ઋણ વિશ્વ પ્રત્યે તેણે વાળી આપવું જોઇએ.

બીજાના સંબંધમાં ટીકા કરવાની વૃત્તિને આધીન થવા અગાઉ બહુજ સાવચેતી અને ઉદારતા રાખવી જોઇએ. બીજાના ગુપ્ત દોષો કરતાં સદ્‌ગુણો શોધવાનો આપણે પ્રયત્ન કરવો જોઇએ.

બીજાએ કરેલા ન્હાનામાં ન્હાના સત્કાર્યને મ્હોટું રૂપ આપવું એ મહાત્માનો ગુણ છે. જો આપણે ખરા મનુષ્યત્વને-સાચી મહત્તાને પ્રાપ્ત કરવા માગતા હોઇએ તો બીજાના " કાજી " નહિ બનવાનું વ્રત ખાસ કરીને પાળવું જોઇએ.

જો આપણે જગતમાં કંઇ સત્કાર્ય કરવા માગતા હોઇએ તો આપણે માનવજાતિને ચ્હાવાની શરૂઆત કરવી જોઇએ. મનુષ્ય મનુષ્યની પ્રકૃતિમાં રહેલી વિવિધતા છતાં તેઓમાં જે એકતાનો મહાન તાર રહેલો છે ત્હેને ઓળખવો જોઇએ; એને એક બીજાને બન્ધુતાની લાગણીથી એક કરનાર જે સંકલના છે ત્હેનું ગ્રહણ કરવું જોઇએ. આ પ્રમાણે થતાં અદેખાઈ, દ્વેષ, કઠોર શબ્દો અને નિર્દય અન્યાય સ્નેહના પ્રકાશમાં અદૃશ્ય થઇ જશે.

ખરી ઉદારતા ધર્માદાની પેટી ફેરવવાથી દર્શાવાતી નથી. વળી અમુક રકમનો ચૅક લખી આપવા માત્રથીજ કાંઇ માનવજાતિની સર્વ જરૂરીઆતો પૂરી પડી જતી નથી. ગરીબોને અન્નદાન, વસ્ત્રદાન અને દ્રવ્યદાન આપવું એ તો માત્ર સાચો પરોપકાર શીખવાની શરૂઆતજ છે. ખરી ઉદારતા તો એ કરતાં વધારે ઉચ્ચતર પ્રકારોમાં રહેલી છે. તે ઉદારતા પામર અને અજ્ઞાન મનુષ્યોના જીવનમાં નીતિ અને જ્ઞાનની પ્રેરણા કરે છે; જીવનના વિકટ પ્રસંગોને સરળ બનાવે છે; મનુષ્યનાં પાપકર્મને દ્વેષનાં નહિ પણ મૂર્ખતાનાં કામ ગણે છે; સ્નેહનાં ભૂખ્યાને પોષણ આપે છે; જીવનકલહમાં પ્રયાસ કરી રહેલાઓને મદદ આપે છે; માનવ નિર્બળતા પ્રત્યે કોમળ બને છે; અને આ સર્વનો અર્થ એટલોજ થાય છે કે તું બીજાનો " કાજી " બનતો નહિ.

વિલ્યમ જ્યૉર્જ જોર્ડન.

માનવજીવનપર પુષ્પો વર્ષાવ ! દરેક પળ આનંદદાયક બનાવ ! આત્માને ઉન્નત કર ! હૃદયની લાગણીઓને વિસ્તૃત બનાવ ! સ્નેહીને સાચું સુખ આપ !

રીચર્ડ જેફેરીઝ.

જે મૂલ્યવાન બક્ષીસ ગરીબમાં ગરીબના હાથમાં મૂકાયલી જોઇને પ્રભુ અતિશય રાજી થાય છે તે તેઓને માયાળુપણે એકદમ અને બીનશરતે આપેલી સહાય છે, અને એની સાથે દર્શાવાયલો સ્નેહ સુવર્ણ કરતાં પણ વધારે મૂલ્યવાન છે. કોઇ દુઃખી પ્રત્યેના એકાદ હાસ્યથી તેનો આખો દિવસ આનંદમય બની શકે; નિરાશ પ્રત્યેના એકાદ શબ્દથી તેનામાં નવી આશાઓ જન્મી શકે; અને તેટલા માટે જો હૃદયમાં ખરો સ્નેહ ઉભરાતો હોય તો ગરીબમાં ગરીબ મનુષ્યે પણ કોઇ પ્રત્યે એમ નહિ કહેવું જોઇએ કે મ્હારી પાસે આપવાને કશુંજ નથી.

મેરી રોલ્સ જાર્વીસ.

• એક સત્કાર્ય જરા પણ નજરે પડયા સિવાય ઉગી નીકળે એવા બીજ રૂપ છે. યાદ રાખો કે જ્યારે તેના તરફ કોઇ ધ્યાન આપતું નથી ત્યારે તે તાજું લીલું દેખાય છે.

મહાન્ લેખકોના અમૂલ્ય ગ્રંથોથી ભરપૂર મોટાં મોટાં પુસ્તકાલયોમાંથી અથવા નિપુણ પંડિતોના મુખથી જે કાંઇ ઉપદેશ મળી શકે ત્હેના કરતાં સ્નેહભરી દૃષ્ટિ ઉપદેશને માટે વધારે સારૂં સાધન છે. ખરા અંતઃકરણપૂર્વક આપેલી ગરીબના ઘરની સ્વલ્પ

અને લુખી ભિક્ષા પણ હૃદયથી આપેલી હોવાને લીધે ચંડોળ પક્ષીની પાંખો જેવી છે; કારણકે તે ઉડીને સ્વર્ગના દરવાજા આગળ ઉચ્ચ સ્વરે સંગીત લલકારે છે.

એ. એચ. જૅપ.

માત્ર બુદ્ધિમત્તા અને વાચાળતામાં પડ્યા રહેવા કરતાં ન્હાનાં ન્હાનાં દયાનાં કૃત્યો થોડો વિનય અને અન્યની લાગણીને માટે થોડો વિચાર, એ સર્વ આપણા સામાજીક વ્યવહારમાં નિયમિત રીતે ચાલુ રાખવાથી આપણું ચારિત્ર વધારે ઉજ્જવળ બને છે.

એમ. એ. કૅલિટ.

સ્નેહ કરતાં વધારે મધુર, વધારે હિંમતવાન, વધારે ઉચ્ચતર, વધારે આનંદદાયક, વધારે સંપૂર્ણ અથવા વધારે સારી બીજી એક પણ વસ્તુ આલોક અને પરલોકમાં નથી; કારણકે તે ઇશ્વરમાંથી જન્મેલો છે અને ઇશ્વર સિવાય બીજે કોઇ પણ સ્થળે તે ટકતો નથી.

માણસ પરિણામનો વિચાર કરે છે; પરંતુ ઇશ્વર હેતુનો વિચાર કરે છે.

ઇશ્વરે આપણને એક બીજાના ભાર વહેવાના ઘણા પ્રસંગ આપ્યા. છે. કોઇ પણ જીવતો મનુષ્ય દોષ રહિત નથી અને કોઇ પણ મનુષ્ય એટલો બધો સંપૂર્ણ નથી કે જેથી તે સદાકાળ સુખીજ રહી શકે; કોઇ પણ મનુષ્ય મુશીબતની ચિન્તા વિનાનો નથી; કોઇપણ મનુષ્ય એવો નથી કે જેને બીજાની સહાયની કદી જરૂર પડે નહિ. કોઇ પણ મનુષ્ય એટલો બધો ડાહ્યો નથી

કે બીજાની સલાહ ત્હેને કોઇ પણ વખતે કામમાં ન આવે; અને તેથી કરીને આપણે પરસ્પરને સુખ આપવાને, દુઃખમાંથી મુક્ત કરવાને, સલાહ તથા ઠપકો આપવાને અને દુઃખમાં ભાગ લેવાને બંધાયલાજ છીએ. આપણે એમજ માનવું જોઇએ.

ટોમસ. એ. કેમ્પીસ.

જે ધનનો ઢગલો એકઠો કરવાનું ભૂલી જાય છે તેજ જીવતા શીખ્યો છે. જ્યારે તમે દિલગીરીમાં ગરકાવ થયા હો ત્યારે આનંદી થવાનો સારામાં સારો રસ્તો બહાર જઇ બીજા કોઇનું કલ્યાણ કરવાનો છે.

જે. કેમ્બલ.

મધુર કન્યકા ! જેમની ઇચ્છા હોય તેમને ભલે " હોશીયાર " બનવા દે; પણ તું તો " સદાચરણી " જ થા. આખો દિવસ સત્કાર્યનાં સ્વપ્નાજ લાવ્યા કરીશ નહિ; પણ તે સ્વપ્નોને આચરણમાં મૂકજે; અને એમ કર્યાથીજ તું ત્હારા ઐહિક જીવન, મૃત્યુ અને શાશ્વત જીવન વચ્ચેના સંવાદને એક મધુરા દિવ્યગાનરૂપે બનાવી શકીશ.

ત્હમારી નજરમાં આવે ત્યારે ગમે ત્હેની ગમે તે સ્થળે મુલાકાત લ્યો; પરંતુ ત્હમારી મુલાકાતો સ્ત્રીઓની સ્ત્રી પ્રત્યેની મુલાકાત જેવી હોવી જોઇએ. ગરીબ સ્ત્રીઓને ત્હેમની બ્હેનપણીના ભાવથી મળો. સ્નેહથી, ધીરજથી અને માનપૂર્વક ત્હેમની મુશ્કેલીઓ સ્હમજતાં શીખો, એટલે તેઓ ત્હમારી સલાહ, ઉપાય અને સેવાને સ્હમજતાં શીખશે.

પરોપકાર સાથે સ્વાર્થ (કીર્તિ, દ્રવ્ય, જાહેરાત) ના બેવડા હેતુપૂર્વક કોઇ એક મહાન્ જાહેર કાર્યમાં પડવું તેના કરતાં સામાન્ય કાર્ય પણ કાર્યને ખાતરજ ઘરમાં બેસીને કરવું એ વધારે ઉમદા છે. ખરી નિઃસ્વાર્થતા લૌકિક બદલાને ઇચ્છતીજ નથી.

'આજે મ્હેં એક મનુષ્યને જરા વધારે ડાહ્યો, જરા વધારે સુખી, અથવા જરા વધારે સારો બનાવ્યો છે' એવું કર્યા સિવાય સૂવું નહિ એવો નિયમ કરો અને તે નિયમ સાચવવામાં પ્રભુ મદદ કર એવી ત્હેની પાસે પ્રાર્થના કરો. આ ધોરણ ત્હમે ધારતા હશો ત્હેના કરતાં ખરેખર વધારે સહેલું અને આનંદપ્રદ લાગશે.

ખરો મનુષ્ય દાન આપે છે, પણ લેતો નથી; સેવા કરે છે, પણ હુકમ ચલાવતો નથી; રક્ષણ કરે છે, પણ ભક્ષણ કરતો નથી; સહાય આપે છે પણ અભિમાની બનતો નથી, અને જરૂર જણાતાં જીવવા કરતાં મરવાનું વધારે પસંદ કરે છે.

ચાર્લ્સ કિન્ગ્સ્લી.

પરોપકાર કરવો એ કર્તવ્ય છે. જે એને આચારમાં મૂકે છે અને પોતાના શુભ હેતુને સફળ થતા જુએ છે તે અન્તે જેના પર ઉપકાર કરવામાં આવ્યો હોય છે ત્હેને ચાહે છે.

કૅન્ટ.

કોઈ પણ માણસ પોતાના સંસર્ગમાં આવનારનું મન તેમજ વાણીથી કેટલું બધું કલ્યાણ કરી શકે અને કરે છે ! આપણે આપણા સંસર્ગમાં આવનારના પ્રત્યે તેમજ ત્હેના દેખતાં જે કંઇ સારૂં નરસું અનેક પ્રસંગે કરીએ છીએ તેમજ બોલીએ છીએ,

તે દરેકને માટે—દરેક મેળાપ, દરેક છુટા પડવાનો પ્રસંગ, દરેક અભિનંદન આપવાનો પ્રસંગ, એ સર્વને માટે આપણે ઇશ્વરના આગળ જવાબદાર છીએ.

એફ્. એ. કેમ્બલ.

આપણે હંમેશાં એક બીજાને અન્ન, વસ્ત્ર, પૈસો, રત્નો, પુસ્તકો અથવા સલાહ આપતા હોવા જોઇએ, અને તેમ થાય તોજ આપણે માની શકીએ કે આપણે કંઇક કર્યું છે. વળી એ સર્વ વસ્તુઓ કરતાં "સ્નેહ" એ સર્વથી મૂલ્યવાન બક્ષીસ છે, બીજી કોઇ પણ વસ્તુ ત્હેને સ્થાને આવી શકે તેમ નથી, તે બીજી સર્વ વસ્તુનું સ્થાન લઇ શકે તેમ છે.

એમ. કેન્ડાલ.

મનુષ્યને "પોતે આ જગતમાં કંઇક કરી શકે તેમ છે, અને તેની સેવા ખરેખર જરુરની છે" એ વિચારથી જેટલું પ્રોત્સાહન મળે છે, તેટલું બીજા કશાથી મળતું નથી. સુપ્રત થયેલા કાર્યના કોઇ પણ ભાગને સુધારવાનું અથવા બગાડવાનું—સુન્દર અથવા બેડોળ બનાવવાનું આપણા પોતાનાજ હાથમાં છે, એ કલ્પનાથી મનુષ્યને પોતાની જવાબદારી જેટલી સ્હમજાય છે, તેટલી બીજા કશાથી સ્હમજાતી નથી.

આપણે ઇશ્વરી કાર્યનાં સાધનો અને નહેરો છીએ એમ માનવું જોઇએ. થોડાં પણ કાર્યમાં આપણે ભલા અને નિમક-હલાલ સેવક બનવું જોઇએ. આ પૃથ્વીપરના ઉચ્ચતર જીવનની

થતી ઉત્ક્રાન્તિ અને ખીલવણીમાં સહાય કરવાનો આપણો ખાસ અધિકાર છે.

મનુષ્યનો ધર્મ શો છે ? પોતાના બાન્ધવોને સહાય આપવી, પોતાની દૈવી સંપત્તિને ખીલવવી, દરેક રીતે થાય તેટલું લોક કલ્યાણ કરવું, અને ઇશ્વરની ઇચ્છાને અનુસરવું.

ઓલિવર લૉજ.

કેટલાક શબ્દો સૂર્યનાં કીરણો જેવા હોય છે, જ્યારે બીજા કેટલાક સર્પના દંશ અથવા ઝેરી બાણના જેવા હોય છે. જેમ કઠોર શબ્દોથી માણસોને ઘણું દુઃખ થાય છે, તેમ માયાળુ શબ્દોથી માણસોને બહુ આનંદ મળે છે.

સર. જે. બલક.

જ્યારે એક પરોપકારી માણસ મરણ પામે છે ત્યારે તે જે પ્રકાશ મૂકી જાય છે, તે ત્હેના કુટુમ્બથી પણ દૂર દૂર વર્ષોના વર્ષો સુધી માણસોનો માર્ગ અજવાળે છે.

લૉન્ગ્ફેલો.

ગરીબ માણસોના કંટાળો આપે તેવા, વેરાન અને ભયભરેલા બીના મહેલ્લાઓમાં જઇને ત્યાં પસાર કરાતાં લુખ્ખાં, જ્ઞાનરહિત અને દુઃખી જીવનોમાં આનંદ રેડવાને માટે લાગણી ભરેલા શબ્દો કહેવા માટે તેમનાં ઘરો આગળ ફરવામાં હંમેશા અભિમાન ધરજો.

"સ્નેહ" વ્યર્થ ગયો છે એમ કહેશો નહિ—સ્નેહ કદિ વ્યર્થ જતો નથી. ત્હેનાથી બીજાનું હૃદય પ્રફુલ્લિત નહિ બને તો પછી ત્હેનાં પાણી વૃષ્ટિની માફક મૂળ તરફ પાછાં ફરીને ત્હમને પોતાને તો આનંદ આપશેજ. **ફુવારામાંથી જે ઉંચે ઉડે છે તે ફુવારા તરફજ પાછું ફરે છે.** દિવસ આથમતો જણાય છે, અને હે ઇશ્વર! ત્હેના ઉદયથી તે અત્યાર સુધીમાં મ્હેં કયાં સત્કાર્યોથી ત્હારી પૂજા કરી છે?

"સ્નેહ" એ ગરમ ઝભ્ભા કરતાં પણ ઠંડીને વધારે સારી રીતે દૂર રાખે છે, તે અન્ન જળની ગરજ પણ પૂરી પાડે છે.

જે માણસોના શબ્દો આપણને આપણી દરરોજની જરૂરીઆતોમાં સહાય કરે છે અને આપણને નીચતામાંથી બચાવી ઉચ્ચ માર્ગે દોરી જાય છે ત્હેમને માન આપો.

વિશ્વમાં જેમ પર્વતમાંથી વહેતાં ન્હાનાં ઝરણો એમ કહી શકે નહિ કે પોતે નદી નહિ હોવાને લીધે સમુદ્રને કંઇ આપી શકે તેમ નથી, તેમ ગમે તેવો ગરીબ મનુષ્ય પણ એમ કહી શકે નહિ કે ત્હેની પાસે અન્યને આપવાનું કશુંજ નથી! એક કોડીની પણ પુંજી વિનાના અનેક સાધુ પુરૂષોનાં જીવન ખુલ્લી રીતે બોધે છે કે નિર્ધન પણ આપણી કલ્પનામાં પણ ન આવે એટલી બધી મદદ જનસમાજને આપી શકે છે.

પ્રભુ તરફ રાખવો જોઇએ તેટલો પ્રેમ ત્હમે રાખતા હો તો ત્હમારા બંધુઓ તરફ પણ ત્હમે તેવો પ્રેમ રાખ્યા વિના રહી શકોજ નહિ. દરેક માનવી પ્રભુનુંજ બાળક છે એમ શું ત્હમને નથી લાગતું? મનુષ્યોના ચહેરા ઉપરથી ત્હમારો અને ત્હેમનો પિતા એકજ પ્રભુ છે એમ શું નથી લાગતું? શું જે તારા ત્હમને

માર્ગ બતાવે છે તેઓજ ત્હેને પણ માર્ગ બતાવતા નથી? જો આ સત્ય હજી ત્હમને ન સમજાયું હોય તો પ્રભુના ખરા પ્રેમી ત્હમે હજી થયા નથી.

ત્હમારા દોષપાત્ર બંધુઓનું અનિષ્ટ ન ઇચ્છો; ત્હેમના દોષ બીજા આગળ ન કરો,—ત્હેમને પોતાનેજ કહો અને તે પણ સેવકના જેટલી નમ્રતાથી અને માતાના જેવા સ્નેહપૂર્વકજ કહો. સ્નેહમાં સર્વ શ્રેષ્ઠ ફળ રહેલાં છે અને તેમ છે તેથીજ આપણે સ્નેહને સર્વથી મહાન વસ્તુ તરીકે ઓળખીએ છીએ અને બીજાઓ પાસેથી ઇચ્છીએ છીએ.

દુનીઆનો મ્હને જે થોડો ઘણો અનુભવ છે ત્હેને લીધે મનુષ્યના દોષો જોઇને મ્હને ક્રોધ થતો નથી, પરન્તુ દિલગીરીજ થાય છે. જ્યારે હું એક પાપથી પીડાતા દુઃખી હૃદયનું જીવન જોઉં છું, અને આનંદના ક્ષણિક ઉભરા, આશા અને ભયથી ઉપજતી ઉગ્ર અશાંતિ, તેમજ દારિદ્રનું દબાણ, મિત્રોનો ત્યાગ, વગેરે જે મંથનો અને પ્રલોભનોમાંથી તે પસાર થયો છે તેનો ચિતાર મ્હારા મન આગળ ખડો કરૂં છું; ત્યારે જે ઇશ્વરે ત્હેને આ દુનિયામાં મોકલ્યો છે તેનો મહિમા મનમાં તાજો થઇને પરોપકારીપણાનું બધુંજ અભિમાન ગળી જાય છે; અને તે સર્વના સદાના સર્વ શ્રેષ્ઠ સુહૃદરૂપ પ્રભુના હાથમાં ત્હેને, મને અને સર્વને રહેલા જોઇ અતિ આનંદ થાય છે.

એમ. ડબ્લ્યુ. લોન્ગ ફેલો.

જે કોઇ મનુષ્યો પ્રત્યે સાચો છે તેજ ઇશ્વર પ્રત્યે સાચો છે, આ સૃષ્ટિમાં હલકામાં હલકાને અથવા દુર્બળમાં દુર્બળને જે કોઇ

અન્યાય થાય છે તે અન્યાય આપણુનેજ થાય છે. જે પોતાનાજ હકકની ચિન્તા કરે છે અને જનસમાજનો કંઇ વિચારજ કરતા નથી તેઓ નીચમાં નીચ ગુલામ છે.

માત્ર આપવાથી નહિ પણુ સુખ દુઃખમાં ભાગીઆ થવાથીજ ખરી લાગણી પ્રદર્શિત થાય છે. જે દાનમાં દાતા પોતે સામેલ હોતો નથી તે દાન શુષ્ક છે.

સુખનાં બી કેટલાં બધાં સસ્તાં છે તેની આપણુને ખબર નથી નહિતો આપણે તેમને બહુ પ્રમાણુમાં વેર્યાં હોત.

જે દુઃખ આપણા અસંખ્ય બંધુઓ સહી રહ્યા છે તે દુઃખમાં ભાગીદાર બનવાથી અને તેઓને તેમાંથી મુકત કરવાના પ્રયાસમાં તનમનથી લીન બનવાથી આપણુને પણુ ખરી મુકિત મળે છે.

હાથથી ગ્રહી શકાય તેવી સ્થુલ વસ્તુનું દાન તે કાંઈ ખરૂં દાન નથી; જે માણુસ "આપવુંજ પડશે" એમ માનીને આપે છે તે નકામા સુવર્ણ સિવાય બીજું કાંઇ આપી શકતો નથી; પરન્તુ જે માણુસ પોતાનો નજીવો ટુકડો પણુ પ્રભુ પ્રીત્યર્થે આપે છે ત્હેનું દાન કાંઈ માત્ર હાથ લાંબો કરવામાંજ અટકી રહેતું નથી. ત્હેનું ઉન્નત હૃદય ત્હેના દાનશીલ હાથ કરતાં આગળ વધે છે.

જે. આર. લોવેલ.

જે સદ્દગુણી માણુસના હૃદયને આપણી અનુકમ્પાથી આનંદ થતો હોય, તે માણુસ આપણા વિશેષ માનને પાત્ર હોય છે, તો પણુ આપણે ત્હેને જીવતા તે માન શા માટે આપતા નથી તે મ્હને સમજાતું નથી; કેમકે માણુસો કાંઈ પોતાની કબરના આરસ-

પહાણુમાં કોતરેલા કીર્તિલેખો વાંચી શકતા નથી. સદાચારી માણુસોની યાદગીરી માટે તેમની પાછળ જે કંઇ સ્મારક આપણે રચીએ છીએ તે ત્હેમના જીવન દરમિયાન આપણે ત્હેમની કરેલી ઉપેક્ષા માટે આપણુને પશ્ચાતાપ જ કરાવે છે.

બુલ્વર લિટન.

જો આપણે મનુષ્ય જાતને ચહાવા માગતા હોઇએ તો આપણે ત્હેમની પાસેથી ઓછામાં ઓછી અપેક્ષા રાખવી જોઇએ. જો આપણે ત્હેમના દોષથી ગુસ્સે ન થવું હોય તો આપણે ત્હેમને ક્ષમાદષ્ટિથી જોવાની ટેવ પાડવી જોઇએ, અને આપણે સ્હમજવું જોઇએ કે નિર્બળ મનુષ્યોને ડાહ્યા પુરૂષો પાસેથી ક્ષમા પ્રાપ્ત કરવાનો હક્ક છે. આપણાં હૃદય દ્વેષરહિત બને તથા ન્યાય અને નીતિના સિદ્ધાંતોને મૃદુતા તથા દયાથી અનુસરે. એ વાત બીજા માનવ હૃદયોના સંપૂર્ણજ્ઞાન સિવાય બની શકે તેમ નહિ હોવાથી ડાહ્યા પુરૂષો હંમેશાં બહુ ક્ષમાશીલ હોય છે.

લૉર્ડ લિટન.

દુઃખના ઢોંગથી તું અનુદાર બનીશ નહિ. કોઇ કોઈ વાર ઉદાર બન. જ્યારે કોઇ બ્હારથી જણાતો ગરીબ માણુસ ત્હારી પાસે સહાયની યાચના કરે ત્યારે તું ત્હેનું કહેવું યથાર્થ છે કે નહિ ત્હેની તપાસ કરવામાં વિલંબ કરીશ નહિ. બે પૈસા બચાવવાની ખાતર અપ્રિય સત્ય શોધવાની કટાકૂટ કરીશ નહિ. ત્હેનાં વચનપર શ્રદ્ધા રાખવી એજ સારૂં છે.

સેવાનું કાર્ય ગુપ્ત રીતે થાય અને અણધારી રીતે તે લોકોને જણાય એમાંજ શ્રેષ્ઠ આનન્દ રહ્યો છે એમ મ્હારૂં માનવું છે.

લેમ્બ.

સહાયતાને માટે જ્યાં ત્યાં નિરંતર બૂમો સંભળાયા કરે છે તે જોતાં દુઃખને ઓછું કરવું; સુખની વૃદ્ધિ કરવી; સાચા શબ્દોથી આશ્વાસન અને ઉત્સાહ આપવો; શ્રમ લઇ ત્હેમને મદદ કરવી; જુલ્મ અને અજ્ઞાનનાં ભોગ થઈ પડેલાંને મુક્ત કરવાં; નુકસાનથી ત્હેનું રક્ષણ કરવું; અને જે આત્માઓ અંતઃકરણના અવર્ણનીય ઉગ્ર દુઃખ તાપથી પીડાતા હોય ત્હેમને અચળ સત્યના શીતલ અખુટ ઝરામાંથી નિર્મળ જ્ઞાનામૃત આપવું; એના કરતાં વધારે સારૂં કાર્ય કયું છે ?

લિન્ચ.

પુખ્ત વયના મનુષ્યોને અનીતિમાંથી બચાવવાને માટે ત્હેમની બાલ્યાવસ્થામાં અને કૌમારાવસ્થામાં ત્હેમને આપણે નીતિને રસ્તે કાળજીપૂર્વક વાળવા જોઇએ. તેઓજ આપણી આશા છે; તેથી ફરીને વધુ નહિ તો તેઓ આપણે માટે નિરાશાના કારણરૂપ થઇ ન પડે એટલી કાળજી તો આપણે અવસ્યજ રાખવી જોઇએ. જો ત્હેમને મનુષ્ય અને ઇશ્વર પ્રત્યેના પોતાના કર્તવ્ય સંબંધી ખરા વિચારો બાલ્યાવસ્થામાંથીજ નહિ મળે તો નક્કીજ સમજવું કે ત્હેના જીવનથી આપણને જરૂર દુઃખ થવાનું.

મનુષ્યનો ઉદ્ધાર તેની બાહ્ય પરિસ્થિતિ બદલવાથી નહિ પરંતુ ત્હેનું મન અને હૃદય પવિત્ર બનાવવાથીજ થશે. ત્હેના મનને શિક્ષણ

મળવું જોઇએ; ત્હેની ઇચ્છા દૃઢ થવી જોઇએ; ત્હેનું હૃદય સતેજ બનવું જોઇએ; ત્હેની સ્નેહાળ વૃત્તિઓ ખીલવી જોઇએ; અને ત્હેના જીવનની દરેક શક્તિ સત્કાર્યમાં પ્રવૃત્ત થાય તેવી રીતે કેળવાવી જોઇએ. આવાં પરિણામો નૈતિક સાધનોથી એટલે કે જાહેર શિક્ષણ, ગૃહ સંસ્કાર અને ધર્મથીજ લાવી શકાય એ ખુલ્લુંજ છે.

પ્રામાણિક શેઠ, પ્રામાણિક વ્યવહાર અને મજુરીના વાજબી દરથી દુનિયાનાં દુઃખ ભિક્ષાદાન કરતાં વધારે ઓછાં થઇ શકશે.

ઉદારતાથી નિરાશ થએલાને આશા મળે છે, નવસ્ત્રાને વસ્ત્ર મળે છે, ક્ષુધિતને અન્ન મળે છે અને ઘરબાર વગરનાને ઘર મળે છે, એ ખરી વાત છે; પરંતુ ન્યાયથી પણ નિરાશા અટકાવી શકાય છે, અને ભૂખ, નગ્ન દશા, અને ટાઢ તાપથી બચાવી શકાય છે; કેમકે ન્યાય રહિત ઉદારતામાં જેટલી સત્ય ઉદારતા રહેલી છે તેના કરતાં ખરા ન્યાયમાં ખરી ઉદારતા વધારે રહેલી છે.

સહેજ ડહાપણના ઉપયોગથી દાનની જરૂર રહેશે નહિ અને આળસુ લોકો પોતાનું મ્હોં બતાવતાં તરત શરમાઇ જશે. નિરાશ્રિત લોકોના પોષણને માટે ઉદ્યોગની યોજના કરવામાં બહુ પૈસાની જરૂર નથી અને તેથી ઘણી ચિંતાઓ ઓછી થશે અને ગરીબ વધારે સુખી અને સંતુષ્ટ બનશે.

માનવ જાતિનો પુરતો સહવાસ સેવીને સમભાવપૂર્વક સામાન્ય તેમજ નીચલા વર્ગના માનવબંધુઓની જરૂરીયાતો તેમજ ત્હેમના વ્યક્તિગત જીવનની ઉપયોગીતા આપણે સર્વેએ શીખવી જોઇએ. આપણામાં એ લાગણી પણ ખીલવવી એઇએ કે આપણા બન્ધુ-

ઓની સેવા કર્યા સિવાય ચાલે તેમજ નથી, અને આપણા-માંથી કોઇ પણ એટલો બધો ગરીબ નથી કે જે ર્‌હેમની સ્વતંત્રતા સાચવામાં અને ર્‌હેની આબાદી વધારવામાં કશીજ સહાય ન આપી શકે.

જી. સી. લોરીમર.

દરરોજ ઓછામાં ઓછું એક પણ પરોપકારનું કાર્ય કરવું જોઇએ.

જે નુજીવી વસ્તુ પણ કચવાતા મનથીજ આપે છે તે તે વસ્તુ કરતાં પણ વધારે હલકો છે.

જેને બીજાનાં સત્કાર્યોનો વિચાર કરવામાં આનંદ પડતો નથી તે ખરેખરૂં સત્કાર્ય કરવાને તદ્દન નાલાયક છે.

ત્‌હમારા સારામાં સારા મિત્રો ત્‌હમને ધારે ત્‌હેના કરતાં ત્‌હમે જો વધારે સારા ન હો તો ત્‌હમે બહુ સારા માણસ નથી.

બક્ષિસની જાત, કિંમત, દેખાવ, તે આપતી વખતનું મૌન અથવા દબદબો અને જે રીતે ત્‌હમને તે વસ્તુ મળી હોય તે, સર્વ ઉપરથી આપનારની મહત્તા અથવા નીચતા નક્કી થાય છે.

ત્‌હમારા માનવબંધુઓનો આનંદ જોઇને જે આનંદ ત્‌હમને થાય છે અને દુઃખ જોઇને જે દુઃખ ત્‌હમને થાય છે તે ઉપરથી ત્‌હમે પોતેજ તમારી સહૃદયતાનું પ્રમાણ કાઢી શકશો.

દાનની વસ્તુ કરતાં દાન આપવાની રીત આપનારની વૃત્તિને વધારે સ્પષ્ટ કરે છે. દાન આપવાની અને સ્વીકારવાની કેટલીક રીતો બહુ સારી હોય છે.

આત્માની ઉન્નતિ શામાં છે? સુંદર અને ભવ્ય સ્વરૂપો તરફ વિશુદ્ધ રસવૃત્તિમાં અને આછાં સાધનોથી વધારેમાં વધારે હિત કરવાની બળવાન અને નમ્રતાયુક્ત પરોપકાર વૃત્તિમાં તે રહેલી છે.

લેવેટર.

સત્કાર્ય કરવાં એજ બસ નથી પરન્તુ આપણે તે સારી રીતે કરવાં જોઇએ, એટલે કે ઇશ્વરને રાજી કરવાના હેતુથીજ તે કરવાં જોઇએ. સર્વજ્ઞ પ્રભુ ઉપલકપણે થતા કાર્યથી અંજાતો નથી.

વૈદ્ય રોગને ધિક્કારે છે પણ રોગીને ચાહે છે; ત્હમે પણ જો ઉદાર હો તો હમેશાં પાપનેજ ધિક્કારજો; અને પાપી પ્રત્યે તો સ્નેહજ દર્શાવજો.

જો ત્હમને ત્હમારા કરેલા સત્કાર્ય માટે દુઃખી થવું પડે તો પૂર્ણાનંદમાં રહેજો, કેમકે તેના પરિણામે પરમાત્માના રાજ્યમાં ત્હમે સર્વ રીતે સુખી થનાર છો.

સત્કાર્ય કરવામાં જેમ જેમ આપણે આપણી જાતને વધારે ભૂલી જઇએ છીએ તેમ તેમ ઇશ્વર આપણુને વધારે યાદ કરે છે અને આપણા ઉપર પોતાની કૃપા અધિક વર્ષાવે છે.

જ્યાં વિશ્વપ્રેમનું સામ્રાજ્ય નથી ત્યાં ચિત્તવૃત્તિ પણ સ્થિર અને શાંત હોતી નથી અને ત્યાં ઇશ્વર પણ નથી. તે તો શયતાનની ગુફાજ છે.

સેઇન્ટ એલ્ફોન્સસ ડી લીગુરી.

સ્નેહ પ્રાપ્ત કરવા માટે સ્નેહ રાખવો એ માનુષિક કાર્ય છે અને શુદ્ધ સ્નેહની ખાતરજ સ્નેહ રાખવો તે દૈવી લક્ષણ છે.

માયાળુપણું એજ સદ્‌ગુણ છે. હે માનવી! માણસ ત્હારો ભાઇ છે અને ઇશ્વર ત્હારો પિતા છે.

લેમર ટાઇન.

ગમે તેવો નીચ દોષિત વા દુઃખી આત્મા હોય તોપણ ત્હેને ધિક્કારશો નહિ, કારણકે એવા આત્મા પણ પરમાત્માનોજ અંશ છે. અણઘડ માણસોમાં પણ પુષ્કળ દૈવી સંપત્તિ ગુપ્ત રહેલી હોય છે કે જેને બહાર લાવવાને માટે દૈવી આત્માનીજ જરૂર છે. એ કળાનું પ્રથમ પગથીયું સદ્‌વૃત્તિમાં વિશ્વાસ છે; બીજું સદ્‌વૃત્તિ તરફ પ્રેમ અને ત્રીજું સ્વર્ગીય આયુધો—જેનું નામ ભલમનસાઇ, સંસ્કાર અને પ્રાર્થના—તેનો ઉપયોગ છે.

નોક્સ લીટલ.

કચવાતે મને કરેલા કાર્ય કરતાં ઉદાર મનવડે કરાયલી સત્કાર્યની ઇચ્છા માત્ર પણ વધારે સારી છે. એક બીજાની શરમને ખાતર અપાતાં લાખો રૂપિયા કરતાં " નિર્ધન છતાં દયાળુ " દિલના મનુષ્યે હૃદયના ભાવપૂર્વક કરેલી પ્રાર્થનાઓ અને શુભેચ્છાઓ વધારે કલ્યાણ કરી શકે છે. પરોપકાર કરવા ઇચ્છનાર હરકોઇને આ ઉત્તમ સાધનાનો ટોટો પડે તેમ નથી.

લી.

જો દુનિયામાં અશ્રુની ધારાજ પડતી હોય તો એટલે સુધી આનન્દ—આનન્દ વેરો કે વરસાદ પછી દેખાતા મેઘધનુષ્યની પેઠે દુનિયાનો રંગ પણ સુન્દર લાગે. જીવન પ્રિય લાગે તેવો સ્નેહ

પ્રકટાવો કે જેથી દુઃખનાં વાદળાં દૂર થાય. નિરાશારૂપી ટાઢથી થરથરતા આત્માઓમાં ઉત્સાહ રેડો અને શોકનાં કાળાં પાણી આશાનાં બરફ સમાન ચળકતા પાણીમાં કેવાં ઢંકાઇ જાય છે તે ત્હેમને બતાવો.

એલ. લારકોમ.

સેવાનું કાર્ય ગુપ્ત રીતે થાય અને અણધારી રીતે તે લોકોને જણાય એમાંજ શ્રેષ્ઠ આનન્દ રહ્યો છે એમ મ્હારૂં માનવું છે.

લેમ્બ.

જેવી રીતે પુષ્પમાં રહેલા મધથી ભ્રમરના ડંખની વેદના થતી નથી, તેવી રીતે આપણામાં રહેલી દયાથી સામાની નિર્દયતા આપણને ડંખી શકતી નથી.

લેન્ડોર.

દાતા તેના "દાન" થી નહિ પણ ભાવથીજ ઓળખાય છે.

લેસિંગ.

જીવનના સામાન્ય અનુભવોમાં એક પણ દિવસ એવો જતો નથી કે જ્યારે આપણાથી બની શકે તેવી સેવાની માગણી કરનારા બીજા લોકો આપણી સમક્ષ ઉભા રહેલા ન હોય. પછી ભલેને તે સેવા કદાચ ફક્ત સામાન્ય વિનયરૂપે હોય, ઘરનાં માણસો પ્રત્યે સહૃદય ભલમનસાઇ હોય, પડોશીઓ અને ધંધાને

સીધે સંબંધમાં આવતા અસીલોની શાન્ત મનથી ચિકિત્સા કરવાનું હોય, અથવા વૃદ્ધો અને બાળકોને જીવનમાં આપણે રસ લઇએ છીએ એ દર્શાવવાનું હોય. આપણી આસપાસનાં સર્વ મનુષ્યો આપણાં સંબંધી છે. જો આપણે દયાની સર્વ પ્રેરણાઓને તિરસ્કારવા ન માગતા હોઇએ તો આપણા પોતાનાજ સુખનો અને જાતનો વિચાર કરીને ત્હેમના પ્રતિ દુર્લક્ષ કરી આપણી નજરમાં આવે તેમ વર્તી શકીએ નહિ.

ઘણાં માણુસો ત્હેમનામાં સર્વોત્તમ અને પવિત્ર હેતુ તથા પરોપકાર કરવાની સારી જેવી શકિત છતાં સમાજને ઉપયોગી થવામાં નિષ્ફળ નિવડે છે અને પોતાનું જીવન વ્યર્થ ગુમાવે છે, કારણ કે ત્હેમનામાં કાર્ય કરવાની ખરી લાગણી અથવા આવડત હોતી નથી અને તેથી કરીને તેઓ પોતાનાં સૌથી વધુમાં વધુ દયાનાં કાર્યો પણ એવી રીતે કરે છે કે જેથી ન તો કોઇ દુઃખીને દિલાસો મળે, કે ન તો નિરૂત્સાહીને ઉત્સાહ મળે.

કેટલાક માણુસો પાસે સેવા કરવાની શારિરીક અથવા આર્થિક શકિત ઓછી હોવા છતાં ત્હેમનામાં એવી લાગણી અથવા આવડત હોય છે કે જેથી કરીને ત્હેમની આસપાસ સર્વ સ્થળે તેઓ આનંદ અને જ્ઞાન ફેલાવે છે. તેઓ નિરંતર પરોપકારના કાર્ય કરી રહયા હોય છે. ત્હેમની દયા એવી પશ્ચિમ બુદ્ધિની નથી હોતી કે જેથી સહાય કરવાનો સમય તદ્દન વીતી જાય. વળી દુઃખ દૂર કરવાનો પ્રયાસ કરતાં ક્રૂર બનવાના ગંભીર દોષમા પણ તેઓ પડતા નથી. કયો સારામાં સારો શબ્દ ઉચ્ચારવો જોઇએ અથવા કયું કાર્ય શ્રેષ્ઠ અને યોગ્ય છે તે તેમની વિચારશકિત સહજે સ્હમજી જાય છે, અને કાર્યની કળથી મુશ્કેલ પ્રસંગો પણ

સરળ બની જાય છે. એક શાન્ત સેવક એવા મૃદુ શબ્દોને વખતસર શોધી કહાડશે કે જે શબ્દોના પ્રભાવથી સ્હામા માણસનો ગુસ્સો ઉતરી જશે. જોખમભરેલા પ્રસંગો કેવી રીતે દૂર કરી શકાય તે વાત તે સારી રીતે જાણે છે, અને વિરોધી બનવાની અણીપર આવી ગયેલા પક્ષોમાં તે શાન્તિ પ્રસારે છે. જ્યારે વાચા કરતાં મૌન વધારે લાભદાયક જણાય છે ત્યારે તે ચૂપ પણ રહે છે.

જે સુખોવડે જગત્ વધારે સ્વચ્છ, મધુર અને ઉન્નત બને છે તે કાંઇ જીવનનાં અમુક થોડાં મહાન કાર્યોથી નહિ, પરંતુ હમ્મેશની અસંખ્ય ન્હાની મ્હોટી સેવાઓ અને લાંબા વખત સુધી રાખેલી શ્રદ્ધાથીજ બને છે.

સમય વીતી જાય ત્યાં સુધી પરોપકારનાં કાર્યો કરવાનું મુલત્વી રાખવું ત્હેના કરતાં જે પ્રસંગે તે આનંદ અને ઉત્સાહદાયક થઇ પડે તેમ હોય તેજ પ્રસંગે તે કરવાં એ વધારે સારૂં છે.

જેઓનાં હૃદય હમ્મેશાં આશા અને આનંદથી ભરપૂર હોય છે અને જેઓ પોતાની સંસારયાત્રા દરમીયાન જે કોઇ મળે તેમના જીવનમાં આશા અને આનંદ રેડવા પ્રયત્ન કરે છે તેઓજ જગતને ખરી સહાય અને આશ્વાસન આપે છે.

આપત્તિના સમયમાં માણસોને ખરી જરૂર "ત્હેમનો ભાર બીજાઓ ઉંચકી લે" એવી નથી હોતી, પણ નવીન આશા અને ઉત્સાહવડે ત્હેમના હૃદયને બળ આપવામાં આવે એવી હોય છે કે જેથી તેઓ પોતાના માથાપરનો ભાર સરલતાથી ઉઠાવી શકે.

ઘણા લોકો તેઓના મિત્રોના મૃત્યુ સુધી પણ પોતાની સ્નેહની સુવાસ ફેલાવતા નથી. આપણી સાથે રહેનાર મિત્ર અથવા

પાડોશી થોડાજ સમયમાં આપણાથી દૂર થશે અને આપણા હૃદયની શુભ વાંચ્છનાઓ પૂરી પાડવાનો અવસર વીતી જશે, એ વાત આપણે અનેકવાર વિસરી જઇએ છીએ; માટે જે પુષ્પોને ત્હમે ત્હમારા મિત્ર અથવા પડોશીની શબ શય્યા ઉપર વેરવા માગો છો તે પુષ્પો ત્હેના જીવન દરમીયાનજ ત્હેના વિકટ પંથને ઉજાળવા અને ત્હેની ગમગીન અવસ્થામાં આનંદ રેડવા માટે પ્રથમથીજ અર્પણ કરો. માણસના મૃત્યુ પાછળ શોકનાં મર્મભેદક આંસુ પાડવા કરતાં ત્હેના જીવન દરમીયાન માયાળુ થવું એજ બહેતર છે.

જ્યારથી આપણે બીજાની સેવા કરવાના જીવનનો આરંભ કરીએ છીએ ત્યારથીજ આપણું ખરૂં જીવન શરૂ થાય છે.

સર્વ દિશામાંથી સેવાનો પોકાર આવે છે. કેટલાક ગરીબ અને રોગીની મુલાકાત લેવા જેવી હોય છે. કેટલાંય રોનારાંઓને આશ્વાસન આપવા જેવું હોય છે. વિપથગામીઓને સહાય આપવાની હોય છે અને ગુલામગીરીમાં પડેલાંઓને મુકત કરી રક્ષણ કરવાનું હોય છે. આમાંથી ત્હમને જે કોઇ મળે તે દરેકને ત્હમારે આશીર્વાદરૂપ બનવાનું છે.

ઝાકળ જેમ પોતાનું કાર્ય ગુપ્ત રીતે કરે છે તેમ ત્હમે પણ પોતાનું કામ ગુપ્ત રીતે કરો. લોકોનું લક્ષ ત્હમારા તરફ આકર્ષવા માટે પ્રયત્ન કરશો નહિ.

જ્યારે ત્હમે ઇશ્વરની ખાતર કંઇ કામ કરવા જતા હો ત્યારે ત્હમારાં બણુગાં ફૂંકશો નહિ. પુષ્પની સુગંધ અથવા તારાના પ્રકાશની માફક ત્હમારી અસર એની મેળેજ થવા દેજો.

દુનીઆના ઝગઝગાટથી દૂર રહેજો. ડાબા હાથથી થતું કાર્ય જમણા હાથને જાણવા દેશો નહિ. ચિત્રકારો જેમ પોતાનાં ચિત્રો

ઉપર નામ લખે છે તેવી રીતે ત્હમે ત્હમારૂં નામ ત્હમારાં કાર્યો ઉપર લખશો નહિ.

ત્હમારા વતીનું માન બીજો કોઇ ખાટી જશે એવા વિચારથી કરશો નહિ. માણુસને બતાવવાને માટે નહિ પણ ઇશ્વરની પ્રસન્નતાને ખાતરજ કામ કરો.

ત્હમારો સર્વોત્તમ સ્નેહ, ત્હમારી અમૂલ્ય સેવાઓ અને બક્ષિસો જેમને સુખની જરૂર છે ત્હેમનાપર છુટથી વરસાવો.

ત્હમારી સેવાથી બીજાનું કંઇ પણ ભલું થાય તે સિવાય કોઇ પણ જાતના બદલાની કે કદરની અપેક્ષા રાખ્યા વિના ત્હમે જેમને મદદ કરવા માગતા હો ત્હેમના જીવનમાં ત્હમારા જીવનને એક થઇજવા દો. જેમ ઝાકળનું બિંદુ ચીમળાતા ગુલાબને શોધી ત્હેની પાંખડીઓમાં ભરાઈ જઇને પોતે અદૃશ્ય થાય છે; પરંતુ ચીમળાતા પુષ્પને તો તે તાજુંજ કરે છે; તેવી રીતે ત્હમે પણ ત્હમારી સેવાની જરૂરવાળાને સુખી કરવામાં અને ત્હમારાં કૃત્યોથીજ યાદ રહેવામાં સંતોષ માનો. તન ધન તો કોઇનું સદા રહ્યુંએ નથી ને રહેનાર પણ નથી.

જીવન એટલું બધું ટુંકું છે અને કરવાનું એટલું બધું છે કે જે વસ્તુ ખરી અને ઉપયોગી સેવાને માટે આપણું બળ ટકાવી રાખે છે તે વસ્તુ આપણા જીવનનું મૂલ્ય ઘણું વધારી દે છે.

સેવાનું મૂળ સ્નેહ છે; અને સ્નેહની ઉત્પત્તિ પ્રભુમાંથી છે. જે સેવા સ્નેહથી પ્રેરાયલી નથી તે ખરો આનંદ આપતીજ નથી. જે સ્નેહ સેવા કરતો નથી તે સ્નેહજ નથી.

જેટલા પ્રમાણુમાં સહન કરવાને માટે ત્યાગ વૃત્તિ અંતરમાં રહેલી છે તેટલાજ પ્રમાણુમાં હૃદયમાં સ્નેહ છે એમ નક્કી સમજનું. જે

સ્નેહ ત્યાગને માટે તૈયાર નથી તે ફક્ત ક્ષણિક ઊર્મિજ છે, અથવા તો કંઇ ફળ ન આપે તેવું સુંદર પુષ્પ છે.

સૌથી વધુ મૂલ્યવાન, સર્વોત્કૃષ્ટ, સાચામાં સાચો અને ઉંડામાં ઉંડો આશીર્વાદ તો સહાય પાત્રો માટે સ્નેહપૂર્વક દાન કરવાથી, કાર્ય કરવાથી, સહન કરવાથી, ત્યાગ કરવાથી અને સેવા કરવાથીજ મળે છે.

જીવનજ અન્યને આપવા યોગ્ય છે. બીજાને માટે કરેલા કાર્યમાં અથવા આપેલા દાનમાં જો આપણને જરા પણ શ્રમ લેવો પડતો ન હોય તો તેથી ત્હેમને થોડુંજ સુખ વા થોડીજ સહાય મળશે. જો કોઇ મહાન્ વક્તા ફક્ત શબ્દોજ પઢી જાય તો તે સાંભળવાથી આપણને જરા પણ લાભ થવાનો નથી. જો આપણે સ્નેહપૂર્વક સેવા કરીએ, સેવામાં જીવનજ આપી દઇએ, તોજ આપણે વધારે સુખી. થઇ શકીએ, અથવા અન્યને વધારે સુખી અને ઇશ્વરપ્રિય બનાવી શકીએ.

દયા ન્હાનાં ન્હાનાં નજીવાં દેખાતાં કાર્યોમાં પ્રવૃત્ત રહેલો સ્નેહ છે, પરન્તુ જેમને માટે તે કરવામાં આવે છે ત્હેમને તેથી અતિશય લાભ થાય છે. ભારથી થાકી ગયેલાને દયા સહાય આપે છે; નિરાશ થયેલાના હૃદયમાં ઉત્સાહ રેડે છે; તૃષાતૂરને શીતળ જળનો પ્યાલો આપે છે; તે હંમેશાં સર્વ કોઇની સેવા કરી રહેલી હોય છે; તે સુખકારક સેવાઓ લગભગ અજ્ઞાતપણે બજાવતી વિચરે છે; તે સર્વ સ્થળે ન્હાની ગુપ્ત અનુકૂળતાઓ કરી આપે છે. જ્યાં સુધી આપણે ત્હેનો ખાસ વિચાર કરતા નથી ત્યાં સુધી દયા આ જગતના માનવીઓને માટે કેટલી બધી ઉપકારક અને સહાયક છે ત્હેનો ખ્યાલ પણ આપણને આવી શકતો નથી.

બીજા થોડાજ સદ્ગુણો જીવનને દયાના ગુણ જેટલું સુન્દર અને તેજસ્વી બનાવી શકે તેમ છે.

ત્હમારી સેવાની સુવાસથી મધુર બનાવવાનું પ્રથમ સ્થળ ત્હમારૂં પોતાનું ગૃહજ છે. ત્હમારો પ્રોત્સાહક સ્નેહ અને ત્હમારી વિચાર-શીલ નિઃસ્વાર્થ સેવા ત્હમારી શ્રમિત માતા પ્રત્યે, ત્હમારા ચિન્તાથી દબાયલા પિતા પ્રત્યે, વિપથ ગયેલા ભ્રાતા પ્રત્યે, ગૃહનાં બાળકો પ્રત્યે, ઘેર આવતા મહેમાનો પ્રત્યે અને ગૃહકાર્યમાં રોકાયેલા નોકર પ્રત્યે હો.

અહીં ત્હમારી મુલાકાતથી આશ્વાસન મેળવી શકે તેવો એક પડોશી છે. એક વિધવા એવી છે કે જેને પૈસા કરતાં ત્હેના શ્રમમાં અને ત્હેની ચિન્તામાં સહાય તથા ઉત્સાહ આપે તેવાં ન્હાનાં ન્હાનાં દયાનાં કાર્યોથી વિશેષ લાભ થાય તેમ છે. અહીં એક અંધ સ્ત્રી એવી છે કે જેના આગળ અઠવાડિયામાં એક બે કલાક વાંચી સંભળાવવાથી તથા ત્હેની દૃષ્ટિએ નહિ પડતી સુન્દર સૃષ્ટિ વિષે વાતચીત કરવાથી અત્યન્ત આનંદ ત્હેને મળે તેમ છે.

સ્નેહ આપણને અત્યન્ત ભાર વહેવાનું ફરમાવે છે, અને આ કાર્ય આપણે વિનયથી મળતું આનંદપૂર્ણ જીવન ગાળીએ તોજ સારી રીતે થઇ શકે તેમ છે.

જે માણસ આનંદી હૃદય અને પ્રોત્સાહક ચ્હેરો રાખી રસ્તે મળતા દરેકને પ્રોત્સાહક વચનો સંભળાવતો અને ઉન્નતિના માર્ગનો ઉપદેશ આપતો વિચરે છે, તેજ ખરેખરો મનુષ્યોમાં બળ ધૈર્ય અને આશા પ્રેરનાર છે. તે અન્યને દૈવી સુખ આપે છે. તે દરેક મનુષ્યને વધારે બળવાન અને ધૈર્યશીલ બનાવે છે.

ધૂળવાળા રસ્તામાં ચાલવાથી થાકી ગયેલા પ્રવાસીઓ ત્હેને જોવાથી નવજીવન પ્રાપ્ત કરે છે. નિરાશાથી હારી બેઠેલા મનુષ્યો ત્હેના આશાજનક શબ્દો શ્રવણ કરીને નવું ધૈર્ય ધારણ કરે છે. આવા પ્રોત્સાહક પુરૂષની અસર કદી પણ માપી શકાય તેમ નથી. આવું જીવન ગાળવું એ બહુજ ઉમદા કાર્ય છે.

કેટલાક મનુષ્યો એવા હોય છે કે ત્હેમના મિત્રો ત્હેમની જરૂરીયાતો પૂરી પાડતા હોય છે—ત્હેમની વાંછનાઓને સંતોષતા હોય છે; પરન્તુ તેવા મિત્રોને માટે તેઓ પોતે શું કરી શકે તેનો વિચારજ કરતા નથી ! આ પ્રકારના મિત્રો કરવા કરતાં મિત્ર બનવું, સહાય લેવા કરતાં સહાય આપવી, આપણને શું મળશે તે નહિ, પરન્તુ આપણે શું આપીશું, તેજ વધારે અગત્યનું છે.

આટલું તો નિયમ તરીકે સ્વિકારી શકાય કે જીવનની ખરી કસોટી બીજાથી ગુપ્તરીતે કરેલાં કાર્યોમાં રહેલી છે. જીવન પર્યંતમાં બજાવાયલાં દશ હજાર ન્હાનાં ન્હાનાં કાર્યો, શબ્દો અને વૃત્તિઓ, લોકોમાં ખ્યાતિને પામેલાં એ ત્રણ મ્હોટાં કાર્યો કરતાં ચારિત્રને વધારે ઉંચું દર્શાવે છે.

દરેક મનુષ્ય બે જાતની સેવા કરે છે. કેટલીક વસ્તુઓ માણસ હેતુસર અને યોજનાપૂર્વક (ખાસ વિચાર તથા ધ્યાનપૂર્વક) કરે છે અને તે કરવાની ટેવ પાડે છે. બીજી કેટલીક વસ્તુઓ, પ્રથમથી મુકરર કર્યાં સિવાયજ નક્કી કરેલાં કામો કરવાં ઉપરાંત અવકાશને સમયે કરે છે. આવાં અનિર્ણીત કાર્યોમાં અસંખ્ય નાનાં નાનાં વિનય અને દયાનાં કાર્યો, અણીને વખતે કરેલાં કાર્યો, અને એક બીજાને મળતી વખતે ઉચ્ચારાયલા ઉત્સાહ, સાન્ત્વન અને ધીરજના શબ્દોનો સમાવેશ થાય છે. આપણે ઘણી વાર આવી

જાતની સેવાની બહુ કિંમત આંકતા નથી અને જે કાર્યો યોજનાપૂર્વક કરીએ છીએ તેની કિંમત વધારે આંકીએ છીએ; પરન્તુ ઘણી વાર ઇશ્વર મ્હોટાં કાર્યો કરતા ન્હાનાં ન્હાનાં કાર્યોની કિંમત વધારે આંકે છે; કારણકે ન્હાનાં કાર્યોમાં માણસ અભિમાન અને બદલાની તેમજ બીજા માણસોને બતાવવાની ઇચ્છા કરતો નથી અને હૃદયના સ્નેહનો પ્રાદુર્ભાવ તેમાં વિશેષ હોય છે.

બીજાને સહાય આપવાને પોતે કેટલું બધું થોડું કરી શકે એમ છે, એવો વિચાર કેટલાકો કરે છે; ત્યારે તેઓ પોતાના જીવનને તદ્દન વ્યર્થ માની નિરાશ થાય છે. તેઓ દુનીઆમાં પોતાની પાછળ સુખનો વારસો મૂકી શકતા નથી; બીજાને આંજી નાખે તેવા શબ્દો બોલી શકતા નથી; કોઇનામાં ઉત્સાહ, આશ્વાસન અને આશા પ્રેરે તેવા પુસ્તકો લખી શકતા નથી; અને સ્વર્ગીય વંશોગાનમાં દેવદૂતો ત્હેમનું નામ નોંધવાને લલચાય તેવાં પરોપકારનાં કાર્ય તેઓ કરી શકતા નથી, પરન્તુ ન્હાનામાં ન્હાનાં કાર્યો, નજીવા લાગતા શબ્દો અથવા સ્નેહી હૃદયમાંથી ઉભરાતા સ્મિતનો પણ પ્રભુ દુનીઆને વધારે સુખી અને વધારે મધુર બનાવવામાં ઉપયોગ કરાવી શકે છે અને જેમાં પ્રેમનો વાસ છે તેનો વિનાશ થતો નથી કે તે નિરૂપયોગી નિવડતું નથી, એ વાત તેઓ ભૂલી જાય છે.

આપણને ન્હાનાં ન્હાનાં કાર્યો કરવાના પ્રસંગો મળે તેને માટે કદિ નિરાશ થવું નહિ, પરન્તુ જે જે પ્રસંગો આપણને આપવામાં આવે ત્હેનો ઉપયોગ કરવો એજ આપણું કર્તવ્ય છે. એકાદ માયાળુ શબ્દ અથવા એકાદ દયાનું કાર્ય અથવા ક્ષણિક ઉત્સાહ પ્રેરે તેવી દૃષ્ટિ વર્ષોનાં વર્ષો સુધી અસર કરશે; માટે હલકામાં હલકી સેવામાં

પણ આપણી શકિતને વાપરતાં તેમજ તેવાજ પ્રકારની સેવાઓમાં આપણું આખું જીવન વ્યતીત કરતાં આપણે અચકાવું જોઇએ નહિ.

બીજાઓને ખરેખર અને ઉપકારક રીતે સહાય કરવામાં પણ ડહાપણ તેમજ કળની જરૂર છે. જરૂર કરતાં વધારે મદદ કરવામાં પણ ભય છે. કેટલાક લોકો એવા હોય છે કે જેમને બીજાના તરફથી મળતી મદદની ના પાડવાનું મનજ થતું નથી. બાળકો ત્હેમને આપવામાં આવતી દરેક વસ્તુ સ્વાભાવિક રીતે સ્વિકારે છે; વૃદ્ધો બીજાની મદદની હમ્મેશાં અપેક્ષા રાખે છે; આળસુ અને એદી લોકો પણ પોતાનું કામ કર્યા કરનારને કદિ ના પાડતા નથી. તેઓ બક્ષીસ સ્વિકારવાને તથા પોતાનો ભાર ઓછો થવા દેવાને અને ત્હેમનાં મુશ્કેલ કામ બીજા પાસે કરાવી લેવાને દરેક વખતે તૈયારજ હોય છે; પરન્તુ આવા લોકોને અપાયલી મદદ તેમના પ્રત્યે કરવામાં આવેલી ક્રૂરતાંજ છે. હાલમાં કરવામાં આવતું રૂઢિ પ્રમાણેનું દાન ઘણે ભાગે આવીજ જાતનું છે. આ ડહાપણભર્યું નથી. ત્હેનાથી ત્હેના લાભ લેનારને પોતાની જીંદગી થોડો વખત વધારે સરળ લાગે છે; પરન્તુ તેથી ત્હેનું ભાવી જીવન વધારે દુઃખી અને વધારે નિર્બળ બને છે.

અત્યંત જરૂરવાળાને પૈસા કે અન્ન આપવા કરતાં ત્હેને માટે કામ શોધી આપવું કે જેથી કરીને ત્હેને પૈસાના દાનની અપેક્ષા રહે નહિ; અથવા ત્હેને પૈસા કમાવામાં મદદ કરવાને માટે ત્હેના હૃદયમાં આપણે ધૈર્ય અને ઉત્સાહ રેડવો એજ ખરો ઉપકાર અને મદદ છે. આ બન્ને રીતો પૈસાના દાન કરતાં ઘણુંજ વધારે સારૂં પરિણામ લાવે છે. તેથી કરીને માણસની સ્વતંત્રતા પ્રત્યેની પ્રીતિ સચવાય છે; તે સ્વાવલંબી બને છે; તેના સ્વમાનને ધોકકો પહોંચતો

નથી અને ભવિષ્યના જીવન કલહને માટે તે વધારે બળવાન બને છે.

અતિશય મદદ એ સ્હમજ વગરની મદદ છે, કારણકે ત્હેનાથી સામાને લાભ કરતાં નુકસાન વધારે થાય છે. જે માણસ આપણે માટે જીંદગી વધારે સરળ બનાવે છે તે નહિ, પરન્તુ જે આપણાથી બની શકે તેટલું બધું કરવા માટે આપણામાં ઉત્સાહ પ્રેરે છે, આપણને પ્રવૃત્ત કરે છે અથવા ફરજ પાડે છે તેજ આપણો શ્રેષ્ઠ મિત્ર છે.

બીજાને સહાય આપવામાં અથવા ત્હેની સેવા કરવામાં આપણે ઘણું ડહાપણ વાપરવાની જરૂર છે. ઘણી તાજી અને વૃદ્ધિ પામતી મિત્રતામાં ઉપયોગી થઇ પડવાની અત્યંત આતુરતાને લીધે વિઘ્ન આવી પડે છે. ખરા ભાવથી પણ વિનય વિરૂદ્ધ આગ્રહથી ઉપકાર કરવામાં આવે તો પરિણામ એ આવે કે ત્હમારો મિત્ર ત્હમારા ગાઢ પરિચયથી દૂર રહે છે. બધા પ્રકારની દયા બતાવવામાં ડહાપણયુક્ત નિગ્રહ રાખવો જોઇએ. આપણે બેહદ આતુર બનવું જોઇએ નહિ. એવી આતુરતા દોઢ ડહાપણ જેવી નિવડશે. આપણે અકાળે મદદ કરવી જોઇએ નહિ. હદ ઉપરાંત કરવું એ ઓછું કરવા કરતાં પણ વધારે ખરાબ છે. આપણે આપણા મિત્રના વ્યકિતત્વને માન આપવું જોઇએ અને તેના ઉપર આભારનું ઋણ ચઢાવવું જોઇએ નહિ. ત્હેને સહાયની જરૂર હોય ત્યારે પણ આપણે ત્હેને મદદ આપવાને દુરાગ્રહ કરવો જોઇએ નહિ. મદદ આપવાના અને સેવા કરવાના સંબંધો પરસ્પર સરખા હોવા જોઇએ અને આપણે દયાના કામમાં આપણા મિત્રને હરાવવા પ્રયાસ કરવો જોઇએ નહિ. નહિ તો મિત્રતાના સમતોલનનો નાશ થશે, અને તેથી જો

મિત્રતાના સંબંધો સારી રીતે સાચવવા હોય તો આમ ન બને તે માટે ખાસ કાળજી રાખવી જોઇએ.

આપણે પ્રામાણિક, સત્યવાદી, ઉદ્યોગશીલ અને ધાર્મિક હોઇએ એટલુંજ જરૂરનું નથી, પરન્તુ પગલે પગલે સ્નેહ જે જે ફરજો આપણને સોંપે છે તે આપણે બજાવીએ છીએ કે નથી બજાવતા તે પણ બહુજ જરૂરની બાબત છે.

આપણો ન્યાય થતી વખતે "આપણે ખરાબ કામો નથી કર્યાં" એટલુંજ જોવાશે નહિ; પરન્તુ આપણાથી થાય તેવાં જે જે કામો આપણે " નથી કર્યાં " તે તરફ પણ ખાસ ધ્યાન અપાશે.

લોકો ધારે છે કે તેમણે કેટલાંક દુષ્ટ કાર્યો કર્યાં નથી, તેથી તેઓ ઘણા સારા છે; પરન્તુ કોઇ પણ મનુષ્ય પોતાનો હાથ ઉંચો કરીને એમ કહી શકશે કે " મ્હેં મ્હારે હાથે કોઇ પણ પાપ કર્યું નથી ! " કદાચ તેને કોઇ ગંભીર શ્રાપ પણ લાગ્યો હોય; કારણ કે ત્હેણે કરવા જેવાં કાર્યો કરેલાં હોતાં નથી. પાપનો અર્થ લક્ષ્ય ચૂકવું એવો થાય છે. જ્યારે આપણે સ્નેહથી નકલી થએલાં કર્તવ્યો કરવામાં નિષ્ફળ નિવડીએ છીએ ત્યારે પણ આપણે પાપજ કરીએ છીએ.

નિરૂપયોગી રહેનારને " ઉપયોગી બનવાની શક્તિનો નાશ " એ સજા છે.

આપણે ઘર આગળ એક બીજાને પરસ્પર ચાહીએ છીએ– અલબત આપણે ચાહીએ છીએ. આપણે એક બીજાને માટે મરી પણ જઇએ, પરંતુ આપણામાંથી ઘણાને પોતાના સ્નેહમાં અન્યને સમભાગી બનાવતાં પૂરેપૂરૂં આવડતું નથી.

આપણે જીંદગી દરમ્યાન એક બીજાને માટે જીવતાં શીખ્યા હોત તો વધારે સારૂં; પરંતુ આપણે એક બીજાને માટે શામાટે મરવું તેનું ખાસ કારણ જણાતું નથી.

કેટલાંક કુટુંબો ઉજ્જડ વેરાન જેવાં હોય છે. જો તેમાંની વ્યક્તિઓ પ્રેમાળ અને હૃદયની લાગણીઓનો, સરળ સ્વાભાવિક વૃત્તિઓનો પ્રાદુર્ભાવ થવા દે તો તેઓ થોડાજ સમયમાં પરસ્પર સ્નેહના સિંચનથી હરિયાળી કુંજ જેવાં થઈ રહે.

આપણે પોતે ભલા થવું તેમાંજ બધું આવી રહેતું નથી; પરંતુ આપણે યોગ્ય દિલસોજીથી, યોગ્ય સમભાવથી, પ્રોત્સાહક વચનોથી, બીજાંની સાથે જીવનમાં સમભાગી બનવાથી, અને સર્વ પ્રકારની નિઃસ્વાર્થ સેવાથી બીજાંને પણ ભલાઈ અને સહાય આપવી જોઇએ. વળી પ્રાર્થનાદ્વારા પણ આપણે ત્હેમને મદદ કરવા ભૂલવું જોઇએ નહિ. આપણી પ્રેમાળ આગ્રહી આજીજીથી ઇશ્વરની કેટલી બધી દયા આપણે ત્હેમના ઉપર વરસાવી શકીએ તે વાત હજી આપણને માલૂમ નથી.

આપણે બાહ્ય અપ્રિયતાના આવરણ નીચે હૃદયના સ્નેહનો ઉષ્ણ પ્રકાશ ઢાંકી દેવો જોઇએ નહિ, પરંતુ ત્હેની એવી રીતે યોજના કરવી જોઇએ કે જેથી આપણા સંબંધમાં આવતા દરેકના ઉપર ત્હેની અસર થાય.

આપણે આપણા જીવનદીપને અહંકારના આવરણ નીચે ઢાંકી દેવો જોઇએ નહિ, પરંતુ ત્હેને બીજાના કલ્યાણને માટે નિઃસ્વાર્થ સેવાની દીવી ઉપર મૂકવો જોઇએ.

જે મનુષ્યે સેવાની દીક્ષા લીધી નથી તે ખરેખરો સંન્યાસી નથી. સેવા એજ જીવનનું ખરેખરૂં માપ છે.

આપણે આપણા હૃદયપૂર્વકની બક્ષિસો આપવામાં અતિશય કંજુસાઇ કરીએ છીએ; પરંતુ ઇશ્વરે આપણને સ્નેહ આપ્યો છે તે એટલાજ માટે કે આપણે બીજાનું જીવન વધારે મધુર, વધારે સુખી, વધારે સરળ, વધારે પ્રામાણિક અને વધારે વિજયવંત બનાવી શકીએ. જ્યારે પણ આપણે બીજાને આપવાના સ્નેહમાં ઉણપ રાખીએ છીએ; જ્યારે પણ આપણે આપણા હૃદયમાંથી ઉભરાતા ઉત્સાહ, કદર, ધીરજ, પ્રેમ અને સાન્ત્વનના શબ્દોને ખાળી રાખીએ છીએ; અથવા જ્યારે પણ દયાનાં કાર્યોથી બીજાના જીવનને આપણે સહેલાહથી વધારે સુખી અને વધારે મધુર બનાવી શકીએ તેમ હોવા છતાં તેવાં કાર્ય આપણે નથી કરતા; ત્યારે આપણે અન્યાયજ કરીએ છીએ.

ભાર ઓછો કરે એવાં કાર્યોથી, ધૈર્ય અને બળ આપે તેવા શબ્દોથી, અને દુઃખ અર્ધું કરે તેવા સમભાવથી એકબીજાને સહાય કરવાની ઇશ્વરે આપણને શક્તિ આપી છે; પરંતુ બીજાને માટે પ્રાર્થના કરવાથી ત્હેમના જેવી સારી, સંગીન અને દિવ્ય સેવા કરી શકાય છે તેવી બીજી કોઇ પણ રીતે કરી શકાતી નથી.

એક રીતે આપણા હાથ ખરાબ છે; કેમકે કેટલીકવાર એ હાથોવડે આપણે જેમને સુખી કરી શકીએ અથવા બળ આપીને બળવાન બનાવી શકીએ તેમ હોય છે. ત્હેમને એ હાથો ઉલટા ઇજા પહોંચાડે છે; પરંતુ જ્યારે પ્રાર્થનારૂપે ઇશ્વરદ્વારા આપણે આપણા મિત્રને સહાય મોકલીએ છીએ ત્યારે તે સહાય પહોંચાડનારો ઇશ્વરનો હાથ એટલો બધો કોમળ અને પવિત્ર છે કે જે હાથવડે કદિ પણ કોઇનું અહિત તો ક્યાંથીજ થયું હોય, પણ અનંત કોટી પ્રાણીઓનું હિતજ થયું છે, થાય છે ને થશે.

નીચમાં નીચ પતિત જાતિના મનુષ્યને ત્યાં પણ જો ત્હમે ત્હેનું કલ્યાણ કરવાનો હેતુ અને દિવ્ય સ્નેહ રાખીને જશો તો તેથી ત્હમે ભ્રષ્ટ થવાના નથી. રક્તપીતીઆના દવાખાનામાં દાન આપનાર મનુષ્યની પેઠે દૂર ઉભા રહીને તેમના તરફ રોટલાનો ટુકડો ફેંકશો નહિ, અને કરેલા કાર્યથી જાણે શરમાતા હો તેવી રીતે ત્યાંથી ઉતાવળા ઉતાવળા નાસી જશો નહિ. દુષ્ટમાં દુષ્ટ માણસને ઘેર પણ જજો. ત્હેમના હાથ સાથે ત્હમારા હાથનું મિલન કરજો. ત્હેમને અડકવાથી ત્હમારો હાથ દોષિત બનશે નહિ. આ પ્રમાણે કરવાથી અત્યાર સુધી કોમળતા નહિ અનુભવેલી છતાં અનુકમ્પાને માટે તલસતાં હૃદયોમાં નવજીવનનો કેવો સંચાર થાય છે તે ત્હમે સ્હમજી શકશો નહિ. ત્હમારા દરેક દરેક કાર્યમાં ઉત્સાહ અને સહૃદયતા રેડો. એથી નિરૂત્સાહી અને કંટાળેલા હૃદયમાં કેટલી બધી આશા અને જીવનનો સંચાર થશે તે ત્હમે જાણી શકશો નહિ.

જેમનાં હૃદયોમાં દયાનો જુસ્સો ઉછળી રહ્યો છે ત્હેમને શાન્ત અને ચોક્કસ હેતુ વિનાની સેવા કરવાના ઘણા પ્રસંગ મળે છે. તારાના પ્રકાશ અથવા પુષ્પની સુવાસની માફક દેખાવ, શબ્દ, કાર્ય અને પદ્ધતિમાં અજાણપણે મૂર્તિમંત થએલી ઉંડા અને સાચા હૃદયની લાગણીનીજ એમાં આવશ્યકતા છે. અમુક વસ્તુઓ કહેવી, અમુક સુખ આપવું, અમુક અસર મૂકી જવી, એવા એવા હેતુથી બહાર જાય છે તેને નિષ્ફળતા મળવાનો સંભવ છે; પરંતુ જેનો આત્મા સ્વભાવથીજ સદ્વૃત્તિ, પવિત્રતા, અને સ્નેહથી ભરપૂર છે, જેનું હૃદય સર્વ સ્થળે સુખ વેરવાને ખરેખર ઉત્સુક છે, જેની ભાષામાં મૃદુતા, દયા અને શાન્તિની સુવાસ છે,

તે જ્યારે પણ ઘેર ઘેર વિચરે છે ત્યારે જરૂર પોતાની પાછળ દિવ્ય અસર દરેક ઘરમાં મૂકી જાય છે.

આપણે આ દુનિયામાં લેવા અને સંગ્રહ કરવા આવ્યા નથી, પરન્તુ આપવા અને વાવવા આવ્યા છીએ. બીજાની પાસેથી સેવા અને મહેમાનગીરી સ્વિકારવા નહિ, પરન્તુ માણસના ચારિત્ર અથવા આપણા પ્રત્યેના વર્તનની દરકાર કર્યા સિવાય સેવા કરવા આવ્યા છીએ. આથી દરેક માનવ જીવન અદ્‌ભુત પવિત્રતા પ્રાપ્ત કરે છે; આપણું અભિમાન દૂર થઇ પગ નીચે કચરાઇ જાય છે; ધિક્કારને સ્થાને અનુકંપા આવે છે; આપણા ઉગ્ર અને શાસક સ્વભાવને સ્થાને મૃદુતા દેખાય છે; મનુષ્યની અનીતિ તરફ ધિક્કાર થવાને બદલે આપણામાં દયા સ્ફુરે છે અને આપણું હૃદય ત્હેમને સુધારવાને અને સુખી કરવાને આતુર બને છે; તેથી આપણે મનુષ્યની નિર્દયતા અને અવિનયથી નહિ ઉશ્કેરાતાં ત્હેમના દોષો શાન્તિથી સહન કરીએ છીએ. ત્હેમનું ભલું કરવા ઇચ્છા રાખીએ છીએ, ત્હેમના કોઇ પણ કાર્યથી આપણો પ્રેમ તિરસ્કારરૂપ બનતો નથી અને ત્હેમની અવગણના, અપમાન અને નિર્દયતાને ગણકાર્યા સિવાય ત્હેમના હિતમાં આપણે પ્રવૃત્ત રહીએ છીએ.

જીવન પ્રવાસના શ્રમથી થાકી ગયેલાં અસંખ્ય સ્ત્રી પુરૂષો મૃત્યુ પ્રતિ પ્રયાણ કરી રહ્યાં છે, અને આપણી શક્તિ અનુસાર પ્રોત્સાહક વચનો અને બળ આપે તેવી સેવાઓની ત્હેમને હમણાંજ આવશ્યકતા છે. ત્હેમના મૃત્યુ પાછળ વેરવાનાં સુવાસિત પુષ્પોનો સંગ્રહ આપણે કરીએ છીએ, તો પછી આજે ત્હેમના જીવનકાળમાંજ તે પુષ્પો શા માટે વેરતા નથી?

મનુષ્યના હૃદયમાં અબોલ પડી રહેલા અને જીભના ટેરવાપર બોલું બોલું કરી રહેલા માયાળુ શબ્દો શ્રમિત પ્રવાસીઓના મૃત્યુ પાછળ તો તે જરૂર બોલશેજ; તો પછી આજે જ્યારે તે શબ્દોની તે પ્રવાસીઓને જરૂર છે અને ત્હેમનું શ્રવણ ત્હેમને માટે આનન્દજનક અને ઉપકારક થાય તેમ છે ત્યારે ત્હેમને શા માટે બ્હાર ન આવવા દેવા ?

દિવ્ય સેવાનો આદર્શ આપણે માટે વસ્તુસ્થિતિઓને સરળ બનાવવાનો નથી, પરન્તુ આપણને જ ત્હેમને માટે યોગ્ય બનાવવાનો છે. અન્યની સેવા કરવામાં આ દૈવી સિદ્ધાન્ત યાદ રાખવાની જરૂર છે.

બીજાને શકિતમાન બનાવવા કરતાં ત્હેનુ દુઃખ ઓછું કરવાનું કામ વધારે સ્હેલું છે; પરન્તુ ઘણી વાર "દુઃખમાંથી મુકિત અપાવવારૂપ સેવા", એ આપણે કરી શકીએ તેવી બીજી સેવાઓ કરતાં તદ્દન નજીવી છે. માણસ વધારે પવિત્ર, વધારે બળવાન, વધારે સદ્ગુણી અને વધારે હિંમતવાન બને તેમજ મુશ્કેલીઓને ઓળંગી શકે તે માટે "આન્તર સેવા" એજ શ્રેષ્ઠ છે.

કોઇએ કહ્યું છે કે, બીજાને સહાય કરવી તે આપણો સૌથી વધુ પવિત્ર હક્ક છે. પરંતુ ઘણાંખરાં મનુષ્યો માત્ર ભૌતિક બાબતોમાં સહાય આપી શકે તેમ છે; થોડાંક આપણી બાહ્ય ફરજોમાં સહાય આપી શકે તેમ છે; અને આપણા આન્તર જીવનનાં અત્યન્ત પવિત્ર કર્તવ્યોમાં સહાય કરી શકે તેવાં મનુષ્યો તો વિરલજ હોય છે.

સ્નેહ હંમેશાં દાતા છે. જે દાતા ન હોય તે સ્નેહી નથી. દાનથીજ સ્નેહ મપાય છે, અને તેથી અન્યની જરૂરીઆતો

આપણે માટે ઇશ્વરી આજ્ઞાઓ છે, અને ત્હેમનો આપણે નાફરમાન બન્યા વિના અનાદર કરી શકીએ તેમ નથી.

જીવનકલહમાં સૌથી વધુ જરૂરની વસ્તુ પ્રત્યક્ષ સહાય નથી, પરન્તુ પ્રોત્સાહન છે. એક બળતા ઘરની ઉંચી બારીએ એક બાળક જોવામાં આવ્યું હતું. વીર બંબાવાળાએ ત્હેને બચાવવા માટે એક નીસરણી ગોઠવી ત્હેનાપર તે ચઢયો. તે લગભગ બારીએ પહોંચ્યો ત્યારે એટલી બધી ગરમી લાગી કે ત્હેને ચકરી આવવાથી પાછું ફરવાનું મન થયું. એટલામાં નીચે ઉભા રહેલા ટોળામાંથી એક જણે ત્હેને પ્રોત્સાહન આપવા બૂમ પાડવા સૂચના કરી. તુરતજ મ્હોટો પ્રોત્સાહક અવાજ સંભળાયો અને એક પળમાં ભયમાં આવી પડેલા બાળકને ભયંકર મૃત્યુના પંઝામાંથી પોતાના હાથમાં બચાવી લીધું. ઘણાં મનુષ્યો મહાન્ પ્રયાસમાં મુંઝાઇ જઇ નિષ્ફળ થયા છે. ત્હેમને જો એકજ પ્રોત્સાહક શબ્દ કહેવામાં આવ્યો હત તો ત્હેમને મુશ્કેલી વટાવવાની શકિત મળી હોત. ત્હમારે મિત્ર મરણ પામે ત્યાં સુધી ત્હમારી કોમળતાની લાગણીને દંબાવી રાખશો નહિ. ત્હેમના જીવનમાંજ માધુર્ય રેડો. ત્હેમના કાન સાંભળતા હોય ત્યારેજ પ્રોત્સાહક અને કદર કરનારા શબ્દો બોલો. ત્હેમના મૃત્યુ પછી ત્હમે જે કહેવા માગતા હો તે ત્હેમના જીવતાંજ કહો. જો કોઇના ઉપદેશથી ત્હમને ફાયદો થયો હોય તો તે ઉપદેશકને તે વાત કરવાથી ત્હેને ફાયદો થશે. જો કોઇ તંત્રીએ ત્હમને પ્રિય લાગે તેવો સારો લેખ લખ્યો હોય તો ત્હેને આભાર દર્શક પત્ર લખશો તો બીજે અઠવાડિયે તે તેથી વધારે સારો લેખ લખી શકશે. જો ત્હમારા વાંચવામાં આવેલાં પુસ્તકથી ત્હમને લાભ થયો હોય તો ત્હેના કર્તાને ઉપકારની

લાગણી દર્શાવવાની ત્હમારી ફરજ નથી ? જો કોઇ થાકેલા, ત્યજાયલા અથવા કાર્યથી ક્ષીણ થયેલાની માહિતી ત્હમને મળે તે દેવદૂતો કરે છે તેવી રીતે ત્હેના જીવનમાં ઉત્સાહ અને તેજ રેડવાનો, ત્હેના તરફ સમભાવ દર્શાવવાનો; અને ત્હેના શિથિલ હસ્તમાં માનુષિક સ્નેહનો પ્યાલો મૂકવાનો પ્રયાસ કરવાનું કાર્ય ત્હમે નહિ કરો ?

આર્થિક સહાયથી આપણા જીવનને સરળ બનાવનારાઓ આપણા શ્રેષ્ઠ મિત્રો નથી, પરન્તુ આપણાં હૃદયમાં હિંમત શક્તિ અને દૃઢતા પ્રેરનારાઓજ આપણા ઉત્તમ મિત્રો છે. બહારના લાલન પાલનથી હજારો મનુષ્યોનાં જીવન ખીલતાં અટકી પડ્યાં છે. માતા પિતા ઘણીવાર પ્રેમના ઉમળકાથી દોરાઇ પોતાનાં બચ્ચાંઓને જોઇએ તે કરતાં વધારે સહાય આપવામાં ઘણું અહિત કરે છે. ત્હેમણે બાળકોને પોતાની મેળેજ પોતાનાં કાર્યો કરવા દેવાં જોઇએ. ત્હેમની મુશ્કેલીઓ, સ્વાર્પણ અને વિટંબનાઓને દૂર કરવાને બદલે બાળકોને ત્હેમની સ્હામા થતાં શીખવવું જોઇએ.

મિત્રો હંમેશાં હદ કરતાં વધારે સહાય આપવાનું ઇચ્છે છે; જ્યારે કોઇ મિત્ર મુશ્કેલીનો માર્યો આપણી પાસે આવે છે ત્યારે મિત્રભાવ એકદમ ત્હેની મુશ્કેલીને દૂર કરવાને આપણને પ્રેરે છે, પરન્તુ આપણી જાતેજ તે દૂર કરવાને બદલે આપણા મિત્રને દૂર કરતાં શીખવીએ તો હજારોગણું સારૂં છે.

જ્યારે આપણે સર્વ મનુષ્યો પ્રત્યે સાચા સ્નેહનું જીવન જીવીએ છીએ ત્યારેજ આપણા જીવનનો ઉદ્દેશ પાર પડે છે. આપણા સંબંધમાં આવતા દરેક મનુષ્ય માટે આપણી પાસે કંઇક સંદેશો છે. આપણને કોઇ કોઇ વાર મળનારને પણ આપણા મેળાપથી

લાભ થવો જોઇએ. આપણી અસર પહોંચી શકે એવા દરેક મનુષ્યને આપણાથી કંઇક ફાયદો થવો જોઇએ. જ્યારે જ્યારે **ઇશ્વર ગરીબ માણસને આપણી પાસે મોકલે ત્યારે ત્યારે તે આપણું કર્ત્તવ્ય આપણી સમક્ષ રજુ કરે છે અને** સૂચવે છે કે ત્હેનું દુઃખ ઓછું કરવાને માટે આપણે શું કરી શકીએ તેમ છીએ. દુનિયા દુઃખથી ભરપૂર છે, અને આપણને આશ્વાસન આપવાને માટે અહીં મોકલ્યા છે. **બીજી સર્વ કળાઓ કરતાં આશ્વાસન આપવાની કળા આપણે અતિશય ગંભીરતાથી શીખવી જોઇએ.**

જો કે દાન, અનુગ્રહ અથવા સત્કાર્ય એકનું એકજ હોવા છતાં લોકોની દાન આપવાની પદ્ધતિમાંજ ફેર છે. એક જણ ફક્ત **દાન જ આપે છે. બીજો** (ઉચ્ચ ભાવના અને મિષ્ટ વાણીરૂપે) **પોતાની જાતને પણ દાનમાં સાથે આપે છે.** કેટલાંક પુષ્પો સુન્દર હોય છે, પણ સુગન્ધી હોતી નથી; પરન્તુ જે પુષ્પોમાં સૌન્દર્ય અને સુગન્ધિ હોય છે તે વધારે સારાં છે. **આપણે દાનની સાથે આપણી પોતાની જાતને પણ આપવી જોઇએ.** આપણા દરેક પરોપકારી કાર્યમાં આપણા જીવનનો પણ કેટલોક ભાગ ખર્ચાવો જોઇએ.

હસ્તમિલાપમાં, આવકાર દેવામાં, સાધારણ વાતચીતમાં, રસ્તે જતા આપણા મુખપર ધારણ કરેલા ભાવમાં અને થાકથી ઢળી પડેલાને પ્રોત્સાહન આપવામાં પણ પ્રબળ સેવા સમાયલી છે. તોફાની દરિયાપર ઝળહળી રહેલી ચાંદની જોકે તોફાનને અટકાવી નથી શકતી, પરન્તુ ત્હેને સુન્દર તો બનાવે છે. રસ્તે કોઇ માણસને મળવું, ત્હેની સાથે ચાલવું અને આનન્દી ચહેરે કેમ

છે ? એમ કહેવું. એ સાંભળવાથી કોઇ માણસનો આખો દિવસ આનન્દમાં જાય છે. બીજાના વિરોધી બનવું, એ શબ લઇ જવાના પ્રસંગે રડતા કકળતા માણસોને મળવા જેટલું ખેદજનક છે. આનન્દી માણસ ગાનના સુર પેઠે આનંદ ફેલાવે છે. આ પ્રમાણે આપણુ દરેકને માટે પરોપકારનો કેવો અદ્દ્ભુત માર્ગ ખુલ્લો બની જાય છે.

જે. આર. મિલર.

કોઇ પણ આદમી જ્યારે પોતાના સ્વાર્થને બદલે સમાજનું હિત વિચારે છે ત્યારેજ તે સાચો મનુષ્ય બને છે. ઇનામની પ્રાપ્તિ અથવા સજામાંથી મુક્તિને બદલે આવી ઉન્નત અને સંપૂર્ણ ઉદાર ભાવનાજ આપણાં લક્ષમાં નિરંતર રાખવાની છે.

એફ. ડિ. મૉરિસ.

દરેક સુકૃત્ય અથવા દુષ્કૃત્યનાં બે પરિણામ આવે છે. એક જગતપર અને બીજું કરનારની આન્તરવૃત્તિ અથવા સ્વભાવ પર જેમકે કોઇ એક યોગ્ય પાત્ર પ્રત્યે કરાયલું પરોપકારી કાર્ય બહાર જઇને બીજાઓનું દુઃખ પણ નિવારે છે અને કરનારના હૃદયમાં પ્રવેશીને તેના દયાળુ સ્વભાવ અથવા ટેવને બળવાન પણ બનાવે છે.

જે. માર્ટિનો.

"મનુષ્ય પોતેજ પોતાના ભાગ્યનો વિધાતા છે." જીવનનો ખરો ઉદ્દેશ સેવા છે; સેવાનો આધાર ઇચ્છાના બળપર છે;

કાયદા બાંધનાર કુદરત છે, અને તે આપણને ન્યાયી, સબળ, પવિત્ર અને આપણા બન્ધુઓ પ્રત્યે પરોપકારી થવાની આપણા અંતઃકરણદ્વારાજ આજ્ઞા કરે છે.

કુટુમ્બનાં સર્વ માણસોને સુખ અને આનંદ આપનારી માતાના કરતાં વધારે સુંદર દશ્ય ફક્ત એકજ છે, અને તે એક કુમારિકા છે, કે જે પોતાનો પરિવાર ન છતાં પણ પોતાના પરિચયમાં આવનાર ઘર કે બહારના દરેક મનુષ્યને સુખ અને દિલાસો આપવામાં, અને સર્વના હૃદયમાં સ્થાન મેળવવામાંજ પોતાનું જીવન નિર્ગમે છે. જો કે ત્હેને હજી પત્ની અને માતા બનવાનો લ્હાવો મળ્યો નથી, છતાં પત્ની અને માતૃત્વમાં વસેલી સર્વથી પવિત્રમાં પવિત્ર વસ્તુ ત્હેને મળી છે.

સહાય ન મેળવી શકાય એવા કેટલાક પ્રસંગો હોય છે પરંતુ સહાય ન આપી શકાય તેવો તો એકે પ્રસંગ નથી.

જ્યૉર્જ એસ. મેરીઅમ.

સાચી ઉદારતાવાળો માણસ પોતાની સહાય વધારેમાં વધારે ફળપ્રદ કેવી રીતે નિવડે ત્હેનો અભ્યાસ પણ જરૂર કરશે.

મેહ્મોથ.

સેવાનો આધાર પૈસાપર નથી, પરન્તુ હૃદય અને ઇચ્છાપર છે

હ્યાના મોર.

પૃથ્વીપર જે દુઃખ છે તેમાંનું ઘણું ખરૂં તો માનવ કૃતજ્ છે. માટે માણસો જો એક બીજાના હિતને માટે કામ કરે તો એમાનું કેટલું બધું કષ્ટ તેમનાથી દૂર થઇ શકે ?

જો આપણાં દરરોજના વ્યવહારમાં અને વાતચીતમાં આપણે આપણાં મિત્રોને છેવટની શય્યા ઉપર સૂતેલા ધારતા હોઇએ તો આપણે કેટલો ભિન્ન અભિપ્રાય ત્હેમના વિષે તે વખતે બાંધીએ અને ત્હેમના પ્રત્યે કેવું રૂડું વર્તન રાખીએ ! તે વખતે ત્હેની થઈ ગયેલી બધી ભુલો મનુષ્યસ્વભાવ પ્રમાણે આપણા મનમાંથી વિસારે પડે છે, અને આપણી દૃષ્ટિ આગળ માત્ર તે મનુષ્યની ભલાઇ, નિસ્વાર્થતા અને પ્રેમજ ખડાં થાય છે, અને આપણુને પશ્ચાતાપ થાય છે કે ત્હેના પ્રેમનો બદલો આપવાને આપણાથી કેટલું બધું વધારે કરી શકાત ? મૃત્યુને આપણે હર ઘડીએ ભુલી જઇએ છીએ એ વિચિત્ર છે. આપણે દરરોજ મરતા જઇએ છીએ અને જેને આપણે આયુષ્ય કહીએ છીએ તે વાસ્તવિક રીતે મૃત્યુજ છે. **મૃત્યુ તે ઉચ્ચતર** જીવનની શરુઆતજ છે; એ સંબંધી આપણે કેટલો બધો ઓછો વિચાર કરીએ છીએ ? આવા વિચારથી આપણી જીંદગી નિસ્તેજ નહિ પરંતુ વધારે સતેજ બનવી જોઇએ. જેને આપણે સર્વસ્વ માની બેઠા છીએ તે બધી બાબતો કેટલી નજીવી અને છેવટે જ્યાંની ત્યાં રહેવાવાળી છે તેના વિચાર આવવા જોઇએ. જો આપણે એટલુંજ વિચારીએ કે સવારે આપણા મિત્રોને કે આપણુને, કંઇ નહિ તો થોડા વખત માટે પણ આ જગમાંથી દૂર કરવામાં આવે, તો જેને આપણે અસહ્ય દુઃખ ગણીએ છીએ તે કેટલાં બધાં સહી શકીએ ? તમારે મૃત્યુ સંબંધી ચિંતન કરવું જોઇએ. જેને ત્હમે તમારૂં

પોતાનું ગણો છો તે ત્હમને માત્ર ઉછીતુંજ આપવામાં આવ્યું છે; એમ ત્હમને લાગવું જોઇએ; અને આ ટુંકી સફરમાં જે ભલું કાર્ય કર્યું હોય તે તથા પ્રભુએ આપણને મહાન્ હેતુસર આપેલાં અને આપણા સંબંધમાં આણેલાં માણસો તરફ નિઃસ્વાર્થ સાચો સ્નેહ, એજ આપણને ખરૂં સુખ આપનાર હોઇને આપણી સાથે રહેવાનું છે.

મેકસમૂલર.

બીજાઓના દુઃખ દુર કરો, એટલે ત્હમારાં પોતાનાં દુર થશે. બીજાઓની ચિંતા ત્હમારા હ્રદયમાં રાખો અને ત્હમારી અંગત ચિંતા પ્રભુ પોતે રાખશે.

જો ત્હારો બંધુ વિપથ ગયો હોય તો પર્વતની ટોચ જેટલી ત્હારી ઉચ્ચ સ્થિતિએ રહી ત્હેની સાથે વાત કરતો નહિ પરંતુ ત્હેની પોતાની ખીણમાં તેને મળવા તું નીચે ઉતર અને નીચે જઇને ત્હેને કહે કે તું અને હું બન્ને એકજ છીએ અને ત્હારા પતનવડે હું ઉપરી બન્યો નથી. **ઉદ્ધાર કરવાને નીચે ઉતર અને નમ્રભાવથી ત્હેનો ઉદ્ધાર કર.** ઉન્નતિના શિખરપરથી નહિ પણ સામાન્ય અને પરિચિત નિર્બળતાની સપાટી ઉપર રહી તેનો ઉદ્ધાર કર.

લોભ, એ સ્વસ્નેહ છે, અને ત્હેનું રહસ્ય "સંગ્રહ" છે. પ્રભુ સર્વત્ર દયા વેરે છે અને લોભ સુવર્ણ સંઘરે છે. પ્રભુનું જીવન પોતાને માટે નથી ને લોભનું બીજાને માટે નથી.

જ્યોર્જ મેથેસન.

કોઇ પણ સ્ત્રી કે પુરૂષના જીવનને, આનંદની સુરખીનો સ્પર્શ કરાવી શકું તો મ્હેં પ્રભુ સાથે કામ કર્યું છે એમ મ્હને લાગશે.

અખિલ વિશ્વ એ પ્રભુનું મંદિર છે. સેવા એ ત્હેની પૂજા છે. અત્યંત સામાન્ય સેવા એ પણ દિવ્ય પૂજા છે.

રત્ન અથવા પુષ્પને બદલે મિત્રના હૃદયને સુંદર વિચારની ભેટ ધરજો.

લોકોને પૈસા, અન્ન વગેરે પુષ્કળ આપવું એ ત્હેમને ખરાબ કરવાનોજ એક રસ્તો છે. ત્હેમને ભલાં બનાવવાનો ઉત્તમ તો એકજ રસ્તો છે અને તે જાતે ભલા થવું એજ છે.

માણસ માણસને સહાય આપી શકે. માણસ સિવાયના માત્ર પૈસા કાંઇ પણ કરી શકે નહિ, ઉલટું તેથી અહિત થવાનો સંભવ વધારે છે.

જ્યોર્જ મેકડોનલ્ડ.

અજ્ઞાન પુરૂષો ભલે આરોપ મૂકે અથવા દ્વેષીઓ ભલે તિરસ્કાર કરે, પરન્તુ મનુષ્ય જાતિ તરફ સ્નેહ ધરનારાઓ ત્હેમનાથી કદિ ડરશે નહિ જેઓના આત્મામાં સ્નેહ છે અને તે દિન પ્રતિદિન બળવત્તર બને છે ત્હેમને વધુ સમય સહન કરવું પડશે નહિ.

જેઓ બીજાના કલ્યાણને માટે દુઃખ સહન કરે છે અને અંતે પ્રાણનો પણ ત્યાગ કરે છે તેઓ ઇશ્વર સમાન છે.

લુઈ મોરીસ.

બીજાની મુકિતને માટે શ્રમ લીધા સિવાય બીજી કોઈ રીતે કોઇ પણ મનુષ્ય મુકિત મેળવી શકશે નહિ.

ગમે તે પ્રયત્ન કોઇ પણ સદ્‌વિચાર અથવા શુભેચ્છાને કાર્યમાં ઉતારવા પ્રયાસ કરીએ નહિ તો આપણે પાપી બનીએ છીએ.

મેઝીની.

મહાન્ કાર્ય કરવાની તક શોધતા બેસી રહેશો નહિ, ત્હમારૂં બધુંએ જીવન તે પ્રસંગની રાહ જોવામાં વ્યતીત થઇ જશે અને છતાં તે તક નહિ આવે. ઇશ્વરની પ્રસન્નતા સંપાદન કરવાને અને મનુષ્યોનું કલ્યાણ કરવાને માટે જે ન્હાની ન્હાની તકો મળી આવે ત્હેનો પણ લાભ લ્યો. મોટા માણસ બનીને તેવીજ કોટીના અનેક પ્રતિસ્પર્ધીઓની વચ્ચે મહા પરાક્રમનાં જાહેર કાર્યો કરવાં ત્હેના કરતાં ગુપ્તપણે ન્હાનાં કાર્યોમાં પ્રવૃત્ત રહેવું એમાં વધારે મુશ્કેલી અને પરાક્રમ છે.

પ્રાપ્ત સ્થિતિમાં પ્રમાણિકપણે કર્તવ્યો બજાવવાં; પ્રાપ્ત સાધનોનો સેવામાં સંપૂર્ણ રીતે ઉપયોગ કરવો; ધર્મવીરો પેઠે અતિશય પીડા અને રોષ સહન કરવાં; ત્હમને પીડતા પુરૂષોના ઉચ્ચ ગુણ શોધી કાઢવા; નિર્દય કાર્યો અને શબ્દોનો પણ સારામાં સારો સાર લેવો; કૃતઘ્ન અને દુષ્ટ પુરુષોને ચ્હાવું અને આ બધું માણસની પ્રશંસા માટે નહિ, પરન્તુ ઇશ્વરની ખાતર હમ્મેશાં કરવું એજ મહાન્ જીવન છે.

એફ. બી. મેયર.

સમભાવની દૃષ્ટિ, દેવદૂતોજ સાંભળી શકે એટલે ધીમેથી બોલાયલાં દયાનાં વચનો, અને માણસોથી ગુપ્ત, પણ દેવદૂતોની આંખે નિહાળેલાં શુદ્ધ સ્વાર્પણનાં કાર્યો કદિ પણ વ્યર્થ જતાં નથી.

પરમાર્થને ખાતર યોજેલી કોઇ પણ દયાની યોજના અને કોઇ વિપથગામીને પાપના રસ્તામાંથી પુણ્ય માર્ગે વાળવા નાખેલી સાનુકંપ દૃષ્ટિ વ્યર્થ જતી નથી.

હે ઇશ્વર ! ઉપરોકત વસ્તુઓ કદિ વ્યર્થ જતી નથી, કારણ કે અમે પોતેજ ભૂતકાળને સ્વર્ગીય દુનીયામાં વધારે તેજસ્વી જોઇશું; અને આ દુનીઆમાં લાંબા વખત સુધી અમારી દૃષ્ટિએ નહિ પડેલી વસ્તુઓ તું અમને દર્શાવીશ અને અમે ખરેખર ત્હેમને જોઇશું, તેથી અમને શ્રદ્ધા છે કે કોઇ પણ સત્કાર્ય વ્યર્થ જતું નથી.

મેટકાફ.

માનવજીવન ક્ષુદ્ર દેખાતી વસ્તુઓનુંજ બનેલું છે, અને આપણા દોષોથીજ આપણાં અર્ધાં દુઃખ ઉદ્દભવેલાં છે; કારણ કે જીવનના શ્રેષ્ઠ આનંદો શાંતિ અને સદ્દગુણમાંજ રહેલા છે. ધન વૈભવમાં નહિ. ઉદ્ધાર અથવા સેવા થોડાઓજ કરી શકે છે, પણ સામાને ખુશી તો સર્વ કોઇ કરી શકે તેમ છે; માટે કઠોર સ્વભાવવાળાએ પ્રથમથીજ શીખવું જોઇએ કે સહજ પણ નિર્દયતા એ મહાન્ અપરાધ છે, અને મોટા મોટાં ધનદાન કરવાની ઇચ્છા વ્યર્થ છે.

બીજાઓને દુઃખ દેવાના અપરાધમાંથી સર્વ બચી શકે તેમ છે. મનુષ્યજાતિને પૈસાના વર્ષાદથી સુખી કરવાનું, ત્હેમને સત્તા,

અથવા આરોગ્યથી વિભૂષિત કરવાનું, આપણા ટુંકા ભાગ્યમાં નથી; પરન્તુ ઇશ્વરે સર્વને ખુશ કરવાની શકિત આપી છે.

બીજાના દોષો પ્રતિ ક્ષમા દષ્ટિ રાખવાને અને દુઃખકારક શબ્દ મનમાં ઉદ્દ્ભવતાંનીજ સાથે દબાવવાને આજ્ઞા કરવામાં આવી છે.

એચ. મોર.

નૈતિક આરોગ્ય અને વ્યાધિ, બનેના જંતુઓ આપણામાંથી નિરંતર નીકળતા રહીને આપણી આસપાસનાં મનુષ્યોને સારો અથવા નરસો ચેપ લગાડતા રહે છે.

કેનન મેકકોલ.

જીવન ક્ષણભંગુર છે, અને કર્તવ્યોની સીમા નથી, પરંતુ ત્હમે ત્હમારાં કુટુંબને નિયમિત બનાવેલાં છે ? ત્હમારાં બાળકોને શિક્ષણ આપ્યું છે ? દુઃખીને સુખી કર્યાં છે ? ગરીબની મુલાકાત લીધી છે ? અને પ્રાર્થનાનું કામ કરી લીધું છે ?

જે દયા પૂર્ણ તપાસ કર્યા સિવાય કદિ સહાય આપતી નથી અને જે ખરી જરૂરીઆતોનો પણ વિશ્વાસ રાખતી નથી તેને હું જરા પણ ઇચ્છતો નથી.

મેસીલોન.

જગતમાં જે જે કંઇ ઉચ્ચ છે, જે કંઇ સારૂં છે, ઉપયોગી છે, અને ભૂષણરૂપ છે, તે સર્વ સ્વાર્પણથીજં થયું છે.

વ્હાઇટ મેલવિલ.

કોઇ દુઃખી હોય ત્યાં સુધી સ્નેહને સંતોષ નથી અને કોઇ પાપ કરતું હોય ત્યાં સુધી સ્નેહ નિવૃત્ત થતો નથી.

એ. મેકેનલ.

પોતાની જાતને ખાતરજ જીવવું એ ખરૂં જીવન નથી, પરસ્પર સહાય આપવીજ જોઇએ.

મીનેન્ડર.

જ્યારે ત્હમે કોઇને સહાય આપવા ઇચ્છતા હો ત્યારે ત્હમે ત્હેની સાથે વાત કરતાં યાદ રાખજો કે જેટલા પ્રમાણમાં ત્હમે ત્હમારી જાતને વિસરશો તેટલા પ્રમાણમાં ત્હમે ત્હેને વધારે સારી રીતે સહાય કરી શકશો.

મોન્સેલ.

આપણને જીવન આપવામાં આવ્યું છે તે આળસુ અને નિરર્થક વિચારોને માટે નહિ, પરંતુ શુભ કાર્યોને માટે છે. આપણને આવતા મ્હોટા મ્હોટા સારા સારા વિચારોથી નહિ, પણ આપણે કરેલાં સત્કાર્યથીજ આપણી કિંમત જગતમાં તેમ પ્રભુને ત્યાં અંકાવાની છે. ઇશ્વર ફક્ત પ્રાર્થનાનીજ દરકાર કરે છે એમ માનનારા મ્હોટી ભૂલ કરે છે.

ઇ. એલ. મેગુન.

દરેક માણસ પોતાના ધારવા કરતાં દુનિયાના કાર્યને વધારે મદદ આપી શકે. આપણામાં આપણું કર્ત્તવ્ય પારખવાની શક્તિ અને તે કર્તવ્ય ગમે તેવું હલકું જણાય તોપણ તેને ઉપાડી લેવાની નમ્રતા, ઇશ્વરની ખાતરં તે કાર્ય કરવાની શ્રદ્ધા અને મૃત્યુપર્યંત ત્હેને વળગી રહેવાની ખંત હોવી જોઇએ.

નોરમન મેક કલાઉડ.

આપણી સર્વ ચિંતા આપણા મિત્રો પ્રત્યેના સ્નેહને વધારે વહેતો બનાવવાની હોવી જોઇએ. ઉંચા પર્વતપરથી વહેતા ઝરણા-માંથી લીધેલો આવા સ્નેહનો એક પ્યાલો સામાન્ય ઉદારતાના ચોતરફથી બંધાઈ રહેલા કુંડના સો પ્યાલા જેટલો મૂલ્યવાન્ છે.

મેટરલીન્ક.

જીવન વા મૃત્યુમાં "સેવા" એજ આપણો ઉદ્દેશ છે, તેથી જીંદગીમાં જીવતાઓની સેવા કરવી અને આનન્દથી સહન કરવું એજ મ્હને પ્રિય હોવું જોઇએ. જ્યાં મ્હને સેવા કરવાની તક હોય ત્યાં મ્હને મ્હારૂં પોતાનું ઘર લાગશે.

જ્યોર્જ મેરીડીથ.

જેને આપણે મહાન કાર્યો કહીએ છીએ ત્હેનેજ ઇશ્વરના દરબારમાં ઉચ્ચપદ મળતું હોય એમ નથી. રત્નજડિત સુવર્ણના પ્યાલામાં રહેલા થોડાક સુગંધી જળ કરતાં શીતળ જળથી છલકાતા સામાન્ય પ્યાલાની ત્યાં વધારે કિંમત અંકાશે.

એકલેસ્ન.

આ દુનિયામાં સેવા કરવાના પ્રસંગોની ખોટ નથી, પરંતુ આપણા મોહને લીધેજ મધ મેળવવાને ફૂલને અડકવા જતાં આપણને કાંટા ભોંકાય છે.

એસી.

વિરલ વસ્તુઓના દાનથીજ મનુષ્યો સુખી થાય છે એમ નથી; સામાન્ય સાદું અને સર્વસાધારણ દાન, આરોગ્ય, પ્રભાતના સૂર્યની ઝાંખી, તાજી હવા, મિત્ર, સ્નેહી, રસ્તે આપણા પ્રત્યે દર્શાવવામાં આવતું માયાળુપણું, એક શબ્દ, એક હાસ્ય અને એક સ્નેભરી દષ્ટિ, એજ મનુષ્યોને સુખી બનાવવાના ગુપ્ત માર્ગ છે; અને નહિ કે કોઇ વિરલ વસ્તુનું દાન.

જી. એસ. મોરીસન.

જીવન વર્ષોથી મપાતું નથી. ખાવું, પીવું, ઉંઘવું, અંધકાર અથવા પ્રકાશમાં પડી રહેવું, પ્રવૃત્તિની ઘરેડમાં ફરી દ્રવ્યનાં ચક્રો ફેરવવાં, બુદ્ધિને ફક્ત હીસાબમાંજ રોકવી, અને વ્યાપારની વૃદ્ધિનાજ વિચાર કરવા. એ કાંઇ જીવન નથી. આ સર્વમાં એકજ પ્રકારની માનુષિક ભાવના જાગૃત હોય છે, અને જીવનને સર્વથી વધારે મૂલ્યવાન્ બનાવનાર વૃત્તિઓ ત્યાં સુધી નિદ્રિત હોય છે. જ્ઞાન, સત્ય, સ્નેહ, સૌંદર્ય, સદ્વૃત્તિ, ઇશ્વર ઉપર આસ્થા, આજ સર્વ જીવનયંત્રમાં શક્તિ પ્રેરે છે.

મીસ માર્ટિનો.

જેમ જેમ જનસમૂહની વધારે સેવા કરીએ છીએ તેમ તેમ ન્હેનાં વધારે મિષ્ટ ફળ આવે છે.

મિલ્ટન.

રસ્તાની પેલી મેર આવેલા પર્વતની કાળી બાજુ સામે લાલ પ્રકાશ ચળકી રહ્યો હતો. મુસાફરને માર્ગ દર્શાવવા સારૂ એક નોકર તેની સાથે મશાલ લઇને ચાલતો હતો. જેમ જેમ તે તેજ આગળ ચાલ્યું તેમ તેમ તે આગિયાની માફક ચળકવા અને ઉંચું નીચું થઇ નૃત્ય કરવા લાગ્યું. પછી તે વાંકે માર્ગે વળતાં અદૃશ્ય થયું અને નજરે પડયું નહિ. ગિરિના દેવતાએ મારી પાસે આવીને ધીમેથી કાનમાં કહ્યું કે,

" જીવન પણ પેલી મશાલના જેવુંજ છે, માનવદેહમાં તે થોડા સમય સુધી પ્રકાશે છે, પછી ઇશ્વરની પરિચારિકા ભાગ્યદેવી તેને ઉપાડી લઇ પર્વતની પેલી બાજુએ લઇ જાય છે અને તે અદૃશ્ય થાય છે. પરન્તુ એટલું તો યાદ રાખ કે " મૃત્યુ એ જીવનને વળવાના માર્ગ સિવાય અન્ય કાંઇ જ નથી." જીવનનો અગ્નિ તો પહેલાંની માફક બળ્યાજ જ કરે છે, પરન્તુ મૃત્યુરૂપી પર્વત આપણી દૃષ્ટિથી તેના પ્રકાશને ઢાંકી દે છે, અને આપણે ભૂલથી તેને નષ્ટ થયેલો માનીએ છીએ. રસ્તો લાંબો અને વિકટ છે, તે ગોળ ને ગોળ ચકરાવો લે છે, અને સર્વના સ્રષ્ટા ઇશ્વરના નિવાસસ્થાને ધીમે ધીમે પહોંચી જાય છે. આપણે જો સબુરી રાખી શકીએ તો આપણને જણાશે કે નસીબદેવી પાછી આત્માના તે પ્રકાશને પ્રથમની માફક જ ઝળકતો રાખી ટેકરીની આ બાજુએ ઉચ્ચ શિખરપર ઝુલે છે, અને જેવી રીતે પરિચારક અન્ય

મનુષ્યોની પરિચર્યા કરવાને દીવો લઇ આગળ ચાલે છે તેવી રીતે ઇશ્વર આપણા જીવન અગ્નિને ભાગ્યદેવીના હાથમાં સોંપે છે. "

સેવાને માટે જ આપણને જન્મ આપ્યો છે. સેવા અર્થે જ સચેત પ્રાણીઓની સાથે આપણને રાખવામાં આવે છે.

જો આપણું જીવન આપણે પવિત્ર અને તેજસ્વી રાખેલું હોય છે તો તે વિશ્વની ભૂલભૂલામણીમાં ગુંચવાતા ઘણાક જીવોને માટે માર્ગદર્શક થાય છે; પરન્તુ જો આપણે તેને સ્વચ્છ અને ચકચકીત રાખવામાં, તેમાં આધ્યાત્મિક તેલ પૂરવામાં, અને તેની બત્તી સાફ રાખવામાં બેદરકાર રહીશું તો આપણા જીવનની ચિમની વિકારોરૂપી ધૂમાડાથી ઝાંખી પડશે અને જીવનની જ્યોતિ પવનના સપાટાથી અસ્થિર બની બુઝાઇ જશે, અને અન્યને માર્ગદર્શક બનવાનું જે કાર્ય આપણને સોંપવામાં આવેલું છે ત્હેમાં આપણે નિષ્ફળ નિવડીશું એટલું જ નહિ પરન્તુ આપણે પોતે જ અવળે માર્ગે ચડી જઇશું. અને સૂકાં હાડકાની ખીણમાં સત્વ-વિનાના નિરર્થક કચરાની પેઠે નાશ પામીશું.

મિસિસ સેઇન્ટ નીહાલસિંહ.

સાચો સમભાવ હમ્મેશાં પવિત્ર કરે છે, તે ઉત્સાહ રેડે છે, તેની મદદવડે આપણે સત્ય વસ્તુઓ જોઇ શકીએ છીએ, તે શાન્તિ આપે છે, બળ આપે છે, અને મનુષ્યને ઉન્નત બનાવી ઇશ્વરની વધારે નજીક લઈ જાય છે. તે દુષ્ટ વૃત્તિઓને નિદ્રાવસ્થામાં નાખી પવિત્ર લાગણીઓને જાગૃત કરે છે. તે મનુષ્યમાં રહેલી કુવૃત્તિઓને બદલે સુવૃત્તિઓનેજ ઉત્તેજીત કરે છે. તેની અંદર

સ્વર્ગીય સ્નેહનો પ્રવાહ વહે છે, તેનાથી કદિ અપલક્ષણની વૃદ્ધિ થતી નથી, તેનાથી નીચ માર્ગને ઉત્તેજન મળતું નથી, તે ક્રોધને શાન્ત કરે છે, દુઃખી હૃદયને વિશ્રાન્તિ આપે છે અને દુઃખ દૂર કરે છે, તેનાથી મનુષ્ય નીચતાને ધિક્કારે છે અને ઉચ્ચ સદ્દવસ્તુઓને ચાહે છે, તે મનુષ્યને પરસ્પર મિત્રો બનાવે છે કે જે પદ આકાશના તારા કરતાં પણ ઉચ્ચતર છે. અન્ન કરતાં તે વધારે સ્વાદિષ્ટ છે, પ્રકાશ કરતાં તે વધારે આલ્હાદક છે, પુષ્પો કરતાં તે વધારે સુવાસિત છે અને સંગીત કરતાં તે વધારે મધુર છે.

એફ. એ. નોબલ.

માનવહૃદય એવું બનાવેલું છે કે ત્હેનો વ્યય કરવાથીજ તે સંપૂર્ણ બને છે. સેવા કરવાથી આપણે અધિકાર ચલાવીએ છીએ. જે આપણે દાનમાં આપીએ છીએ તે આપણી પાસેજ છે. આપણે બીજાના સેવક બનવાથીજ તેમના ઉપર વિજયી બનીએ છીએ.સ્વાર્થને વિસરતાંની સાથેજ આપણે ઉન્નતપદ પામીએ છીએ.

જે. એચ. ન્યૂમેન.

એકનું વાવેલું બીજો લણે છે, આપણે વાવીએ છીએ અને આપણા વંશજો ફળ ભોગવે છે. આ કહેવત કેટલેક અંશે ઠીક છે, પરંતુ તે સર્વાંશે સત્ય નથી. જરા ઉંડાણથી જોતાં આપણને જણાશે કે આપણે વધારે શ્રમ લઇ વાવ્યું નહિ માટેજ આપણા સુખમાં ન્યૂનતા છે.

ડબ્લ્યુ. રૉબર્ટસન નિકોલ.

નહિ ઉચ્ચારાયલા શબ્દો ખાણુમાં પડી રહેલા ખજાનાની પેઠે જ્યાં સુધી આપણે ત્હેમને ભાષામાં ઉતારીએ નહિ ત્યાં સુધી નિરર્થક છે. ઇશ્વરે એમને પૃથ્વીને સુશોભિત અને સુખી બનાવવા માટે બનાવ્યા છે, પરન્તુ જ્યાં સુધી એ ગુપ્ત રહે છે ત્યાં સુધી તે માત્ર ખાણુમાં રહેલા સુવર્ણ જેવાજ છે. સુંદર વીણાને છેડવા છતાં તેમાંથી બીલકુલ સૂર ન નીકળે એ કેવો ખેદજનક દેખાવ છે! માયાળુ હૃદયના તાર છેડાયા છતાં મૌન ધારણ કરી રાખે એ ત્હેના કરતાં પણ વધારે દુઃખજનક છે; માટે આત્મામાંથી ઉપડતા મધુર ગાનને—સ્નેહ ભર્યા સમભાવને ગુપ્ત રાખીશ નહિ; પરન્તુ ત્હેને વહેતી નદીની પેઠે શુષ્ક અને દુઃખી હૃદયો પ્રતિ વહેવા દે. અરે, માયાળુ શબ્દો ગરીબ, મિત્રવિનાના, અને નિર્બળ પ્રત્યે ઉચ્ચાર. ઇશ્વર ત્હને સુખી બનાવશે, અને જેવી રીતે ત્હારા હૃદયના તારોને ત્હેણે બીજાઓનાં સુખ માટે છેડ્યા છે, તેવીજ રીતે ત્હને જરૂર પડયે બીજાના હૃદયના મધુર તારોને પણ તે ત્હારે માટે છેડશે.

જે. ઓરીલી.

એ તો સત્ય જ છે કે ભલાં કાર્ય કરવાની શકિત અને તેનો વિસ્તાર માણસના પોતાના ચારિત્રપરજ આધાર રાખે છે, માત્ર વાણી કે બુદ્ધિના ઝળકાટ અથવા ચાલાકીથી ચારિત્રના દોષ ઢાંકયા રહેતા નથી.

પેજંટ.

જો જાતે દુઃખી થઇને, હદ ઉપરાંત કામ અને ચિંતા કરીને પણ હું મ્હારી આસપાસનાંને વધારે સુખી ન બનાવી શકું તો હું મ્હારી જાતને શોકપૂર્ણ શબ્દોમાં પૂછી શકુ, કે શું આ જીવન જીવવા જેવું છે? જો હું બીજાને વધારે સુખી બનાવવામાં નિષ્ફળ નિવડું અને ભાવી જમાનાને શોક અને દુઃખ આપું તો એ પ્રશ્ન પૂછવા ઉપરાંત દુઃખથી તેનો ઉત્તર પણ આપી શકું કે એવું જીવન જીવવા જેવુંજ નથી. જો હું અન્યનાં દુઃખ ઓછાં કરવામાં મદદ આપી શકું અને મ્હારી આસપાસનાં મનુષ્યોને વધારે સુખી કરી શકું, તો એ પ્રશ્નનો જવાબ આનન્દથી અને હસતે ચ્હેરે આપી શકું કે જીવન સારી રીતે જીવવા જેવું છે.

એક ન્હાની વાદળી પણ સૂર્યને ઢાંકી શકે છે, એકજ સેર તુટવાથી તેમાં પરોવાયલાં બધાંજ અમૂલ્ય મોતી વિખરાઇ જાય છે, એક જ વિચારથી આત્મા ભ્રષ્ટ થઇ જાય છે અને એકજ વચનથી હૃદયને સખ્ત આઘાત લાગે છે; માટે ત્હારા હૃદયની શ્રેષ્ઠ વિભૂતિઓનુંજ દાન કર, સુન્દર કુદરતમાંથી શિક્ષણ લઇને ત્હારામાં રહેલી શ્રેષ્ઠ વસ્તુઓ આપ, અને તેના બદલાની આશા રાખ નહિ. ત્હારા અલ્પ સંચયમાંથી જેટલું પણ વધારે આપીશ, તેથી અનેકગણું ઇશ્વર ત્હને આપશે.

એ. એ. પ્રોકટર.

દયાના આવરણ નીચે ગુપ્ત રહેલા સ્વાર્થથી આપણે માનીએ છીએ કે આપણે ઇશ્વરની સેવા કરીએ છીએ; પરન્તુ ખરી રીતે આપણા પોતાનાજ કલ્યાણને માટે પ્રયત્ન કરીએ છીએ.

જેઓ જીવન દરમિયાન ગરીબ પ્રત્યે સ્નેહ રાખે છે ત્હેમને મૃત્યુનો ડર નથી.

પ્રભુ ગરીબને ચાહે છે, અને તેથી ગરીબ પ્રત્યે' સ્નેહ રાખનારને પણ ચાહે છે. જ્યારે આપણે કોઇને બહુ ચાહીએ છીએ ત્યારે આપણે ત્હેના મિત્રો અને અનુચરોને પણ ચાહીએ છીએ.

ઇશ્વર ઇચ્છે છે કે આપણે સત્કાર્યો કીર્તિ પ્રાપ્ત કરવાને માટે નહિ પરંતુ તે કાર્યથી આવતાં પરિણામોને ખાતરજ કરવાં જોઇએ; વળી આપણા પાડોશીને બન્ધુભાવથી સુધારવાની શક્તિ મળે તે માટે આપણે તદ્દન પ્રભુમય થવું જોઇએ; ખાસ કરીને જ્યારે તે લાંબા વખતથી પડી ગયેલી ટેવને લીધે વારંવાર પાપમાં પડતો હોય ત્યારે "તે ટેવને લીધે આપણે ત્હેને સુધારી શકવાના નથી" એમ માનીને આપણા કર્ત્તવ્યથી અલગ થવું જોઇએ નહિ; કારણ કે પાપનું કારણ ગમે તે હોય તોપણ ત્હેને દૂર કરવાને આપણે મંડ્યા રહેવું જોઇએ.

સેઇન્ટ. વિન્સેન્ટ ડ પૉલ.

ગુપ્ત સેવા કર અને તે પ્રસિદ્ધિમાં આવવાથી લજ્જા પામ. એક પણ ગરીબ મિત્ર આપત્તિમાં હોવા છતાં જો હું મ્હારૂં સ્મારક બાંધવાને માટે જોઇતા પૈસા મરતી વખતે મૂકી જાઉં તો તે મ્હને લજ્જાસ્પદ છે, અને તેથી કરીને જીવતાં અન્યને આપી ત્હેનો ત્હેને લાભ લેતાં જોઈ મ્હને બહુ આનંદ થાય છે.

બીજાના દુઃખથી દુઃખી થતાં અને ત્હેના દોષ ગુપ્ત રાખતા મ્હને શીખવો કે જેથી હું ત્હેમના પ્રત્યે દયા બતાવી શકું અને એ રીતે હું પણ દયા પામી શકું.

દટાયલી લક્ષ્મી પક્ષીના બચ્ચાની માફક પાંખોની રાહ જુએ છે; અને યોગ્ય ઋતુમાં અવશ્ય ઉડી જાય છે. ભલા અને ન્યાયી સિવાય બીજા કોઇને પણ દ્રવ્યથી કીર્તિ, વિશ્વાસ, સંતોષ અથવા સુખ મળતું નથી.

દુનિયામાં ધર્મ અને પરલોક પરત્વે તો મતમતાંતર રહેવાનાજ, પરન્તુ દયાના સિદ્ધાન્તમાં સર્વ મનુષ્યો એકમત છે.

પોપ.

સ્નેહપૂર્વક આપેલું ન્હાનામાં ન્હાનું દાન ખરેખર મ્હોટું છે. જે કંજુસ અતડો રહીને પોતાનું નિરૂપયોગી દ્રવ્ય જગતના કલ્યાણ માટે વાપરતો નથી તે ધિક્કારને પાત્ર છે. ઉદાર મનુષ્યોજ લક્ષ્મીનો ઉપભોગ કરે છે; ત્હેમનું દ્રવ્ય પરોપકારાર્થે વપરાયાથી તેઓ મિત્રો અને કીર્તિ મેળવે છે, અને વિપત્તિના પ્રસંગે સુરક્ષિત આશ્રય પ્રાપ્ત કરે છે.

પિન્ડાર.

સ્નેહપૂર્વક અપાયેલું ન્હાનામાં ન્હાનું દાન પણ મ્હોટું છે.

ફિલેમન.

સ્નેહની સેવા સત્તાથી મેળવી શકાતી નથી, અને પૈસાથી ખરીદી શકાતી નથી.

પ્રેસ્કૉટ.

આપણે માનવબન્ધુના સિદ્ધાન્તને માનવો જોઇએ, એટલુંજ નહિ પરન્તુ તે પ્રમાણે વર્તવું જોઇએ.

પૉટર.

જુના પુરાણા ધર્મોને ચું થ્યા કરવા એ મૂર્ખતા છે; ત્હમારા જીવનમાં અસંખ્ય પરોપકારનાં કાર્યો કરો. સર્વથી ડાહ્યો પુરૂષ પણ ભાવી ઘટનાઓ સ્હમજી શકવાનો નથી, પરન્તુ નિર્બળમાં નિર્બળ પણ ખરૂં મનુષ્યજીવન ગાળી શકે.

ફ્રૅન્ક પુટ્નામ.

ત્હમારાથી બને તેટલું, સર્વ રીતે, સર્વ મનુષ્યોનું, સર્વ સ્થળે, હર સમયે, સંપૂર્ણ શાન્તિથી અને ત્હમારાથી બને ત્યાં સુધી કલ્યાણ કરો.

ફ્રાન્સિસ પિગુ.

મ્હારી પાસે જે કંઇ થોડું છે ત્હેમાંથી બીજાને આપું છું, અને આનન્દપૂર્વક ઇશ્વરની પ્રાર્થના કરૂં છું કે મ્હને આવતી કાલે વધારે મળે કે જેથી હું વધારે આપી શકું.

જે. પિ. બિબૉડિ.

માયાળુ શબ્દો બોલવામાં પૈસા ખર્ચવા પડતા નથી. ત્હેમનાથી જીભે કે હોઠે ફોલ્લા ઉઠતા નથી. આને લીધે માનસિક વ્યથા થઇ હોય એમ અમે કદિ સાંભળ્યું નથી. જો કે ત્હેમની

કિંમત બેસતી નથી, પરન્તુ તે ઘણું કાર્ય કરે છે. ત્હેમને લીધે બીજાં મનુષ્યોનો સ્વભાવ સારો થાય છે. તેઓ મનુષ્યના આત્માપર પોતાની છાપ પાડે છે, અને તે છાપ ઘણી સુન્દર હોય છે.

બ્રિ. પાસ્કલ.

મ્હને ત્હારા જેવું શ્રદ્ધાળુ હૃદય આપ કે જેથી આજથી દર-રોજ મ્હારાથી સેવાનું કાર્ય શરૂ થાય, કંઇક દયાનું કાર્ય કરી શકાય, અને કોઇ અનિષ્ટ માર્ગે ગયેલાને શોધી કહાડી ત્હારા શુભ માર્ગે પાછો લાવી શકાય..

એસ. ડિ. ફ્રેહપ્સ.

દ્રવ્યનું નહિ તો હૃદયનું પણ કંઇક દાન આપવું જોઇએ.

પૅસ્કવીઅર કવેસ્નલ.

સત્ય, વિનય અથવા ઉદારતા એ લોકવ્યવહાર પ્રમાણેના બાહ્ય વિવેક કરતાં તદ્દન ભિન્ન વસ્તુ છે. એ કોઇ એક બાહ્ય ક્રિયા નથી, પરન્તુ આન્તર ભાવના છે. તે મન, વચન અને કર્મથી કરેલી એક નિઃસ્વાર્થ સેવા છે. ઘણીવાર કાર્ય કરતાં મૌનથી વધારે સારી સેવા બજાવી શકાય છે.

અવિચારી વચનો, ચીઢીઓ અવાજ, ખીજવે એવી ટીકાઓ, ક્રોધ અને અખિરાઇ, જેમાં આપણને લાગતું વળગતું નથી, જેથી

આપણુને બીલકુલ હરકત થવાની નથી, અથવા જે સુધારવાનું આપણુને સુપ્રત થયું નથી, અને જે પ્રદેશમાં મનુષ્ય તદ્દન સ્વતંત્ર છે; ત્હેવી માણસોની રહેણી કરણી વા ત્હેમના દેખાવપર કરેલી ટીકાઓ, એ સર્વ સમાજના જુલમગારોના સ્વચ્છંદી અત્યાચારો છે, અને ત્હેમાંથી મુક્ત થવાનો માર્ગજ નથી.

ઘણા માણસો અજાણથી જીવનભર અન્યને આવી રીતે દુઃખ દે છે. આવી રીતભાતનો બુદ્ધિપૂર્વક ત્યાગ કરવો, એ કોઇ પણ જાતનું શુભ કાર્ય કર્યા સિવાય પણ એક પ્રકારની સેવા બજાવવા રૂપ છે.

સત્ય વિનય આ રીતે ઓળખી શકાય; આપણા પાડોશીઓ અથવા મિત્રો જે આપણી પાસેથી માગી શકે નહિ ત્હેનું તે દાન કરે છે. ત્હેની મહત્તા એમાં સમાયેલી છે કે જે અન્ય બલાત્કારે પ્રાપ્ત કરી શકે નહિ તે સ્વેચ્છાથી આપી દે છે. ત્હેને માનસિક દ્રવ્ય સિવાય અન્ય પ્રકારના દ્રવ્યની બીલકુલ આવશ્યકતા નથી. તે દ્રવ્ય કરતાં ઉચ્ચતર પ્રકારના ચારિત્રનું ચિહ્‌ન છે. દ્રવ્યથી માણસ સુધરેલો હોય એમ જણાય છે, પરન્તુ સત્ય વિજયથી માણસનું ઉચ્ચ ચારિત્ર જોઈ શકાય છે.

સાચી દયાએ શું કર્યું હતું ? ખરેખર કંઈજ નહિ, પરન્તુ આનન્દજનક હાસ્ય, ભલો સ્વભાવ, અન્યને શું લાગતું હતું અને શું જોઇતું હતું ત્હેનું જ્ઞાન, આ સર્વ એમ સ્પષ્ટ જણાવતું હતું કે તે સર્વને વિસરી પરનો વિચાર કરતાં શીખી હતી, તેથી તે ગરમાગરમ શબ્દો અને ચઢી ગયેલાં ભવાંથી ઉત્પન્ન થતા કજીઆને મિષ્ટ શબ્દોવડે શાન્ત પાડતી, બીજીવાર અશક્તની પથારી આગળ

બેસી આશ્વાસન આપતી, કોઈવાર રડતા બાળકને છાનું રાખતી, અને કોઇવાર ધંધાની ચિન્તાઓને લીધે જેનો સ્વભાવ ચીઢીઓ થઇ ગયેલો હોય તેવા માણસોને શાન્તિ આપતી. પોતાના સિવાય અન્ય કોઇને તે સેવાની ખબર પડવા દેતી નથી. સમભાવી હૃદય સિવાય અન્ય કોઇથી એ જોઇ શકાય તેમ નહોતું. ત્હેના ઉન્નત સ્વભાવની ખરી ખુબી એજ હતી. જે દયા કસોટીમા સેવાનાં મહાન્ કાર્ય કરી શકે એવી શક્તિવાળી જણાય છે તેજ દયા સેવાનાં ન્હાનાં ન્હાનાં કાર્ય કરવાને હંમેશ તત્પર હોય છે.

દુઃખના ડોળને વશ થઇને આપણી દયા અપાત્રે જવાની કલ્પના અથવા અભાવને લીધે સેવાની પ્રેરણાઓની અવગણનાં કરવી જોઇએ નહિ; પરંતુ તે વૃત્તિને બને તેટલી ખીલવો અને સાંચા ગરીબ પ્રત્યે દયા બતાવો.

સૌથી દુર્બળમાં દુર્બળ અને દીનમાં દીન માણસે પણ યાદ રાખવું કે જો ત્હેની ઇચ્છા હોય તો તે પોતાની આસપાસ સ્વર્ગ (આનંદ) ફેલાવી શકે તેમ છે. માયાળુ શબ્દો, લાગણીયુક્ત દૃષ્ટિ અને સામાની લાગણી ન દુખાય તેની સાવચેતી, આ સર્વના કંઇ પણ પૈસા બેસતા નથી, અને તે છતાં પણ ત્હેમની કિંમત અતુલ્ય છે. શું એ ગુણો આપણા સુખને સદાય પોષનારા નથી? કલાકે કલાકે અને ક્ષણે ક્ષણે આપણે પણ આવી બીજાઓની દયાપરજ જીવીએ છીએ, અને ત્હેમાંથીજ સુખ પ્રાપ્ત કરીએ છીએ.

મહાન્ કાર્યો કરવાની ઇચ્છાવાળા ઘણા માણસો હોય છે; પણ મહાન્ પ્રસંગોની રાહ જોવામાંજ તેમનું જીવન વ્યતીત થાય છે, અને સ્નેહનાં કાર્યો બીલકુલ થતાં નથી.

દયાળુ, નમ્ર અને પ્રામાણિક બનો, ન્હાનાં સેવાનાં કાર્યોમાં પ્રવૃત્ત બનો, બીજાઓનું કલ્યાણ કરવા પ્રયત્ન કરો અને ત્હમારાં કર્તવ્યમાં અડગ રહો; બીજું ગમે તે અનિશ્ચિત હોય. પરંતુ આ તો નિશ્ચિતજ છે.

દુર્બળમાં દુર્બળ અને ગરીબમાં ગરીબે પણ યાદ રાખવું જોઇએ કે ઇચ્છા હોય તો દૈનિક જીવનમાં પણ તે પોતાની આસપાસ સ્વર્ગ બનાવી શકે. માયાળુ શબ્દો, સાનુકમ્પ દૃષ્ટિ, માણસની લાગણી નહિ દુઃખાવાની સાવચેતી, એ સર્વની કંઇ કિંમત બેસતી નથી. તે બાબતો અતિ અમૂલ્ય છે. શું તેઓ આપણા દરરોજના સુખનું સાધન નથી? શું ઘડીએ ઘડીએ અને પળે પળે આપણે પ્રભુનાં અને મનુષ્યોનાં ન્હાનાં ન્હાનાં દયાનાં કાર્યોથી સુખી નથી થતા? મહાન્ કાર્યો કરવાના પ્રસંગો કવચિત્ જ આવે છે, કારણકે આપણું જીવન ન્હાનાં ન્હાના અણુઓનું બનેલું છે. જો ત્હમે કોઇ પણ દિવસની સુખનો સરવાળો કરશો તો ત્હમને જણાશે કે માનવજાતિ પ્રતિ દ્વેષ-બુદ્ધિનાં પડ, કે જે પોતાના જાતિ ભાઇઓથી અલગ રહેનારા-ઓનાં હૃદયમાં વાસ કરે છે, અને ત્યાં ઠરી જઇને ત્હેમના આન્તર જીવનના પ્રવાહને અટકાવે છે; તે દ્વેષ બુદ્ધિને દૂર કરવા માટે લીધેલી સહેજ સાવચેતી અને દયાભરી દૃષ્ટિનુંજ તે (સુખ) બનેલું છે.

એકલા સ્વાર્થત્યાગથી કંઇજ કલ્યાણ થતું નથી. સ્નેહપ્રેરિત સ્વાર્થત્યાગ એજ ખરો ત્યાગ, ખરૂં જીવન, ખરૂં સુખ અને ખરૂં મનુષ્યત્વ છે.

સમભાવથી એકાન્ત પણ જનસમૂહથી ઉભરાઇ જાય છે. રાત્રિએ દરિયામાં રહેલો એકલો પડેલો માછી ત્હેના રક્ષણ માટે ઘર આગળ ઇશ્વિર પ્રત્યે પ્રાર્થના કરનાર પોતાનાં કુટુંબીઓને યાદ કરતાંની સાથેજ એકલો મટી જાય છે. એકલા પડેલા પ્રવાસીને મુસાફરી દરમ્યાન, ઘર આગળ પહોંચતાં ત્હેને આવકાર દેનાર મનુષ્યોને યાદ કરવાથી એકલાપણું ભૂલી જાય છે. જ્યારે એકાકી અભ્યાસીને "પોતે શોધી કાઢેલાં સત્યો જનસમૂહને સંભળાવી ત્હેમનાં હૃદયને કેવાં પ્રફુલ્લ કરશે" એ વિચાર આવે છે ત્યારે તેનું એકાન્ત દૂર થાય છે.

ભલમનસાઇથી હૃદય ખીલે છે અને નમ્ર બને છે. જેટલા પ્રમાણમાં ત્હમારૂં હૃદય વધારે વિશાળ, વધારે પવિત્ર, અને વધારે ઉન્નત બનશે તેટલા પ્રમાણમાં ત્હમે બીજાને માટે સહન કરવાને વધારે તૈયાર થશો અને ત્હમે ત્હમારા હૃદયમાં કહેશો કે હે પ્રભુ! મ્હારા જેવા પાપીપર દયા કર.

એફ. ડબ્લ્યુ. રોબર્ટસન.

દુઃખી જનસમાજની સેવા કરવી એ હમેશાં મહાન અને ઉમદા કાર્ય છે, અને તે પૂરૂં કરવામાં મનુના દરેક બાળકે મૃત્યુ પર્યન્ત ખંતથી મંડ્યા રહેવું જોઇએ.

ડૉક્ટર રૂથ.

મહાત્માઓ ઇશ્વરની પેઠે પરોપકાર કરવામાં જ મગ્ન રહે છે જો કે જે કૃતઘ્નીપર તેઓ ઉપકાર કરે છે તેઓ કંઇ ફળ આપતા નથી.

રો.

જો ત્હમે સર્વ પ્રાણી પ્રત્યે ભલા થવાની કાળજી નહિ રાખો તો ત્હમે ક્રૂર બની જશો. જે માણુસ હાથવડે દાન કરતો નથી; જેના હૃદયમાં લાગણી થતી નથી; જેને ખરાબ ટેવો પડી ગઇ છે; અને જેની સદ્ અસદ્ વિચાર કરવાની શક્તિ નિર્બળ પડી ગઇ છે તે નીચ છે. જેટલા પ્રમાણુમાં ત્હેમને બીજાને માટે લાગણી થતી નથી તેટલાજ પ્રમાણુમાં તેઓ નીચ રહે છે.

જે માણુસ પોતાના જીવનનાં કાર્યો સંપૂર્ણ રીતે કરી બીજાના જીવનને તન, મન, ધનવડે બની શકતી સર્વ પ્રકારની સહાય આપી રહ્યો છે તેજ સર્વથી વધારે પૈસાદાર છે.

દરેક પ્રભાતને જીવનના આરંભરૂપ અને દરેક સંધ્યાને તેનો અંત ગણુવો જોઇએ. આવા ટુંકા જીવનમાં બીજાને માટે કંઇ પણુ સેવાનું કાર્ય કરવું જોઇએ અથવા પોતાની જાતને માટે શક્તિ અને જ્ઞાન સંપાદન કરવાં જોઇએ.

જે જે સ્થળે રહેવાનું થાય ત્યાં જાણે કાયમનું રહેવાનું છે, એમ માની સત્કાર્ય કરવાનો અથવા સદ્વચન બોલવાનો અથવા મિત્ર બનવાનો એક પણુ પ્રસંગ ન ગુમાવવો, એ સારૂં અને સુખદાયક વ્રત છે.

રસ્કિન.

એકજ મનુષ્યને ખરેખરા અને પવિત્ર સ્નેહથી ચાહો અને એથી ત્હમે દુનીઆને ચહાશો. સ્નેહના દિવ્ય ક્ષેત્રમાં વિચરતું હૃદય ગતિમાન સૂર્ય સમાન છે.

કઠણ હૃદયના માણસ તરફ કોમળ બનવું; વૈરભાવ રાખનાર પ્રત્યે ક્ષમા રાખવી; લાગણી વગરના મનુષ્ય પ્રત્યે લાગણી રાખવી અને માનવદ્વેષી તરફ સ્નેહ રાખવો; એ અતિશય દયાળુ પુરુષોત્તમ પણ છેલ્લામાં છેલ્લું અને સારામાં સારૂં ફળ છે, અને ત્હેને પકવ થતાં ઘણાં સમય લાગે છે.

રિક્ટર.

આ વિશાળ જગત્માં જે બીજાની ખાતર જીવતો નથી ત્હેનેજ એકલા પડી ગયા જેવું લાગે છે.

મનુષ્ય માત્રને શાન્તિદાયક સંસ્કારોની જરૂર હોવાથી તેમણે દરેકે પરસ્પર વધારે સ્નેહ રાખવો જોઇએ. નિસ્વાર્થ સેવાજ જગત્ને સ્વર્ગ સમાન બનાવશે.

નેથેનીઅલ પીબોડી રોજર્સ.

આપણે જેણે ઉદારતા કહીએ છીએ ત્હેનો ખરો અર્થ "વિચારપૂર્વક આપેલું દાન" છે; પરંતુ આપણે કાર્યની મહત્તા કરતાં ઉપર ઉપરના ડોળને વધારે પસંદ કરીએ છીએ.

બીજાના દુઃખને આપણાં દુઃખ માનવાં એનું નામજ દયા છે. આપણે જ્યાં સુધી પ્રભુ પ્રીત્યર્થે એ દયા કરતાં શીખ્યા નથી ત્યાં સુધી આપણે બીજાને મદદ કરીએ છીએ, તે એટલાજ માટે કે તેઓ આપણને તેવાજ પ્રસંગે સહાય આપે.

રોશફોકોલ્ડ.

આપણે કરેલી સેવાની સામાને વારંવાર યાદ દેવરાવવી એ સેવાનો બદલો લેવા બરાબરજ છે.

રેસીન.

દયામાં અનિવાર્ય જાદુઇ શક્તિ છે; બીજી સર્વ યોગ્યતાઓ દયા કરતાં ઓછા બળવાળી છે. દયા ઉગ્ર કોપને નિવારે છે. ચંચળ સ્નેહને સ્થિર બનાવે છે. સૌન્દર્યથી હૃદય મોહ પામે છે. પરંતુ દયા સ્નેહીની પશુવૃત્તિને ઉન્નત બનાવે છે.

રોચેસ્ટર.

બીજાને સુખી કરવાના પ્રસંગો આપણે ધારીએ છીએ ત્હેના કરતાં ઘણા ઓછા છે; અને તેવા જે પ્રસંગ હાથમાંથી જતા રહે છે તે ફરીથી પ્રાપ્ત થતા નથી એજ એને ગુમાવ્યા બદલની ખાસ શિક્ષા છે. એવા પ્રસંગોના સદુપયોગથી શાશ્વત્ સંતોષ અને અનુપયોગથી હંમેશનો પશ્ચાત્તાપ થાય છે.

રૂસો.

સાચો સ્નેહ કદિ બંધનમાં રહેતો નથી. તેની કદિ અવગણના કરી શકાતી નથી. તેનો સ્વભાવજ ખિલવાનો છે. ત્હમે ત્હેને ત્હમારામાંજ રોકી રાખી શકશો નહિ. સ્નેહ માનવ હૃદયમાં રોકાઇ રહી શકશે નહિ. સમગ્ર મનુષ્ય જાતિને પહોંચવા તેનાથી બનતું સર્વ તે કરશેજ. તે હમ્મેશાં દયાનાં કાર્યોમાં પ્રવૃત્ત રહે છે.

ફ્રેડરિક એ રીઝ.

સ્નેહ અને સમભાવને ખીલવવાનો રસ્તો સર્વને માટે ખુલ્લો છે. ત્હમને તેમાં પ્રવેશ કરતાં અટકાવવા માટે જાળી રાખી નથી, અથવા તો ત્યાં જવા માટે ત્હમને કોઇ હેરાન કરી શકશે નહિ. સર્વ કોઇને તેમાં પ્રવેશ કરવાનો હક્ક છે. સ્મિતભર્યું મુખ અને દયાળુ હૃદય એ ત્હેની પ્રત્યક્ષ અને પરોક્ષ નિશાની છે. જેમ સૂર્યના તેજથી પુષ્પ ખીલે છે તેમ હાસ્યપૂર્ણ વદન દરેક મનુષ્યના હૃદયને પ્રફુલ્લ બનાવે છે. જેવી રીતે વૃષ્ટિથી જમીન ભીંજાય છે અને અન્ન વગેરે પાકે છે. તેવી રીતે દયાળુ હૃદયની સહાયતાથી હૃદયનો ભાર હલકો થાય છે.

ડબ્લ્યુ સ્ટુઅર્ટ રોયસ્ટન.

મ્હારી તો માન્યતા છે કે મ્હારૂં જીવન સમગ્ર જાતિને માટે છે, અને જ્યાં સુધી જીવાય ત્યાં સુધી મ્હારાથી જે કંઈ તેને માટે થઇ શકે તે સર્વ કરવાનો મ્હારો હકક છે...માનવ પ્રગતિની પ્રથમ શરત એ છે કે **પહેલ કરનારે બીજાં માણસોની દૃષ્ટિમાં મૂર્ખ બનવાને સર્વ રીતે તૈયાર રહેવું જોઇએ**...મ્હારા મૃત્યુ પહેલાં મ્હારી સર્વ શક્તિ વપરાયલી જોવા મ્હારી ઇચ્છા છે, કારણ કે જેટલું વધારે સખ્ત કાર્ય હું કરીશ તેટલું વધારે હું જીવીશ. મ્હને તો જીવન જીવનની ખાતર વ્હાલું લાગે છે. જીવન મ્હને પોતાને 'થોડા સમયના દીપક' ના જેવું નથી લાગતું. તે મ્હને ક્ષણભર મ્હારા હાથમાં આવેલી ઝગઝગતી મશાલના જેવું લાગે છે; અને તે યમદેવને સ્વાધીન થાય ત્યાર પહેલાં જગતને તે જેટલો પ્રકાશ આપી શકે તેટલો બધો જ પ્રકાશ તેની પાસેથી અપાવવા માગું છું.

જ્યોર્જ બર્નાર્ડ શૉ.

આપણે સેવા કરવી જોઇએ એટલુંજ નહિ પરન્તુ તે સર્વથી શ્રેષ્ઠ રીતે કરવી જોઇએ તે પણ અગત્યનું છે. દેશ, કાળ અને પાત્ર કુપાત્રનો સહજ વિવેક રાખવાથી પણ દાનની કિંમત એવડાય છે.

સિડની.

જેમના કપાળપર ચિન્તાની કરચલી જોવામાં આવતી નથી પરંતુ જેમની આંખોમાં આનંદ ઉછળી રહ્યા છે, એવા સેવાવ્રતી દેવપુરૂષોના આગમનથી લોકો રાજી થાય છે. તેઓ આ જંજાળી દુનિયામાં બનતા બનાવો પ્રતિ હસતે ચ્હેરે જુએ છે, અને અંતે આપણને શીખવે છે કે તે બનાવો તેથી પણ વધારે ખરાબ બન્યા હોત. જો આપણે માંદા હોઇએ તો તેઓ આપણને કહેશે કે "ગઇકાલના કરતાં આજે ત્હમે વધારે સારા દેખાઓ છો."

જો આપણને બચવાની બીલકુલ આશા ન હોય તો તેઓ આપણા પ્રત્યે ઇશ્વરે જે દયા દર્શાવી હોય છે ત્હેનું સ્મરણ કરાવે છે, અને આ કરતાં પણ વધારે સારી દુનિયાનું ભાન કરાવે છે. જો આપણે આપણા કાર્યમાં નિરાશ થયા હોઇએ છીએ તો તેઓ આપણને કહેશે કે આપણે જે ભલું કરીએ છીએ તેનું અર્ધું રહસ્ય પણ આપણે જાણતા નથી. તેઓ આપણામાં ઉત્સાહ આવે એવી વાતો આપણને કહે છે. તેઓ આપણા વિષે કહેવાય તેટલું સારૂં કહે છે; તેઓ આપણાં બાળકોને, આપણી સારી ટેવોને, અને આપણાં સત્કાર્યોને વખાણે છે. તેઓ દુઃખમાં સુખનું દર્શન કરાવે છે. તેઓ આપણને સારાં, પવિત્ર અને ઉમદા કાર્યો વિષે વાતો કહે છે. તેઓ—ઇશ્વરના પવિત્ર દૂતો—સૂર્યના પ્રકાશ,

ફુલ, અને પક્ષીની માફક આવે છે, અને જ્યારે આપણી પાસેથી જાય છે ત્યારે આપણે હાથ જોડી ત્હેમને કહીએ છીએ કે "અને તેટલા પહેલા પુનઃ અમારે ત્યાં પધારજો"

રેવરંડ. જે. એચ. શેક્સપીઅર. એમ. એ.

કેટલાક માણસો જ્યારે અન્યની સેવા કરે છે ત્યારે તેઓ ત્હેનાપર ઉપકાર કર્યો એમ નોંધી રાખે છે અને ત્હેને ઋણી ગણે છે. બીજા કેટલાક માણસો એવી નોંધ રાખતા નથી, તોપણ પોતાના મનમાં અન્યને ઋણી ગણે છે, અને પોતે જે કાર્ય કર્યું છે તે જાણે છે; ત્રીજા પ્રકારના મનુષ્યો પોતે શું કર્યુ છે તે જાણતા પણ નથી. તેઓ દ્રાક્ષના વેલા જેવા છે. જેમ તે વેલાને દ્રાક્ષ બેઠા પછી બીજા કશાની અપેક્ષા રહેતી નથી, તેમ ત્હેમને સેવા થઈ ગયા પછી બીજા કશાની અપેક્ષા રહેતી નથી.

હે માણસ ! ત્હારા બન્ધુ પ્રત્યે સેવા કર્યા પછી તું બીજા શાની અપેક્ષા રાખે છે ? ત્હારા મનને આનંદ થાય ત્હેવું કંઇક તેં કર્યું છે એટલાથીજ શું ત્હને સંતોષ થતો નથી ? અને આંખ જોવા બદલ તેમજ પગ ચાલવા બદલ ઇનામની આશા રાખતાં હોય તેવી રીતે માણસને આ દુનિયામાં જો કોઇ પણ વસ્તુનું અભિમાન ધરવાનું હોય તો તે નિર્મળ બુદ્ધિથી અને કંઇ પણ ગુપ્ત નીચ હેતુ સિવાય કરેલું સત્કાર્યજ છે.

કોઇ પણ મનુષ્ય કવચિત્ કવચિત્ સત્કાર્ય કરી શકે; પરંતુ તે નિરંતર કર્યા કરવાં એ તો તે પ્રકારના સ્વભાવથીજ થઇ શકે.

જો તું પૈસાદાર હોય તો ત્હારી સ્થિતિની મહત્તા અથવા ત્હારા આત્માની મહત્તા, નમ્રતાથી વાતચિત કરવામાં, હલકી

પંક્તિના મનુષ્યો પ્રત્યે દયા રાખવામાં, દુઃખીની માવજતમાં અને નિરાધારને આશ્રય આપવામાંજ દર્શાવજે. આ રીતે તું મહાન્ થઇશ.

રસ્કીન.

જ્યાં ઇશ્વર પ્રત્યે અનહદ પ્રેમ હોય છે ત્યાંજ સાચામાં સાચી અને વધારેમાં વધારે દયા હોય છે.

જે દયાથી સામાનું સ્વતંત્રતાનું અભિમાન અને ભિક્ષાવૃત્તિની લજ્જા નાશ પામે છે તે દયા ખરાબ છે.

સધી

ગરીબ માણસો પોતે પોતાની સ્થિતિ સુધારી શકે એવી શક્તિ ત્હેમને આપવામાંજ ખરી સેવા રહેલી છે.

આર્ચબીશપ સૂમ્નર.

સાચામાં સાચા પરોપકારી એજ માણસો છે કે જેઓ દુઃખ, પરાધીનતા, અને નિરાશ્રિતપણાને અટકાવવાનો પ્રયત્ન કરે છે; અને ખાસ કરીને તેઓજ છે કે જેઓ ગરીબોને સ્વાશ્રયી થવામાં ખંતથી મદદ કરી રહ્યા છે.

દયા કાંઇ વસ્તુ આપવામાંજ સમાયેલી નથી, પરન્તુ હૃદયની નમ્રતા અને ઉદારતામાં રહેલી છે. કેટલીક વાર માણસો કોથળી-માંથી પૈસા આપે છે, પણ સહાનુભૂતિ અથવા આશ્વાસન આપી શકતા નથી. માત્ર પૈસાનાજ દાનનું બહુ મૂલ્ય નથી અને કેટ-

ઘીકવાર તો ત્હેનાથી નુકસાન પણ થાય છે; પરન્તુ સાચી દિલસોજીમાંથી ઉદ્‌ભવતી દયા અને વિચારપૂર્વક આપેલી સહાયમાંથી હંમેશાં સારાં પરિણામ આવે છે.

જ્ઞાનનો હેતુ ડહાપણને પકવ કરવાનો, ચારિત્ર્યને સુધારવાનો; આપણને વધારે સારા, વધારે ઉપયોગી અને જીવનના દરેક શુભ કાર્યમાં વધારે ઉદાર, વધારે ઉત્સાહી અને વધારે ખંતીલા બનાવવાનો છે.

અનુકમ્પા જીંદગીની ખરી ખૂબી છે. તે અનિષ્ટને દૂર કરી સદ્‌વૃત્તિને પોષે છે, તે વિરોધને દૂર કરે છે, સખ્તમાં સખ્ત હૃદયને પીગળાવે છે. અને માનવ સ્વભાવના સારા અંશોને ખિલવે છે.

દયા દયાને મેળવે છે, અને સત્ય તથા વિશ્વાસ સત્ય અને વિશ્વાસનાં સુન્દર ફળ મેળવશે. અનિશ્ચિત શબ્દો કરતાં દયાનાં ન્હાનાં ન્હાનાં કાર્યોથી માનવચારિત્ર વધારે સારી રીતે સ્હમજાય છે.

"વિનય" એ સત્કાર્યનું ભૂષણ છે, અને માયાળુ શબ્દો બોલવાની અને માયાળુ કાર્યો કરવાની અમુક રીતિથી તેનું મૂલ્ય વધે છે. અનિચ્છાએ અથવા મહેરબાનીની રાહે કરેલું કાર્ય ઉપકાર તરીકે ભાગ્યેજ સ્વિકારાય છે.

સેમ્યુઅલ સ્માઈલ્સ.

જે ગરીબોને આપે છે ને પ્રભુને ધીરે છે.

સોલોમન.

આપણે દુઃખીને સુખી કરવાના છે. ભૂલા પડી ગએલાને રસ્તે ચડાવવાના છે, ભૂખ્યાની સાથે આપણો રોટલો વહેંચી ખાવાનો છે. આ બધી આપણા પોતા પ્રત્યેની જ સેવા છે; કારણ કે આપણે એક મોટા સમાજના છૂટક છૂટક સભાસદોજ છીએ.

સેનેકા.

જેમ આપણે સેવાની ઇચ્છા રાખીએ છીએ તેમ આનંદપૂર્વક, એકદમ અને વિના સંકોચે આપવું પણ જોઇએ. જે દાન આંગળીએ ચોંટી રહે છે ત્હેમાં મહત્તા નથી.

મ્હારાથી જો કોઇની સેવા ન થઇ શકે તો મ્હારે કોઇની સેવાનો સ્વીકાર પણ કરવો જોઇએ નહિ. સેવાનો બદલો ન વાળવો એ મ્હોટું પાપ છે અને સેવા ન કરવી એ શરૂઆતનું પાપ છે.

જે ગર્વ અને ડોળપૂર્વક આપવામાં આવે છે તે દાન નથી, પણ લોભ છે.

જે બીજાનું કલ્યાણ કરે છે તે કાર્ય એકલાથીજ નહિ પરન્તુ પરિણામથી પોતાનું પણ કલ્યાણ કરે છે, કારણ કે સત્કાર્યથી થતો સંતોષ એ પણ એક જાતનો બદલો છે.

બીજાને માટે કરેલા કાર્યથી પ્રાપ્ત તથા આનંદનો એવો નિયમ છે કે કાર્ય કરનાર કર્યા–થઇ ગયા પછી તરતજ તે વિસરી જાય છે. અને જેના પ્રતિ તે કરવામાં આવ્યું છે તે ત્હેને નિરંતર યાદ રાખે છે. ડાહ્યો ધનવાન્ પુરૂષ ફાનસની ચિમની પછવાડેના પ્રતિબિમ્બ

આપનાર કાચ જેવો છે, અને તેનું દ્રવ્ય તે દિવાની જ્યોતિ જેવું છે. તે પોતાને માટે નહિ પરંતુ બીજાને માટે દ્રવ્ય મેળવે છે.

દાનનો મહિમા દાન આપવામાં નહિ, પણ તે આપવાની પદ્ધતિથીજ તે મધુર અને સુંદર બને છે. ઉપકારની ખરી ખુબી અને શોભા તે કરવાની રીતમાંજ છે.

. સેનેકા.

માતાના ઉદરમાં જન્મીએ છીએ ત્યારથી તે મરવાની ઘડી સુધી આપણે પરસ્પર સહાય સિવાય જીવી શકતાજ નથી; તેથી કરીને જેમને સહાયની જરૂર છે ત્હેમને પોતાના માનવબંધુઓ પાસેથી તે માગવાનો હક્ક છે; અને જે શકિત છતાં તે આપવાની ના પાડે છે તે પાપજ કરે છે.

નીચ સ્વાર્થથી આપણી ઉદારતા સંકુચિત બને છે અને તેથી સર્પની માફક આપણામાં રહેલી શકિતઓને આપણું હિત સાધવામાંજ વાપરીએ છીએ, અને ઝેર બહારની દુનીઆને આપીએ છીએ.

માનસિક વા શારીરિક વિપત્તિને પ્રસંગે, અથવા ગરીબ તેમજ તવંગરને લેવા આવતા મૃત્યુને પ્રસંગે, આપણે આપણા સ્વાર્થને માટે જે કર્યું હોય તે સંબંધી નહિ, પરંતુ બીજાને માટે કરેલાં કાર્યો સંબંધી વિચાર કરતાં આપણને અતિશય આનંદ થાય છે.

જે પોતાના કરતાં પારકાના કલ્યાણ માટે વિચારો અને પ્રયાસો કરી રહયો છે; જે ઉચ્ચ નિયમોને અનુસરી પોતાના કાર્યનો હેતુ સાચવે છે અને બનતા સર્વ પ્રકારે તેને સફળ કરવા પ્રયત્ન કરે છે; તેજ માનને પાત્ર છે. તે બહારથી સુંદર દેખાતા શબ્દોથી

પરોક્ષ લાભ લેવા માગતો નથી અથવા તો શુભ કાર્ય સાધવાને દુષ્ટ માર્ગને અનુસરતો નથી.

ગુપ્ત અનુકમ્પા મને મન અને હૃદયે હૃદયને જોડનાર રેશમી દોરી અથવા રૂપેરી સાંકળી સમાન છે.

વોલ્ટર સ્કૉટ.

ત્હારૂં પોતાનું પૂરૂં થાય તેટલું કમાવાથી સંતોષ માનીશ નહિ; પરન્તુ અન્યનું પણ પોષણ થાય તેટલું પ્રાપ્ત કરવાને પ્રયત્ન કરજે. વળી એવું તો કલ્યાણ નજ બનવા દઇશ કે ત્હારાથી આપી શકાય ત્હેવો આધાર નહિ મળવાથી કોઇ મનુષ્ય મરણ પામ્યો.

સ્ટર્ન.

સ્ત્રીઓના સુંદર ચ્હેરા કરતાં ત્હેમનામાં રહેલી દયા મ્હારા સ્નેહને ત્હેમના પ્રતિ વધારે આકર્ષે છે. ઉદારતા સ્નેહને સફળ કરે છે, અને કોઇ સ્નેહને ઉદારતાથી ભિન્ન કરી શકે તેમ નથી. આપણે સેવા કરવાને માટેજ જન્મ્યા છીએ. જ્યારે દાતાઓ દયાળુ નથી હોતા ત્યારે તેમની મુલ્યવાન્ બક્ષિસો પણ ક્ષુદ્રવત્ દેખાય છે.

નિર્બળને એકજ વખત સહાય આપવી એ બસ નથી, પરંતુ પાછળથી તે સુસ્થિતિમાં રહી શકે તેવી યોજના કરવી જોઇએ. દુઃખને પ્રસંગે દુઃખમાં ભાગ લેવાથી દુઃખ ઓછું થાય છે. અનિષ્ટ વસ્તુમાં પણ કંઇક સારૂં સમાયલું હોય છે, અને માણસોએ

ધ્યાનપૂર્વક ત્હેને બહાર લાવવું જોઇએ. માયાળુ વચનો કહેવાં એ પણ એક પ્રકારનું સત્કાર્ય છે, અને છતાં શબ્દો એ કાર્યો નથી. જેવી રીતે આપણે મશાલ આપણા પોતાને માટે સળગાવતા નથી, તેવી રીતે ઇશ્વરે પણ આપણને આપણા સ્વાર્થના માટે બનાવ્યા નથી; કારણકે જો આપણા સદ્ગુણનો પ્રકાશ આપણથી આગળ વધે નહિ તો તે આપણી પાસે ન હોત ત્હેના જેવું છે. **મનુષ્યની સુંદર વિભુતિઓ સારા કાર્યો માટેજ બક્ષવામાં આવી છે.** કુદરત પોતાની શ્રેષ્ઠતાનો અલ્પ અંશ આપે છે, તોપણ કરકસરની દેવીની પેઠે તે લેણદાર બનીને ત્હેનો હિસાબ રાખે છે.

શેકસપીઅર.

આપણો પાડોશી કોણ કહેવાય? દુઃખી માણસ આપણો ખરો પડોશી છે. પછી તે ગમે ત્યાં હોય, ગમે તેવો હોય અથવા ગમે તે જાતનો હોય. જ્યાં જ્યાં દુઃખની બુમ સંભળાય; જ્યાં અન્યાય; બળાત્કાર, દુરાચરણ અથવા સ્વાર્થને લીધે કોઇને સહન કરવું પડતું હોય, જ્યાં જ્યાં જીંદગીના પ્રસંગોને લીધે અથવા કમનશીબને લીધે કોઇ કંગાળ સ્થિતિમાં આવી પડયું હોય; ત્યાં ત્યાંના સર્વ દુઃખી માણસો, પછી ભલેને તેઓ શત્રુ અથવા પરદેશી હોય તો પણ ઇશ્વરની આજ્ઞા પ્રમાણે દરેક શક્તિમાન પુરૂષના તેઓ પડોશી ગણાય છે.

આપણામાંથી દરેક પોતાના ન્હાના મંડળને વધારે સુખી અને સારૂં બનાવવાને બંધાયલો છે. એવા ન્હાના મંડળમાંથી વધારેમાં વધારે સત્કાર્યોનો પ્રવાહ વહે, એકજ કુટુંબમાંથી સમગ્ર રાજ્યને

અથવા સભ્ય દુનીઆને પ્રોત્સાહન આપતી દૂરગામી અસરો વહે, એમ કરવાનું દરેકનું કર્તવ્ય છે.

અનિષ્ટનો નાશ કરવાની ઇચ્છા રાખનાર દરેકે ત્હેને સ્થાને સદ્-વસ્તુ દાખલ કરવી જોઇએ. આપણા પોતાનાં હૃદયમાંની નીચતા દૂર કરવાના બેશક ઘણા રસ્તા છે; પરંતુ સરળમાં સરળ સાદામાં સાદો, અને સર્વ સાધારણ રસ્તો એ છે કે આપણે ત્હેને સદ્વિચાર અથવા સત્કાર્યમાં પ્રવૃત્ત કરવું.

એ. વિ. સ્ટેન્લિ.

સામાજીક જીવનના વ્યવહારમાં દરરોજ અને દર પળે મળતા પ્રસંગોએ કરેલાં દયાનાં ન્હાનાં કાર્યોથી સ્નેહ મેળવાય છે અને સાચવી રખાય છે. જો એવા પ્રસંગો શોધવામાં આવે તો તે શબ્દો, અવાજ અથવા દૃષ્ટિમાં હરઘડીએ તૈયાર હોય છે. જે આવા ન્હાના પ્રસંગોને ગુમાવી અભિમાનથી એમ કહે છે કે મહાન સ્વાર્થત્યાગના પ્રસંગે જરૂર પોતે તૈયાર થશે, તે ભાગ્યેજ પ્રેમ મેળવી શકે છે. સંભવ તો એવો છે કે તે મહાન ભોગ આપીજ શકશે નહિ, અને જો આપશે તોપણ પોતાનો સ્વાર્થ સાધવાને માટેજ.

મનુષ્ય પોતાને માટેજ સર્જાયો છે એ માન્યતા ભૂલભરેલી છે. તે પોતાની સ્ત્રીને માટે, બાળકોને માટે, સંબંધીઓને માટે, લેણદા-રોને માટે અને એક વા બીજી રીતે સમાજને માટે કાર્ય કરવાને બંધા-યલો છે. ત્હેમનાજ કલ્યાણને ખાતર તે જીવે છે અને કાર્ય કરે છે, અને પોતાની કમાણીનો થોડો ભાગ ત્હેના પોતાના સુખને માટે વાપરે છે તે ફક્ત ત્હેમની કૃપાને લીધેજ છે, ત્હેની તો ફક્ત કાયાજ છે, અને

તેટલાં પુરતો પણ તે સમાજનો ઋણી છે. ટુંકામાં સમાજ શેઠ અને વ્યકિત સેવક છે; અને વ્યકિત સારી અથવા નરસી જેવી સેવા બજાવશે તે પ્રમાણે સમાજ હેનાપર અમલ ચલાવશે.

જી. એ. સાલા.

દરેક સ્ત્રી પુરૂષે આત્મશિક્ષણમાં સદ્દવૃત્તિથી ત્યાગ કરવાની કળા શીખવી જોઇએ. સભ્ય સમાજનું ખરૂં મહત્વ તેમાં વસતી સર્વ વ્યકિતઓની સ્વતંત્રતા અને અનુકૂળતાથી ઘડાયલું હોય છે. કારણકે એ સ્વાતંત્ર્ય અને અનુકૂળતાના પ્રમાણમાંજ તેઓ બીજાના સંસ્કાર સ્વિકારવાને તૈયાર હોય છે.

માણસો એક બીજા સાથે સંબંધથી જોડાયલા છે એટલાજ માટે હેમણે પરસ્પર પ્રેમ રાખવો એવું ધારી લેવું ભૂલભરેલું છે. જેમ કુશળ માળીને હાથે બમણાં ફળ બેસે છે તેમ પોષાતા જંગલી ઝાડપર પણ વિવેકભર્યા સંસ્કારથી પ્રેમની વૃદ્ધિ થઇ શકે છે અને તેમ કરવાની આપણી ફરજ છે, અને જેમ સુંદર ફૂલ ઝાડનાં બી ખરાબ જમીનમાં વાવવાથી આછાં ઉગે છે અથવા નાશ પામે છે તેમ સ્નેહ દુર્લક્ષથી ઓછો થઇ છેવટે નષ્ટ થાય છે.

જો સ્નેહનો દરેક ગુપ્ત વિચાર કાર્યમા પરિણમે તો આપણે આપણાં કુટુંબને માટે અને આપણા મિત્રોને માટે કેટલું બધું કરી શકીએ ?

મીસીસ એચ. બી. સ્ટો.

જેવી રીતે એકજ નિયમથી સર્વ તારાઓ આકાશમાં ચળકે છે અને ફરે છે તેવી રીતે સર્વ પ્રાણીઓ જે એકજ પ્રભુના

સામ્રાજ્યમાં વાસ કરે છે, તે વિશાળ રાજ્યનો સર્વથી અગત્યનો અને શાશ્વત નિયમ " સ્નેહયુક્ત દયા " નોજ છે.

ડેવિડ સ્વીંગ.

એક એવી દંતકથા છે કે એક મનુષ્યને પૂછવામાં આવ્યું હતું કે " તું કોને માટે વધારેમાં વધારે શ્રમ લે છે? " તેણે જવાબ આપ્યો કે " મ્હારા મિત્રોને માટે. " ફરીથી ત્હેને પૂછવામાં આવ્યું કે તે ઓછામાં ઓછી કોને માટે મહેનત કરતો હતો? ત્હેણે જવાબ આપ્યો કે " કરેલા ઉપકાર ભૂલવાને માટે " સારાંશ કે સ્નેહ વધારેમાં વધારે કામ કરે છે છતાં તેમાંનું ઓછામાં ઓછું યાદ રાખે છે.

સેકર.

જેટલા પ્રમાણમાં આપણે દાન કરીએ છીએ તેટલા પ્રમાણમાં આપણે ધનવાન છીએ, અને જેટલા પ્રમાણમાં આપણે આપતા નથી તેટલા પ્રમાણમાં આપણે ગરીબ છીએ.

મૅડમ સ્વેટશિન.

આપણે જો જગતને વધારે ડાહ્યું અને વધારે સારૂં આપણી પાછળ મૂકી જઇશું તો તે વધારે સુખી બનશે. એમ દલીલ કરવામાં આવે કે સામાજીક જીવનમાં ઉદ્ભવતાં માનવ પાપના પ્રબળ પૂરને આપણા એકલાના પ્રયાસથી શી રીતે રોકી શકાય? હું જવાબ આપું છું કે જો દરેક વ્યક્તિ " બીજાઓના પ્રયાસમાં

જોડાશે કે કેમ " એ વિચારવામાં વ્યર્થ સમય નહિ ગુમાવતાં પોતાનું કર્તવ્ય સર્વશક્તિ વાપરીને કર્યાં જાય તોજ સામાજીક સુધારણાને માટે કરવામાં આવતા મહાન્ પ્રયત્નો સફળ થાય.

શાટલવર્થ.

સ્નેહ રાખો. ફક્ત પોતાની જાતનેજ ખાતર નહિ; પરન્તુ માણસ માત્રને ત્હમારા ભાઇ ગણીને આકાશમાં ફરતા સૂર્યની પેઠે સર્વની સેવા કરો.

શિલર.

યથાશક્તિ જનસમૂહપર સ્નેહ રાખવો, સર્વના કલ્યાણના માર્ગનો અભ્યાસ કરવો, અને મનુષ્યજાતિના સુખમાં વૃદ્ધિ કરવી, એજ પરોપકારની પરાકાષ્ઠા છે, અને જેને આપણે દિવ્ય શક્તિ કહીએ છીએ તે આનાથીજ પ્રાપ્ત થાય છે.

શૅફ્ટસબરી.

સ્વાર્થ તરફ દષ્ટિ રાખીનેજ કોણુ સ્વર્ગ પ્રાપ્ત કરી શકયું છે?

બીજાને સુખ આપવાથી આપણે સુખી થઇએ છીએ, બીજાને માટે શ્રમ લેવામાંજ આપણો વિરામ છે. જો આપણે તન મન ધનથી જગતના કલ્યાણ માટે પ્રયાસ કરીએ નહિ તો આપણું જીવન એળે જાય છે.

સિ. સીમર.

કોઇ પણ સ્થિતિ એવી નીચ અથવા ક્ષુદ્ર નથી કે જેમાં રહીને આપણને સત્કાર્ય કરવાનો પ્રસંગ ન મળે. ઇશ્વરે આપેલી શક્તિનો જો સદુપયોગ કરવામાં આવે તો માણસ તેમજ સ્ત્રી, જુવાન તેમજ વૃદ્ધ, નિર્ધન વા ધનવાન્, ઉચ્ચ વા નીચ, શિક્ષિત કે અશિક્ષિત દરેક પોતાની પરિસ્થિતિમાં રહીને બીજાઓને ઘણી સહાય આપી શકે અને પોતાના જમાનામાં કલ્યાણનાં સાધન બની શકે.

શાર્પ.

એક દિવસ એવો આવનાર છે કે જ્યારે આપણામાંથી ઘણાને, આપણે જેટલા પૈસાનું ગરીબને દાન કર્યું છે તે પૈસા તેટલા રૂપીઆ આપ્યા બરાબર જણાશે, અને અજ્ઞાન અથવા દુઃખી મનુષ્યોને માટે આપણી પાસે વારંવાર માગવા આવીને પજવનારાઓ આપણા મોટા ઉપકારક જણાશે અને ધનવાનોને ત્યાં અનેક વાનીઓવાળાં ઘણા દિવસનાં જમણો કરતાં ગરીબની ઝુંપડીમાં ગાળેલી ઘડીઓ વધારે કિંમતી જણાશે.

જે. સ્ટૉકર.

માણસનું ખરૂં જીવન અને સુખ ઇશ્વરે ત્હેને જેવો કરવા ધાર્યો હોય તેવો થવામાં, જે ઉચ્ચ જીવનને માટે તેને જન્મ આપ્યો હોય તે પ્રમાણે જીવવામાં, ટુંકામાં ઇશ્વરના બલિદાન તરીકે હોમાવામાં, ધાર્મિક અને પારમાર્થિક કાર્યો કરવામાંજ

રહેલું છે. સ્નેહ એજ ઇશ્વરી નિયમનું પાલન છે અને પ્રાણિ-માત્રનું જીવનકાર્ય છે.

જે. સર્વિસ.

માણસો કહે છે કે તેઓ પોતાના જાતિબંધુઓના સર્વ કાર્યને માટે જવાબદાર નથી; પરંતુ પોતાના દૃષ્ટાંતથી જેટલા પ્રમાણમાં ત્હેમને (જનવર્ગને) દુઃખ વા હાનિ થઇ હોય તેટલા પ્રમાણમાં તેઓ દોષિતજ છે. જો આ મહાન સત્ય રાષ્ટ્રના અર્ધા ભાગને સંપૂર્ણ રીતે સમજાય તો બાકીનો અર્ધો ભાગ જલદીથી સુધરશે; જો અમીર અને મધ્યમ વર્ગ આ મહાન સત્યને સ્વિકારી તે પ્રમાણે વર્તે તો અર્ધો વિજય મળી રહે.

જેમ્સ સ્મિથ.

પ્રભાતમાં ઉઠતાંની સાથે એક જાતિબંધુને સુખી કરવાનો નિશ્ચય કરો. આ કામ સહેલું છે. જુનું વસ્ત્ર જરૂરવાળા માણસને આપી શકાય, ઉદ્વેગવાળા મનુષ્ય પ્રત્યે મધુર શબ્દ બોલવામાં આવે, પ્રયત્ન કરનારને પ્રોત્સાહક વચન કહેવામાં આવે, આ વસ્તુઓ હવા જેવી હલકી લાગે છે છતાં ચોવીસે કલાક કરી શકાય તેવી અને તેટલી છે. સહેલામાં સહેલા ગણિતના હિસાબ પ્રમાણે આનું પરિણામ તપાસીએ. જો દરરોજ એક માણસને સુખી કરી શકાય તો વર્ષના ૩૬૫ દિવસ પ્રમાણે ફક્ત ચાળીસ વર્ષના સેવા જીવન દરમિયાન થોડા વખત પુરતા પણ ૧૪૬૦૦ મનુષ્યોને તમે સુખી કરી શકો.

સીડની સ્મિથ.

મનુષ્યની સંપૂર્ણતા ઇશ્વરની પૂજા કરવામાં અને નીતિના નિયમોનું અનુસરણ કરવામાંજ રહેલી નથી, પરંતુ દયામાં છે. જેનામાં દયા છે તેજ મુક્તિ માટેની આવશ્યક વસ્તુ મેળવી શકયો છે.

સેવોનરોલા.

ખરો માણસ પોતે એકલો સુખ ભોગવી શકતો નથી. બીજાને સુખ આપવામાં તે આનંદ માને છે, અને ત્હેમને ચાહે છે, કારણ કે ત્હેના સુખનો સર્વ આધાર બીજાના સુખપર છે. રૂડા માણસના નામ અને દર્શનથીજ સદ્દવૃત્તિ જન્મે છે અને આપણ બધાને તે પ્રમાણે જીવન ગાળવામાં સહાય મળે છે.

આર. એલ. સ્ટીવન્સન.

માનવ હૃદયમાં અનુભવાતા ઉત્તમ આનન્દને ત્હમે અનુભવવા માગો છો? ત્હમારા હૃદયમાં અંધારે પડી રહેલા તે અતિ મૂલ્યવાન્ ખજાનાને પ્રકાશીત કરી ભોગવવાની ઇચ્છા છે? તો બીજાનોજ વિચાર કરો અને ત્હેમને માટેજ કામ કરો અને ત્હમારી જાતને છેક પાછળ રાખો. મનુષ્ય જાતને ભાઇબહેન સમાન ગણો અને તેમના પ્રત્યે ઉદાર અને માયાળુ થાઓ.

ડબલ્યુ સ્નોડ.

ત્હમારી અંદરના દયાના ખજાનાનું રક્ષણ કરો. જરા પણ શંકા વગર કેવી રીતે આપવું; દિલગીરી સિવાય કેવી રીતે ગુમાવવું;

અને નીચતા સિવાય કેવી રીતે પ્રાપ્ત કરવું; તે શીખો. ત્હમારા સ્નેહીઓના સુખદ્વારા ત્હમારા પોતાના અપૂર્ણ સુખને સંપૂર્ણ સુખ બનાવતાં શીખો. ભાવી જીવનમાં શ્રદ્ધા રાખો. પ્રભુનાં સર્વ બાળકો તરફ સ્નેહ રાખો.

જ્યૉર્જ સેન્ડ.

મનુષ્યમાત્રનાં હૃદય અનુકમ્પાને માટે પોકારી રહ્યાં છે. જેવી રીતે હરણ પાણીના ઝરણને માટે તલપે છે તેવી રીતે આત્મા અનુકમ્પાને માટે તૃષાતુર રહે છે. ઉચ્ચ અને નીચ, પૈસાદાર અને ગરીબ, જુવાન તેમજ વૃદ્ધ તેની ઇચ્છા કરે છે. તે જીવનની ગુપ્ત ચાવી છે. એટલાજ માટે નહિ, પરંતુ ત્હેમના સ્વભાવથીજ તેઓ ત્હેને માટે ભૂખ્યા છે. ગરીબ ભીખારી પૈસાદાર માણસ પાસે અન્નની ભિક્ષા, માગે છે. પરંતુ અન્દરથી તો તે દાતારના સાનુકંપ સ્મિતથીજ વધારે રાજી થાય છે. દ્રવ્યનો અખૂટ ભંડાર અનુકંપાના અણુંની તોલે આવતો નથી. ગર્વિષ્ટ માણસ પણ કૂતરાની હેતભરી પૂંછડી હાલવાથી રાજી થાય છે. પુષ્પ ઉષ્મા સિવાય ટકી શકતું નથી. અનુકંપા વિના જીવન પણ અશક્ય છે, અનુકંપા વિના ઉદ્યોગગૃહમાં ગરીબ માણસને રોજી માટે રોકવાં એ ત્હેમને બીજા મનુષ્યોના સહવાસથી અલગ અંધારી ખોમાં કેદ રાખવા સમાન છે. સૂર્યને વિશ્વમાંથી લઇ લ્યો, પરન્તુ અનુકંપા રહેવા દો. કાનની સાંભળવાની શક્તિ અને આંખની જોવાની શક્તિ ભલે જતી રહે પરન્તુ અનુકંપા સિવાય ચાલી શકશે નહિ. અનુકંપા સિવાયની બીજી કોઇ પણ વસ્તુ જતી રહે ત્હેની ચિન્તા નથી. અનુકંપા

વિનાનું જીવન વ્યર્થજ છે. નિરાશ થએલો મનુષ્ય પણ અનુકંપાને સ્પર્શ થતાં પોતાનું ઢળી પડેલું શિર ઉંચું કરીને આનંદ કરશે. અનુકંપા સ્નેહની પાંખોને એવો વેગ આપે છે કે તે સ્વર્ગના દ્વાર સુધી પહોંચી જાય છે. નિરાશ થએલા માટે તે રામબાણ ઉપાય છે. લોભીનું તે અમૃત છે, અને બધાને બંધુભાવની લાગણીથી એક કરે છે.

ડેવીડ સીન્કલેર.

બીજાને માટે બહુ લાગણી થાય, પોતાની જાતને વિસરી જવાય, સ્વાર્થને અંકુશમાં રખાય અને ઉચ્ચ સ્નેહમાં મગ્ન થવાય ત્યારેજ માનવ જીવન સંપૂર્ણ બને છે.

એડમ સ્મીથ.

બીજાં કાર્યો કરતાં દાન એ માણસનું ચારિત્ર વધારે સ્પષ્ટ કરે છે.

સાઉથ.

દુનીઆમાં વસ્તુઓના દાનરૂપે દયા ઘણી બતાવાય છે, પરંતુ વિચાર અને વાણીરૂપે થોડીજ દયા બતાવવામાં આવે છે.

પી. સિડની.

પ્રેમભરી ભાષા એજ ધર્મની ખરી ભાષા છે.

સેએટીઅર.

બીજાની આંખમાંથી વહેતાં અશ્રુ લુંછવાનો પ્રયત્ન કરવો એજ ખરી કીર્તિ છે.

હેન્રી એસ. સટન.

જેમ સુવર્ણ સર્વ ધાતુઓમાં શ્રેષ્ઠ, મોંઘું, સુંદર અને ટકાઉ છે તથા જવલ્લેજ મળી આવે છે, તેવીજ રીતે દયા.સર્વ સદ્‌ગુણમાં શ્રેષ્ઠ અને સુંદર છે. તે અટકતી નથી, પરંતુ કાયમ રહે છે.

સ્પેન્સર.

આપણા સ્નેહીઓ પ્રત્યે ઉચ્ચારેલાં કોમળ વચનો અને કરેલાં સ્નેહપૂર્ણ કાર્યો અમર બીજ છે. તેઓ આપણા પોતાનાજ જીવનમાં નહિ, પરંતુ આપણા વંશજોમાં જીવનમાં પણ શાશ્વત્ સૌંદર્ય સહિત ઉગી નીકળશે.

સી. એસ. સ્પર્જ્યન.

વ્હાલા મિત્ર, ત્હમે જે કામ કર્યું હોય તે નહિ, પરંતુ ત્હમે જે કામ ન કર્યું હોય તેજ ત્હમારા હૃદયને અસ્ત પામતા સૂર્યની પેઠે દુઃખ દે છે.

વિસારે પડેલો કોમળ શબ્દ, લખવાનો રહી ગએલો એક પત્ર અને મોકલવાનાં રહી ગએલાં પુષ્પો, ત્હમને રાત્રે ભૂતની માફક સ્વપ્નમાં દેખાશે.

ત્હમારા ભાઈના રસ્તા ઉપર પડેલો અને અથડાતો પથ્થર ત્હમારે દૂર કરવો જોઇતો હતો. શું ત્હમે કામમાં એટલા બધા

પ્રવૃત્ત થયા હતા કે સાચા હૃદયની સલાહ આપવાનો પણ ત્હમને અવકાશ નહોતો મળ્યો ? દયાનાં આવાં આવાં ન્હાનાં કાર્યો જો કે જલ્દીથી ભૂલી જવાય છે છતાં મનુષ્યને દેવ બનવાના એજ ખરા પ્રસંગો છે.

એમ. ઈ. સેન્ગ્સ્ટર.

સહાય, દયા અને સેવા એ સ્નેહનીજ વાણી છે. તે કૃતિમાં ઉતરેલો સ્નેહજ છે.

સાચા સ્નેહની અને સાચી સેવાની એજ ખરી નીતિ છે કે તે ચારે તરફ જાય છે, અને પોતાનું શુભ કાર્ય કરે છે; તે વિષે તે કદી કંઇ કહેતાં નથી, પરંતુ અન્યને કરવા પ્રેરે છે. તે કદી બોલતા નથી, એટલુજ નહી પરન્તુ અન્ય જાણે ત્હેવી ઇચ્છા પણ કરતા નથી; અને જેમ જેમ તે વધારે ઉન્નત બને છે તેમ તેમ તેની એ અનિચ્છા વધારે અને વધારે તીવ્ર બને છે. બીજા શબ્દોમાં કહીએ તો તે પ્રખ્યાતિ અથવા કીર્તિની ગાંડી ઇચ્છા પાછળ ફાંફાં મારતાં નથી, અને તેથી તે પોતાનાં સત્કાર્યોનાં લાંબાં લાંબાં વર્ણન આપી પોતાની જાતને હલકી કરતાં નથી, અથવા અન્યને કષ્ટ આપતાં નથી. તે સેવકનો ધંધો કરતાં નથી પણ ફક્ત પોતાનું સ્વાભાવિક જીવન ગાળે છે. તે પ્રસંગને અનુસરતું યથાશક્તિ સત્કાર્ય નિખાલસ હૃદયથી કર્યાં કરે છે, અને તેમ કરીને સત્ય જીવનને તથા આનંદને પ્રાપ્ત કરે છે.

આર. સિ. ટ્રેન્ચ.

જે જીવન સર્વને સ્નેહથી સ્પર્શે છે તેજ સંપૂર્ણ, સમૃદ્ધિવાન, સુન્દર શક્તિપૂર્ણ, અને નિરંતર ખીલતું હોય છે.

જગતમાં સ્નેહ રેડો, અને સર્વ શ્રેય અને પ્રભાભર્યું સ્વર્ગ દુનિયામાંજ આપણે અનુભવીશું.

સ્નેહ એજ સર્વસ્વ છે. તેજ જીવનની ચાવી છે, અને ત્હેની સત્તાથી સમગ્ર જગત ચાલે છે.

માણસના આગળ ત્હેના પોતાના દોષ, ત્હેની ખામીઓ અને ત્હેની ભૂલો વિષે હમેશાં વાત કરીને તે બાબતો ત્હેની નજર આગળ ખડી કર્યા કરવાથી કાંઇ તે ઉચ્ચતર અને વધારે સારૂં જીવન ગાળશે નહિ; પરન્તુ ત્હેમનામાં જે ઉન્નત, ઉમદા, દિવ્ય અને ઇશ્વરી અંશ રહેલો છે ત્હેને ઓળખવાથી અને ત્હેના આત્માનાં બંધ પડી રહેલાં દ્વારો ખોલવાથી અને આ પ્રમાણે ત્હેને દિવ્ય ચક્ષુની પ્રાપ્તિ કરાવવાથીજ તેમ થઇ શકે છે. તેથી કરીને તે આત્માના સાદને વધારે લક્ષ્યપુર્વક સાંભળશે અને આ સૃષ્ટિમાં જન્મનાર દરેક માણસને જે પ્રકાશ અજવાળે છે તે પ્રકાશને અનુસરશે. **મનુષ્યને જેટલાં પ્રમાણમાં આંતર જ્ઞાન પ્રાપ્ત થશે તેટલાજ પ્રમાણમાં તેનું બાહ્ય જીવન અને વર્તન તેને અનુકૂલ બનશે, તેથી જરા પણ વધારે નહિ.**

અન્યના સુખની ચિન્તા કરવાથી પોતાના વ્યવહારમાં પણ એટલી બધી સહાય મળે છે કે માત્ર સ્વાર્થને ખાતર પણ બીજાને લાભ કરી આપવો એ સારી નીતિ છે, પરંતુ એવા હેતુવાળી ભલમનસાઇ કરતાં નિઃસ્વાર્થી માયાળુ સ્વભાવ એ અનેકગણો ઉચ્ચ અને લાભપ્રદ છે.

પ્રેમ અને સેવાના સિદ્ધાન્તનું સુંદર રહસ્ય તો એ છે કે તેથી આપણું વ્યક્તિત્વ ખીલે છે. જો એમ પૂછવામાં આવે કે તે

કેવી રીતે ? તો મ્હારો ઉત્તર એ છે કે થોડી પળને માટે પોતાની જાતને વિસરી જઇને સ્વાર્થ વૃત્તિમાંથી બહાર આવો અને અન્યને માટે કોઇ પણ પ્રકારની ભલી સેવા, કંઇ પણ પ્રેમયુક્ત કૃપા કરો. કાર્ય ન્હાનું છે અથવા મ્હોટું છે તે ખાસ અગત્યનું નથી; પરંતુ જેનું જીવન હેતુશૂન્ય અને ચિન્તાપુર્ણ લાગતું હોય એવા પ્રત્યે પ્રેમથી જુઓ અને થોડા પણ આશાજનક શબ્દો બોલો. એવું પણ બને કે તેને માટે એજ પ્રસંગ અણીનો હોય અને તેથી કરીને તમારી એવી સહજ મદદથી પણ તેનું આખું જીવન અથવા નસીબ પલટાઇ જાય. વળી જે પોતાને મિત્રરહિત માને છે ત્હેના તમે મિત્ર બનો.

અરે! દરરોજ એવા અનેક પ્રસંગ પ્રાપ્ત થાય છે કે જેમાં મહાન્ કાર્યો નહિ 'પરન્તુ પડોશી પ્રત્યે અસંખ્ય ન્હાનાં સેવાનાં કાર્ય કરી શકાય. એકવાર પણ પ્રેમાળ હૃદયથી અન્ય માટે કંઇક કરો, અને ત્હેમાંથી જે અમૂલ્ય આનંદ મળે છે તે અનુભવો, એટલે પછી તમને ફરીથી તેવું કરવાનું કહેવાની જરૂર પડશે નહિ. બીજી વાર તેવું કાર્ય સરળ અને વધારે સ્વાભાવિક લાગશે.

જેમની પાસે પુષ્કળ દ્રવ્ય એકઠું થયું હોય તેઓ તેને સમય જીવન પર્યન્ત દિવસે દિવસે જીવનમાં અને ચારિત્રમાં ઉતારે તેના કરતાં બીજો વધારે સારો ઉપયોગ તેઓ ત્હેનો કદી કરી શકે નહિ. આથી ત્હેમનું જીવન નિરંતર ઉન્નત બનશે અને ખીલશે. એક સમય એવો આવશે કે જ્યારે મુઆ પછી બહુ દોલત મૂકી જવી એ માણસોને માટે લજ્જાસ્પદ ગણાશે.

જડ પદાર્થોમાં પોતામાં કંઇ મહત્તા નથી, તેમ હોઇ પણ શકે નહિ. ત્હેમનો જે કાંઇ ઉપયોગ કરવામાં આવે છે ત્હેને લીધે

તેમાં મહત્તાનો આરોપ જ માત્ર કરાય છે. જગતમાં સર્વોત્તમ અને સાચામાં સાચી મહત્તા તો માનવ બન્ધુઓ પ્રત્યેના નિઃસ્વાર્થ પ્રેમ, સેવા અને આત્મત્યાગમાંજ છે.

આર. ડબ્લ્યૂ. ટ્રાઇન.

બીજા ત્હમને ચહાય એવી ત્હમારી ઇચ્છા છે ? તો ત્હમારે પ્રથમ ચહાવું જોઇશે. આ દુનીઆમાં બીજા કોઇ પણ જાતના દ્રવ્યથી પ્રેમ ખરીદી શકાતો નથી. સ્નેહના ઝરાને માટે પહોળા પટવાળી નહેરો તૈયાર કરો; કારણકે તે ઝરણુ એવું ભરપુર છે કે તેને ઝીલનાર દરેક સ્થળે તે ઉભરાઇ જશે.

આમ છતાં જો કોઈ પણ વેળાએ આવી નહેરો તૈયાર કરવાનું કામ પડતું મૂકવામાં આવશે તો સ્નેહનો ઝરો પોતેજ સુકાઇને સોસાઇ જશે. જો આપણે તે સ્વર્ગીય વસ્તુને આપણી પાસે રાખવા માગતા હોઇએ તો તેને આપણે બીજાને વહેંચી આપવી જોઇએ. જે ઘડીએ આપણે તે આપવાની બંધ કરીશું તેજ ઘડીથી આપણી પાસેથી પણ તે જતી રહેશે, કારણ કે સ્નેહનો એવો નિયમ છે.

આર. સિ. ટ્રેન્ચ.

જ્યારે ત્હમે કોઇ પણ વસ્તુનું દાન કરો ત્યારે જો તે આપવા ખાતર કંઇ પણ ખાસ ત્યાગ ત્હમારે કરવો પડયો ન હોય તો તે દાનનું માન ખાટતા નહિ.

જે માણસ બળતું ઘર કૃષ્ણાર્પણ કરે છે ત્હેનામાં જરા પણ ઉદારતા નથી; કારણકે દાનતું તત્ત્વ ત્યાગ છે.

હેન્રી ટેલર.

"સ્નેહ" એ કર્તવ્ય અને તેથી પણ કંઇક વિશેષ છે. સ્નેહ કર્ત્તવ્યરૂપી થડવાળું ભવ્ય વૃક્ષ છે.

ગમે તેવું અલ્પ જણાતું કર્ત્તવ્ય કરવાની દરેક પ્રેરણા ઈશ્વર તરફથીજ આપણને મળે છે.

ટેમ્પલ.

ઉન્નત સ્વભાવનાં મનુષ્યો જ્યારે બીજાને પોતાના સુખમાં ભાગ લેતાં જુએ છે ત્યારેજ પોતાને સુખી ગણે છે.

જ્યારે આપણે કોઇ પણ સદ્દગુણને માટે પ્રાર્થના કરતા હોઇએ ત્યારે આપણે ત્હેને કેળવવો જોઇએ તથા ત્હેને માટે પ્રાર્થના કરવી જોઇએ. પ્રાર્થનાનાં વચનો એજ ત્હમારા જીવનના નિયમો હોવા જોઇએ. ઇશ્વરને કરેલી દરેક આજીજી મનુષ્યને માટે ઉપદેશ છે, તેથી કરીને પ્રાર્થનાને કર્તવ્ય અને મુક્તિનો સરળ રસ્તો માનશો નહિ, પરન્તુ કર્તવ્યનો અખંડ ઉપદેશ માનજો. આપણે ઇશ્વર પાસે જે જે માગીએ છીએ તે તે વસ્તુઓની તે આપણી પાસેથી અપેક્ષા રાખે છે; અને જો ત્હમારે ધર્મોપદેશનો સંગ્રહ જોઇતો હોય તો ત્હમારે ફક્ત પ્રાર્થનાનાં પુસ્તકોજ જોવાં જોઇશે.

જેરેમી ટેલર.

અપકારપર ઉપકાર કરવો એજ સ્હામા મનુષ્યને જીતવાનો શ્રેષ્ઠ માર્ગ છે.

ટિલોટ્સન.

દ્રવ્યવાન પુરૂષ જીવન દરમિયાનજ દરરોજ દ્રવ્યને વાપરે એજ ત્હેનો શ્રેષ્ઠ ઉપયોગ છે. એવો સમય પણ જરૂર આવશે કે જ્યારે બહુ દોલત મૃત્યુ પાછળ મૂકી જવી એ લજ્જાસ્પદ ગણાશે.

આર. ડબ્લ્યુ. ટ્રીવ.

સત્કાર્યની પેઢી કદિ દેવાળું કાઢતી નથી.

થૉરો.

માયાળુ શબ્દોને વાતાવરણમાં ઉઠવા દો. ત્હેમની અસર કેટલે પહોંચશે એની કોઇને માહિતી નથી.

ડિ. ડબ્લ્યુ ટેલમેજ.

ત્હારા દુઃખને ભૂલી જઇ ત્હારા બન્ધુને સહાય કર. સુવર્ણને સેવક બનાવ, તું ત્હેનો દાસ બનીશ નહિ. ભિક્ષુકની ઝોળીમાં છુટે હાથે ભિક્ષા નાખ. આપત્તિના અન્ધકારમાં ગુંગળાતા મનુષ્યને સુખરૂપી પ્રકાશમાં લાવ. સદ્વિચાર કર્યાજ કર; કેમકે ત્હેની પાછળ સત્કાર્ય આવશેજ.

ટેનિસન.

સ્નેહ આપણુ સર્વને કેવી રીતે આશ્વાસન આપે છે, સહાય આપે છે, બળ આપે છે, અને આપણો ઉદ્ધાર કરે છે તે જો. જીવનને મધુર અને સુન્દર બનાવનારા કલ્યાણકારી અસંખ્ય પ્રસંગો સ્નેહમાંથીજ આપણને મળે છે.

સેલિયા થૅકસ્ટર.

ખરેખર જો સેવાનાં કાર્યો કરવાની શક્તિ આપણી પાસેથી લઇ લેવામાં આવે તો આપણું જીવન ઘણું દયાપાત્ર બને. જો દયાનું ઝરણ આપણા હૃદયમાંથી સૂકાઇ જવાનો સંભવ હોય તો પછી આપણને આનંદ અને ઉત્સાહની આશાજ ન રહે. જે માણસ દાન કરી શકે છે તે દાન લેનાર કરતાં ખરેખર વધારે પ્રાપ્ત કરે છે. અરે! દાનથીજ દ્રવ્યની પ્રાપ્તિથી ઉદ્દ્ભવતી નિર્દયતા તથા સંચય કરી રાખવાની ક્રૂરતા દૂર થાય છે. આપણાથી હલકી પંક્તિનાં દુઃખી મનુષ્યોને આપણા દ્રવ્યમાંથી કંઇક આપવાથીજ "આપણે સર્વ એકજ પિતાનાં સંતાનો છીએ" એ વાત આપણને યાદ રહી શકે છે.

ટીક.

આપણુ દરેક અનુકંપા રાખી શકીએ, પરન્તુ ત્હેને પૂર્ણ રીતે સ્હમજવી એ વધારે માર્મિક વાત છે. જે માણસ નિઃસ્વાર્થપણે અનુકમ્પા રાખી સ્વાર્થને તદ્દન વિસરી જાય છે અને ડોળ કરતો નથી, તેજ વિરલ અને શ્રેષ્ઠ છે.

એન થેકરે.

જે દિવસે આપણે બીજાના દુઃખનો વિચાર કરીએ છીએ તેજ સર્વથી વધુ સુખકારક દિવસ છે. પોતાની જાતને ભૂલતાની સાથેજ આપણે ખરૂં જીવન પ્રાપ્ત કરીએ છીએ, અને સત્કાર્યથી મળતા સુખને લીધે આપણું ભાવી જીવન વધારે સુન્દર બને છે.

આર. એચ. થૉર્પ

•

જો સદ્ગુણી મનુષ્યો બીજાના કલ્યાણાર્થેજ પોતાના ગુણોનો ઉપયોગ કરે અને ગર્વિષ્ટ બની બીજાના દોષ માટે તિરસ્કારને બદલે સહાનુભૂતિ દર્શાવે તો કેટલાં બધાં મનુષ્યોને તેઓ સન્માર્ગે વાળી શકે ?

અશર.

•

જે સમયનો દુરૂપયોગ કર્યો છે ત્હેને માટે કંઇ ઉપાય નથી; આળસમાં ગુમાવેલા સમયને માટે ઇલાજ નથી. આળસ પોતેજ એવી ભારે શિક્ષા છે કે જે પ્રવૃત્તિશીલ મનુષ્યોએ કદિ અનુભવી વા કલ્પેલી પણ ન હોય. અરે ! ત્હારી જાતને તું એ શિક્ષા દેતો નહિ.

મ્હને ખબર છે કે આ મનુષ્ય જીવન મ્હને ઉન્નત કાર્યો કરવાને માટે, નહિ કે સ્વાર્થને માટે આપવામાં આવ્યું હતું. ને નિરર્થક સ્વપ્નોમાં વ્યતીત કરવાનું નહોતું, પરન્તુ પોતાની જાતને સુધારવાને માટે અને મનુષ્ય જાતિની સેવા કરવાને માટેજ શ્રેષ્ઠ શક્તિઓ આપવામાં આવી છે. માણસે પોતે બહારથી દેખાય છે ત્હેના કરતાં વધારે સારા બનવું જોઇએ; અને ત્હેણે પોતાનાં

કાર્યોને એવી રીતે યોજવાં જોઇએ તથા મનને એવી રીતે કેળવવું જોઇએ કે જેથી દુનિયા સુન્દર બને, અને ભવિષ્યમાં સ્વર્ગની આશા રહે.

ઑબ્રેડવર.

ત્હમારામાં સ્નેહ હોય ત્યાં સુધી ત્હેને ખિલવો અને ત્હેનો સંપૂર્ણ ઉપયોગ કરો. સત્કાર્યોના અનુકરણથી અને સદ્‌વસ્તુના દર્શનથી ત્હેને પોષો. ઇશ્વરને તે દ્વારા ત્હમારા હૃદયમાં દાખલ થવા પ્રાર્થના કરો. ત્હમારા પતિને, ત્હમારી પત્નીને, બાળકોને, નોકરોને, શેઠને, ભાઇ બ્હેનોને, પડોશીને, વ્યાપારીઓને, તેમજ ત્હમારા મિત્રોને ચ્હાઓ, અને માનો કે ત્હમને આ જગતમાં દયાના કાર્યો કરવા મોકલ્યા છે. આ રીતે ઇશ્વરને ઓળખો.

વૉટસી.

જન્મ અને મૃત્યુ વચ્ચેના પુલરૂપી જીવનને તપાસીને હવે મ્હારા હૃદયને કહેવા દો કે મનુષ્ય અથવા પશુ પ્રત્યે મ્હારાથી જે કંઇ સેવા થઇ છે ત્હેને લીધે, મ્હે જેવા જોયેલી તે કરતાં અત્યારે દુનિયાને વધારે સારી સ્થિતિમાં મૂકી જાઉં છું.

"ત્હારી પોતાની જાતને છેલ્લી ચ્હાજે." જો આ અલ્પ સૂત્રનો ધર્મ તરીકે સ્વીકાર કરીશ તો દુનિયા ત્હારી સેવાથી જરૂર સારી બનશેજ; માટે જા, અને એ સૂત્રને શબ્દથી તથા આચારથી અનુસર માણુસને જે સત્યધર્મની આવશ્યકતા છે તે આજ છે.

દયા રાજવંશી ગુણ છે. સુખની વાતો કરો. જગત હમારા દુઃખ સિવાય પણ દુઃખીજ છે. કોઇ પણ રસ્તો તદ્દન વિષમ નથી. સપાટ અને સ્વચ્છ જગ્યા શોધી કહાડો. નિરંતર મનુષ્યોના અસંતોષ, દુઃખ અને દરદની વાતો સાંભળતા રહીને તેનાથી કંટાળી ગયેલાઓને સુખ આપવાને માટે હેમની સાથે તે સંબંધી વાતો કરો.

જો એકજ દુઃખી કે થાકેલો મનુષ્ય આપણને રસ્તે મળતાં પોતાના દુઃખને સહજ પણ ભૂલી જઇ શકે તો જીવન જરૂર સફળ થયું કહેવાય.

જો આપણે એક દુઃખી મનુષ્યને નુકસાનમાં રહેલો લાભ સ્હમજાવી શકીએ તો આપણે જીવનના વિષમ પ્રસંગોમાં જે સહન કર્યું હેનો બદલો આપણને મળી ચૂકયો ગણાય.

જો આપણા કોઇ પણ કાર્યથી વા વચનથી કોઇ નિરાશ થયેલાને આશા મળે અથવા દુઃખી મનુષ્ય હસે તો આપણું જીવન સફળ થયું ગણાય.

હે મિત્ર! એક સ્નેહાળ, કોમળ અને સહૃદય પુરૂષ કે જેને આપણી મુશીબતો અને જરૂરીઆતો સ્હમજાય છે તે બાહ્ય ઉપાસના જુઠા મતમતાંતરોના ભપકા, અને ડોળ કરતાં આપણને ઇશ્વરની વધારે નજદીક લઇ જાય છે.

જો કે પૃથ્વી ઉપરનાં મનુષ્યો ખરી કિંમત આંકી શકતાં નથી, છતાં સ્નેહનો બદલો આખરે સ્નેહ આપેજ છે. સ્વર્ગના મહાન્ અને શાશ્વત્ રાજ્યમાં આંકડે આંકડાનો હિસાબ રાખવામાં આવે છે અને ત્યાં સ્નેહનો બદલો મળીજ રહે છે.

ત્હારા સ્નેહનું સંપૂર્ણ રીતે દાન કર, ત્હેને લીધે સહન કરવા પડતા દુઃખને ગણતો નહિ, કારણ કે દુઃખ તો થઇને મટી જવાવાળું છે, જ્યારે સત્કાર્યરૂપી સુંદર શાશ્વત્ વસ્તુ કદિ નાશ પામતી નથી.

મહાન્ કાર્ય કરવાની ત્હને આતુરતા હોય અને ત્હારા મનમાં મહત્વાકાંક્ષાઓ રમી રહી હોય તો આત્મપરીક્ષા કરી તપાસ રાખ કે દયાનાં ન્હાનાં કાર્યો પણ ચૂકાય નહિ.

નિરાશાવાદીને માટે સત્કાર્યોમાંજ આશ્વાસન રહેલું છે. બીજાને માટે શ્રમ લેનાર પોતાની જરૂરીયાતો વિસરે છે.

દુનિયામાં અસંખ્ય દેવ છે, અનેક ધર્મ અને ભૂલભૂલામણી જેવા અનેક પંથો છે, પરંતુ દુઃખી દુનિયાને માટે ખરી જરૂરની વસ્તુ તો "સત્કાર્યો કરવાની કળા"નીજ છે.

અરે મંદહૃદય! સાવધાન થા; જીવનસંગ્રામના ક્ષેત્રમાં તું આગળ ધપ; દુઃખમય સંસારમાં પ્રવેશ કર અને ઉપયોગી જીવન ગાળ.

જાગ્રત થા, એક ઘડી પણ વિલંબ કરીશ નહિ; કારણ કે કાળ ત્હારા જીવનની ઘડીઓ ગણે છે.

જગતને ક્ષુદ્ર દ્રવ્યની શોધમાં ફરનારા મનુષ્યો કરતાં સ્વાર્થપર સંપૂર્ણ વિજય મેળવનારા સાચા સેવકોની ઘણી જરૂર છે. શું લુલો માણસ પોતાના જાતિબંધુઓને દોરી શકશે? શું અંધ અંધને રસ્તો બતાવી શકશે? આપણા બંધુઓને સુધારવા પહેલાં આપણે પોતાની જાતને અવશ્ય સુધારવી જોઇએ.

જેમ જેમ હું વધારે આપું છું તેમ તેમ મ્હારી પાસે આપવાની વસ્તુઓ વધ્યેજ જાય છે. જેમ જેમ વૃત્તિઓપર મ્હને વિજય મળતો ચાલે છે તેમ તેમ બીજો વધારે વિજય મેળવવાનો બાકી

હોય એમ સમજાતું ચાલે છે. શાશ્વત જીવનમાંજ ત્હને સંપૂર્ણ રીતે ચાહી શકાય તેવી લાંબી જીંદગી હોઇ શકે.

ઈશ્વરની દુનિયામાં સ્નેહ આપવોએ નહિ અને તે સ્નેહ મેળવવોએ નહિ એના જેવું બીજું એકે દુઃખ નથી. સ્નેહના વિનિમયમાં જે આનંદ છે તેથીજ જીવન સ્વર્ગીય બને છે.

વિપત્તિને પ્રસંગે મનુષ્યોને આપણા હૃદયની મધુરતાથી શાન્તિ આપવાને બદલે ત્હેમના મૃત્યુ પછી ત્હેમને માટે સર્વસ્વનો ત્યાગ કરીએ તો પણ શું વળે? સગાં સ્નેહીઓના મરવા પછી સ્નેહપૂર્વક ત્હેમના ગુણોનું સ્મરણ કરવું અને પુષ્પો ચઢાવવાં; વગેરે પ્રકારે દર્શાવાતી મૃદુ લાગણીઓની ગતજીવોને શી અપેક્ષા છે? આવી લાગણીઓની જીવંત કાળમાં જ ત્હમને ખરી અપેક્ષા હોય છે, કેમકે અનેક જીવતાં મનુષ્યો આવી લાગણીઓને અભાવેજ મરણને શરણ થતાં હોય છે.

કઠોર વિચારને ત્હારા હૃદયમાં દબાવી દે, કારણ કે ત્હેનામાં વગર બોલ્યે પણ નાશ કરવાની શક્તિ છે. સ્નેહનોજ વિચાર કર, કદાચ તે વાણીમાં નહિ ઉતરે તોપણ જગતને વધારે પ્રકાશ આપશે.

"વાવીએ તેવું લણીએ." દુઃખનાં બી વેરી સુખનાં ફળ મેળવી શકાય નહિ. મ્હારી પાસે ભલેને દ્રવ્ય થોડું હોય છતાં મ્હારા માનવ બંધુઓને મદદ કરવાને મારે કાંઇ આપવું જોઇએ. જીંદગીમાં દુઃખી હૃદયોને પ્રોત્સાહક વચન અથવા સુખના વિચારથી પણ આશ્વાસન મળશે.

મ્હારૂં જીવન ક્ષણભંગુર છે, મ્હારે આ દુનિયામાં થોડો વખત રહેવાનું છે અને જ્યાં સુધી જીવું ત્યાં સુધી યથાશક્તિ આ સ્થળને વધારે સુંદર અને તેજસ્વી બનાવવાની મ્હારી ઇચ્છા છે.

ત્હારી પોતાની જાતને છેલ્લામાં છેલ્લી ચહાજે. આસપાસ નજર કર અને ત્હારી સાથે સંચરતા જીવો પ્રત્યેનાં ત્હારાં કર્તવ્યો સ્હમજી લે. ન્હાનાં ન્હાનાં સુંદર કાર્યોથી તેમને સુખી કર અને જગતનાં દુઃખના ભાર સહન કરવામાં ત્હેમને સહાય આપ.

મ્હેં મ્હારી કમાણીમાંથી થોડું દ્રવ્ય એક ભિક્ષુકને આપ્યું. તેણે તે ખરચી નાખ્યું અને ફરી આવ્યો અને ફરી આપ્યું. છતાં પણ પાછો તે પહેલાંની પેઠે ભૂખ્યો અને ઠંડીથી થરથરતો હતો. મ્હેં ત્હેને ઉપદેશ આપ્યો અને તેણે મ્હારા ઉપદેશદ્વારા પુષ્ટ વસ્ત્રોવડે આચ્છાદિત અને સુખપૂર્ણ દિવ્ય અંતરાત્માને ઓળખ્યો. ત્યારથી તેણે ભિક્ષાવૃત્તિ ત્યજી દીધી.

અત્યંત સ્નેહ રાખ. પૃથ્વીપર દુઃખો પુષ્કળ છે. બને ત્યાં માધુર્ય રેડ. કોઇ પણ મનુષ્ય એવા સખ્ત હૃદયનો નથી કે જે સ્નેહને વશ ન થાય. મનુષ્યનું મૂળજ સ્નેહ છે. ઇશ્વરની યોજનામાં દ્વેષને તો સ્થાનજ નહોતું.

અત્યંત સ્નેહ રાખ. શંકાશીલ સ્વભાવથી માનવ આત્માઓ સંકુચિત બને છે; ત્હેમને સ્નેહની ઉષ્મા આપ અને તેઓ ખીલશે. ધર્મના વાડા કરતાં સ્નેહ મનુષ્યોને અધમ સ્થિતિમાંથી ઉન્નત અને સુન્દર પન્થે દોરી જાય છે. જગત જો આ સત્ય સ્હમજે તો કેવું સારૂં !

અત્યન્ત સ્નેહ રાખ. ઉદારતાથી દાન આપવામાં જરા પણ નુકસાન થતું નથી. દાન ગ્રહણ કરવા કરતાં દાન આપવું એજ વધારે સુખકારક છે. જેનામાં બહુ સ્નેહ હોય છે તેજ જીવનનું મૂલ્ય સ્હમજે છે. સુખ દુઃખના સર્વ પ્રસંગોએ સ્નેહ રાખ. જગતમાં એક પણ વસ્તુ એવી નથી કે જે સ્નેહને વશ ન હોય.

જે સર્વના પર સ્નેહ રાખે છે; જે અપકારપર ઉપકાર કરે છે; જે ક્રોધી મનુષ્ય પ્રત્યે અમીભરી દૃષ્ટિ નાખે છે; જે થાકેલા મનુષ્યને નવો ઉત્સાહ આપે છે; જે આશાને બળ આપે છે, અને જે જગતમાં સુખ વેરે છે, તેજ ઇશ્વરનો પુત્ર છે.

એકાંત ગુફામાં વા મઠમાં અથવા કોઇ બીજી દુનિયામાં નહિ, પરન્તુ આ મૃત્યુલોકમાં આપણે સેવા કરવી અને સ્નેહ રાખવો એ આપણું ધર્મકર્તવ્ય છે.

આપણા માનવ નિયમોની અંધાધુનીમાં પણ જગતનું મૂળ "સ્નેહ" જ સર્વોપરી સત્તા ભોગવે છે. ઇશ્વરનામાં સ્નેહ એટલો બધો હતો કે ત્હેના વિચારોમાંથી જ્યોતિ ઉત્પન્ન થઈ, અને આવા પવિત્ર ભાવમાંથી સૃષ્ટિનો જન્મ થયો. જે મનુષ્યનું હૃદય આવા પવિત્ર પ્રકાશથી ઉજ્વળ બન્યું છે, ત્હેને પ્રભુ, માણસ અને પશુ પક્ષી સર્વ પોતાનાં સગાંસહોદર લાગે છે.

આખા દિવસમાં સ્હવારથી સાંજ સુધીમાં કોઇ પણ મનુષ્ય વા પશુ પ્રત્યેની મ્હારી સેવાથી જગત વધારે સુખી બન્યું છે કે નહિ ત્હેની મ્હારે આત્મપરીક્ષા લેવી જોઇએ.

ક્યાંથી આવ્યો અને ક્યાં જઇશ તે હું જાણતો નથી; પરન્તુ એટલું તો હું જાણું છુંજ કે હું આ સુખ દુઃખથી ભરેલી દુનિયામાં વાસ કરૂં છું. વળી ધુમ્મસ અને અન્ધકારમાં એક બીજું સત્ય પણ મ્હારી દૃષ્ટિ સમક્ષ તરવરે છે કે મ્હારી શકિત પ્રમાણે દરરોજ અને હરપળે તે સુખ દુઃખમાં હું વધારો કે ઘટાડો કરી શકું તેમ છું.

હે મિત્ર! કોઇ કોઇ સમયે જીવનપથમાં થોભી જઇને વિપથ ગએલાઓને શોધી કાઢી તેમને સાચા માર્ગપર પાછા લાવવાને

પૂરતો વખત છે. થોભીને બીજાનો ભાર ઉચકી લેવાથી આપણો પોતાનો ભાર પણ ઓછો થાય છે અને આખરે આપણને લાભજ થાય છે.

જગત્ સારૂં થાય એવી તમારી ઇચ્છા છે? તો હું કહું છું તે સાંભળો. ત્હમારાં કૃત્યો તરફ બરાબર નજર રાખી ત્હેમને હમ્મેશાં સત્ય અને સીધે રસ્તે રાખો. ત્હમારા મનમાંથી સ્વાર્થવૃત્તિને દૂર કરી, ત્હમારા વિચારોને વિશુદ્ધ અને ઉચ્ચ બનાવો. આ પ્રમાણે કરવાથી ત્હમારા નાનકડા જીવનક્ષેત્રને સાગર જેવડું વિશાળ અને નંદનવન સમું સુંદર તથા સુખપ્રદ બનાવી શકશો.

જગતના વિશાળ દુઃખ ભંડારમાંથી થોડુંક દુઃખ ઓછું થાય એવું આજે મ્હારે કાંઇક કરવું જોઇએ કે જેથી આનંદન. મ્હારા અલ્પ સંચયમાં થોડો ઉમેરો કરવાને હું ભાગ્યશાળી થાઉં.

બળાપો કે બડબડાટ કરવાને અને કોઇને આઘાત અથવા ત્રાસ આપવાને માટે આપણને બહુ વખત મળશે નહિ, પરંતુ જો કોઇ બંધુને મદદ કરવાની ખરેખરી ઇચ્છા હશે તો આજેજ તે થઇ શકશે.

દુનિયામાં સુખ કરતાં દુઃખ બમણું સરજાયલું છે, અને જીવનકલહમાં મેળવવા જેવું કાંઇ હોય તો તે કોઇ દુઃખી આત્માને સહાય કરવી એજ છે.

સૌંદર્ય અને ગુણને એકદમ જોઇ શકે તેજ શ્રેષ્ઠ સુધારક છે. તે પોતાના ડહાપણ અને નિયમિત જીવનથી દોષિતને ઠપકો આપે છે.

એલા વ્હીલર વીલ કોકસ.

મરણ પામેલાને મૂલ્યવાન્ પુષ્પની લાંબી લાંબી માળાઓ અર્પવી ત્હેના કરતાં એક પણ ગુલાબનું પુષ્પ ત્હેના જીવતાં આપવું તે વધારે સારૂં છે. એક ભુખ્યો આત્મા જગત્ ત્યજીને જાય તે પહેલાં ત્હેને સ્નેહપૂર્વક અપાયલું એક પણ ગુલાબનું પુષ્પ પ્રેમના અગાધ સાગરમાં વધારે ભરતી કરે છે.

શોકની વાતો શામાટે યાદ કરો છો? ચિંતાના વાદળમાં શા માટે ઘેરાઓ છો? આવતી કાલના સુખની શામાટે રાહ જુઓ છો? આજનાજ અમૂલ્ય સમયને કેમ ઉલ્લાસમય બનાવતા નથી?

નંદનવન ત્હમારૂંજ છે? ત્હમને ત્યાં રહેવાની ઇચ્છા છે? તો ચાલો અને મનુષ્યનાં દુઃખને સ્થાને ઉજ્જવલ હાસ્ય વર્ષાવો. એથી ભવિષ્યના કલ્પિત સ્વર્ગને બદલે આજ સ્થળે ત્હમને અત્યારેજ સ્વર્ગ મળશે.

માનવકૃત ધર્મગ્રન્થોને બદલે જ્યાં "કર્ત્તવ્ય" એજ વિલાસ હોય અને જ્યાં જીવન સેવાનાં કાર્યોથી ભરપૂર હોય ત્યાંજ ત્હમને આત્મસૌંદર્યની શ્રેષ્ઠતા જણાશે.

પરમ સુખ ત્હમને મળી શકે એમ છે. ત્હમે ત્હેને માટે આજથી પ્રયત્ન કરવાને ઉત્સુક છો? જો હો તો જીવનપંથને સ્નેહથી ઉજાળો, અને એથી ભવિષ્યના કલ્પિત સ્વર્ગને બદલે આજ સ્થળે ત્હમને અત્યારે સ્વર્ગ મળશે.

આપણે ભવિષ્યમાં અતિશય સેવા કરીશું એ તો સમજ્યા પણ આજે કેટલી કરી? આપણે આગળ સોનાના ભંડાર આપીશું એ ઠીક; પણ આજે શું આપ્યું? આપણે આગળ જતાં બીજાઓના હૃદયનો ભાર ઓછો કરી આંસુ લોહીશું; ભયને સ્થાને આશાનો છોડ

રોપીશું; સ્નેહ અને હર્ષના વચનો બોલીશું; એ બધુંય ખરૂં; પરંતુ આજે આમાંનું આપણે શું કર્યું ?

આપણે ભવિષ્યમાં દયાળુ થઇશું; પણ આજે કેવા છીએ ? આપણે અનાથને આનંદ કરાવીશું; પણ આજે કાંઇ કર્યું ? આપણે મહાન્ સત્ય શોધી કાઢીશું; અચળ શ્રદ્ધાનો ગૂઢ અર્થ બતાવી આપીશું અને આધ્યાત્મિક જ્ઞાનના ભૂખ્યા આત્માઓને પોષીશું; પણ આજે એમાંનું શું કર્યું ? આપણે આગળ જતાં આનંદો ચાખીશું, પણ આજે વાવ્યું શું ? આપણે આકાશમાં બંગલા બાંધીશું, પણ આજે શું બાંધ્યું ? હે મનુષ્ય ! આવાં આવાં હેતુશૂન્ય સ્વપ્નોમાં લ્હેર કરવી એ આપણને બહુ મજાનું લાગે છે, પણ તે પૈકી આજે અને અહીં આપણે શું કાર્ય કરીએ છીએ ? ખરેખર, આજે મ્હેં શું કર્યું એ પ્રશ્નથીજ આત્મપરીક્ષા થવી જોઇએ, અને ભવિષ્યના તરંગોને સ્વાર્થવૃત્તિની છેતરપીંડી તરીકે સમજવા જોઇએ.

નીકસન વોટરમેન.

ભૌતિક, માનસિક કે નૈતિક. ગમે તે પ્રકારની સંપત્તિ જન-સમૂહના કલ્યાણાર્થેજ વપરાવી જોઇએ. માત્ર ઇશ્વર એકલોજ કોઇ પણ વસ્તુને પોતાની કહી શકે તેમ છે.

જે સ્નેહને મેળવે છે તેણે વધારેમાં વધારે ઐહિક માન મેળવ્યું છે, પરંતુ જે સ્નેહ દર્શાવે છે તે સ્વર્ગનું રહસ્ય સમજ્યો છે. બીજાને માટે જીવવું, બીજાને માટે સહન કરવું, એજ જીવનનું ખરૂં તત્ત્વ છે. એ તત્ત્વનો હર્ષથી સ્વીકાર કરવો તેમાંજ ખરો આનંદ સમાયલો છે.

નિઃસ્વાર્થ સ્વાર્પણ એજ મનુષ્યનો પ્રબળ પ્રભાવ છે.

જેટલા પ્રમાણમાં આપણે પોતાની જાતને વિસરી જેની આપણે સેવા કરીએ છીએ અને જે આપણી સેવા કરે છે, ત્હેમના સમગ્ર જીવન સાથે એકતા અનુભવી શકીએ તેટલા પ્રમાણમાં આપણે ખરૂં જીવન ગાળીએ છીએ.

દોષ વિનાના માણસો સંત પુરૂષો નથી, પરંતુ જેમણે પોતાનું સમગ્ર જીવન ઇશ્વરને અર્પણ કર્યું છે તેઓજ દોષરહિત છે.

બીજાને માટે કાર્ય કરવાથી આપણી શક્તિની કસોટી થાય છે, અને બીજાને માટે સહન કરવાથી આપણા સ્નેહની કસોટી થાય છે.

પારકાના દુઃખમાં સર્વાંશે સમભાગી બનવાથી જે સુખ મળે છે તેજ જીંદગીનાં સાચામાં સાચાં સુખ છે.

વેસ્ટકોટ.

દુઃખથી ઘડાએલો જે માણુસ બધા તરફ દયા રાખે છે ત્હેનેજ પોતાનો બોજો ઓછો થતો લાગે છે.

ઓ બંધુ ! ત્હારા જાતિબંધુને આલિંગન આપ; જ્યાં દયાનો વાસ છે ત્યાંજ ધાર્મિક શાન્તિ હોય છે. એક બીજાપર સ્નેહ રાખવો એજ ખરી સેવા છે. હરેક સ્મિત એ સ્તોત્ર છે અને હરેક દયાનું કામ એ પ્રાર્થના છે.

કોઇ દુર્બળ આત્મા હોય તેને મદદ આપવાનું મ્હને બળ આપ; જેને માર્ગ સૂઝતો ન હોય ત્હેને ત્હારી પાસે દોરી લાવું તેમ કર.

દરેક સ્નેહી જીવન આભાર દર્શાવતા સ્તોત્ર સમું છે.

આપણી દરરોજની જરૂરીઆતોનો બોજો ઓછો કરવો એ આપણું કામ છે. એ પ્રભુએ નિર્માણ કરેલું પવિત્રમાં પવિત્ર કામ છે તથા સર્વાંગે સ્વર્ગીય સંદેશ છે.

ત્હમારા માર્ગમાં અનેક દુઃખ છે. શ્રદ્ધા, આશા અને ધીરજથી આગળ વધો. દુનીઆ પાપી મનુષ્યોનાં દુઃખ ઓછાં કરવાના અનેક પ્રસંગો ત્હમને આપશે.

અહંતાનો નાશ થયા સિવાય પાપ દૂર કરવાની આશા વ્યર્થ છે. સ્નેહની સેવામાં અહંતાને તો વિસરીજ જા, અને તેમ કરીશ તો પછી દેવદૂતોએ ત્હારા પ્રત્યે બજાવેલા કાર્યનું ઋણ તું નહિ વાળી શકે તો તેઓ પણ વિસરી જશે. જે એકલો જાય છે તેને માટે સ્વર્ગનો દરવાજો બંધ છે. કોઇ પણ **આત્માનો ઉદ્ધાર કરો અને ત્હમારો ઉદ્ધાર થશે.**

વ્હીટીઅર.

કોઇ પણ જીવતા પ્રાણી માટે જેને તિરસ્કાર ઉપજે છે તેણે પોતાનામાં રહેલી શકિતઓની યોગ્ય ખીલવણી હજુ કરી નથી; ત્હેનામાં વિચારશકિત હજી ખીલી નથી.

ન્હાની ન્હાની સેવા પણ ખરીજ સેવા છે. ગરીબ મિત્રોને, તેજસ્વી આત્માઓને કે કોઇને પણ ધિક્કારો નહિ. પોતાની છાયામાં ઢંકાઇ રહેલાં ઝાકળ બિન્દુઓને મોગરાનો છોડ તાપમાંથી બચાવે છે.

સ્નેહ માયાળુ છે, અને લાંબા કાળ સુધી સહન કરે છે; સ્નેહ નમ્ર છે, અને તેને અનિષ્ટનો વિચાર સરખો આવતો નથી;

સ્નેહ પોતે મરણથી પણ વધારે બળવાન છે, તેથી અમારે સ્નેહ જોઇએ છીએ.

પોતાની જાતને શાન્તિ આપે અને સુખી બનાવે તેવા દયાના પ્રસંગો મનુષ્યના જીવનપંથમાં પુષ્પોની પેઠે પથરાયલા છે.

ડબ્લ્યુ વર્ડ્ઝવર્થ.

ચૅક કે બૅન્ક બીલમાંજ દાનનું સુખ સમાયલું છે એમ નથી. આથી ઉચ્ચતર દાન પણ આપી શકાય. ગરીબમાં ગરીબ માણસ પણ ધીરજ, સમભાવ, વિચાર અને સલાહનું દાન દઇ શકે.

માનવ જાતની ઉત્તમ પ્રકારની સેવા બજાવવાને દ્રવ્યની જરૂર નથી. નિર્ધન કે ધનવાન ગમે ત્હેને દાન આપવાની અથવા સુખ પ્રસારવાની ઇચ્છા હોય તો ત્હેનો માર્ગ જડી આવશે.

એલ. વ્હાઇટીંગ.

ઘણે સ્થળે મનુષ્યોને મળવાથી મ્હને એવો અનુભવ થયો છે કે જે બીજાની વધારેમાં વધારે સેવા બજાવે છે તેજ વધારેમાં વધારે સુખી છે; વધારેમાં વધારે દુઃખી તેજ હોય છે કે જે ઓછામાં ઓછી અન્યની સેવા કરે છે.

બુકર ટી. વોશિંગ્ટન.

જે વધારેમાં વધારે આપે છે તે સારામાં સારૂં નથી આપતો, પણ જે સારામાં સારૂં આપી શકે છે તેજ વધારેમાં વધારે આપે

છે; એવું મ્હારૂં માનવું છે. મ્હારાથી પુષ્કળ આપી શકાશે નહિ ત્હેની ફિકર નથી; પણ જેટલું પણ આપીશ તેટલું ભાવપૂર્વકજ આપીશ અને સાધનોની અપૂર્ણતાને લાગણીવડે દૂર કરીશ. જે **ભાવથી આપે છે તેજ વધારે આપે છે.**

આર્થર વોરિક.

ખરેખરી સંમભાવનામાંજ કવિતા અને સૌંદર્ય રહેલાં છે, એટલુંજ નહિ પણ ત્યાંજ સત્કાર્યને સંભવ છે.

સમભાવનુ ઉચ્ચ અને સબળ સ્વરૂપ માત્ર આંસુ, નિશ્વાસ કે દૃષ્ટિથી અનુકંપા બતાવમાંજ નથી, પણ પ્રત્યક્ષ સહાયદ્વારા તે ભાવને મૂર્ત્તસ્વરૂપ આપવામાં છે.

ઓકટેવીઅસ વિન્સ્લો.

આ જગત્માં આપણે દરેક જે કંઇ ભલું કરી શકીએ તે ઘણુંજ થોડું હોય છે. સર્વ યુગના સર્વ મનુષ્યો ભલું કરવાનું ધારે તો પુષ્કળ કરી શકે. પણ આને માટે દરેક કામ કરનારાઓ પોતાના જમાનાનીજ સેવા કરવા જોઇએ અને ભાવિ પ્રજા વધારે કાર્યશીલ બને ત્હેને માટે પોતાનો હિસ્સો આપવો જોઇએ.

ટી. ડી. વુલ્સી.

ત્હમારી સમભાવની શકિત વધારવાને, ન્હાની કે મ્હોટી હરેક બાબત તરફ તમારી લાગણીઓ વધારે તીવ્ર અને ઉંડી બને

તેવી પ્રભુની પ્રાર્થના કરો. માત્ર વિચારના અભાવે દયાનાં કામ કરવાના પ્રસંગ જતા રહે છે. માત્ર બેચાર આશ્વાસનનાં વાક્યોથી પણ કોઇ દરદીનો આખો દિવસ સુખમય બનાવી શકાય છે. ગાડીમાં બેસી ફરવા જવું, નવાં નવાં પુસ્તક વાંચવાં અને પુષ્પ સુંઘવાં વગેરે જેને ત્હમે જીવનની જરૂરીયાતો તરીકે ગણો છો તેવા વૈભવ અને સુખમા ઘણા દિવસ પડદે પુરાઇ રહેલાં હોય તેમને સમભાગી બનાવી કેટલું બધું સુખ આપી શકો તેમ છો, તેનો વિચાર કરો. બીજાની સ્થિતિમાં આપણી જાતને મૂકીને વિચારો કે "જો હું અત્યંત કાર્યથી થાકી ગયો હોઉં માંદો કે એકલો પડી ગયો હોઉં તો મને શું ગમે?" માટે સમભાવની વૃત્તિ ટેવ બંધાય ત્યાં સુધી કેળવો.

સી. એચ. વિલ્કીન્સન.

ઇશ્વરે જેમને અશક્ત બનાવ્યા છે, અને જેઓ મહેનત કરી પોતાનું ગુજરાન કરી શકે તેવા છે, ત્હેમને ભિક્ષા આપવાની સર્વ યોજનાઓ સમાજને સૌથી વધારેમાં વધારે નુકસાન કર્તા છે; પછી તે ભલેને સરકારે કરી હોય કે ખાનગી વ્યક્તિઓએ તૈયાર કરી હોય કે ગરીબના કાયદા અનુસાર હોય. તે મનુષ્યોની નૈતિક શક્તિનો નાશ કરે છે. એ રીતે તે આત્માનો ઘાત કરે છે, અને દયાનું રૂપ ધારણ કરી અતિશય ક્રૂર બને છે.

જે નિરર્થક આપી દે છે અથવા પોતાની લાગણીઓને ખુશ કરવા કે અપાત્રના કાલાવાલા સાંભળી દાન કરે છે તે આવી અનીતિનાં દુષ્ટ પરિણામોને માટે પણ જોખમદાર છે. પાત્ર

અપાત્ર જોયા વિના વગર વિચાર્યે જે દાન કરવામાં આવે છે તે તદ્દન બંધ કરવું જોઇએ; કારણ કે તે હંમેશાં અપાત્રેજ અપાય છે. તેથી લોકો અધમ, સ્વમાનની લાગણી વિનાના બને છે અને તેઓ સદાકાળ ભિક્ષુકવૃત્તિનાજ રહે છે. કુદરતે સ્વાવલંબી બનવા માટે સર્વને શક્તિ આપી છે, અને આ નિયમના અપવાદ એટલા બધા થોડા છે કે ત્હેમને ગણત્રીમાં લઇ અગાઉથી ત્હેમને માટે જોગવાઇ કરવાની જરૂર નથી. જેઓ સ્વાશ્રયી છે, અથવા સ્વાશ્રયી બનવાને માટે પ્રયત્ન કરી રહ્યા છે, ત્હેમનેજ સહાય આપવાની જરૂર છે. જેઓ અકાલે અથવા વૃદ્ધાવસ્થામાં એવા અશક્ત થઇ ગયા હોય કે પોતાની જાતથી તે સ્થિતિમાં બીલકુલ સુધારો કરી શકે તેમ ન હોય ત્હેમને સહાય આપવી એ સર્વ મનુષ્યનો ધર્મ છે, પરન્તુ વૃધ્ધોને પોષવા પડશે, અનાથનું રક્ષણ કરવું પડશે, રોગીની સંભાળ લેવી પડશે, એવું એવું ધારી નિયમો ધડવા એ તો જીંદગીમાં થતા સામાન્ય ફેરફારો માટે ઇશ્વરે કરેલા કાયદાને આપણી અગમબુદ્ધિથી અને ડહાપણથી નિરૂપયોગી બનાવવા જેવું છે.

વૉકર.

હું ત્હારી પાસે વિનયયુક્ત સ્નેહની આશા રાખું છું. સુખી મનુષ્યને હાસ્યથી સત્કારવા, રોનારાંનાં આંસુ લ્હોવા, અને ત્હેમના હૃદયને સ્નેહપૂર્વક આશ્વાસન આપવા હું ત્હને વિજ્ઞપ્તિ કરૂં છું.

એ. વેરિંગ..

દુનિયાની સારી વસ્તુઓનો થોડો અથવા ઘણો ઉપભોગ આપણે આપણી જાતે કર્યો કે નહિ, તે આપણે માટે સો વર્ષ પછી બીલકુલ જરૂરનું નથી, પરંતુ આપણને આપેલી શક્તિઓનો અને અનુકૂળતાઓનો ઉપયોગ અન્ય ગૃહસ્થોને એ લાભ મેળવી આપવામાં કર્યો કે નહિ તેજ સૌથી વધુ અગત્યનો પ્રશ્ન છે.

વ્હેટલી.

એ તો સત્ય છે કે આપણે દરેકને સુખી કરી શકીએ નહિ, પરન્તુ આપણા દોષથી કોઈ ભલા માણસને પોતાની સુખશાન્તિ, ન ગુમાવવી પડે એટલું તો અવશ્ય કરી શકીએ. કેમકે એ વાત તદ્દન આપણી સત્તામાં છે, અને આપણે એટલું કરી શકીએ. તો પણ ઘણું છે.

જનસમૂહના સુખની દરકાર કર્યા સિવાય પોતાની જાતે સંપૂર્ણ સુખી કોઇ પણ મનુષ્ય થઇ શકે નહિ, માટે આપણે સંતોષી રહેવું; અને અન્યને સંતોષી બનાવવાં. આ આપણા જીવનનો મુદ્રા લેખ હોવો જોઇએ.

હેન્રિક શૉકી.

સત્કાર્યો માનવ હૃદયોમાં બાંધેલાં કીર્તિમન્દિરો સમાન છે.

ઝેનોફોન.